

BAOU
Education for All

# Proceeding of International Conference

## The Journey of Indian Languages:

## Perspectives on Culture and Society
## Vol-1 (Gujarati)

Jointly organised by

BAOU
Education for All

ignou
THE PEOPLE'S UNIVERSITY

**Dr. Babasaheb Ambedkar Open University**
Ahmedabad
Gujarat

**IGNOU**
**Indira Gandhi National Open University**
Regional Centre, Ahmedabad
Gujarat





# MESSAGE

It is indeed a matter of great pride to jointly organize International Conference at Indira Gandhi National Open University & Dr. Babasaheb Ambedkar Open University Ahmedabad from 14 & 15 October, 2017

Every University is established to provide a platform for the upliftment of human being, be it students, teacher or any person of society who wants to spread the message of harmony and oneness. When one tries to have a glance at the Indian Civilization, one of the richest civilizations of the world in the sense of variety of languages and cultures, one observes that language has played vital role in shaping and guiding the culture and society. Hence, holding this motif, Dr. Babasaheb Ambedkar Open University and Indira Gandhi National Open University, regional centre, Ahmedabad, Gujarat, jointly organized this two day International Conference on the title, “The Journey of Indian Languages: Perspectives on Culture and Society”.

I also congratulate team BAOU and Team IGNOU for working tirelessly to make this International Conference Successful by all means.

**Dr. Pankaj Jani**
**Ex. Vice Chancellor**
**Dr. Babasaheb Ambedkar Open University,**
**Ahmedabad.**



# MESSAGE

Since its existence, the language plays vital role in the development of civilization. When one tries to have a glance at the Indian Civilization, one of the richest civilizations of the world in the sense of variety of languages and cultures, one observes that language has played vital role in shaping and guiding the culture and society. In the present era where it is very difficult to keep yourself from the effect of English language, which is undoubtedly inevitable to preserve, but along with this, it is also equally important to give importance to other Indigenous languages or Indian languages as to English. Hence, holding this motif, Dr. Babasaheb Ambedkar Open University and Indira Gandhi National Open University, regional centre, Ahmedabad, Gujarat, jointly organized this two day International Conference on the title, “The Journey of Indian Languages: Perspectives on Culture and Society”. All the papers submitted and presented on various themes and sub themes broadly focused on the role of communication in the development and growth of society. It has been observed that the present time is the most dynamic time in the history of humankind where there are constant changes observed in Language and therefore in order to bridge the gap, English has been declared as a Global language. Amid this condition, the scope of multi-cultural, also symbolically called “Salad Bowl”, in the world has increased and Hybridity is observed in all the walks of life. Therefore, it would be no exaggeration to say that this conference has provided the voice and platform for the multi-disciplinary discussion to take place to promote this new emerging academic scenario. We are glad to appear with this publication which will definitely contribute to the society in General and Nation in particular.


**Prof.(Dr.)Ami Upadhyay**
**Vice Chancellor,**
**Dr. Babasaheb Ambedkar Open University,**
**Ahmedabad.**

# About University

## About University

Greetings to all from Dr. Babasaheb Ambedkar Open University on the occasion of Silver Jubilee celebratory year!

The establishment of this august institution, Dr. Babasaheb Ambedkar Open University, is the result of envisage of the State Government of Gujarat. The Gujarat State Legislature passed the 'Gujarat Act No.14' in the year 1994, and the foundation of this University was laid on 13th April 1994. BAOU is the seventh Open University in India, in terms of its establishment; and the first University in Gujarat, to begin an unconventional mode of education. Since its inception, University has aimed at commencing as well as advancing the open and distance learning in the State's educational structure.

Dr. Babasaheb Ambedkar Open University offers education to the interested learners, free from the categories of age, place, and time. It offers a variety of Degree, Diploma and Advance Post Graduate Diploma, Certificate Courses, and Vocational and Professional Courses; amounting to a total of 83 courses. More than 1,00,000 students are enrolled with the University. For the guidance and counselling of these students, BAOU has opened 249 Study Centers in various Grant-in-Aid and Government Colleges across the State. The University accurately performs the mammoth task of dispatching and delivering the Self-Learning Material (SLM) to each and every enrolled student to their home.

In accordance to the pace of technology and digitization, the University has generated wide opportunities for the students. It provides online system starting from the admission process to the examinations. Also, the University is the first in the State to initiate Massive Open Online Course (MOOC). BAOU has established its own state-of-the-art “Chaitanya Studio”, which facilitates web-based learning. The Studio has initiated OMKAR-e (Open Matrix Knowledge Advancement Resources for Empowerment); which is an enriching archival system for MOOCs of the University.An Interactive Virtual Classroom is enabled for a distance learner, who can get a feel of the conventional classroom.

The other two innovative and commendable initiatives by BAOU are; “Swadhyay Radio” and “Swadhyay TV”, which provide audio lectures and audio-video lectures to the students. Further, Educational Programmes are also made available to the students through “Vande Gujarat” TV Channel; which is a collaborative venture of State Government of Gujarat and Dr. Babasaheb Ambedkar Open University. BAOU is also the first University to introduce Mobipedia, a Mobile Encyclopaedia Application, which is a beneficiary of students.

Dr. Babasaheb Ambedkar Open University strives for the collaboration with each student and the society at large.

# યુનિવર્સિટી ગીત

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...

| | | |
|---|---|---|
| **Chief Patrons :** | ડૉ. પંકજ એલ. જાની | કુલપતિશ્રી,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ. |
| | પ્રો. રવિન્દ્ર કુમાર | કુલપતિશ્રી,<br>ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,<br>નવી દિલ્હી. |
| **Chair Persons :** | પ્રો. અમી ઉપાધ્યાય | નિયામક (SHSS) અને કુલસચિવશ્રી<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ. |
| | ડૉ. વેણુગોપાલ રેડ્ડી | નિયામક, રિજયન સેવાઓ વિભાગ,<br>ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,<br>નવી દિલ્હી |
| **Convener :** | ડૉ. અવની ત્રિવેદી | રિજનલ નિયામક<br>ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,<br>નવી દિલ્હી. |
| **Organizing Secretaries:** | ડૉ. પ્રિયાંકી વ્યાસ | એસોસિયેટ પ્રોફેસર (Lib. & Inf.Sci.)<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ. |
| | ડૉ. જયેશ પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર રિજનલ નિયામક<br>ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,<br>નવી દિલ્હી. |

| | | |
|---|---|---|
| **Organizing Committee:** | શ્રી સુનીલ શાહ | ડૉ. પુરેંદુ ત્રિપાઠી |
| | શ્રી જનક ખાંડવાલા | શ્રી અંબારિષ વેદ |
| | શ્રી મેહુલ લખાણી | શ્રી પ્રજ્ઞેશ વાઘેલા |
| | પ્રો. નિલેશભાઇ મોદી | પ્રો. અજીતસિંહ રાણા |
| | ડૉ. મનોજ શાહ | ડૉ. આવા શુકલા |
| | ડૉ. જીતેન્દ્ર શ્રીવાત્સવા | ડૉ. ભાવિન ત્રિવેદી |
| **Academic Committee:** | પ્રો. કમલ મેહતા | ડૉ. અવની ત્રિવેદી |
| | પ્રો. અમી ઉપાધ્યાય | ડૉ. જયેશ પટેલ |
| | પ્રો. સંજય ભાયાણી | ડૉ. રમેશ આર. દવે |
| | ડૉ. એ.એસ. રાઠોર | ડૉ. મહેન્દ્ર ચોટલીયા |
| | ડૉ. આલોક ગુપ્તા | ડૉ. દુષ્યંત નિમાવત |
| | ડૉ. યોગેન્દ્ર પારેખ | ડૉ. પ્રફુલ્લ જોષી |

**International Confrerence**

**“The Journey of Indian Languages: Perspectives on Culture and society “Proceeding**

**સંપાદક :**

પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય (પ્રોફેસર, English & નિયામક SHSS)

ડૉ. પ્રિયાંકી આર. વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર , Lib.Sci.)

**સહ સંપાદક (નિર્માણ સહાય ) :**

| | |
|---|---|
| ડૉ.યોગેન્દ્ર પારેખ | ડૉ. પ્રફુલ્લ જોશી |
| ડૉ. આવા શુકલા | ડૉ. હેતલ ગાંધી |
| ડૉ. કૃતિ છાયા | ડૉ. સંજય પટેલ |
| ડૉ. અર્ચના મિશ્રા | ડૉ. સોનલ ચૌધરી |
| ડૉ. દિપ્તીબા ગોહિલ | શ્રી દિગીશ વ્યાસ |


**પ્રકાશક :**

નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમીનીટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

“જ્યોતિર્મય પરિસર”,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ, છારોડી, અમદાવાદ -382481

**પ્રકાશન-સંપાદન :**

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**ISBN : 978-81-938282-0-5**

**નોંધ : દરેક લેખમાં વ્યક્ત થયેલ વિચારો જે તે લેખકના વ્યક્તિગત અભિપ્રાયો છે. સમીક્ષા , વિચાર , વિવેચન,બાબત દરેક લેખક તરફથી મૌલિકતા વિષયક ખાતરી મળ્યા બાદ અત્રે પ્રસિદ્ધ કરેલ છે.**

**ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)**

“જ્યોતિર્મય પરિસર”

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,

સરખેજ- ગાંધીનગર હાઈવે , છારોડી, અમદાવાદ -382481

## અનુક્રમણિકા



| ક્રમ | શીર્ષક | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| 1 | "મહાકવિ ભાસના રૂપકમાં જીવન મુલ્યો" | દેવેન્દ્ર બી. ઠાકર | 10 |
| 2 | ડૉ. બાબા સાહેબ આંબેડકરના સામાજિક અને રાજકીય વિચાર | ડૉ. શ્રીધર આર. નિમાવત | 15 |
| 3 | સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સ અને યુવાનો | પ્રો.શોભના ચૌહાણ | 25 |
| 4 | "યાજ્ઞિકન્યાયમાલાયાં કાવ્યભાષાસૌન્દર્યમ" | રાવલ નિલમ એસ. | 33 |
| 5 | ભારતીય ભાષા અને સંસ્કૃતિ | યશપાલસિંહ સી. રહેવર | 40 |
| 6 | શાંતિપર્વનાં સંદર્ભમાં ચારિત્ર્ય નિર્માણ | સ્નેહા નટવરલાલ પ્રજાપતિ | 48 |
| 7 | शरीरमाध खलु धर्मसाधनम । | બાલકૃષ્ણ હરિશંકર પંડયા | 55 |
| 8 | 'ગાંધીજીના પત્રોની ભાષા : એક અભ્યાસ.' | શ્રીમતી ઉર્વી અજીતકુમાર મહેતા | 58 |
| 9 | 'પાના નંબર બસો સત્તાવન'નું ભાષા સૌંદર્ય. | શ્રીમતી જહાનવી અજીતકુમાર મહેતા | 62 |
| 10 | ભારતીય સંસ્કૃતિ અને વૃધ્ધો સાથેનો વ્યવહાર | ડૉ. ભાનુ એન. કાપડિયા | 65 |
| 11 | ભારતીય સાહિત્યમાં સાંસ્કૃતિક સંદર્ભ | પ્રા.કમલેશ ડી. પટેલ | 71 |
| 12 | હિન્દુધર્મ અને તેનું સાહિત્ય : | પ્રો .કે.પી.ચૌધરી | 78 |
| 13 | શાસ્ત્ર સંરક્ષણ માટે ગ્રંથાલયનું યોગદાન | શ્રી વિશાલ એ. જોષી | 83 |
| 14 | કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણની ધર્મક્ષેત્ર ભાષા | શિવાંગ જોશી | 86 |
| 15 | ભાષા અને સંસ્કૃતિ | જીતલ એ. રાઠોડ | 94 |
| 16 | સમાજ ઘડતરમાં સાહિત્યનો ફાળો | નરેન્દ્ર રાવલ | 99 |
| 17 | ગુજરાતી ભાષા અને સમાજનું માળખું | પ્રા .રૂપેશભારતી ગોસ્વામી | 102 |
| 18 | આધુનિક ગુજરાતીનો પ્રથમ ગદ્ય ગ્રંથ 'વચનામૃત - 'એક પરિચય અને વર્તમાન અસર | જી .ડી .મિસ્ત્રી | 106 |
| 19 | સમાજ અને સંસ્કૃતિના સંદર્ભમાં ભાષાની ભૂમિકાનો અભ્યાસ | લાલજીભાઈ ડી. ગાંવિત | 115 |
| 20 | સંસ્કૃતિ અને ધર્મ | ડૉ. ઉર્મિલા બી. ભલસોડ | 118 |
| 21 | "ચારણી સાહિત્ય :હસ્તપ્રતમાં સચવાયેલ સાંસ્કૃતિક ધરોહર" | ડૉ .તીર્થંકરદાન રતુદાન રોહડિયા | 122 |
| 22 | "સાહિત્ય, સંસ્કૃતિ અને અભિનયકલાનો પારસ્પરિક સંબંધ " | ડૉ. રાજેશ્વરી પટેલ | 128 |
| 23 | અર્થશાસ્ત્રના સાહિત્યમાં ગાંધીજીના વિચારો | ડૉ. પ્રભાવંતી જી. શેરઠીયા | 132 |
| 24 | "ભાષા સાહિત્ય અને સમાજ દ્વારા આદર્શ વ્યક્તિત્વનું નિર્માણ" | ડૉ .નયના કે .પરમાર | 139 |

| ક્રમ | શીર્ષક | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| 25 | ઇતિહાસમાં ભાષાની ભૂમિકા | ડૉ. મનીષકુમાર એન. પંડયા | 142 |
| 26 | સંસ્કૃત સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિ – अतिथि देवो भव ! | ડૉ. કાલિન્દી હરિકૃષ્ણ પાઠક | 148 |
| 27 | સાહિત્યના વિકાસમાં ગાંધીજીનુ બહુમૂલ્ય પ્રદાન | ડૉ. જયા બારેવડીયા | 156 |
| 28 | "પુસ્તક વાંચન સાહિત્યની દુનિયાને જોવાની બારી" | ડૉ. જયા બારેવડીયા | 162 |
| 29 | ગાંધીજીનાં સર્વોદય વિચારો | ડૉ. દિવ્યા પટેલ | 168 |
| 30 | શ્રી અરવિંદ કૃત ‘સાવિત્રી’ મહાકાવ્યમાં નિરુપિત અધ્યાત્મ | ડૉ. દિપક પંડયા | 173 |
| 31 | ગીતાની દ્રષ્ટિએ વસુધૈવ કુંટુંબકમ્ એક અધ્યયન | પ્રજાપતિ ધીરેન બી. | 181 |
| 32 | "સામાજીકરણની ભાષા, લિંગ અને શક્તિ ઉપર અસર" | વ્યાસ રાધિકા એમ. | 184 |
| 33 | “પરબ ”ગુજરાતી સાહિત્યિક સામયિકનો વાઙ્મયમીતિક અભ્યાસ :વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬ | વલ્લરી એચ .હાથી<br>ડૉ .કિરીટ એચ .શુક્લ | 189 |

# "મહાકવિ ભાસના રૂપકમાં જીવન મૂલ્યો"

દેવેન્દ્ર બી. ઠાકર

**પ્રસ્તાવના**

ભાસ એ એક મહાકવિ છે જ અને તેની સાથે સાથે જીવન જીવવાની કળા પણ આપે છે. ડૉ. ટી. ગણપતિ શાસ્ત્રીના પરિશ્રમ સ્વરૂપે મળેલ 13 ગ્રંથો કે જે " ભાસ નાટક ચક્ર " તરીકે ઓળખવામાં આવે છે. જેની કથાવસ્તુ ઐતિહાસિક અર્થાત્ રામાયણ અને મહાભારત પર આધારિત છે. જેમાં દરેક જગ્યાએ તેમણે પારિવારિક જીવન, પારિવારિક ભાવના, પારિવારિક વિનય, માન, સન્માન, અને મર્યાદાને ડગલેને પગલે નિરૂપિત કરેલ છે.

ભાસે એક પરિવાર સાથે પરિવાર દ્વારા નાના નાના અંશોમાં –એકાંકીઓમાં પારિવારિક જીવનમૂલ્યોના દર્શન કરાવ્યા છે. તે પંચરાત્રમ્ હોય કે કર્ણભાર હોય દૂતવાક્યમ્ હોય દૂતઘટોત્કચ કે પછી મધ્યમવ્યાયોગ કે પછી સ્વપ્નવાસવદત્તમ કે પછી તેમની અન્ય કોઇ પણ કૃતિ હોય તે દરેક પારિવારિક જીવન પર આધારિત છે.

**ભાસનું જીવન અને કવન**

અત્યંત વિનમ્રતાના કારણે સંસ્કૃતકવિઓ ભાગ્યે જ પોતાની કૃતિઓમાં પોતાના જીવન વિશે લખે છે કવિના ચાહકો પોતાના પ્રિય કવિ વિષયે અનેક કાલ્પનિક કથાઓ વહેતી મૂકે છે. ઐતિહાસિક પુરાવાના અભાવે જેને કવિના સમકાલીન વિદ્વાનો એ અધિકૃત વિગતો આપતા નથી પરિણામે સંસ્કૃતના મોટાભાગના કવિઓના જીવન અને સમય અંગે પ્રમાણભૂત માહિતીનો અભાવ છે . તેવી રીતે ભાસના પણ જીવન અંગેની પ્રમાણભૂત માહિતી ઉપલબ્ધ નથી અને તેના કારણે ઘણી બધી દંતકથાઓ પ્રવર્તમાન થયેલ છે. જેને પૂર્ણપણે સત્ય સાબિત કરવી તે સંભવ નથી.

એક માન્યતા મુજબ તેઓ એક ધાવક- ધોબી હતા . તેમણે પ્રિયદર્શિકા અને રત્નાવલી નામની નાટ્ય કૃતિઓ લખી હતી . તે શ્રી હર્ષવર્ધનને ખૂબ પંસદ આવી હોવાના કારણે પુરસ્કાર સ્વરૂપ અત્યંત ધન આપ્યું હતું . આ માન્યતાને ખૂબ જ ઓછા વિદ્વાનો સ્વીકાર કરે છે . વસ્તુતઃ ઉપરની બંને નાટિકાઓ સમ્રાટ હર્ષવર્ધનની જ છે , તે સર્વાનુમતે સ્વીકારેલ હકીકત છે . જ્યારે કે पृथ्वीराजवजिय ઉપરની ટીકામાં નોધ્યું છે કે ભાસ અને મહાભારતકાર વેદવ્યાસ વચ્ચે શ્રેષ્ઠત્વ અંગે વિવાદ થયો, વિવાદના ઉકેલ માટે બંને પોતાના એક એક ગ્રંથ પરીક્ષા માટે અગ્નિમાં નાખ્યો ત્યારે ભાસના वष्णिुधर्म નામના ગ્રંથને અગ્નિએ બાળ્યો નહીં જ્યારે વેદવ્યાસનો ગ્રંથ બળી ગયો ભાસના કોઇ ઉત્સાહી પ્રંશસકે ઉપજાવી કાઢેલી આ ઘટના લાગે છે . ભાસનો આ ગ્રંથ અત્યારે પ્રાપ્ત નથી તેથી આ ઘટનાની સત્યતા પ્રમાણ તરીકે સ્વીકાર કરવામાં આવતી નથી.

ભાસે અલગ નાટ્યશાસ્ત્ર અને વ્યાકરણશાસ્ત્ર રચના કરી હોવાનું મનાય છે. તદ્નુસાર ભાસની કૃતિઓના અધ્યયન દ્વારા તેમના વ્યકિતત્વ વિશે અનુમાન કરીએ તો ભાસ એ જન્મે બ્રાહ્મણ હશે. પ્રો. ધ્રુવના મતે ભાસ કવિનું નામ નથી પણ તેમના ગોત્રનું નામ છે. અગસ્ત્ય ગોત્રની હૈમોદેક શાખામાં ગોત્ર મળે છે. તેનું પરિવર્તિત રૂપ " ભાસ " હશે . તેમના મોટા ભાગના નાટકોની નંદી ભગવાન વિષ્ણુ અવતારોની સ્મૃતિ સાથે કરવામાં આવેલ છે તેથી તે વૈષ્ણવસંપ્રદાયના હશે તેવું અનુમાન કરી શકાય તેમની રચનાઓમાં વેદ પુરાણ ઈતિહાસ વગેરેનું જ્ઞાન પ્રગટ થાય છે. આર્ય ધર્મ અને તેની ઉજ્જવલ પરંપરાઓનું તેમને સૂક્ષ્મદર્શી જ્ઞાન છે અને તેની મર્યાદાઓનું તે પૂર્ણ રીતે આદર કરતા જણાય છે.માનવ મનના સૂક્ષ્મભાવને ચકાસવાની અને તેનું માર્મિક આલેખન કરવાની કવિની અપૂર્વશક્તિ છે તેમણે આપેલ પ્રકૃતિવર્ણનું તેમની પર્યવેક્ષણ શક્તિનો પરિચય આપે છે. તેઓ વિવિધ લલિત કળાઓથી સુપરિચિત છે. ઐતિહાસિક મહાકાવ્ય અને પુરાણોની

ઉપેક્ષિત કે અન્યાય પામેલા પાત્રોનું ઉદાત્તિકરણ કરવાની પ્રવૃત્તિ માનવજાતની સજ્જનતા ઉપરનો કવિનો અતૂટ વિશ્વાસ સૂચવે છે.

હિમાલય અને વિંધ્ય વચ્ચે શાસન કરનાર કોઈ રાજસિંહ નામના રાજાઓનું ઉલ્લેખ તેમના ભરતવાક્યોમાં મળે છે. તો કદાચ રાજસિંહ તેમના આશ્રયદાતા હશે. તે ઉત્તરાપથ નિવાસી હોવાનું માની શકાય, તેમના નાટકો છેક દક્ષિણમાં મળ્યા છે તે સૂચવે છે સમગ્ર ભારતમાં મહાકવિ માઘ ખૂબ ખ્યાતિ પામ્યા છે. અને તેમની આ વિગતો સિવાય ભાસના જીવન, જન્મ, સ્થાન, શિક્ષણ, કે વ્યવસાય અંગે કોઇ ઐતિહાસિક પુરાવા પ્રાપ્ત નથી.

**ભાસની કૃતિઓ**

મહાકવિ ભાસના આશરે એક શતાબ્દી પહેલાં પ્રત્યક્ષ રીતે કોઇ પણ ગ્રંથ ઉપલબ્ધ ન હતાં. ડૉ. ટી ગણપતિ શાસ્ત્રીએ કેરળ પ્રદેશના ત્રિવેન્દ્રમ્ ગામેથી કેટલાક સંસ્કૃતનાટકો ઈ.સ.1912માં ક્રમશઃ પ્રકાશિત કર્યા. તેમણે આ નાટકોનાં આંતરિક અને બાહ્ય પુરાવાઓને આધારે કાલિદાસના પૂર્વગામી ભાસે રચેલા છે તેવો મત આપ્યો. અને આ પ્રકાશિત ગ્રંથો " ભાસનાટકચક્ર " તરીકે ખ્યાતિ પામ્યાં છે જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| 1.કર્ણભાર | 2. દૂતઘટોત્કચ |
| 3.મધ્યમ વ્યાયોગ | 4. દૂતવાક્ય |
| 5. ઉરુભંગ | 6. પંચરાત્ર |
| 7.બાલચરિત | 8. અવિમારક |
| 9. ચારુદત્ત | 10. પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ |
| 11. સ્વપ્નવાસવદત્તમ્ | 12. અભિષેકનાટકમ્ |
| 13. પ્રતિમાનાટકમ્ | |

**ભારતીય પારિવારિક મૂલ્યો** –

મૂલ્યોને ચોક્કસ વલણ અને માન્યતાઓ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે કે જે વ્યક્તિ તેના વર્તનમાં છે તે ધારા-ધોરણો મુજબ વ્યક્તિ પોતે પોતાની ક્રિયાઓનું મૂલ્યાંકન કરે છે, પછી ભલે તે ખરું હોય કે ખોટું હોય પણ તે મૂલ્યો તરીકે ઓળખાય છે. મૂલ્ય પ્રણાલીમાં તે તમામ માન્યતાઓ અને અભિપ્રાયોનો સમાવેશ થાય છે કે જે માતાપિતા તેમની આગામી પેઢી આપે છે, તેઓ આગળ તેમના સંતાનોને આપે છે અને તેથી વારસો ચાલુ રહે છે.

હવે ચાલો આપણે 'ભારતીય પારિવારિક મૂલ્યોની પદ્ધતિ' માં આવીએ - તે શું છે અને તે વ્યક્તિઓ પર કેવી રીતે અસર કરે છે ? ભારતીય સંસ્કૃતિમાં, અમુક નિયમો છે જે દરેક બાળકને તેમના બાળપણથી જ શીખવવામાં આવે છે. જે તે બાળકને ભવિષ્યમાં ઉન્નત પરિવારની ભાવના પારિવારિક મૂલ્યો અને સન્માનને જાળવી રાખવામાં મદદરૂપ થાય છે.

**ભારતીય પરિવારના મૂલ્યોના ઉદાહરણો જોઈએ તો** –

- હંમેશાં વડીલોના પગ સ્પર્શ કરવા જોઈએ અર્થાત્ નમસ્કાર કરવા જોઈએ .
- ઉચ્ચ અથવા અણઘડ સ્વરમાં તેમણે વૃધ્ધ લોકો માટે ક્યારેય ન બોલવું જોઈએ અર્થાત્ અપમાનિત કરવા જોઇએ નહીં , હંમેશા વૃધ્ધો પ્રત્યે રાખવું જોઈએ.
- વ્યસન અને કુટેવથી દૂર રહેવું જોઈએ .
- સ્ત્રીઓનો આદર કરવો જોઈએ .
- હંમેશાં સત્ય બોલવું જોઈએ અને અહિંસક વર્તન માટે સંલગ્ન થવું જોઈએ.

આમ, મોટાભાગના મૂલ્યો કે જે માતાપિતા ભારતમાં તેમનાં બાળકોને પૂરા પાડે છે, કુટુંબની મૂલ્ય પ્રણાલીના ભાગરૂપે, પ્રકૃતિની સમાન હોય છે .જે દરેક મનુષ્યને ઉત્કૃષ્ટ જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડે છે.

**ભાસની કૃતિઓમાં પારિવારિક જીવન મૂલ્યો** –

ભાસની કૃતિઓમાં જીવન મૂલ્યો ઘણી બધી જગ્યાએ જોવા મળે છે. ભાસ એક પારિવારિક કવિ છે, તેમણે તેમના નાટક હોય કે એકાંકી હોય દરેક જગ્યાએ એક સંયુક્ત કુટુંબની રચના કરેલ છે. જે તેમના સંવાદોમાં કથાવસ્તુઓમાં ક્ષણે ક્ષણે જોવા મળે છે. તેમણે પારિવારને ધ્યાનમાં રાખતા માનવમાં, ઈશ્વરમાં અને તેનાથી પણ આગળ વધીને રાક્ષસમાં પણ માનવીય સદ્‌ગુણો સંકલન કર્યું છે. પારિવારની ભાવનાને જીવંત રાખવા ભાસે એક સફળ પ્રયાસ કર્યો છે.

જેમકે મધ્યમવ્યાયોગમાં કેશવદાસના પરિવારની ભાવના અને બીજી તરફ ઘટોત્કચની માતૃભાવના પરસ્પરસંવાદ મળે છે. કેશવદાસ પોતાના પરિવારના રક્ષણ માટે તટસ્થપણે ઊભો છે તે પોતાનું જીવન સમર્પિત કરવા તૈયાર છે અહિયા ભાસ દ્વારા પરિવારનું રક્ષણ,એક વડીલ દ્વારા પરિવારનું રક્ષણ દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

**कृतकृत्यं शरीरं मे परणिामेन जर्जरम् ।**
**राक्षसाग्नौ सुतापेक्षी होष्यामि विधिसिंस्कृतम् ।।** [1]

પ્રસ્તુત **શ્લોક** માં બ્રાહ્મણ પોતાના પરિવાર માટે રાક્ષસ સાથે જવા માટે તૈયાર થાય છે. તેમાં राक्षसाग्नौ ... અહીં તે કહે છે પુત્રોની રક્ષા કરવાની અપેક્ષાવાળો હું રાક્ષસરૂપી અગ્નિમાં હોમાવવા માટે તૈયાર છું અહી બ્રાહ્મણની પારિવારિક ભાવના જોવા મળે છે.

તો, મધ્યમવ્યાયોગના અંતે ઘટોત્કચ ભીમ અને હિડિમ્બાના મિલનમાં પણ પારિવારિક ભાવના જોવા મળે છે. જેમકે ઘણા સમય પછી પત્ની હિડિમ્બાને અનાયાસે ભીમના દર્શન થાય છે. પુત્રપ્રાપ્તિ બાદ છૂટા પડેલા પરિવારનું વર્ષો પછી પુનઃમિલન થાય છે. એક પુત્ર જ પોતાની માતાના પારણા પૂર્ણ કરવા માટે બલી રૂપે પોતાના પિતાને જ લઈ આવે છે અહીંયાં અનાયાસે ભાસે પુત્રદ્વારા પોતાનું પરિવારનું પુનઃમિલન, ઉદ્ધાર દર્શાવ્યો છે. જેને આજના સંદર્ભમાં જોઈએ તો પુત્રએપોતાનાં પરિવારને સાથે રાખવાની ભાવના રાખવી જોઈએ, અને સંયુક્ત પરિવાર સુખી પરિવાર સમ્પન્ન પરિવાર નિર્માણ કરવું જોઈએ. જે સુપુત્રનું દાયિત્વ છે તે ભાસે દર્શાવ્યું છે .

તેવી જ રીતે ભાસની અન્ય કૃતિ જોઈએ તો કર્ણભારમાં પણ પારિવારિક મૂલ્યો જોવા મળે છે. જેમકે એક પિતા પોતાના પુત્ર માટે દરેક વસ્તુને અપનવવા તૈયાર હોય છે તેમાં તે પોતાનું સારું કે ખરાબ નથી વિચારતા પરંતુ પુત્ર માટે મંગલની આશા રાખે છે જેમકે,

**शक्रः ( ईन्द्रः ) - महत्तरां भक्षिां याचे ।**
**कर्णः - महत्तरां भक्षिां भवते प्रदास्ये ।**

અહીંયાં દેવતાઓનો રાજા સર્વસત્તાઓના આધિપતિ સ્વર્ગાસન પર વિરાજમાન ઈન્દ્ર પોતાના પુત્રની રક્ષા માટે આટલો વૈભવ હોવાં છતાં પણ ભિક્ષુક થાય છે. અને તે કર્ણ પાસે જઈને તેના કવચકુંડળ માંગે છે જેને પુત્રની રક્ષા માટે ભિક્ષુક થવામાં પણ સંકોચ થતો નથી અહી પુત્રના વિકાસ માટે પદ અને પ્રસધ્દિ પણ નેવે મૂકીને કાર્ય કરવા તૈયાર થાય છે આમ અહીં ભાસે પારિવારિક ભાવનાને ફરીથી પ્રસ્થાપિત કરે છે .

પંચરાત્રમમાં જયારે લક્ષાગૃહમાં આગ લાગે છે તે પ્રંસગે પાંડવો પોતાનો જીવ જોખમમાં મૂકીને પણ પોતાની માતાને આગમાંથી બચાવી લાવવાના પ્રસંગેમાં પણ પારિવારિક મૂલ્યોનું દૃષ્ટીકોણ તરી આવે છે .

**ઉપસંહાર –**

જીવનમૂલ્યોમાં પારિવારિકમૂલ્યો ખૂબ જ સાર્થક છે. જેમ હિમાલયના દરેક શિખરોની ઊંચાઈ અલગ અલગ છે છતાં પણ તેને હિમાલય તરીકે જ ઓળખવમાં આવે છે તેની ઉંચાઈ કે હિમની ઘનતા તેનાથી તેને અલગ કરાતો નથી તે સમ્પૂર્ણ પર્વતમાળાને હિમાલય તરીકે જ ઓળખાવવામાં આવે છે તેમ પરિવાર પણ તેવી રીતે જ છે. પરિવારના દરેક સભ્યોની કાર્યક્ષમતા વિચારશક્તિ જીવન જીવવાના સિદ્ધાંતો અલગ અલગ હોઈ શકે છે પરંતુ પારિવારિક એકતા ખૂબ જરૂરી છે. તેનાથી જ પરિવાર આગળ આવે છે .

મહાકવિ ભાસ એ આવા જ મૂલ્યો કે જે પરિવાર ને એકત્રિત કરે છે પરિવારના સભ્યોના અવગુણોને છોડી તેમના સદગુણોને વિકસાવવા હમેશા પ્રયત્નશીલ રહે છે. જેમ કે દૂત ઘટોત્કચમાં પુત્ર અભિમન્યુનું મૃત્યુ થયા હોવા છતાં યુદ્ધમાં રહેલ શેષ પરિવાર તે પછી પોતાના મિત્રોનો કે પછી શત્રુઓનો જ કેમ ના હોય ! પરંતુ પરિવારનું રક્ષણ સર્વોપરિ છે તેમ સમજી શાંતિસંદેશ મોકલવામાં આવે છે. આવા ઘણા બધા ઉદાહરણો ભાસે પોતાની કૃતિઓમાં આલેખેલા છે. જે ખરેખર મહાકવિને શોભે તેવાં છે .

## <u>પાદટીપ</u>

**1.માધ્યમવ્યાયોગ શ્લોક નં**. **15**

**સરસ્વતી પુસ્તકભંડાર આવૃતિ 2003/04**

**સરસ્વતી પુસ્તકભંડાર આવૃતિ 2000/01**

 ISBN : 978-81-938282-0-5

## ડૉ. બાબા સાહેબ આંબેડકરના સામાજિક અને રાજકીય વિચાર

**ડૉ. આર. નિમાવત**
**આસિસ્ટટન્ટ પ્રોફેસર**
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત**
**srnimavat@vnasgu.ac.in, મો.નં.:-૯૮૨૫૧ ૪૯૦૦૭**

ડૉ. બાબા સાહેબ આંબેડકર (૧૮૯૧-૧૯૫૬) મહાન દેશપ્રેમી સામાજિક ચિંતક અને રાજકીય સુધારાવાદી હતા. તેમના વિચારો ક્રાંતિકારી અને પ્રગતિલક્ષી હતા. તેઓ ભારતના બંધારણના ઘડવૈયા તરીકે ઓળખાય જ છે પરંતુ તેઓ સાચા અર્થમાં રાષ્ટ્રના ઘડવૈયા હતા. તેઓ માનવગરિમા, સમાનતા, માનવવિકાસ અને માનવસુખના હિમાયતી હતા. તેઓએ જ્ઞાતિપ્રથા, વર્ણાશ્રમ અને જ્ઞાતિભેદ સામે જંગ છેડ્યો હતો. જેના શુભ પરિણામો આજે ભારતમાં જોવા મળે છે. ભારત હજુ સંપૂર્ણ પણે જ્ઞાતિભેદ કે વર્ણવ્યવસ્થાની ચૂંગાલમાંથી મુક્ત થયેલ નથી તે હકીકત છે. આમ છતાં સમાનતાને ભારતે તેના બંધારણનો સૌથી મહત્વનો મુદ્દો બનાવવામાં તેનું શ્રેય ડૉ. આંબેડકરને ફાળે જાય છે.

ડૉ. આંબેડકર પોતે દલિતવર્ગની મહાર જ્ઞાતિમાંથી આવતા હતા. તેમણે દલિતોના શોષણ અને પીડા સ્વયં જોયા અને અનુભવ્યા હતા. તેમના પિતા બ્રિટિશ આર્મીના સૂબેદાર હતા. બાબા સાહેબે મુંબઈમાં શાળા તેમજ કોલેજ શિક્ષણ મેળવ્યું હતું. મુંબઈ યુનિવર્સિટીમાંથી તેમણે અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રમાં સ્નાતકની ડિગ્રી મેળવી. મહારાજા સયાજીરાવ ગાયકવાડની મદદથી તેઓ યુ.એસ.એ.ની કોલંબિયા યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ માટે ગયા, જ્યાં તેમણે અર્થશાસ્ત્રમાં અનુસ્નાતકની પદવી મેળવી. તેઓ સમાજશાસ્ત્ર, ઇતિહાસ, તત્વજ્ઞાન અને માનવનૃવંશ શાસ્ત્રના પણ ઊંડા અભ્યાસી હતા. તેમના પર જગપ્રસિદ્ધ અમેરિકન (ત્તત્વચિંતક) જ્હોન ડ્યુઈની પ્રબળ અસર હતી. ત્યારબાદ તેમણે વિવિધ વિષયોમાં ઉપાધિઓ પણ મેળવી જેમાં ડી.લીટ, ડી,એસ.સી., એલ.એન.ડી. જેવી ડૉક્ટરેટ ઉપાધિઓ પણ સામેલ હતી

ડૉ. ભીમરાવ આંબેડકર ઉત્તમ સંશોધક પણ હતા. તેમણે તેમના પુસ્તક "Who Were The Shudras" (ક્ષુદ્રો કોણ હતા?) માં આર્યોની આક્રમણની થિંયરીનો વિરોધ કરીને પ્રતિપાદિત કર્યું હતું કે ક્ષુદ્રો (દસ્યુ) વાસ્તવમાં આર્યોનો જ હિસ્સો હતા. ડૉ. આંબેડકરનું સૌથી મહત્વનું પ્રદાન અસ્પૃશ્યતા અને વર્ણપ્રથા સામેનો વિરોધ અને સમાનતા માટેની લડત ગણી શકાય. તેઓ માનતા હતા કે દલિત ઉદ્ધાર માટે દલિતોએ શિક્ષણ મેળવવું જોઈએ. શિક્ષણ કેળવણી સમાજના ઉધ્ધાર માટેની ગુરુ ચાવી છે.

ડૉ. આંબેડકર વિદ્વાન લેખક હતા. અંગ્રેજી ભાષા પર તેમનું પ્રભુત્વ સૌને પ્રભાવિત કરી દે તેવું હતું. તેમની વિદ્વતા, બૌદ્ધિકતા, તાર્કિક અભિગમ તેમના લખણોમાં જોવા મળે છે. તેઓ અત્યંત પ્રભાવશાળી વક્તા પણ હતા. તેમના મહત્વના પુસ્તકોમાં 'The Untouchables', 'Who Were Shudras ?', 'Castes in India' 'Anni Hilation of Caste', 'Buddha or Karlmarx' નો સમાવેશ થાય છે. તેવો માર્ક્સની વિચારધારાથી પ્રભાવિત હતા પરંતુ તેઓ માનતા હતા કે માત્ર ભગવાન બુદ્ધના માર્ગ દ્વારા જ સાચા અર્થમાં સમાનતા સ્થાપી શકાય. લેનીનની આલોચના કરતા તેમણે લખેલું કે સ્વતંત્રતા અને ભાઈચારા વિના સમાનતા શક્ય જ નથી.

ડૉ. આંબેડકરનું દલિત ઉદ્ધાર અને સમાનતા માટેનું સૂત્ર હતું, "Educate, Agitate, Organize" (શિક્ષિત બનો, આંદોલન કરો અને સંગઠિત બનો) તેઓ માનતા હતા કે સમાનતા માટે શિક્ષણ અને રાજ્યની કટિબદ્ધતા અનિવાર્ય છે. ભારતમાં વર્ગ (CClass) નહિ પરંતુ વર્ણ (Caste) આધારિત અસમાનતા છે. જેના મુળિયા તથા કથિત શાસ્ત્રોમાં અને બ્રાહ્મણ વાદમાં પડેલા છે તેને દૂર કરવા માટે બંધારણીય જોગવાઈઓ માત્ર પૂરતી નથી, પરંતુ સમાજની સમજમાં પરિવર્તન જરૂરી છે. શિક્ષણ દ્વારા વ્યક્તિ જ્ઞાતિથી વર્ગ ભણી પ્રગતિ કરી શકે છે. વર્ણ કે જ્ઞાતિ બંધિયાર વ્યવસ્થા છે. જયારે વર્ગ (Class) ખુલ્લી વ્યવસ્થા છે, જેમાં કોઈપણ વ્યક્તિ પ્રવેશી શકે છે.

ડૉ. આંબેડકરના વિચારો આજના સમયમાં પણ અત્યંત પ્રસ્તુત છે. સમજ કે રાષ્ટ્રના સાચા વિકાસ માટે તેમના વિચારોનો અમલ થાય તો ચોક્કસ પણે એક ઉત્તમ રાષ્ટ્ર અને સમાજ નું નિર્માણ થઈ શકે.

**Key words:**

ડૉ. આંબેડકર - સુધારાવાદી, સામાજિક ચિંતક-ક્રાંતિકારી વિદ્વાન- ચિંતક વર્ણપ્રથાના મૂળ- શિક્ષણ સમાજના ઉદ્ધારની ગુરૂચાવી - દલીતો માટેની આંબેડકર ની ભૂમિકા - પ્રદાન - વર્ગ અને વર્ણ - વર્ણપ્રથા નાબૂદી - સમાનતા - સ્વતંત્રતા - ભાતૃભાવ

## ડૉ. બાબા સાહેબ આંબેડકરની સામાજિક-રાજકીય (Social - Political) વિચારધારા

**ડૉ. શ્રીધર આર. નિમાવત**

ડૉ. બાબા સાહેબ આંબેડકર (૧૮૯૧-૧૯૫૬) મહાન દેશપ્રેમી, સામાજિક ચિંતક તેમજ રાજકીય સુધારાવાદી હતા. તેઓ ઇતિહાસ, સમાજશાસ્ત્ર, માનવ ઇતિહાસ અને કાયદાના ઊંડા અભ્યાસી હતા. સામાન્ય રીતે લોકો તેમને ભારતના બંધારણના ઘડવૈયા તરીકે ઓળખે છે, પરંતુ તેઓ સાચા અર્થમાં રાષ્ટ્રના ઘડવૈયા હતા. તેઓ માનવગરિમા, સમાનતા, માનવવિકાસ અને માનવ સુખના ચુસ્ત હિમાયતી હતા. તેઓએ વર્ણપ્રથા, જ્ઞાતિપ્રથા, જ્ઞાતિભેદ સામે જંગ છેડ્યો હતો. જેના શુભ પરિણામો વર્તમાન ભારતમાં ચોક્કસપણે જોવા મળે છે. એ હકીકત છે કે આપણો દેશ અને પ્રજા હજુ વર્ણવ્યવસ્થાની ચૂંગાલમાંથી પૂર્ણપણે મુક્ત થયો નથી. આમ છતાં 'સમાનતા'ને ભારતના બંધારણમાં સૌથી મહત્વનો મુદ્દો બનાવવામાં આવ્યો છે. તેનું શ્રેય ડૉ. આંબેડકરને ફાળે જાય છે.

આંબેડકર મહારાષ્ટ્રની અશ્પૃશ્ય ગણાતી મહાર જ્ઞાતિમાંથી આવતા હતા. મહારાષ્ટ્રના મહાર લોકો નિમ્ન વર્ગના લોકો ગણાતા હતા. જેનું કામ શેરીઓ વાળવાનું, સંદેશાઓ પહોચાડવાનું, દીવાલો બનાવવાનું અને મૃત ઢોરને લઈ જવાનું હતું. મહાર લોકોમાંથી કેટલાક લોકો બ્રીટિશ લશ્કરમાં, મિલોમાં, રેલ્વેના પાટાઓ ગોઠવવા કે બંદરના ડોકયાર્ડમાં કામ માટે જોડાયા હતા. તેઓ બ્રીટિશ અધિકારીઓના ઘરમાં સફાઈ અને અન્ય કામો પણ કરતા હતા. મહાર લોકોને બ્રીટિશ લશ્કરના સંપર્કને કારણે શિક્ષણમાં રસ પડવા લાગ્યો. ભીમરાવ આંબેડકરના પિતાજી બ્રીટિશ લશ્કરમાં સૂબેદાર હતા જેને તેથી તેમને લશ્કરની કેન્ટોનમેન્ટ શાળામાં શિક્ષણ મેળવવાની તક મળી.

આંબેડકરની શૈક્ષણિક કારકિર્દી અત્યંત ઉજ્જવળ હતી. તેઓ ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈ અને ત્યારબાદ અમેરિકા ગયા. વડોદરાના મહારાજા ગાયકવાડે તેમને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃતિ આપેલી.

ન્યૂયોર્કની કોલંબિયા યુનિવસીટીમાંથી તેમણે M.A. અને Ph.Dની ડિગ્રીઓ મેળવી. અભ્યાસ દરમ્યાન તેઓ મોટાભાગનો સમય લાઈબ્રેરીમાં જ ગાળતા. ભૂખ્યા રહીને પણ તેઓ તેમના પૈસા પુસ્તકો ખરીદવામાં વાપરતા. તેમણે રાજ્યશાસ્ત્ર, કાયદાઓ, અર્થશાસ્ત્ર, તત્વજ્ઞાન જેવા કેટલાંક વિષયોમાં ડિગ્રી મેળવેલી.

તેઓ અમેરિકાના વિદ્વાન તત્વચિંતક, વિચારક અને શિક્ષણશાસ્ત્રી જ્હોન ડ્યુઈના પ્રિય વિદ્યાર્થી હતા. વિદેશની યુનિવર્સિટીઓમાં તેઓ કેટલાય વિદ્વાન પ્રોફેસરોના પરિચયમાં આવ્યા હતા અને તેમની અસર નીચે તેમનું વ્યક્તિત્વ પૂર્ણપણે નિખરવા લાગ્યું હતું. તેઓએ બ્રિટિશ સામ્રાજ્યવાદની વિશદ્ આલોચના તેમના Ph.D ના મહાનિબંધમાં કરી હતી. આમ, આંબેડકર સામ્રાજ્યવાદ, વર્ણવાદ અને સમાજના નીચા વર્ગના શોષણના કડવા ટીકાકાર હતા. તેમના વિચારો નિર્ભિક અને ક્રાંતિની મશાલ સમા હતા. લોકશાહી, સમાનતા, સ્વતંત્રતાના તેઓ મોટા હિમાયતી હતા.

ડૉ. આંબેડકરે કેટલાક વિચાર-પ્રેરક અને ઊંડા પૃથક્કરણ યુક્ત પુસ્તકો લખેલા છે.

The Untouchables (1948)

The Annihilation of Caste

The Castes in India ,Their Mechanism , Genesis and Development

What Congress and Gandhi have done to the Untouchables?

Buddha or Karl Marx.

અગણિત મુશ્કેલીઓનો સામનો કરીને તેમણે વિદેશમાં અભ્યાસ કરેલો. તેમણે એટલી બધી ડિગ્રીઓ મેળવી હતી કે બહુ ઓછા લોકો તેમની સાથે આ બાબતે સ્પર્ધા કરી શકે. તેમની વિદ્વતા, બૌદ્ધિકતા અને સત્યપ્રિયતા બે-જોડ હતી. પશ્ચિમમાં શિક્ષણ મેળવવા છતાં ડૉ. આંબેડકરની ભારતીયતા અને દેશપ્રેમ ખુબ જ deep rooted (ઊંડા મૂળિયાવાળા) રહ્યા હતા. તેઓ આજીવન ભારતના સામાજિક-આર્થિક અને રાજકીય પ્રશ્નો અંગે ચિંતા સેવતા અને તેના ઉકેલ શોધવા માટે સતત કાર્યરત રહેતા.

ડૉ.આંબેડકર ૧૯૨૩માં વિદેશમાંથી પાછા ફર્યા. તેઓની આર્થિક સ્થિતિ ભારે ખરાબ હતી અને તેથી વકીલાત કરવા માટે સનદ મેળવવાની ફી માટે પણ મિત્રની મદદ લેવી પડી. તેમણે વકીલાત શરૂ કરી પરંતુ જ્ઞાતિપ્રથાને કારણે તેમને ખૂબ સહન કરવું પડેલું. ઉચ્ચવર્ણના અસીલો આંબેડકર નિમ્નવર્ગના હોવાથી તેમને વકીલ તરીકે રાખવા તૈયાર ન હતા. તે જમાનામાં અંગ્રેજ વકીલોને ભારતમાં પણ વધારે કામ મળતું. ૧૯૨૦ પછી ભારતની આઝાદી માટેના આંદોલનને વેગ પકડ્યો હતો. વીર સાવરકર આંદમાન જેલમાંથી મુક્ત થયા. મહાત્માગાંધી પણ તેમની નાદુરસ્ત તબિયતને કારણે યરવડા જેલમાંથી મુક્ત થયા. સાવરકર અને મહાત્મા ગાંધી બંનેએ પોતપોતાની રીતે હિન્દુના ઐક્ય અને અસ્પૃશ્યોના ઉત્થાન માટે પ્રયત્નો આદર્યા. ડૉ. આંબેડકરે પણ આ અરસામાંજ અસ્પૃશ્યોના ઉદ્ધાર માટે આંદોલન શરૂ કર્યું. તેમનો મુખ્ય હેતુ અસ્પૃશ્યોમાં શિક્ષણ અને સભાનતા વિસ્તારવાનો હતો.

કોંગ્રેસે હિંદુ-મુસ્લિમ એકતા પર વિશેષ ભાર મૂકેલો પરંતુ ભારતમાં દલિતોની સ્થિતિ અંગે આંખ આડા કાન કર્યા હતા. ડૉ. આંબેડકર આ બાબતે ચિંતિત તેમજ વ્યથિત હતા. આંબેડકર કહેતા કે અસ્પૃશ્ય ગણાતા દલિતો હિંદુ ધર્મમાં જ માને છે, પરંતુ ઉચ્ચવર્ગના હિંદુઓ તેમની હંમેશાં અવહેલના

કરે છે. તેઓ તેમને ક્યારેય સમાન ગણતા નથી. તેમને હિંદુ મંદિરોમાં પ્રવેશવા દેતા નથી. ૧૯૩૦ની સાલ ભારતના ઈતિહાસમાં એક મહત્વનો પડાવ સાબિત થઈ. મહાત્મા ગાંધીએ સત્યાગ્રહ ચળવળ ચલાવી જેમાં કેટલાય સત્યાગ્રહીઓને બ્રિટિશ લશ્કરે મોતના મોંમાં ધકેલી દીધા. દાંડીકૂચનું આ વર્ષ ડૉ. આંબેડકરની ચળવળનું પણ મહત્વનું વર્ષ હતું. નાસિકમાં દલિતોના મંદિરપ્રવેશ માટે ડૉ. આંબેડકરે જોરદાર ઝુંબેશ ચલાવી. ૧૫૦૦૦ શોષિતવર્ગના લોકો સાથે કેટલાક ઉચ્ચવર્ણના નેતાઓ પણ જોડાયા જેમાં શ્રી બી.જી.ખેરનો પણ સમાવેશ થાય છે જેઓ ૧૯૩૭માં મુંબઈ રાજ્યના પ્રથમ પ્રમુખ બનેલા. મંદિર પ્રવેશની તેમની ચળવળ સફળ ન થઈ પરંતુ દલિત સત્યાગ્રહીઓની આ ચળવળે વિચારશીલ અને ઉદારમતવાદી હિન્દુઓના દિલ જીતી લીધા.

ઓગસ્ટ ૮, ૧૯૩૦માં દલિતવર્ગની રાષ્ટ્રીય સભા નાગપુરમાં મળી. ડૉ. આંબેડકરે તેમના પ્રવચનમાં કહ્યું કે જગતના કેટલાય બહુભાષી, બહુ-ધર્મી દેશોને રાષ્ટ્ર ગણવામાં આવે છે, પરંતુ બ્રિટિશ સરકાર ભારતને રાષ્ટ્ર ગણતી નથી. તેમના આ શબ્દો તેમની ભારત પ્રત્યેની ઊંડી સમજ અને લાગણી દર્શાવે છે. તેઓએ બ્રિટિશ સરકારને શોષણ કરનાર સૌથી મોંઘી સરકાર ગણાવેલી. મહાત્મા ગાંધી ના 'સ્વરાજ ' ના વિચારો સંદર્ભે તેમણે કહેલું કે સ્વરાજ સમગ્ર ભારતને અને તેના બધા લોકોને મળવું જોઈએ, નહીં કે માત્ર ભદ્રવર્ગ અને ઉચ્ચવર્ણને.

મહાત્મા ગાંધી અને ડૉ. આંબેડકર કેટલાય બાબતોમાં ભિન્ન મત ધરાવતા હતા. કેટલાક લેખકોએ તેમના વચ્ચેના મતભેદને પૂર્ણ યુદ્ધ (TOTAL WAR) ગણાવેલું છે જે તદ્દન અયોગ્ય અને ખોટી બાબત છે. ડૉ. આંબેડકર મહાત્મા ગાંધીથી જુદા વિચારો ધરાવતા હતા, પરંતુ ગાંધીજીની સત્યપ્રિયતા અને સત્યનિષ્ઠા પર તેમને કોઈ જ સંદેહ હતો નહિ. એટલું જ નહિ તેમણે ગાંધીજીના અસ્પૃશ્યતા નિવારણના પ્રયત્નો અંગે પણ શંકા ન હતી. તેમને ગાંધીજીના વર્ણવ્યવસ્થામાં શ્રદ્ધા હોવાની વાત વિચિત્ર અને અતાર્કિક લગતી હતી. વાસ્તવમાં ડૉ.આંબેડકર અને મહાત્મા ગાંધી બંનેમાં પૂરેપૂરી વિચાર-નિષ્ઠા અને હેતુ અંગેની સ્પષ્ટતા હતી. ઇતિહાસ એ વાતની ગવાહ છે કે મહાત્મા ગાંધીના વિચારો સાથે આપણા દેશના કેટલાય મહાન નેતાઓ, આઝાદીના લડવૈયાઓ સંમત ન હતા જેમાં સુભાષચંદ્રબોઝ, જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, આચાર્ય ક્રિપલાણી, જય પ્રકાશ નારાયણ વગેરેનો સમાવેશ થાય છે.

મહાત્મા ગાંધી અને ડૉ.આંબેડકર વચ્ચેના એક વાર્તાલાપમાં, મહાત્મા ગાંધીએ ડૉ. આંબેડકર ને કહેલું "તમે જન્મથી અસ્પૃશ્ય છો અને હું સ્વૈછિક રીતે દત્તક લેવાયેલો છું."(You are untouchable by birth and I am by adoption)

ડૉ. આંબેડકર ગાંધીજી સાથે વર્ણવ્યવસ્થા બાબતે ભિન્ન મતના હતા. તેમણે કહ્યું હતું કે અસ્પૃશ્યતા વર્ણપ્રથાની પેદાશ છે. જ્યાં સુધી જ્ઞાતિપ્રથા રહેશે ત્યાં સુધી અસ્પૃશ્યતા પણ રહેશે. માત્ર વર્ણપ્રથાની નાબૂદીથી જ અસ્પૃશ્યતા નિવારણ શક્ય બનશે. ગાંધીજી અસ્પૃશ્યતાના વિરોધી તો હતા પરંતુ વર્ણવ્યવસ્થાના સમર્થક પણ હતા. ઘણા વિચારકો ગાંધીજીના આ મતને તર્કસંગત ગણતા નથી. ગાંધીજી હિંદુ ધર્મની પ્રાચીન વ્યવસ્થાને શાસ્ત્રસંમત અને આદર્શ ગણતા હતા. સર્વધર્મ સદ્ ભાવનાના હિમાયતી હોવા છતાં તેમની કેટલીય માન્યતાઓ હિન્દુધર્મની અસર વાળી હતી.

ડૉ. આંબેડકર રાષ્ટ્ર સેવાના કામમાં એટલા વ્યસ્ત રહેતા કે તેઓ પરિવાર માટે સમય ફાળવી શકતા નહોતા. ૨૭ મી મે, ૧૯૩૫માં તેમના ધર્મપત્નીનું દુઃખદ અવસાન થયું. તેમના પત્ની અત્યંત

ધાર્મિક હતા અને તેમને પંઢરપુરની યાત્રા કરી મંદિરમાં દર્શન કરવાની તીવ્ર ઈચ્છા હતી પરંતુ મંદિર પ્રવેશ શક્ય નહતો. ડૉ. આંબેડકરે તેમને આશ્વાસન આપતા કહેલુંકે આપણા નિ:સ્વાર્થ જીવન, દલિત સેવા જ પવિત્ર જીવન છે તેથી આપણે પંઢરપુર જવાની કોઈ જરૂર નથી. એક દિવસ એવો જરૂર આવશે કે આપણે એક નવું પંઢરપુર સર્જી શકીશું જ્યાં આપણે વિઠ્ઠલાની પ્રાર્થના કરીશું. આમ તો ડૉ. આંબેડકર મૂર્તિ પૂજાના વિરોધી હતા છતાં તેમના પત્નીની ભાવનાનો હંમેશાં આદર કરતા. એટલું જ નહિ તેમની પત્નીના મૃત્યુબાદ તેમની અંતિમ ક્રિયા હિન્દુધર્મની પરંપરા પ્રમાણે જ કરવામાં આવી હતી.

દલિતોની યાતના અને શોષણથી વ્યથિત ડૉ.આંબેડકરે ઓક્ટોબર ૩૦, ૧૯૩૫ ના દલિતસભામાં જાહેરાત કરી કે તેઓ હિંદુ ધર્મ છોડી એવો ધર્મ અપનાવશે જેમાં સૌ માનવો સમાન હોય. આંબેડકરની આ જાહેરાતે બધા રાજકીયપક્ષોમાં તથા સામાજિક સંસ્થાઓમાં ભૂકંપ સર્જી દીધો. વિવિધ ધર્મોમાંથી ડૉ. આંબેડકરને તેમના ધર્મમાં જોડાવાના પ્રસ્તાવો મળવા લાગ્યા. મુસ્લિમલીગે તેમને આવકાર્યા અને કહ્યું કે તેમને ઇસ્લામમાં અન્ય મુસ્લિમો જેટલી સમાનતા પ્રાપ્ત થશે. શીખ, ઈસાઈઓ અને બૌદ્ધ ધર્મીઓએ પણ ડૉ. આંબેડકરને તેમના ધર્મમાં જોડાવા માટે આવકાર્યા.

મહાત્મા ગાંધીએ આંબેડકરની આ જાહેરાતને કમનસીબ ગણાવી. તેમણે કહ્યું કે ધર્મ વસ્ત્ર નથી કે તેને બદલી શકાય. તે માનવના 'સ્વ' નો એક આંતરિક હિસ્સો છે. વીર સાવરકર અસ્પૃશ્યતા નિવારણના બહુ મોટા હિમાયતી હતા. તેમણે કહ્યું કે અન્ય ધર્મોમાં પણ દલિતો માટે સમાનતાની શક્યતા ઓછી છે. ત્રાવણકોરમાં ક્રિશ્ચિયનોમાં પણ સ્પૃશ્ય-અસ્પૃશ્ય દલિતો હતા. તેમણે કહ્યું કે ધર્મમાં મહદ્ અંશે તર્કસંગતતા હોતી જ નથી. તેમાં માત્ર માન્યતા જ હોય છે. તે સમયના હિંદુ મિશનરી મસુરકર મહારાજે ચિંતા વ્યક્ત કરતા કહેલું કે ડૉ.આંબેડકરનો આ નિર્ણય હિંદુ સમાજને બહુ મોટો ફટકો પાડશે. ડૉ.આંબેડકરે કબૂલ્યું કે તેઓ પણ ધર્મ પરિવર્તનના વિચારથી ખુશ નથી પરંતુ આ કરુણાન્તિકાથી બચવા માટે ઉચ્ચવર્ણના હિંદુઓએ તેમની જાતને વૈચારિક રીતે બદલવી જોઈએ. નિશ્ચિત સમયગાળામાં જો અસ્પૃશ્યતા નાબૂદ કરવા માટે ઉચ્ચવર્ણના હિંદુ નેતાઓ પ્રામાણિકપણે પ્રતિજ્ઞા લે તો જ ધર્મપરિવર્તન અંગે પુનઃ વિચારણા શક્ય બને.

ડૉ. આંબેડકરે પણ સ્પષ્ટ રીતે કહેલું કે ધર્મનો પાયો સમાજ જીવન અને તેના આચરણ સાથે જોડાયેલો છે. હિંદુ ધર્મ મનુસ્મૃતિમાં જણાવેલા નિયમો આચારસંહિતા પર આધારિત છે. તેમાં જે પ્રકારની વર્ણવ્યવસ્થા પ્રબોધેલી છે તેમાંથી અસમાનતા અને અસ્પૃશ્યતા દૂર કરવી અશક્ય છે. હિંદુધર્મ મનુસ્મૃતિનો પૂર્ણ પણે ત્યાગ કરે તોજ હિંદુ સમાજ પુનઃ નવા પાયા પર નિર્માણ પામી શકે. તેમણે જણાવેલું કે આ નિર્ણયના અમલ માટે તેઓ પાંચ વર્ષ સુધી રાહ જોવા માટે પણ તૈયાર છે.

દલિતો માટે વપરાતા 'હરિજન' શબ્દની આલોચના કરતા ડૉ. આંબેડકરે કહેલું કે જો અસ્પૃશ્યો 'પ્રભુની પ્રજા' હોય તો સ્પૃશ્ય કોણ? જો બધાજ લોકોને હરીજન ગણવામાં આવે તોજ આ શબ્દ યોગ્ય ગણાય. માત્ર આવા મધુર શબ્દ વાપરવાનો કોઈ અર્થ નથી. તેમની સ્થિતિ સુધારવા માટે પ્રેક્ટિકલ પગલાંઓ ન લેવાય તો તેનો કોઈ અર્થ નથી. ડૉ. આંબેડકર સમાનતા અને શોષણહીન સમાજના સમર્થ હિમાયતી હતા. તેઓ કામદારો અને નારીના હિતમાટે પણ સતત લડતા રહેલા. તેમણે સમાજના નાના વર્ગ માટે એક સૂત્ર આપેલું."EDUCATE, ORGANISE AND AGITATE" (શિક્ષણ આપો, સંગઠિત બનો અને આંદોલન કરો). ૨૦મી, જુલાઈ ૧૯૪૨ના નાગપુર સભામાં દલિતોને સંગઠિત થઈને સમાનતા માટે

સંઘર્ષ કરવાની હાકલ કરી. તેમને શિક્ષણમાં ઊંડી શ્રદ્ધા હતી. તેઓ સ્પષ્ટપણે માનતા હતા કે શિક્ષણ જ સમાનતા, સ્વતંત્રતા અને માનવગરિમાની ચાવી છે. ૧૯૪૬માં તેમણે દલિતો અને નિમ્નવર્ગ માટે "PEOPLE'S EDUCATION SOCIETY" ની સ્થાપના કરી અને તેના નેજા હેઠળ મુંબઈમાં સિદ્ધાર્થ કૉલેજ પણ શરુ કરી. સિદ્ધાર્થ ભગવાન બુદ્ધનું પૂર્વ-નામ હતું. તેઓ માનતા હતા કે ભગવાન બુદ્ધ સામાજિક સ્વતંત્રતા, બૌદ્ધિક સ્વતંત્રતા, આર્થિક સ્વતંત્રતા અને રાજકીય આઝાદીના હિમાયતી હતા. તેઓ માનવ-માનવ અને પુરૂષ-સ્ત્રી વચ્ચેની સમાનતાના સમર્થક હતા. તેમના સિદ્ધાંતો વર્તમાન અને પૃથ્વી પરના માનવજીવનના કલ્યાણ અને સુખ માટે હતા, નહીં કે મૃત્યુ બાદના પરલોકના જીવન માટે.

ડૉ. આંબેડકરનું સૌથી મોટું પ્રદાન ભારતના બંધારણનું ઘડતર હતું. જેથી જ તેઓ બંધારણના ઘડવૈયા ગણાય છે. તેમણે બંધારણ અંગે કહેલું કે બંધારણમાં નિર્દેશ કરેલ બાબતો અને ભારતના સામાજિક-આર્થિક જીવન વચ્ચે કેટલાય વિરોધાભાસો છે. ભારતને રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત થઈ ચૂકી હતી પરંતુ સામાજિક અને આર્થિક જીવનમાં ભારે સમાનતા જોવા મળે છે. આ વિરોધાભાસોને દૂર કરવા આપણા રાષ્ટ્રે પ્રયત્ન કરવો જ પડશે નહીંતર આપણી રાજકીય લોકશાહી પણ જોખમમાં આવી પડશે.

ડૉ.આંબેડકર કાયદાઓ, ઇતિહાસ, આપણા દેશની સામાજિક, આર્થિક સ્થિતિ અને, જગતના અન્ય દેશોના બંધારણોના ઊંડા અભ્યાસી હતા. ભારતની બંધારણ-સભા અને તત્કાલીન પત્રકારત્વે તેમણે 'આધુનિક મનુ' {Modern Manu (lawgiver )} ગણાવેલા-બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકર એ બાબતે વ્યથિત હતા કે ભારતની સામાજિક-આર્થિક સ્થિતિ અંગે રાજનેતાઓ હોવા જોઈએ તેટલા ચિંતિત ન હતા. ભારતમાં ઊંડા મૂળિયાં ધરાવતી વર્ણવ્યવસ્થા દૂર ન થાય તો આ દેશમાં સામાજિક-આર્થિક સમાનતા માત્ર સ્વપ્નું જ બની રહે-તેમ તેઓ સ્પષ્ટ પણે માનતા હતા. છેક ૧૯૩૫થી ડૉ.આંબેડકરના મનમાં ધર્મ-પરિવર્તનની ઈચ્છા હતી પરંતુ ભારતની આઝાદી બાદ ૧૯૫૬માં તેમણે હિંદુધર્મનો ત્યાગ કરી બૌદ્ધધર્મ અપનાવ્યો. આ સમય દરમિયાન તેમણે તેમના ચિંતનના સર્જન રૂપ પુસ્તક 'The Buddha and his Dharma' લખ્યું બુદ્ધ ધર્મ બાહ્ય જગત નહિ પરંતુ માનવની આંતરિક શક્તિ પર ભાર મૂકે છે. તેનો મૂળભૂત સિદ્ધાંત સમાનતા અને સૌ માટેની કરુણા છે.

**ડૉ. આંબેડકરના સામાજિક વિચારો** :

ડૉ. આંબેડકર મહાર જ્ઞાતિના હતા અને અસ્પૃશ્ય લોકોની પીડા અને અપમાન નો તેમને પણ જાત અનુભવ હતો. અસ્પૃશ્યતાના મૂળિયા શોધવા તેમણે ખૂબજ ગહન સંશોધન કર્યું. તેમના પુસ્તકો "The Untouchables", "The shudra, Who are They? " અને "Caste in India, its Mechanism, Genesis and development" માં તેમણે વર્ણ વ્યવસ્થાનો ખૂબજ ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. તેમના ઇતિહાસ, સમાજશાસ્ત્ર તથા માનવ-નૃવંશ શાસ્ત્રની ઊંડી સમજ તેમના આ પુસ્તકોમાં પ્રતિબિંબિત થાય છે. તેમણે તેમના લખાણોમાં પ્રતિપાદિત કર્યું છે કે હિંદુ સમાજ વ્યવસ્થા હિન્દુ ધર્મ પર આધારિત છે, ન્યાય કે માનવ સમાનતા પર નહિ. હિંદુઓની પ્રવર્તમાન સમાજ વ્યવસ્થા હિંદુ ધર્મની ચતુર્વર્ણ વ્યવસ્થા પર આધારિત છે. તેમના નિબંધ "Hindu Social Order : Its essential Principles" માં જણાવેલું છે કે હિંદુ સમાજ વ્યવસ્થામાં માનવ અધિકારોને કોઈ સ્થાન નથી. તેમાં વ્યક્તિનું કાંઈ જ મહત્વ નથી. તેમાં મહત્વ છે માત્ર વર્ણ અને વર્ગનું.

હિંદુ વર્ણવ્યવસ્થામાં મૂળભૂત રીતે ચાર વર્ણો હતા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર હતા. પાછળથી તેમાં શુદ્ર(દાસ) નામના વર્ગનો પંચમ વર્ગ તરીકે ઉમેરો થયો. આ વર્ગને અસ્પૃશ્ય ગણવામાં આવતો હતો. પછી તો આ પાંચ વર્ગોના કેટલાય પેટા વર્ગો પણ અસ્તિત્વમાં આવ્યા. હિંદુ સમાજનું એકમ વ્યક્તિ નથી પરંતુ વર્ણ છે. તેથી વ્યક્તિની વિશેષતા કે ગુણનું કોઈ જ મહત્વ નથી. વ્યક્તિને મળતું મહત્વ કે સન્માન પણ વર્ણઆધારિત છે. તેવી જ રીતે વ્યક્તિને સામાજિક અવહેલનાનો ભોગ બનવું પડે તેના માટે પણ વર્ણ જ જવાબદાર બને છે. હિંદુ સમાજ વ્યવસ્થામાં 'સમાજ' કે 'વ્યક્તિ' કેન્દ્રમાં નથી. કેન્દ્રમાં છે માત્ર વર્ણ. તેથી આ વ્યવસ્થામાં ન્યાય માનવ સમાનતા, માનવ ગરિમા ક્યારેય કેન્દ્રમાં રહી ન હતી.

હિંદુ ધર્મના શાસ્ત્રોમાં વર્ણવ્યવસ્થા ઈશ્વરના દેહમાંથી ઉદ્દભાવી હતી તેમ કહેવાય છે. આમ વર્ણ વ્યવસ્થાને ધર્મ સાથે જોડી દેવામાં આવેલ છે. આ પ્રકારની વર્ણવ્યવસ્થા માં નૈતિક અને કાયદાકીય બાબતો વચ્ચે ભેદ ન હતો. અહીં જે નૈતિક ગણવામાં આવતું તેને કાયદાકીય પણ ગણવામાં આવતું. આ વ્યવસ્થામાં વિવિધ સ્થળોવાળી અસમાનતાનો સિદ્ધાંત લાગુ પડતો હતો. બ્રાહ્મણો સમાજની ટોચ પર હતા અને ત્યારબાદ ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર અને અતિ શુદ્ર એવા ભેદો હતા. આ ભેદો માનવ જીવનના સામાજિક, રાજકીય અને આર્થિક પાસાઓને પણ આવરી લેતા હતા. ડૉ.આંબેડકરે આ પ્રથાની છણાવટ કરતા લખેલું કે જગતમાં ક્યાંય પણ આર્થિક પ્રવૃત્તિને ધર્મ સાથે જોડવામાં આવતી નથી. કેટલાય દેશોમાં જાગીરદારીમાં ભેદો છે પરંતુ તે સામાજિક પ્રકારના છે. હિંદુઓ જગતમાં એક માત્ર એવા લોકો છે જેમાં સામાજિક સંબંધોને ધર્મ દ્વારા જ પ્રતિષ્ઠિત કરવામાં આવે છે અને ધર્મ જ તેને પવિત્ર, સનાતન અને અખંડ બનાવે છે. સ્તરીય (Grader) અસમાનતાને કારણે ઉચ્ચવર્ણના લોકોને સન્માન અને રાજકીય/સામાજિક પ્રતિષ્ઠા મળતી હતી અને નિમ્ન વર્ગના લોકોને તિરસ્કાર અને ગરીબીના ભોગ બનવું પડતું હતું. એમાં અસ્પૃશ્યોની સ્થિતિ તો પશુઓ કરતાં પણ બદતર રહેતી હતી.

અન્ય સમાજ કે દેશોમાં પણ આર્થિક સ્તરીકરણ હોય છે પરંતુ તેમાં વ્યક્તિને કોઈપણ વ્યવસાયમાં જોડાવાની સ્વતંત્રતા હોય છે. હિંદુ ધર્મમાં વ્યક્તિગત શક્તિઓ, પસંદગી કે રસ માટે કોઈ અવકાશ ન હતો. ભારતમાં દરેક વર્ણ ધર્મ દ્વારા નક્કી કરેલા વ્યવસાયમાં જ જોડાવાનું રહેતું. બ્રાહ્મણો કર્મ-કાંડ, પૂજા-પાઠ અને શિક્ષણ જેવા પ્રતિષ્ઠિત કર્યો કરતા અને તેથી સન્માન અને આર્થિક સદ્ધરતા ભોગવતા ક્ષત્રિય યુદ્ધ કૌશલ્યને કારણે રાજ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરતા. વૈશ્યો વેપાર ધંધાને કારણે પ્રમાણમાં સમૃદ્ધ જીવન જીવતા. શુદ્રો દાસત્વ ભોગવતા અને સૌથી નિમ્ન અને વ્યજર્ય ગણાતા કાર્યો તેઓ કરતા. અતિ શુદ્રો તો અસ્પૃશ્ય ગણાતા અને મૃત પશુઓની ચામડી ઉતારવાનું તથા તેનું માંસ ખાતા. આમ શુદ્રો અન્ય વર્ગની સેવામાં જીવન વિતાવતા અને છતાંય તેઓને તિરસ્કાર અને અપમાન ભરી જીદગી જીવવી પડતી.

ડૉ.આંબેડકરે વર્ણવ્યવસ્થાના પૃથક્કરણ કરતી વખતે લખ્યું છે કે શુદ્રોને શિક્ષણથી વંચિત રાખવામાં આવતા. વિદ્યા માટે તેઓ લાયક ગણાતા નહિ. વેદો અને ધર્મ-શાસ્ત્રોના શિક્ષણને જ શિક્ષણ ગણવામાં આવતું. ડૉ. આંબેડકરે કહેલું કે આ શિક્ષણ પ્રથા પણ ભારે સંકુચિત અને સંકીર્ણ હતી. આ શિક્ષણ વ્યવસ્થામાં કલાઓ કે વિજ્ઞાનને પણ કોઈ સ્થાન ન હતું. નિરક્ષરતા જ્ઞાતિપ્રથાનો એક આંતરિક અનિવાર્ય હિસ્સો જ બની ગયો. આમ અધિકારોના નિર્ધારણ (fixation) ને કારણે શુદ્રો શિક્ષણથી વંચિત

રહેતા અને તેમનામાં છુપાયેલી માનવીય શક્તિઓને વિકસિત કરવાની તક તેમને મળતી ન હતી. આ સંદર્ભે ડૉ. આંબેડકરે કહેલું કે "Manu is the only divine lawgiver who has denied the common man the right to knowledge." (મનું એક માત્ર એવો દિવ્ય કાયદાઓ ઘડનાર હતો, જેણે સામાન્ય માનવીને જ્ઞાન મેળવવાના અધિકારથી વંચિત રાખેલ હતો. (Ambedkar, B.R.1987 The Hindu Social Order : its Essential Principles)

આમ મનુ દ્વારા પ્રબોધાયેલો હિંદુ સમાજ, અન્યાયી સમાજ હતો. આવો સમાજ આદર્શ ગણી શકાય નહિ. તેમણે કહ્યું કે જ્ઞાતિ અને વર્ણપ્રથા સંપૂર્ણ નાબૂદીથી વર્ણહીન, વર્ણવિહીન આદર્શ અને ન્યાયી સમાજ રચી શકાય.

ડૉ.આંબેડકરની ર્ંષ્ટિએ કોઈ પણ સમાજનો ઉદ્દેશ વ્યક્તિના વિકાસનો હોવો જોઈએ. સમાજ વ્યક્તિ કરતા વધારે મહાન નથી. તેમાં વિકાસ માટે કે કલ્યાણ માટે તે સમાજ સાથે જોડાયેલો રહે છે. સ્વાતંત્ર્ય સમાનતા અને ભાઈચારા દ્વારા જ વ્યક્તિનો અને સમાજનો સાચો વિકાસ થઈ શકે. ભારતીય સમાજમાં તેનો વર્ગ/વર્ણ આધારિત સંબંધો પૂર્વનિયોજિત છે અને તેથી વ્યક્તિનો વિકાસ ગૂંગળાય છે. ડૉ. આંબેડકરે તેમના પુસ્તક "Philosophy of Hinduism" માં જણાવેલું છે કે સાચો ન્યાય સ્વાતંત્ર્ય, સમાનતા અને ભ્રાતૃભાવનો પર્યાય છે.

તેમના નિબંધ "Hindu Social Order : Its Essential Principles" માં તેમણે સ્વતંત્રતાને બે ભાગમાં વહેંચી છે. (૧) નાગરિક સ્વાતંત્ર્ય અને (૨) રાજકીય સ્વાતંત્ર્ય. Civil liberty (નાગરિક સ્વાતંત્ર્ય)માં વાણી સ્વાતંત્ર્ય, હલનચલનનું સ્વાતંત્ર્ય અને કાર્ય કરવાના સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે. રાજકીય સ્વાતંત્ર્યમાં વ્યક્તિને કાયદા ઘડવાની પ્રક્રિયામાં હિસ્સો લેવાનો અધિકાર તથા સરકારને રચવી કે દૂર કરવાના અધિકારનો સમાવેશ થાય છે. ડૉ.આંબેડકર સ્પષ્ટ પણે માનતા હતા કે વ્યક્તિની સ્વતંત્રતા સાથે સામાજિક સ્વતંત્રતા, આર્થિક સમાનતા અને સૌને શિક્ષણ પ્રાપ્ય હોવું જોઈએ. બધા માનવો શારીરિક બળ, ભૌતિક સગવડો કે માનસિક ક્ષમતામાં સમાન હોતા નથી પરંતુ બધા માનવો ઓછા-વત્તા અંશે કેટલાક મૂળભૂતો ગુણો ધરાવે છે અને તેથી "નૈતિક સમાનતા " પર ભાર મૂક્વો જ જોઈએ. વ્યક્તિ અન્ય વ્યક્તિ પ્રત્યે માન, પ્રેમ અને ઐક્યની લાગણી અનુભવે છે. તેમાં અન્યોન્યનો વિકાસ થાય છે. આ ભાવનાને ભાઈચારો (fraternity) કહેવામાં આવે છે. વ્યક્તિ અલગ ટાપુની જેમ જીવતો નથી. તે સમાજ અને અન્ય સાથે જોડાયેલો રહે છે.ટૂંક માં સમાજ સાથેના સબંધો અને ભાઈચારો તેના કલ્યાણ અને વિકાસમાં વધારે કરે તે જરૂરી છે.

ડૉ. આંબેડકરે ન્યાયી સમાજની રચના કેવી રીતે થઈ શકે તે અંગે ઊંડું ચિંતન કરેલું હતું. જે તેમના લખાણોમાં જોવા મળે છે. ભારતમાં પ્રવર્તતી વર્ણ વ્યવસ્થા ભારતીય સમાજનું બહુ મોટું અનિષ્ટ છે. તેથી ભારતમાં ન્યાય સમાજની રચના થઈ શકી નથી. વર્ણપ્રથાને નાબૂદ કરવા માટે ભારતમાં પ્રવર્તતી કેટલીક ધાર્મિક માન્યતાઓનો છેદ ઉડાવવો પડે. ડૉ.આંબેડકરે જણાવેલુ કે સ્વતંત્રતા, સમાનતા અને ભાઈ-ચારા સાથે સુસંગત એવા નવા સિદ્ધાંતો હિંદુ ધર્મમાં રચવા પડે. સમાનતા વિરોધી નિયમો હિંદુ શાસ્ત્રોમાંથી સંપૂર્ણ પણે દૂર કરવા જોઈએ. તેમણે શીખ અને ઈસ્લામના ઉદાહરણો આપતા કહ્યું હતું કે આ ધર્મમાં જીવનના સંગઠિત રૂપ (Associated mode of life) નો સિદ્ધાંતો ન્યાયી અને સમાનતાભર્યા સમાજની રચના માટે અપનાવવામાં આવ્યો છે.

ભારતીય સમાજમાં નિમ્ન વર્ગને યુદ્ધ કૌશલ્ય, રાજકીય શક્તિ તથા નૈતિક શક્તિથી વંચિત રાખવામાં આવેલા હતા અને તેથી તેમણે કહેલું કે આ ત્રણેય શક્તિઓ શોષિત વર્ગને પ્રાપ્ત થવી જ જોઈએ. તેમને લશ્કરમાં, રાજકીય હક્કો અને શિક્ષણ મેળવવાનો આધિકાર પ્રાપ્ત થવો જ જોઈએ. આ અંગે તેમણે આંતરજ્ઞાતીય સમૂહભોજન અને આંતરજ્ઞાતીય લગ્નોની ભલામણ કરેલી. જ્ઞાતિ પ્રથાને તોડવા માટે આંતરજ્ઞાતીય લગ્નો બહુ જ મહત્વનો રોલ ભજવી શકે તેમ છે.

ડૉ.આંબેડકર વ્યહવારુ ચિંતક હતા. તેઓ જાણતા હતા કે હિંદુ સમાજમાં જ્ઞાતિપ્રથાના મૂળિયા ખૂબ જ ઊંડા છે અને ઉચ્ચવર્ણના લોકો સમાનતાની વાતનો સ્વીકાર કરે તેમ નથી. તેથી તેમણે દલિતો અને અસ્પૃશ્યોને હાકલ કરીકે તેઓ શિક્ષણ મેળવે. ઉચ્ચ હોદાઓ પર બિરાજે અને આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરે. એક વાર વ્યક્તિ સમાજમાં ઉચ્ચ સ્થાને પહોંચે પછી તેને ઉચ્ચવર્ણના લોકોનું સન્માન પણ મને કમને પ્રાપ્ત થશે જ. એક વખત સન્માનનીય સ્થાને પહોંચવામાં આવે તો જૂનવાણી ધાર્મિક માન્યતાઓ પણ તૂટવા લાગશે.

**ડૉ. આંબેડકરના રાજકીય વિચારો** :

ડૉ. આંબેડકરની રાજકીય વિચારધારા પણ માનવ જીવન, માનવ કલ્યાણ અને સમાનતાના સિદ્ધાંતો સાથે સંલગ્ન હતી. તેઓ સંસદીય પ્રણાલીના હિમાયતી હતા. જેના ત્રણ મહત્વના લક્ષણો છે. મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી, એક હથ્થુ અને એક પક્ષીય સત્તાથી મુક્ત વ્યવસ્થા અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓમાં જનતાનો વિશ્વાસ. તેઓ સંસદીય પ્રણાલીમાં સ્વતંત્રતા અને સમાનતા વચ્ચે સમતુલા જળવાતી નથી તે ક્ષતિથી પણ પરિચિત હતા. આમ છતાં રાજકીય લોકશાહીનો અન્ય કોઈ વિકલ્પ નથી તેમ તેઓ માનતા હતા. લોકશાહી સુચારુ રીતે ચાલે તે માટે સામાજિક અને આર્થિક પાયો સબળ અને સક્ષમ હોવો જોઈએ તેમ તેઓ દ્રઢપણે માનતા હતા. તેથી જ સમાજવાદને તેમણે બંધારણનો હિસ્સો બનાવ્યો હતો. સામાજિક અને આર્થિક સંસ્થાઓ જન કલ્યાણલક્ષી હોવા જોઈએ તો જ સંસદીય લોકશાહી અર્થપૂર્ણ બને તેવી તેમની દ્રઢ માન્યતા હતી.

ડૉ.આંબેડકરના મત મુજબ રાજ્ય એક અગત્યની સંસ્થા છે. જે તેના નાગરિકોના અધિકારો, સમાનતા, સ્વતંત્રતા અને કલ્યાણ માટે કામ કરી શકે. તેનું સૌથી અગત્યનું અને પ્રાથમિક કાર્ય છે જનતાના અધિકારોની જાણવણી, વાણી સ્વાતંત્ર્ય, ધર્મ પાળવાનું સ્વાતંત્ર્ય અને માનવ કલ્યાણ છે. બીજું કાર્ય છે સામાજિક, રાજકીય અને આર્થિક અસમાનતા દૂર કરવાનું. જેમાં વંચિતો અને શોષિતોને સમાનતા માટેની તકો પૂરી પાડવાનું કાર્ય પ્રાથમિકતા માંગી લે છે. તેઓ માનતા હતા કે રાજ્ય કોઈ અલગ અને સ્વયં પોતાની જાતને પોષતી સંસ્થા નથી, તે એવી સ્વૈચ્છિક સંસ્થા છે જેમાં લોકો સમાજ અને રાજ્ય વચ્ચેના આંતર સંબંધો અસ્તિત્વ ધરાવે છે. માનવ માટે માત્ર રજકીયસ્વાતંત્ર્ય પૂરતું નથી, તેમાં રાજકીય, આર્થિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક સ્વતંત્રતા પણ પ્રાપ્ત થવી જોઇએ. રાજ્ય સાધ્ય નથી પરંતુ માનવ કલ્યાણ અને ભાવિ સમાજના હિત-પ્રાપ્તિનું સાધન છે.

ડૉ. આંબેડકર માનતા હતા કે માનવ હક્કોનું રક્ષણ માત્ર કાયદાઓથી શક્ય બનતું નથી પરંતુ તે સમાજના નૈતિક અને સામાજિક અંતરાત્માના અવાજ અને સહિષ્ણુતા પર આધાર રાખે છે. કોઈ પણ સમાજમાં જો બાહ્યવર્ગ દ્વારા મૂળભૂત અધિકારોનો અનાદર કરવામાં આવે તો કાયદાઓ, સંસદ કે ન્યાયતંત્ર લોકોને મૂળભૂત અધિકારોનો ભોગવટો શક્ય બનાવી ન શકે. આમ રાજ્ય સમાજથી ઉપર

નથી, તેથી રાજ્ય કરતા સમાજ જ વધુ મહત્વનું પરિબળ છે. કાયદાઓ પણ સમાજ અને રાષ્ટ્રને નિયંત્રિત કરનાર સાધન છે. કાયદાઓ જ્ઞાતિ, વર્ણ, રંગ, સંપ્રદાયથી પર હોવા જોઈએ. કાયદાની દ્રષ્ટિએ સૌને સમાન નાગરિક હક્કો મળવા જોઈએ.

હિંદુ સમાજમાં જ્ઞાતિ અને જૂથ દ્વારા વ્યક્તિની સ્વતંત્રતા પર કાપ મૂકી શકાય છે. આ બાબત હિંદુ સમાજનું મોટું અનિષ્ઠ છે, જે માત્ર કાયદાઓ દ્વારા જ દૂર કરવાનું શક્ય બને નહિ. તેના માટે બંધારણીય કાયદાઓ, સંસદ, રાજ્ય વ્યવસ્થા અને સમગ્ર સમાજ આયોજિત રીતે પ્રયત્ન કરે તોજ તે શક્ય બને. આંબેડકર માનતા હતા કે સરકાર અને રાજ્ય બંનેએ માનવીય ધારણાઓના પાયા પર જ આધારિત રીતે કામ કરવું જોઈએ. તેઓ વ્યહવારુ રાજપુરુષ હતા અને તેમનો અભિગમ હંમેશાં વાસ્તવવાદી જ રહ્યો હતો. તેઓની એવી દલીલ હતી કે રાજ્યના સમાજવાદ વિના સાચી લોકશાહી પ્રાપ્ત કરી શકાય નહિ. તેથી તેઓએ ધર્મ નિર્પેક્ષતા, અંતરાત્માનું સ્વાતંત્ર્ય અને ધાર્મિક સહિષ્ણુતા પર ખૂબ જ ભાર મૂકેલો. સામાજિક ન્યાય જ સાધ્ય છે. ન્યાયતંત્રનો ન્યાય તો સાધન માત્ર છે.

ડૉ. આંબેડકરે મહાત્મા ગાંધીના સામાજિક ન્યાય માટેના સર્વોદયવાદના સસિદ્ધાંતોને નકારતા કહ્યું હતું કે ધર્મ અને સામાજિક ન્યાયને જોડવાની વાત બિલકુલ અતાર્કિક તથા અર્થહીન છે. તેમને મન ન્યાય સમાનતા અને વ્યક્તિનું સ્વાતંત્ર્ય જ આદર્શ સમાજ, આદર્શ રાજ્યનો પાયો છે. તેઓ કાર્લ માર્કસની વિચારધારાથી પણ અલગ પડતા હતા. તેઓ રાજ્ય વિહીનતા (statelessness) ની વાત સાથે સંમત ન હતા. તેમણે તો જ્ઞાતિ વિહોણો (casteless) સમાજની જ ઝંખના હતી. તેઓ માનવ માનવ વચ્ચેના, કે સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદોના કટ્ટર વિરોધી હતા.

અસ્પૃશ્યોના શોષણને દૂર કરવામાટે તેમને કાર્લ માર્કસની રીતો અનુકૂળ નહોતી લાગી કારણ કે તેઓ હિંસાના પણ વિરોધી હતા. તેમને ભગવાન બુદ્ધે પ્રબોધેલો માર્ગ વધુ યોગ્ય અને ન્યાયપૂર્ણ લાગ્યો હતો. આમ ડૉ. આંબેડકર, ગાંધીજી, માર્કસ, પ્લેટો, એરિસ્ટોલ વગેરેના વિચારોથી ભિન્ન મત ધરાવતા હતા. અલબત, તેઓની વિચારધારા પર ફ્રેંચ ક્રાંતિ, માનવ હક્કોનો ઢંઢેરો, અમેરિકન બંધારણ, માર્કસની શોષણ વિહીન સમાજ વ્યવસ્થા તથા બુદ્ધ ભગવાનના માનવ કલ્યાણના વિચારોની પ્રબળ અસર હતી. તેઓ મૌલિક ચિંતક હતા અને ભારતીય સમાજને અનુરૂપ સમાજ-વ્યવસ્થા કેવી હોવી જોઈએ તેના ઊંડા અભ્યાસી હતા. તેમનું આ પ્રકારનું ચિંતન અને વિચારો અત્યંત માનનીય અને વર્તમાન સમયમાં પણ ખૂબ જ પ્રસ્તુત છે. ટૂંકમાં તેમને મન ન્યાયી સમાજ સ્વતંત્રતા સમાનતા અને ભાઈચારાપર આધારિત હોય છે. ભારતીય સંસદે ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ બંધારણનો સ્વીકાર કર્યો ત્યારે તેમણે કહેલું કે આપણે માત્ર રાજકીય લોકશાહી જ નહીં પરંતુ સામાજિક લોકશાહીનું સર્જન કરીએ છીએ જેમાં આપણે સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારો જીવનના સિદ્ધાંતો તરીકે સ્વીકાર કરીએ છીએ.

ડૉ.આંબેડકર સાચા અર્થમાં રાષ્ટ્રવાદી હતા. દેશનું હિત તેમના હૃદયમાં અગ્રસ્થાને હતું. તેઓ ભારતને સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવાનું સ્વપ્નું હંમેશા સેવતા રહ્યા હતા. તેમણે કહેલું કે ભારત ઉજ્જવળ ભવિષ્યની આશાઓથી ભરેલો દેશ છે અને ભારતની પ્રજા પ્રભુની પ્યારી પ્રજા છે. ભારતના લોકોએ જ્ઞાતિ, જાતિ, ધર્મના ભેદથી ઉપર ઉઠવાની જરૂર છે. લોકોને ધર્મ, જ્ઞાતિ, વર્ણ, જેવી બાબતોને કોરાણે મૂકીને રાષ્ટ્રને સૌથી ઉંચા સ્થાને મૂકવું જોઈએ. તેઓ વ્યક્તિ-પૂજાના પણ વિરોધી હતા અને તેમના અનુયાયીઓને તેનાથી દૂર રહેવાની વારંવાર સલાહ આપતા. હિન્દુવાદના અવતારવાદની આલોચના

કરતા તેમણે કહેલું કે કોઈ અવતાર તમને બચાવવા આવશે નહિ. માત્ર તમે જ તમારા પોતાના તારણહાર છો. તમારો મોક્ષ માત્ર અને માત્ર તમારા હાથમાં જ છે.

ડૉ. આંબેડકરના વિચારોનો ભારતીય સમાજે, યુવાનોએ ઊંડો અભ્યાસ કરવાની અત્યંત જરૂર છે. વર્તમાન ભારતમાં તેમના વિચારો લાગુ પાડવામાં આવે તો આપણા દેશની મહત્તમ સમસ્યાઓ ચોક્કસપણે ઉકેલી શકાય છે.

સંદર્ભો (References) :

Shahare, M.L. Dr. Bhimrao Ambedkar:life and works. NCERT,New Delhi,1987

Keer, Dhananjay. Dr. Ambedkar: Life and Mission, popular,Bombay,1962

Kuber,W.N. Dr. Ambedkar : A Critical study , PPH , New Delhi,1973

Kuber,W.N. B.R. Ambedkar : A Biography, government of India New Delhi,1978

Krishna Iyer,CJ of India, Ambedkar memorial Lectures : JNU, New Delhi,1976

Ambedkar, B.R. the Hindu social order: it's essential principles. Education department, government of Maharashtra,1987

Ambedkar, B.R. Philosophy of Hinduism B.A.W.S. Vol.-3 ,1987

Ambedkar, B.R. annihilation & caste B.A.W.S. Vol.-1 ,1987

Ambedkar, B.R. 'The Untouchables' New Delhi,1948

Ambedkar, B.R. 'Castes in India : their Mechanism, Genesis and development 1917 '

Lokhade,G.S. Bhimrao Ramji ambedkar: A Study In Social Democracy, New Delhi : intellectual publishing house,1982

Suman, R.D. Dr. Ambedkar : A Pioneer Of Human Rights, New Delhi: Boddhisatva Publication : 1977

 ISBN : 978-81-938282-0-5

## સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ અને યુવાનો

**પ્રો.શોભના ચૌહાણ**
**એમ.બી.પટેલ રાષ્ટ્રભાષા આર્ટસ ઍન્ડ કોમર્સ કૉલેજ, એલિસબ્રીજ, અમદાવાદ**
**(મો) ૯૮૯૮૯૦૬૧૧૮**

સામાજિક વિકાસ એક પ્રક્રિયા છે. સમાજ પરિવર્તનશીલ છે. સમાજ પોતાની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સામાજિક માળખા અને સંસ્થાઓમાં બદલાવ લાવે છે. જહોન્સન એને સામાજિક પરિવર્તન કહે છે. પરિવર્તન એ સતત ચાલતી પ્રક્રિયા છે. માનવ સમાજની શરૂઆત થઈ ત્યારે માનવી શિકાર અને પશુપાલન કરતો. માનવી સ્થિર થતા સ્થાયી ખેતીની શરૂઆત થઈ. માનવ સમાજની ઉત્ક્રાંતિ થતા ઔદ્યોગિકરણ થયું અને યંત્રવિજ્ઞાનની શરૂઆત થઈ. મૂડીવાદનું સર્જન થયું. યંત્રવૈજ્ઞાનિક ક્રાંતિ અને ઔદ્યોગિક સમાજને પરિણામે નેટવર્ક સમાજનો ઉદભવ થયો. આ સમાજ microeletronics ટેકનોલોજીનો પર આધારિત છે. નેટવર્ક સમાજનું માળખું વૈશ્વિક છે પરંતુ અનુભવ સ્થાનિક છે. નેટવર્ક સમાજ પ્રાદેશિક અને સાંસ્કૃતિક બંને સમાજમાં નિયમોને અનુસરે છે. નેટવર્ક સમાજના માળખામાં બંને સહઅસ્તિત્વ ધરાવે છે. જેનાથી સમગ્ર સમાજમાં લોકો કોઈપણ સમયે કોઈપણ પ્રકારના અવરોધ વગર એકબીજા સાથે જોડાઈને આસાનીથી વાતચીત કરી શકે છે. નેટવર્ક સામાજિક માળખામાં વ્યક્તિગત કે સામૂહિક રીતે ગમે ત્યારે ગમે ત્યાં એકબીજા સાથે જોડાઈ શકે છે, પ્રત્યુત્તર આપી શકે છે. ત્યારે અનુભવ થાય છે કે ઇન્ફોર્મેશન ટેકનોલોજીના સહકારથી આ શક્ય બને છે, જે ઝડપથી સોશિયલ નેટવર્ક સાઈટ્સ (Social Network Sites) વધી રહી છે. તે જોતાં એવું લાગે છે કે તેનું ભવિષ્ય ઘણું ઉજળુ છે.

નેટવર્ક સોસાયટી : વૈચારિક અને સૈદ્ધાંતિક માળખું :

સમાજશાસ્ત્રમાં નેટવર્ક સમાજનો ઉલ્લેખ સૌપ્રથમ ૨૦મી સદીમાં Manuel Castells (૧૯૯૬) દ્વારા કરવામાં આવ્યો હતો. નેટવર્ક સમાજનું માળખું microelectronics અને ચોક્કસપણે કહીએ તો માહિતી અને પ્રસારણ ટેકનોલોજી પર આધારિત છે. ઔદ્યોગિક સમાજનું એ લક્ષણ છે કે જેમાં વાતચીત અને વ્યવહાર Social Network દ્વારા શક્ય બને છે. નેટવર્ક સમાજમાં digital પદ્ધતિથી વાતચીત શક્ય બને છે. Castells એવો તર્ક કરે છે કે 'જે ઝડપથી ઔદ્યોગિક સમાજનો વિકાસ થયો હતો, તે ઝડપથી Networking સમાજનો વિકાસ થયો છે. Castells નોંધે છે કે, યંત્રવિજ્ઞાન સમાજને બદલી શકશે નહિ પણ સમાજની જરૂરિયાત અનુસાર તેમાં બદલાવ આવશે. સમાજની જરૂરિયાત અનુસાર એકબીજા સાથે જોડાવા અને વિકાસ કરવા માટે તેમાં બદલાવ લાવવો જરૂરી બનશે. Castells ના પ્રમાણે ઔદ્યોગિક સમાજની લાક્ષણિકતા આ પ્રમાણે છે.

(૧) ટેકનોલોજી આધારિત સમાજમાં વ્યક્તિ તેની સંમતિથી કોઈપણ જગ્યાએ કે સમયે વાતચીત કરી શકે છે.

(૨) ભૌતિકવાદ આધારિત સમાજમાં સમગ્ર માળખાનું સંચાલન પાવરગ્રીડ દ્વારા થાય છે.

(૩) આ સમાજમાં વ્યક્તિ સાથેનો સંપર્ક સમય કે જગ્યા પર આધારિત હોતો નથી કારણ કે વ્યક્તિ નેટવર્કની આસપાસ ગતિશીલ હોય છે જેને "space of flows" કહે છે.

(૪) નેટવર્ક સમાજમાં ઊર્જા તેના નેટવર્ક સાથે જોડાયેલી રહે છે. તે આકાશની સમાંતર આડી વિકસેલી હોય છે.

(૫) નેટવર્ક એ વ્યક્તિ અને સમૂહને જીવિત રાખે છે. વ્યક્તિ અને સમૂહને સામુદાયિકતા કેળવવામાં અને નિકટ લાવવામાં વૃદ્ધિ કરે છે.

Jan van Jijk (૨૦૧૨) એ જાણીતા સમાજશાસ્ત્રી, પ્રસાર માધ્યમ અને સંદેશા વહીવટકર્તા છે. તેઓ જણાવે છે કે સામાજિક અને વૈશ્વિક સ્તરે આપણે જોઈએ તો મીડિયા નેટવર્ક સમાજના ખૂણે ખૂણે ફેલાયેલું છે. જે આપણા સામાજિક અને આર્થિક નેટવર્કને જીવંત રાખે છે. સેટેલાઈટના વિકાસને કારણે ટી.વી., મોબાઈલ, ટેલિફોન અને ઈન્ટરનેટનો વિકાસ થયો છે. જેને લઈને આપણી દુનિયા વૈશ્વિક બનતી જાય છે. વિકાસને લઈને ભારત અને ચીન જેવા વિકાસશીલ દેશોએ ઝડપથી અનુઔદ્યોગિક સમાજમાંથી સંચાર ઔદ્યોગિક સમાજમાં અને થોડે ઘણે અંશે અનુઔદ્યોગિક નેટવર્ક સમાજમાં બદલાઈ રહ્યા છે. ૨૧મી સદીમાં નેટવર્ક સમાજ એ આપણું ચેતાતંત્ર છે જે આપણા વ્યક્તિગત અને સમૂહ જીવનને અસર કરે છે. નેટવર્ક સમાજના આગમનને લઈને આપણે વૈશ્વિક મૂડીવાદ અને રાષ્ટ્રીય મૂડીવાદ સમાજ સાથે જોડાઈ રહ્યા છીએ. પરસ્પરના જોડાણને લઈને સાંસ્કૃતિક આદાન પ્રદાન થાય છે. પરિણામે સાંસ્કૃતિક વિસ્ફોટ થાય છે. જે વાદવિવાદના ક્ષેત્રોને વિસ્તારે છે.

Jemson (૧૯૮૪) નેટવર્ક સમાજને નવા અવતારમાં સાંસ્કૃતિક પ્રભાવ તરીકે વર્ણવે છે જે ક્યારેક જુદા પ્રકારના અને અલગ અલગ રસ્તેથી આવેલી સંસ્કૃતિનો પ્રભાવ છે. Jemson આધુનિક સમાજનું ચિત્ર આ પ્રમાણે દર્શાવે છે.

(૧) નેટવર્ક સમાજમાં સંબંધો ઉપર છલ્લા હોય છે. સંબંધોમાં ઊંડાણનો અભાવ હોય છે.

(૨) નેટવર્ક સમાજ એ વ્યક્તિની લાગણી પર અસર કરે છે. જેને લઈને વ્યક્તિ લાગણીવિહીન બને છે.

(૩) નેટવર્ક સમાજમાં વ્યક્તિની ઐતિહાસિક માહિતીમાં બદલાવ આવે છે. ક્યારેક ઐતિહાસિકતાનું પતન થાય છે.

(૪) આ સમાજમાં ટેકનોલોજીમાં સતત બદલાવ આવ્યા કરે છે. લેખક તેને 'પુનરુત્થાન ટેકનોલોજી' તરીકે ઓળખાવે છે. ટેકનોલોજીના પ્રભાવને લઈને સંચાર માધ્યમો જેવા કે 'ઈન્ટરનેટ' નો વિસ્ફોટ થાય છે.

અનુઆધુનિક સમાજ એ નેટવર્ક આધારિત છે જે નવી નવી સંસ્કૃતિનું સર્જન કરે છે અને તે છે 'Social Networking Site'.

Jomson અનુઆધુનિક સામાજિક વિચારક છે અને Jean Baudrillard એક અનુઆધુનિક ઉદ્દામવાદી વિચારક છે જેઓ સામાજિક સમસ્યાઓનું વિશ્લેષણ કરીને કહે છે કે આધુનિક સમાજમાં મીડિયાનો પ્રભાવ વધતો જાય છે. સમાજ Cybermetic Model, Computers તરફ સમાજ આગળ વધતો જાય છે. સમાજમાં માહિતી પ્રસારણ અને મનોરંજનના સાધનો સતત બદલાતા જાય છે.

Kellner (૧૯૮૯) દાવો કરતા કહે છે કે, નેટવર્ક સમાજમાં આ પ્રકારના સાધનોનું પુન:ઉત્પાદન વધશે અથવા આ સાધનોનો પ્રભાવ વધતો જશે. તે લખે છે કે સમકાલીન સમાજમાં 'મીડિયા'નો પ્રભાવ પ્રચંડ બનશે અને વર્તમાનમાં તે પ્રસ્તુત પણ છે. Baudrillard (૧૯૮૩) આગળ કહે છે કે પરિણામે શું થશે? આપણે એકબીજાને મળવાનું ઓછું કરી દઈએ છીએ અથવા અલગ થતા જઈએ છીએ. તેઓ અનુઆધુનિક સમાજના લોકોનું વર્ણન કરતા કહે છે કે મીડિયાનો પ્રભાવ વધતા લોકોમાં સંબંધોમાં એક

પ્રકારની નિ:સ્પૃહિપણું કે જડતા આવતી જાય છે. નેટવર્ક સંસ્કૃતિ જનસમુદાયને એકબીજા સાથે જોડી રાખે છે. ઉપયોગી છે, ઉચિત છે, અનિવાર્ય છે અને બધી રીતે અર્થઘટન કરતા જોઈએ તો તે માહિતીના આદાન પ્રદાનમાં, મેસેજ આપવામાં કે બીજું ઘણું બધું ચલાવમાં તે જરૂરી છે. અનુઆધુનિક સમાજમાં જનસમુદાયનું વર્ણન કરતા કહે છે કે નેટવર્ક સમાજમાં લોકોના સંબંધોમાં ઉદાસીનતા, વિરક્તિ, બેજવાબદારી, જડતા જોવા મળે છે જેને અનુઆધુનિક સમાજ સાથે સંબંધ છે. લોકો અંગત સંબંધો કરતા કાલ્પનિક કે આભાસી સંબંધોને વધારે મહત્વ આપે છે. આધુનિક સામાજિક નેટવર્કે માનવસંબંધોમાં પતનનું કાર્ય કર્યું છે.

Kubicek (૧૯૮૮) જણાવે છે કે, નવા પ્રસાર માધ્યમોએ વ્યક્તિના અંગત વ્યવહારો તેમજ એકબીજા સાથે રૂબરૂ મળવાના સંબંધોને ઓછા કર્યા છે, ઘટાડો કર્યો છે, કે કદાચ નાશ કર્યો છે તેમજ કામના સંબંધોમાં ઔપચારિક બનાવ્યા છે.

એક દસકા પહેલાં નાની જગ્યાઓમાં નાના નાના કામો કરવા માટે વ્યક્તિને શોધવાનું મુશ્કેલ હતું. પરંતુ હવે કમ્પુટરની એક ક્લિક કરવાથી તે મળી જાય છે. આ પ્રકારની સેવાઓ પૂરી પાડતી website ઉપલબ્ધ હોય છે. ટેકનોલોજીનો વિકાસ થતા આ પ્રકારની સેવાઓ સરળ બની છે. નેટવર્કિંગ સોસાયટીની ઉત્ક્રાંતિ થતા Internet, Social Media, Wireless Mobilephone ની સગવડો વધી છે. પરિણામે સંપર્ક માટે એક નવા પ્રકારના ક્ષિતિજ સમાંતર નેટવર્કનો વિકાસ થયો જેવા કે 'The Blog' (Internet Diary), 'The Vlog' (Video Diary), 'The Podcasts' (Own Radio Broadcast) આ વસ્તુઓ ગમે ત્યારે, ગમે ત્યાં, સરળતાથી ઉપલબ્ધ હોય છે.

આ પરિવર્તનને લઈને કોઈપણ વ્યક્તિ પોતાનું કામ સમગ્ર નેટવર્કમાં કરી શકે છે. આ પ્રકારની વ્યક્તિગત આવડત, કાર્યકુશળતા, નિપુણતા કે કામ કરવાની ક્ષમતા ધરાવતી વ્યક્તિઓ પોતાનું કામ Networking Site માં કરી શકે છે.

Social Networking Site : ઉદ્દભવ અને વિકાસ :

Social Networking Site નો વિચાર ઘણો જૂનો છે. Social Network નો વિકાસ થતાં લોકોના સામાજિક સંબંધો અને સંપર્ક માધ્યમોના રસ્તા બદલાઈ રહ્યા છે. My space, Facebook, Bebo, Friendster and Xanga નો ઉદ્દભવ થયો. (Coyle C & Vughn H (2008)

ઇન્ટરનેટની લોકપ્રિયતાને કારણે સંપર્ક માટે લોકો Social Networking Site પર સક્રિય બન્યા. Social Networking સેવાઓ web based પર આધારિત છે. જે વ્યક્તિગતથી લઈ જાહેર અને સાર્વજનિક કે સરકારી પ્રોફાઈલ બનાવે છે. આ વ્યવસ્થાને લઈને લોકો એકબીજા સાથે જોડાઈને પોતાના મંતવ્યો, અભિપ્રાયો કે વિચારોનું આદાન-પ્રદાન કરી શકે છે. નેટવર્કિંગ સાઈટ મર્યાદિત સીમામાં વ્યક્તિને જાહેર કે ખાનગી પ્રોફાઈલ બનાવવાની સેવા આપે છે. નેટવર્ક ધરાવનાર વ્યક્તિ તેમની સાથે જોડાયેલા બીજા વપરાશકારોની સાથે સંબંધો બાંધી શકે છે અને સંબંધો વધારી શકે છે. તેમની યાદીમાં જોડાયેલી વ્યક્તિ સાથે જોડાઈને તેમના અભિપ્રાયોનું ખંડન-મંડન કરી શકે છે. (C.Boyd & Ellison N (2007)

સૌપ્રથમ Social Networking Website શરૂઆત ૧૯૯૭માં થઈ હતી. જે Singlegress.com હતી. જેમાં લોકો પોતાના પ્રોફાઈલ બનાવતા તેમજ સાથે સાથે પોતાના મિત્રોની પ્રોફાઈલ પણ જોઈ શકતા. ૧૯૯૭ થી ૨૦૦૧ દરમિયાન બીજા ઘણા નવા સાધનોની શરૂઆત થઈ. જેમાં બીજા મિત્રોની ન હોય તો

પણ તેની પ્રોફાઈલ જોઈ શકતા અને જાહેરમાં પોતાના અભિપ્રાયો આપી શકતા. Social Networking site નું બીજું મોજું ૨૦૦૧ માં આવ્યું. ryze.com. જે વ્યવસાયિક સંબંધો માટેની હતી. Friendstar 2002 માં આવી. ryze.com જે સામાજિક પૂરક તરીકે match.comની હરીફાઈમાં શરૂ કરવામાં આવી હતી. જે online deting site હતી. (Cohen, 2003) સામાજિક અને ટેકનિકલ મુશ્કેલીને કારણે Friendstar લાંબા સમય સુધી ચાલી શકી નહિ. તે પછી બીજી ઘણી Social Networking site શરૂ થઇ. ૨૦૦૫માં માર્ક ઝુકરબર્ગ દ્વારા Facebookની શરૂઆત થઈ. Facebookના વપરાશકર્તા શરૂઆતમાં શાળાના વિદ્યાર્થીઓ, કૉર્પોરેટ વ્યવસાયિકો હતા અને અંતે તેને બધા માટે શરૂ કરવામાં આવી. Facebookનો ઉપયોગ કરનાર વ્યક્તિ પોતાની પ્રોફાઈલ બધાને માટે જાહેર કરી શકતા નથી. ૨૦૦૯માં Brian Acton અને Jan Koum દ્વારા Whatsappની શરૂઆત થઈ.

લોકોની સતત વધતી જતી માંગણીને લઈને ઈજનેરોએ ટેકનોલોજીનો ઝડપથી વિકાસ કરવો પડે છે. જૂન ૨૦૧૭ પ્રમાણે વિશ્વમાં ૩.૨ બિલિયન એટલે કે ૫૧% લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. વિશ્વની અડધી વસ્તી ઈન્ટરનેટનો વપરાશકર્તા છે. જયારે ભારતમાં ૨૦૧૭ પ્રમાણે ઈન્ટરનેટના વપરાશકર્તાની સંખ્યા ૪૫૦ મિલિયનને પાર કરી ગઈ છે. વિશ્વમાં વધુને વધુ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. વિકસિત દેશોમાં ૮૧% લોકો અને વિકાસશીલ દેશોમાં ૪૦% લોકો ઈન્ટરનેટ વાપરે છે. (wekipedia, International Tele communication Union)

Social Mediaના ઉદ્દભવ પછી તેના જેવી બીજી ઘણી siteની શરૂઆત થઈ. જેવી કે blog, forums, business, microblog, chatapp. Worldwideના જણાવ્યા પ્રમાણે ૨૦૧૦ થી ૨૦૧૬ સુધીમાં ૨.૧૭ બિલિયન લોકો Social Media નો ઉપયોગ કરતા હતા જે ૨૦૧૭માં વધીને ૨.૭૭ થયા છે.

મોબાઈલ ફોનની સગવડને લઈને ઈન્ટરનેટના વપરાશમાં વધારો થયો છે. મોબાઈલમાં સૌથી વધુ ૬૬% લોકો Social Media નો ઉપયોગ કરે છે જેમાં દર અઠવાડિયે સ્માર્ટ ફોનમાં ૨૧૫ મિનિટથી વધારે, P.C. ઉપર ૬૧ મિનિટ, ટેબ્લેટ પર ૪૭ મિનિટ Social Media માં પસાર કરે છે. ભવિષ્યમાં સ્માર્ટફોન અને મોબાઈલ ફોનની વધતી જતી ઉપયોગિતાને લઈને ઈન્ટરનેટના વપરાશમાં વધારો થશે. મોબાઈલમાં Internet Browsingની સરળતાને કારણે મોટાભાગની social app વાપરવાનું સરળ બન્યું છે.

૧.૮૬ બિલિયન લોકો facebookનો ઉપયોગ કરે છે. facebook એ સૌથી પ્રચલિત Social Networking site છે. ૨૦૧૬ પ્રમાણે ૧.૧૫ બિલિયન લોકો મોબાઈલ પર facebook ચાલુ કરે છે જે ૨૦૧૭ માં ૨૬.૩ મિલિયન થયા છે.

Whatsapp ૧૮૦ દેશોમાં વપરાય છે. world wide userના પ્રમાણે ૪૧૭ મિલિયન લોકો Whatsapp નો ઉપયોગ કરે છે. જુલાઈ ૨૦૧૭ પ્રમાણે ૧.૩ બિલિયન લોકો દર મહિને whatsapp શરૂ કરાવે છે. જેમાં ૪.૫ બિલિયન લોકો દરરોજ ફોટો શેર કરે છે. ૫.૫ મિલિયન લોકો રોજ મેસેજ મોકલે છે અને ૧ બિલિયન લોકો રોજ વીડીયો શેર કરે છે. Social Networking site માત્ર ઉપયોગકર્તાને જોડતા જ નથી પણ તે સિવાય માહિતીના આદાન-પ્રદાનમાં ઘણી ઉપયોગી છે. જે વ્યક્તિને તેમના સ્થાનિક, સામાજિક સંપર્ક વધારવામાં ઉપયોગી નીવડે છે. લોકો જાહેર ખબરો માટે તેનો વધુને વધુ તેનો ઉપયોગ કરે છે.

યુવાનો :

ભારત એ યુવાનોનો દેશ છે. 'યુવાન એટલે કિશોરવયથી મધ્યમવય સુધીની વ્યક્તિ.' વયને ધ્યાનમાં રાખીને જુદી જુદી એજન્સી તેની લાક્ષણિકતાને આધારે યુવાનોની વ્યાખ્યા આપી છે. The National Youth Policy (૨003) ૧૩ થી ૩૫ વર્ષની વ્યક્તિને યુવાન કહે છે. ૨૦૧૪માં The National Youth Policy આ વ્યાખ્યાને ફરી બદલાવતા ૧૫ થી ૨૯ વર્ષની વયને યુવાન કહે છે.

૨૦૧૧ની માહિતીને આધારે ભારતમાં ૪૧% લોકો ૨૦ વર્ષની નીચેની વયના છે. The Times of Indiaના જણાવ્યા પ્રમાણે ભારતમાં અડધાથી વધારે વસ્તી ૨૦-૫૯ વર્ષની વયજૂથની છે. માત્ર ૯ ટકા લોકો જ ૬0 વર્ષથી વધારે વય ધરાવે છે. વર્તમાન સમયમાં યુવાનો 'ટેકનોસેવી' બનતા જાય છે. ૨૧મી સદીમાં યુવાનોના જીવન જીવવાનો દ્રષ્ટિકોણ બદલાઈ રહ્યો છે. સમાજમાં ઈન્ટરનેટ અને કમ્પ્યુટરની વ્યાપક ઉપલબ્ધતાને કારણે યુવાનોમાં આ નવી આવડતો અને માહિતીનો વધુને વધુ પ્રસાર થઈ રહ્યો છે. વર્તમાન સમયમાં યુવાનોમાં પ્રશિક્ષણ માટે તે જરૂરી પણ છે. યુવાનો અભ્યાસની સાથે કમ્પ્યુટર ક્યાં અને કેવી રીતે ઉપયોગ કરે છે તે જાણવા માટે કૉલેજના વિદ્યાર્થીઓનો સંશોધન અભ્યાસ કરવામાં આવ્યો. આ સંશોધન અભ્યાસ સર્વે પર આધારિત છે. આ અભ્યાસ અમદાવાદની છ કૉલેજોના વિજ્ઞાન, વાણિજ્ય અને વિનિયન વિદ્યાશાખામાં અભ્યાસ કરતા યુવાનોનો છે. જેમાં કુલ ૩00 વિદ્યાર્થીઓ અને વિધાર્થિનીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા. જેમાં ૧૪૭ વિધાર્થિનીઓ અને ૧૫૩ વિદ્યાર્થીઓ હતા.

આ વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવા માટે મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો. જે pre-testing કરવામાં આવી હતી. આમ, કૉલેજમાં વિદ્યાર્થીઓને રૂબરૂ મળીને અનુસૂચિ આપીને માહિતી એકત્રિત કરવામાં આવી.

આ અનુસૂચિમાં કમ્પ્યુટર અને ઈન્ટરનેટના વપરાશનો સમય, અભ્યાસમાં તેની ઉપયોગિતા Social Mediaનો ઉપયોગ, Social Mediaની માહિતીમાં સલામતીના પ્રશ્નો, Social Mediaની હકારાત્મક અને નકારાત્મક અસરો, જેવા પ્રશ્નોને અભ્યાસમાં આવરી લેવામાં આવ્યા. આ યુવાન વિદ્યાર્થીઓના અભ્યાસનું વિશ્લેષણ કરતાં તેના તારણો આ પ્રમાણે જોવા મળ્યા.

અમદાવાદની કોલેજમાં અભ્યાસ કરતાં યુવાનોના Social Media અંગેના તારણો અને વિશ્લેષણ :

કૉલેજના યુવાનોમાં Social Mediaનો ઉપયોગ સૌથી વધુ જોવા મળે છે. ૧૫૭ છોકરાઓ અને ૧૪૩ છોકરીઓ Social Media સાથે જોડાયેલાં છે. જેમાં ૧૪૭ વિદ્યાર્થીઓ whatsappનો ઉપયોગ કરે છે. છોકરીઓ કરતાં છોકરાઓમાં whatsappનો ઉપયોગ વધુ કરવામાં આવે છે. ૧૦૮ વિદ્યાર્થીઓ facebook અને ૪૫ વિદ્યાર્થીઓ twitterનો ઉપયોગ કરે છે. (Social Mediaની અન્ય સાઈટો જેવી કે facebook, twitter, linkedin, google, tamblr, instagram, gaming)

આજના સમયમાં યુવાનો માટે Social Media તેમના જીવનનો ભાગ બનતો જાય છે. કોઈપણ પ્રકારના અવરોધ વગર મોટાભાગના લોકો Social Media સાથે જોડાઈ શકે છે. Social Media સાથે જોડાયેલા લોકો શું જીવનમાં દરરોજ એકબીજા સાથે પ્રત્યક્ષ સંપર્ક કરે છે? અથવા એકબીજાને રૂબરૂ મળવાનું પસંદ કરે છે? ૫૨% યુવાનો જણાવે છે કે તેઓ પોતાના મિત્રો સિવાય સગાંવ્હાલાંને મળવાનું પસંદ કરતા નથી અથવા ઓછું પસંદ કરે છે. સંચાર માધ્યમો એ લોકોને મળવાની કે ટચમાં રહેવાની તક પૂરી પાડે છે. યુવાનો માને છે કે Social Mediaમાં સમયનો બગાડ થાય છે. જેની ભણવા પર અસર

થાય છે. દરરોજના ૧.૩૦ થી ૨ કલાક યુવાનો Social Media પર પસાર કરે છે. Social Mediaની લાંબા સમયે આપણા જીવન પર કેવી અસરો ઊભી થશે. Social Mediaની હકારાત્મક અને નકારાત્મક બંને પ્રકારની અસર છે.

Social Mediaની હકારાત્મક અસરો વિશેની વાત કરતા યુવાનો જણાવે છે કે શિક્ષકો અને વિદ્યાર્થીઓ ગૃપ દ્વારા એકબીજા સાથે સહેલાઈથી જોડાઈ શકે છે. ભણવા માટેના સ્રોતો ઓનલાઈન પર સહેલાઈથી મળી શકે છે. ગેરહાજર રહેવા છતાં પોતાનો ગ્રેડ જાળવી શકાય છે. ૫૯% વિદ્યાર્થીઓ પોતાના શૈક્ષણિક મુદ્દાને લઈને ચર્ચા કરે છે. કૉલેજના કામને લઈને વાતચીત કરે છે. કૉલેજમાં થતી પ્રવૃત્તિઓ મેસેજ અને ફોટા દ્વારા આપ-લે કરે છે. વિદ્યાર્થીઓ માટે એકબીજા સાથે સંપર્ક જાળવવા માટે whatsapp સૌથી સહેલો રસ્તો છે.

યુવાનો એ આવતી કાલના ભાવિ નાગરિક છે. ચૂંટણી દરમિયાન વિદ્યાર્થીઓ રાજકીયપક્ષની વિચારધારાને લઈને ચર્ચા કરે છે. રાજકીય પરિસ્થિતિ વિશેના મેસેજ કે વીડિયોની આપ-લે કરે છે તેથી મતદારોના સહભાગીપણામાં વધારો થાય.

રાજકીય અને અન્ય ખબરોની જાણકારી online મળી રહે છે. ૫૦% લોકો કહે છે કે Breaking News Social Mediaના માધ્યમથી મળે છે. સૌથી ઝડપથી સમાચારોનો ફેલાવો Social Media દ્વારા થાય છે. Social Media શૈક્ષણિક તેમજ સંશોધનાત્મક પ્રવૃત્તિ માટેની માહિતી પૂરી પાડે છે. જયારે ક્યાંયથી માહિતી મળવાની શક્યતા ન હોય ત્યારે લોકો ઈન્ટરનેટ પર શોધખોળ કરે છે. Social Media વ્યક્તિગત કે સામુદાયિક બદલાવ માટેની સશક્ત માહિતી પૂરી પડે છે. તેને લઈને સામુદાયિક બદલાવની પરિસ્થિતિ નિર્માણ થાય છે.

નોકરી કે વ્યવસાય વિશેની જાણકારી online મળે છે. નોકરીની તકો, માર્કેટિંગ માટેનું સૌથી મોટું platform છે. Whatsapp દ્વારા આવી માહિતીનો ફેલાવો થાય છે. કંપનીઓ પોતાના માટે કર્મચારી શોધી શકે છે. બેકાર લોકો નોકરી શોધી શકે છે. ૮૯% નોકરીની ભરતી linkedin ના માધ્યમથી થાય છે. ૨૬% facebook અને ૧૫% twitter દ્વારા કર્મચારી મેળવે છે. Social Mediaની site નોકરી માટેની તકો ઊભી કરે છે અને નોકરી દ્વારા આવક મેળવે છે.

યુવાનોની દ્રષ્ટીએ Social Mediaની નકારાત્મક અસરો :

પશ્ચિમી સમાજના Social Mediaના કેટલાક અભ્યાસો જણાવે છે કે જે કૉલેજના વિદ્યાર્થીઓ ૧૦૬ મિનિટ પસાર કરે છે તેનું પ્રમાણ ૯૩% છે. જેઓ પોતાના ગ્રેડમાં ઘટાડો કરે છે. અભ્યાસ દરમિયાન Social Mediaનો ઉપયોગ કરે છે તેઓ પરીક્ષામાં નબળો દેખાવ કરે છે.

કૉલેજમાં પ્રવેશ મેળવતા ૩૫% વિદ્યાર્થીઓ પર તેની નકારાત્મક અસર જોવા મળે છે. જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા માંગે છે તેઓ શોધખોળ કરે છે. Social Media એ સાચી માહિતી પ્રગટ કરતી નથી તેથી તેમને નુકસાન થાય છે. તેની અસર તેમના પ્રવેશના નિર્ણય પર પડે છે. ૨૫ થી ૩૪ વર્ષના યુવાનો કામ દરમિયાન Social Media જોયા કરે છે. Social Mediaનો ઉપયોગ કર્મચારીની અપેક્ષામાં ઘટાડો કરે છે. નોકરી આપનાર કંપની કર્મચારીનું Social Media નું એકાઉન્ટ તપાસે છે અને વિચારે છે. Spellingની ભૂલો, નબળું વ્યાકરણ, કે જાતિવાદ અને ધાર્મિક વિષયવસ્તુ વિશેના અભિપ્રાયો

સરવાળે તેમની વિરુદ્ધ લઈ જાય છે. યુવાનો Social Mediaનો સૌથી વધુ ઉપયોગ શિક્ષણ, વ્યવસાય કે નોકરી માટે કરે છે.

યુવાનો ખાસ કરીને જાહેરમાં online ઉપર પોતાની અંગત માહિતી પ્રકાશિત કરે છે. મોટાભાગના લોકોએ આ અંગેના નિયમો વાંચ્યા હોતા નથી તેમજ આ વિશેની માહિતીનો અભાવ હોય છે. અ માહિતીનો ત્રીજી વ્યક્તિ ઉપયોગ કરે છે. યુવાનોને પૂછવામાં આવ્યું કે શું Social Media પર મૂકવામાં આવેલી માહિતી શંકાસ્પદ હોય છે? ૭૧% યુવાનો માને છે કે Social Media પર મૂકવામાં આવતી માહિતી સંપૂર્ણ સત્ય હોતી નથી. facebook પર મૂકવામાં આવતી profile પણ ઘણી વખત અર્ધસત્ય માહિતી રજૂ કરે છે. ૨૧% યુવાનો માને છે કે ખાનગી માહિતી કે ફોટા એ Social Media પર સલામતી નથી. કૉર્પોરેટ કંપનીની બિનજરૂરી સૂચનાઓ કે જાહેરાતોનો મારો Social Media પર કે Email પર આવીને અતિરેક કરે છે.

Online Cyber Crime સામાન્ય છે. જયારે લોકો online પોતાની જન્મતારીખ, શાળાનું નામ, ફોન નંબર જાહેર કરે છે. આ માહિતી Cyber Crimeમાં વાપરવામાં આવે છે અને ગુનેગારો Social Media પર દર્શાવેલી માહિતીનો ઉપયોગ ગુનો કરવા માટે વાપરે છે. તે તમારી માહિતીની ચોરી કરે છે. જેમાં ક્યારેક online પર child pornography જેવા ગુનાઓ પણ થાય છે.

Social Media દ્વારા cyber bullying થાય છે. જે લાગણીને ઈજા પહોંચાડે છે જે ક્યારેક આત્મહત્યામાં પણ પરિણમે છે. ૪૯.૫% વિદ્યાર્થીઓ પોતાને bullyingનો શિકાર માને છે. ૨૦૧૨ના અભ્યાસ પ્રમાણે ૮ લાખ કિશોરો facebook પર હેરાન થાય છે. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ જે buylling માંથી પસાર થાય છે તેઓ આત્મહત્યા કરે છે તેની સંભાવના બે ગણી વધી છે. ૧૫% યુવાનો કહે છે કે એવી કેટલીક ઘટનાઓ બની છે કે જેને લઈને તેમની મિત્રતામાં ઘટાડો થયો છે. ૧૨% યુવાનો એવું કહે છે કે facebook ને લઈને તેમને રૂબરૂમાં બોલાચાલી થઈ છે. ૩% યુવાનો એવું કહે છે કે facebook ઘટનાને કારણે તેમની વચ્ચે છુટ્ટા હાથની મારામારી થઈ છે. ઓનલાઈન વધુ પડતા જોડાએલા રહેવાને કારણે શારીરિક અને માનસિક ક્ષતિ થાય છે. ખરાબ સામાજિક વર્તન, એકાગ્રતામાં ઘટાડો, અતિ વ્યસ્તતા, પોતાની જાતમાં મસ્ત રહેવું, તાત્કાલિક કામનું વળતર વગેરે નકારાત્મક અસરો ઊભી કરે છે. સોશિયલ મીડિયાની આદતોને કારણે, લાગણી વિષયક પ્રશ્નો જેવા કે હતાશા, ચિંતા, એકલતાની ઘટનાઓ બને છે. પોતાના સગા સંબંધી સાથે ઓછામાં ઓછું હળવું-મળવું જેવા સામાજિક પ્રશ્નો ઊભા થયા છે. ૧૮ થી ૩૪ વર્ષના ઉંમરના ૪૭% લોકો જમતી વખતે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે. બાળકોને સૌથી વધુ હતાશા, આત્મવિશ્વાસમાં ઘટાડો, ખાવાની કુટેવોની સાથે તેમને લોકોથી અલગ રહેવું કે દૂર રહેવું જેવી ટેવો હોય છે.

ખોટી અફવાઓ અને અવિશ્વસનીય માહિતીનો ફેલાવો કરે છે. ૪૯% લોકોએ ખોટા સમાચારો Social Media ઉપર વાંચ્યા હોય છે. facebook માં આવતી જાહેર ખબરો તેમને વધુ નાણાં ખર્ચવા પ્રભાવી કરે છે. facebook ઉપર આવતી જાહેર ખબરો તમારી માહિતી મેળવે છે અને તેમની વસ્તુ વેચવા માટે ઉપયોગ કરે છે. સોશિયલ મીડિયા સમયનો બગાડ કરે છે. કોઈ નવી પોસ્ટ આવે છે ત્યારે માણસને પોતાના કામ તરફ પાછા જવામાં ૨૦ થી ૩૦ મિનિટ લાગે છે. જયારે કોઈ નવી ટેક્સ્ટ મેસેજ આવે છે ત્યારે તેમને ૨૫-૩૦ મિનીટ લાગે છે. ઓનલાઈન ગેમિંગ યુવાનોને માનસિક રીતે વિકૃત

 ISBN : 978-81-938282-0-5

બનાવે છે. ગુસ્સો, હતાશા, મારામારી, ધૃણા, તિરસ્કાર અને આત્મહત્યા કે ખૂન જેવી ઘટનાઓ તરફ પ્રેરે છે.

આમ ભારતનો સમાજ ટેક્નોલોજીના બદલાવમાંથી પસાર થઈ રહ્યો છે. યુવાનો વર્તમાન સમયમાં આભાસી વિશ્વમાં જીવી રહ્યા છે. Social Media યુવાનો માટે આકર્ષક બન્યું છે. યુવાનો સોશિયલ નેટવર્કિંગ સાઈટને પ્રભાવશાળી શક્તિ તરીકે સરખાવે છે. (Giddens ૧૯૯૦) જે રોમાંચક તો છે પરંતુ કાબૂ કરી શકતો નથી. સોશિયલ નેટવર્કિંગ સાઈટનો આડેધડ ઉપયોગ એ ભારતના સમાજ અને સંસ્કૃતિ માટે જોખમ છે કારણ કે તે વિચલિત જીવનશૈલી અને વર્તનને પ્રોત્સાહિત કરે છે. યુવાનોની ગુનેગાર સંસ્કૃતિ ઉદ્ભવી રહી છે જે ઓનલાઈન ગુંડાગીરી, બદનક્ષી અને cyber crimeમાં ભાગ લઈ રહી છે. વપરાશની સરળતા અને ગુમનામી પરિસ્થિતિ અપરાધોમાં વધારો કરે છે. નેટવર્કિંગ સોસાયટીના જોખમો તેને 'રિસ્ક સમાજ' બનાવે છે. અત્યારના યુવાનો સાયબર અપરાધોમાં ના કેવળ શામેલ છે પરંતુ તેનો ભોગ પણ બને છે કારણ કે તેઓને આ ઉપયોગના જોખમો વિષે જાણકારી નથી અને તેમને આ જોખમો ટાળવાની આવડત પણ નથી. આ સમસ્યા વૈશ્વિક સ્તરે છે અને તેથી સોશિયલ સાઈટની આડઅસરો સામે લડવા માટે વ્યૂહરચના પણ વૈશ્વિક સ્તરે બનાવવી જોઈએ અને તેમાં ઘણું કરવાની જરૂરિયાત છે.

## Reference


- Beck U (1992), Risk Society : Towards a New Modernity, New Delhi, Sage
- BNoyd D & Ellison N (2007) Social Network Sites : Definition History and Scholarship, Journal of Computer-Mediated Communication, 13(1), 1-11,
- Retrieved from http://jcmcindiana.edu/vol/13
- Cohen R (2003 5 July), Livewise : Websites try to make internet dating less creepy. Reuters: Retrived from http://asiea.reuters.com/newsarticle.jhtml
- Coyle C & Voughn H (2008). Social Networking, Communication Revolution or Evolution? Bell Labs Journal, 13, 13-17
- Doughlas K (1989). Critical Theory, Marxism and Modernity, Cambridge : Polity Press.
- Fredric J (1991), Post modernism or The Cultural Logic of Late Capitalism, Durkham : Duke University Press.
- Giddns A (1990). The consequences of Modernity, Cambridge : Polity Press.
- Jean B (1983) Simulations. Cambridge : The MIT press.
- Kubicek H (1988). What does it mean? Communications of the ACM, 41(12), 21-2.
- Manual C (1996). Information age: Economy Society and Culture, Volume-I : The Rise of the Network Society, Oxforx: BlackWell
- Van DJ (2012). The Network Society. Third Edition, London : Sage Publications.
- Youth in India (2017). Central Stastics office, Ministry of Stastics and Programme. Implication Government of India, Social Statistics Division (Page No.2)

## "યાજ્ઞિકન્યાયમાલાયાં કાવ્યભાષાસૌંદર્યમ"

**રાવલ નિલમ એસ.**

યાજ્ઞિકન્યાયમાલા એ વૈદિક કર્મકાંડ સંબંધિત યાજ્ઞિક ગ્રંથ છે. જેમાં યાજ્ઞિકકર્મકાંડની સાથે જ કાવ્યભાષાસૌંદર્ય પણ જોઈ શકાય છે. શ્રી ગોપાલચન્દ્ર મિશ્ર (યાજ્ઞિક પીયૂષ) પ્રણિત યાજ્ઞિકન્યાયમાલા ગ્રંથનાં આઠ અધ્યાયમાં વર્ણિત શ્લોકોમાં યાજ્ઞિક વિષયોનાં વર્ણનોની સાથે જ કાવ્યભાષાસૌંદર્યનો પણ આસ્વાદ કરી શકાય છે. સૌ પ્રથમ યાજ્ઞિકન્યાયમાલા ગ્રંથનો પરિચય પ્રાપ્ત કરીને પછી તેની કાવ્યગત વિશેષતાઓ જોઈએ.

યાજ્ઞિકન્યાયમાલા ગ્રંથમાં આઠ અધ્યાય છે. જેને પેટિકા એવું નામ આપવામાં આવ્યું છે. બધુ મળીને ૬૮અધિકરણો છે અને મંગલાચરણનાં નવ શ્લોક ઉપરાંત ૧૭૭ શ્લોક અનુષ્ટુપ છંદમાં છે. વિષયને ન્યાય આપતા પહેલાં વિવિધ વિદ્વાનોનાં મતે કાવ્ય કોને કહેવાય તે સમજીએ. સાહિત્યશાસ્ત્રનાં છ સંપ્રદાયોમાં આદ્ય એવા રસસંપ્રદાયનાં સ્થાપક ભરતમુનિ જણાવે છે "વિભાવાનુભાવવ્યભિચારિસંયોગાદ્રસનિષ્પત્તિઃ" |(1) આચાર્ય વિશ્વનાથ જણાવે છે "વાક્યં રસાત્મકં કાવ્યં" |(2) પંડિતરાજ જગન્નાથ કહે છે "રમણીયાર્થઃ પ્રતિપાદકઃ શબ્દઃ કાવ્યં" |(3) આચાર્ય મમ્મટકાવ્યની વ્યાખ્યા આપતા કહે છે "તદ્દોષૌ શબ્દાર્થૌ સગુણાવનલંકૃતિ પુનઃ ક્વાપી" |(4) છંદોબદ્ધ પદ્યમયી રચનાને કાવ્ય કહેવાય છે. જે છંદમાં નિબદ્ધ હોય તે કાવ્ય અને છંદ વ્યવસ્થા વગરનું જે હોય તે ગદ્ય. વેદથી શરૂ કરીને લૌકિકસાહિત્ય સુધીનું મહદ્દઅંશે સંસ્કૃત સાહિત્ય છંદોબદ્ધ છે જેને આપણે વૈદિક સંહિતાઓ, મંત્ર સાહિત્ય, સૂત્રસાહિત્ય, શ્લોકસાહિત્ય, અને કારિકા સાહિત્ય તરીકે જાણીએ છીએ. દેવતાઓ યજ્ઞ અને સ્તુતિથી પ્રસન્ન થાય છે. દેવતાઓને પ્રસન્ન કરવાનાં વિવિધ મંત્રો પણ છંદોબદ્ધ છે. વેદત્રયીનાં વિષયો જ્ઞાન, કર્મ, અને ઉપાસના છે. જ્ઞાન પ્રાપ્ત કરવા ઋગ્વેદનું અધ્યયન, કર્મનો મહિમા સમજવા યજુર્વેદનું અધ્યયન અને ઉપાસનાની મહત્તા સમજવા સામવેદનું અધ્યયન આવશ્યક છે. એટલે જ તેની વ્યાખ્યા આપતા કહ્યું છે :

*ऋच्यते स्तूयते अनया सा ऋक्, यजुर्यजते, गीतिषु सामाख्या ।* (૫)

જેને ગાઈ શકાય છે જેના દ્વારા દેવોની સ્તુતિ કરી શકાય છે તે બધું સંસ્કૃત સાહિત્ય પદ્યમય કાવ્યાત્મક છે. વેદો વૈદિક છંદમાં નિબદ્ધ છે. જેમાં ગાયત્રી, ઉષ્ણિક, અનુષ્ટુપ, ત્રિષ્ટુપ, બૃહતિ, પંક્તિ, જગતિ, અતિજગતિ, શક્વરિ, અતિશક્વરિ વગેરે અને વૈદિક સંહિતાઓ સિવાયનું સંસ્કૃતપદ્યાત્મક કાવ્ય અનુષ્ટુપ, વસંતતિલકા, ઉપજાતિ, માલિની, તોટક, વંશસ્થ, મંદાક્રાંતા, શિખરિણી, શાર્દૂલવિક્રીડિત, સ્રગ્ધરા, પુષ્પિતાગ્રા જેવા લૌકિક છંદોમાં છંદોબદ્ધ છે.

યાજ્ઞિકન્યામાલા વૈદિક સાહિત્યને અને યજ્ઞ મીમાંસાને સ્પર્શ કરતો કાવ્યાત્મક અને છંદોબદ્ધ ગ્રંથ છે. જેમાં ૧૭૭ અનુષ્ટુપ છંદનાં શ્લોકો છે. આપણે અહીં વૈદિક અને લૌકિક અનુષ્ટુપ છંદનું લક્ષણ જોઈએ. વૈદિક અનુષ્ટુપ :-*अनुष्टुप् गायत्र्यैः* અનુષ્ટુપમાં ચાર ચરણ હોય છે. પ્રત્યેક ચરણમાં આઠ અક્ષર હોય છે. સૌ પ્રથમ પ્રત્યેક ચરણમાં ૮ અક્ષરવાળો ગાયત્રી છંદ પ્રગટ્યો તે સ્તુતિપ્રધાન હોવાથી સ્તૂપ પણ કહેવાયો. ત્યાર પછી ગાયત્રીનાં ત્રણ પાદમાં ૪ અક્ષરવાળું ચોથુ પાદ ઉમેરાયું અને જે છંદ પ્રગટ્યો તે અનુષ્ટપ કહેવાયો.

લૌકિક અનુષ્ટુપઃ-

*श्लोके षष्ठं गुरुर्ज्ञेयं सर्वत्र लघुपञ्चमम् ।*
*द्विचतुष्पादयोः ह्रस्वो सप्तमं दीर्घमन्ययोः ॥*

અનુષ્ટુપની જેમ જ અન્ય છંદોનું પણ લક્ષણ છે. પરંતુ અહીં અનુષ્ટુપની ચર્ચા કરવાનું વિશેષ કારણ એ છે કે રામાયણ હોય કે મહાભારત, ધર્મશાસ્ત્ર હોય કે પુરાણો, ઉપપુરાણો હોય કે સ્મૃતિ સાહિત્ય બધું જ અનુષ્ટુપ છંદમાં રચાયેલું છે. લૌકિક સહિત્યમાં તો સર્વપ્રથમ અનુષ્ટુપ છંદ જ પ્રગટ્યો મહર્ષિ વાલ્મીકિનાં મુખે. જ્યારે તેમણે ક્રૌંચવધ જોયો ત્યારે

*मा निषादप्रतिष्ठात्वमगमः शाश्वती समाः ।*
*यत्क्रौञ्च मिथुनादेकमवधीः काम मोहितम् ।।*(५)

અને ત્યારબાદ આદિકાવ્ય રામાયણની રચના થઈ. અને Ý¢Ú¢²‡¢æ Ý}¢SÜUëy² થી આર્ષકાવ્ય મહાભારતની રચના થઈ. રામાયણનાં ચોવીસ હજાર શ્લોકો, મહાભારતનાં એકલાખ શ્લોકો, અઢારપુરાણનાં મળીને આશરે ચાર લાખ જેટલા શ્લોકો અને આ સિવાયનું ઈત્તર સ્મૃતિ, ઉપપુરાણ, સૂત્રસાહિત્ય વગેરે પણ મહદ અંશે અનુષ્ટુપ છંદમાંજ જોવા મળે છે. સંસ્કૃત ભાષાનું પ્રચુર સાહિત્ય અનુષ્ટુપ છંદમાં જ છે. એટલે તેને શ્લોકશ્છંદ કહેવામાં આવે છે. ગાગરમાં સાગર સમાવવાની ક્ષમતા અનુષ્ટુપ છંદમાં છે. સંસ્કૃત સાહિત્યનું કોઇપણ ક્ષેત્ર કે કોઇપણ સાહિત્યકાર એવા ન જોઈ શકાય કે જેને અનુષ્ટુપ છંદનો સ્પર્શ ન થયો હોય. આદિકાવ્ય, આર્ષકાવ્ય, પુરાણ, મહાકાવ્ય વગેરે વ્યાસ હોય કે કાલિદાસ, ભાસ હોય કે ભવભૂતિ, માઘ હોય કે શ્રીહર્ષ, ભલે ક્લિષ્ટ છંદોનો પ્રયોગ કરે પરંતુ અનુષ્ટુપની અવગણના તો ન જ કરી શકે. માટે જ મને અનુષ્ટુપમાં પ્રયોજાયેલા એક શ્લોકનું સ્મરણ થાય છે.

*अष्टादशपुराणेषु व्यासस्य वचनद्वयम् ।*
*परोपकार पुण्याय पापाय परपीडनम् ॥*

ચારલાખ શ્લોકોમાંથી આશરે ૮૫% થી ૯૦% શ્લોકો અનુષ્ટુપમાં છે. અને તેમાં પણ બધાનો સાર એક જ શ્લોકમાં સમાઈ જાય છે.

*यत् छन्दोबद्धं तत् काव्यम् ( पद्यम् ) छन्दोरहितं गद्यम् ।*

પ્રસ્તુત ગ્રંથ યાજ્ઞિકન્યાયમાલામાં પણ યાજ્ઞિકપીયૂષ મહાદેવે અનુષ્ટુપ છંદનો જ પ્રયોગ કર્યો છે. આઠ અધ્યાયમાં ૬૮ અધિકરણોનાં ૧૭૭ શ્લોકો અનુષ્ટુપ જ છે. યાજ્ઞિકન્યાયમાલા ગ્રંથમાળાનું સૂત્ર અનુષ્ટુપ છે. અનુષ્ટુપનાં સૂત્રમાં ૧૭૭ શ્લોક મૌક્તિકો બંધાયેલા છે. અને પેટિકાઓ એ માળાનાં મેરૂ છે. મંગલાચરણમાં બીજા છંદોનો પ્રયોગ પણ છે. અનુષ્ટુપ છંદમાં હોવાને કારણે તે કાવ્યાત્મક ગ્રંથ છે એમ નથી પરંતુ તેમાં વેદનાં ક્લિષ્ટ સિદ્ધાંતોને સરળતાપૂર્વક રજુ કરવામાં આવ્યા છે. આદિકાળથી શરૂ થયેલી વૈદિક યજ્ઞ પરંપરાનું અનુસરણ યાજ્ઞિકન્યાયમાલા ગ્રંથ કરે છે. તેમા યજ્ઞને લગતા નિયમોનું નિરૂપણ અને યજ્ઞનું મહત્ત્વ પ્રતિપાદિત છે. યાજ્ઞિકન્યાયમાલામાં યજ્ઞનાં અનુસંધાને કે યજ્ઞ સામગ્રીનાં અનુસંધાને જે કાંઈ કહ્યું છે તે બધું અનુષ્ટુપમાં કહેલ છે. યજ્ઞનાં લક્ષણોને અને તેની સામગ્રીનાં લક્ષણોને દર્શાવતો આહનીક સૂત્રાવલી નામનો ગ્રંથ પણ અનુષ્ટુપ છંદમાં જ રચાયેલો છે.

યાજ્ઞિકન્યાયમાલા ગ્રંથમાં ક્લિષ્ટ વિષયવસ્તુ ને સરળતાથી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. યજ્ઞનું મહત્વ પ્રતિપાદિત કરવામાં આવ્યુ છે. શ્રીમદ્ભગીવદગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ યજ્ઞનું મહત્ત્વ પ્રતિપાદિત કરતા જણાવે છે.

*अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसम्भवः ।*
*यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ।।*(६)
*द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।*

*स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ।।*[૭]

વેદો તો યાજ્ઞિક કર્મકાંડનો જ નિર્દેશ કરે છે. યાજ્ઞિકન્યાયમાલા એ પદ્યાત્મક ગ્રંથ છે તેમાં ભાષાનું અને છંદનું પ્રાચુર્ય છે. જે વેદ સાથે જોડાયેલું છે. યાજ્ઞિકન્યાયમાલા વૈદિક કર્મકાંડની પુષ્ટિ કરતો ગ્રંથ છે. કોઈપણ કવિ જ્યારે છંદની કે શ્લોકની રચના કરે ત્યારે ભાષા, શૈલી, વર્ણન, ગુણધર્મ, ઉપમાઓ વગેરેને ધ્યાનમાં રાખીને કરે છે. અત્યાર સુધી આ ગ્રંથનું યજ્ઞ, કર્મકાંડ, જ્ઞાન વગેરેથી વાંચન કે પઠન તો ઘણા બધા લોકોએ કર્યું હશે, પરંતુ અહિંયા કાવ્ય તથા ભાષાની દ્રષ્ટીએ વૈવિધ્ય જોઈશું. યાજ્ઞિકન્યાયમાલા વૈદિક કર્મકાંડનો ગ્રંથ હોવા છતાં સાહિત્ય દૃષ્ટિથી તેનું મૂલ્યાંકન કરવાનો આશય છે.

યજ્ઞ સાથે જોડાયેલ દરેક સામગ્રીનું અને તેનાં લક્ષણોનું આહ્નિક સૂત્રાવલીમાં નિરૂપણ છે. જેમકે યજ્ઞ એટલે શું ? પંચગવ્ય એટલે શું ? કઈ ક્રિયામાટે કેટલી માત્રામાં પંચામૃત સ્વીકારવું? કેવા વર્ણની ગાયનું પંચામૃત લેવું ? વગેરે લક્ષણો આહ્નિક સૂત્રાવલીમાં અનુષ્ટુપ છંદમાં જ આપેલ છે. શ્લોકમાં કર્તા, કર્મ, ક્રિયાપદનું કોઈ સ્થાન નિશ્ચિત ન હોય જેમ વાક્યમાં એ સ્થાન નિશ્ચિત હોય તેમ શ્લોકમાં ન હોય. શ્લોકનાં રચયિતા એને પોતાની ઈચ્છાશક્તિ અને કલ્પના શક્તિ વડે પરિવર્તિત કરી શકે છે. જેમકે...

*अपारे काव्यसंसारे कविरेकः प्रजापतिः ।*
*यथास्मै रोचते विश्वं तथेदं परिवर्तेते ।।*

કર્તા, કર્મ અને ક્રિયાપદ વાક્યનાં નિયમ પ્રમાણે નહીં પરંતુ છંદના બંધારણ પ્રમાણે ચાલે છે. વૈદિક સાહિત્ય તથા લૌકિક સાહિત્યમાં સર્વત્ર સંસ્કૃત ભાષા પ્રવર્તિત છે. પરંતુ તેમાં શૈલી ભિન્ન -ભિન્ન છે. વૈદિક ગ્રંથો સાથે જોડાયેલ હોવાથી યાજ્ઞિકન્યાયમાલાની કે તેનાં રચયિતાની શૈલી વૈદિકસાહિત્ય કે સંહિતા જેવી જ હોય તે જરૂરી નથી. રામાયણ અને મહાભારત બે મૂર્ધન્ય ગ્રંથોનો જ આધાર લઈને પરવર્તી સાહિત્ય, મહાકાવ્યો, નાટકોની રચના થઈ છે. જો બધી ભાષા, શૈલી, કાવ્યસૌંદર્ય વગેરે સમાન હોય તો પરવર્તી સાહિત્યની આવશ્યક્તા જ ન રહે. પરંતુ દરેક સાહિત્ય કે સાહિત્યકાર પોતાની ભાષા-શૈલીથી જ ભિન્નતા પ્રાપ્ત કરે છે. વાલ્મીકિ અને વ્યાસે જે કાવ્યશૈલી અને જે ભાષા રામાયણ અને મહાભારતમાં પ્રયોજી છે તે જ શૈલી ભાસ અને કાલિદાસ, માઘ, અને ભારવિ પોતાનાં સાહિત્યમાં પ્રયોજતા નથી. દરેક સાહિત્ય કે સાહિત્યકાર પોતાની ભાષા અને શૈલીથી પૂર્વવર્તી સાહિત્ય કે સહિત્યકારથી ભિન્ન રહી શકે છે. રામાયણને આધાર તરીકે સ્વીકારીને રચાયેલ રઘુવંશ મહાકાવ્ય હોય કે મહાભારતનો આધાર લઈને રચાયેલ કિરાતાર્જુનિયમ હોય કે પંચરાત્ર નાટક હોય. દરેક શૈલીમાં ભિન્નતા જોવા મળે છે. યાજ્ઞિકન્યાયમાલા વૈદિકસાહિત્ય કે વૈદિક કર્મકાંડ સાથે સંકળાયેલ ગ્રંથ હોવાથી તેનું જ અનુકરણ કરે તેવું ન હોય. વૈદિક સંહિતાઓ, શ્રૌતગૃહ્ય વગેરે સૂત્રોનું અનુસરણ કરવા છતાં તે પોતાની ભાષા શૈલીનાં કારણે પોતાનું અલગ અને આગવું સ્થાન ધરાવે છે.

કાવ્યની, છંદની, યજ્ઞની, ભાષા અને શૈલીની માહિતી પ્રાપ્ત કર્યા પછી યાજ્ઞિકન્યાયમાલામાં કાવ્યભાષાસૌંદર્ય ક્યાં અને કેવા પ્રમાણમાં છે એ જોવાનો અને સમજવાનો પ્રયાસ કર્યો છે.

યાજ્ઞિકન્યાયમાલા ગ્રંથનો પ્રથમ અધ્યાય વેદ પેટિકા નામથી ઓળખાય છે. જેમાં વેદ લક્ષણ, વેદની અપૌરુષેયતા, બ્રાહ્મણની અપૌરુષેયતા, પૂર્ણશાખા અદ્યયન નિત્યતાનિકરણ, સમાવર્તનમાં વેદાધ્યયન નિત્યતાનિરાકરણ, વેદાધ્યયન વિધિપાલન વગેરે ચૌદ વિષયો અધિકરણ સ્વરૂપે આપવામાં આવ્યાં છે. જેમાં વેદલક્ષણાધિકરણમાં કહ્યું છે કે,

*यो वैदिको शब्दराशिः श्रौतस्मार्तादि कर्मसु ।*

*प्रयुज्यते स मन्त्रः स्याद् वेदोनेत्यत्र संशयः ॥*
*मन्त्रस्य संहिताग्रन्थे पाठाद् वेदावधारणा ।*
*मैवं, वेदः स एव स्यात् सस्वरो नैव विस्वरः ।*(७)

શ્રૌતસ્માર્ત અર્થાત વૈદિકકર્મ અને પૌરાણિક કર્મ વગેરેમાં જે કાંઈ શબ્દરાશિ પ્રયોજવામાં આવે છે તે મંત્ર છે. તેમાં કોઈ સંશય નથી. સંહિતા ગ્રંથમાં જે પ્રયોજવામાં આવ્યાં છે તે જ મંત્ર છે. તે જ વેદની અવધારણા છે. જે સસ્વર છે તે જ વિસ્વરતા વર્જિત છે. વેદ સસ્વર છે. વિસ્વર વેદ ના હોય શકે. વેદનું લક્ષણ અલગ-અલગ વિદ્વાનો પોતાના મત પ્રમાણે આપે છે. વાજસનેયિ પ્રાતિશાખ્ય કહે છે કે *स्वरसंस्कारयोश्छन्दसि नियमः।*(८)વેદ રૂપે એજ શબ્દરાશિ સ્વીકારવામાં આવે છે જે સ્વર અને છંદયુક્ત છે તે જ વેદ છે. આમ વેદનું લક્ષણવિદ્વાનો પોતાના મતાનુસાર આપે છે. તે જ વાતને યાજ્ઞિકન્યાયમાલા કાવ્યાત્મક શૈલીમાં એક જ નાના અનુષ્ટુપ છંદમાં સમજાવે છે. આમ જ વેદની અપૌરુષેયતા પણ સિદ્ધ કરી છે.

*वेदो मैवमृषेर्नाम नास्ति ब्रह्म तदुच्यते ।*
*सविशेषणं नाम यस्य वेदो निःश्वास एव हि ।*(९)

કોઈ પણ વૈદિક સંહિતાનું પૂર્ણરૂપે વેદાંગ સાથે સ્વશાખામાં અદ્યયન કરવાનું કહ્યું છે.

*अध्येतव्या पूर्णशाखा* स्थिति*च्छाशक्तिहेतुभिः ।*
*यत्किञ्चिद्वेति वेदस्य समासौ स्नानबोधनात् ॥*(१०)

મંત્ર લક્ષણ વિષયે પણ કહ્યું છે.

*मन्त्रस्य लक्षणं नास्ति विद्यते वा न विद्यते ।*
*याज्ञिकानां समाख्यानं लक्षणं दोषवर्जितम् ॥*(११)

મંત્રનું લક્ષણ આપવા માટે અનુષ્ટુપ છંદનો પ્રયોગ કર્યો છે. યાજ્ઞિકન્યાયમાલાની વિસ્તરટીકા લખનાર શ્રી કિશોર મિશ્ર યાજ્ઞિકન્યાયમાલાનાં શ્લોકની પૂર્તિ માટે સમર્થન માટે જે કાંઈ સમર્થન આપે છે તે સંદર્ભો પણ અનુષ્ટુપ છંદમાં જ છે. જેમકે મંત્ર લક્ષણ માટે શાબર ભાષ્યમાં કહ્યું છે :

*ऋषयोऽपि पदार्थानां नान्तं पृथक्त्वश ।*
*लक्षणेन तु सिद्धानामन्तं यान्ति विपश्चितः ।*(१२)

આમાં જ કાવ્યગત શૈલીમાં અનૂપનિત, સ્ત્રી, શૂદ્ર વગેરેનો વૈદિકમંત્રોચ્ચારમાં અધિકાર છે કે નહીં ? તાનસ્વર નિરાકરણ હોમ વગેરેમાં શાખાધર્મ નીતિકરણ, આખ્યાનોનું પ્રરોચન વગેરે વિષયો વેદપેટિકામાં વર્ણવેલા છે.

બીજા અધ્યાયનું નામ સ્મૃત્યાચાર પેટિકા આપવામાં આવ્યું છે. જેમાં શ્રૌતસ્માર્ત કર્મ સમુચ્ચય અવિરોધિ પરશાખીયકર્મમાં સ્વશાખીય ધર્મ સમન્વય વગેરે વિષયોની સાથે પુરાણોનું સ્મૃતિતુલ્યત્વ છે કે નહીં તે અંગે જણાવતા કહે છે :

*पुराणोक्तोविधिः स्मार्तात् प्रबलो दुर्बलः समः ।*
*श्रुतौ पुराणशास्त्रस्य निर्देशात् प्रबलः स्मृतैः ।*(१३)

અર્થાત પુરાણોક્તવિધિ સ્માર્ત અર્થાત સ્મૃત્યુક્ત વિધિ કરતા પ્રબળ છે, દુર્બલ છે કે બંનેનું બલ સમાન છે ? શતપથ બ્રાહ્મણ વગેરે શ્રુતિમાં કહ્યું છે કે *यदनुशासनानि विद्या वा को वाक्यमितिहासपुराणं गाथाः।*(१४) વગેરેથી મંત્રો બ્રાહ્મણમાં પુરાણ શાસ્ત્રનો સ્ફુટ ઉલ્લેખ જોવા મળે છે. તેથી કહી શકાય કે પુરાણ એ સ્મૃતિસાહિત્ય કરતા પ્રબળ છે. એવો એક પક્ષ છે. જ્યારે યાજ્ઞવલ્ક્ય અને મનુસ્મૃતિને લક્ષ્યમાં રખીને કહ્યું છે કે

*श्रुतिः स्मृतिः सदाचारः स्वस्य च प्रियमात्मनः ।*(१५)

પ્રમાણ ચતુષ્ટયમાં પુરાણની પરિગણનાનાં અભાવથી અને

*वेदोऽखिलो धर्ममूलं स्मृतिशीले च तद्विदाम् ।*
*आचारश्चैव साधूनामात्मनस्तुष्टिरेव च ।।* (१६)

એમ અન્યત્ર પણ ધર્મ પ્રપાકમોમાં પુરાણનાં અપરિગ્રહથી અને સ્મૃતિનાં ઉલ્લેખથી પુરાણ વિધિ સ્મૃતિથી દુર્લભ છે એવો બીજો પક્ષ છે.

આમ જ ઈતિહાસનું ધર્મપ્રામાણ્ય, વર્ણવિનશ્વરતા, આચાર ગ્રહણ, આચાર સમુચ્ચય, શાસ્ત્રવિરોધી સદાચાર વગેરે વિષયોનું વિવરણ છે.

તૃતીય પાકયજ્ઞ પેટિકા નામનાં અધ્યાયમાં હિંસાનિષેધ વિધિ, માંસ ભક્ષણ નિષેધ, અર્થાત હિંસાનો વિરોધ અને માંસ ભક્ષણનો નિષેધ દર્શાવવામાં આવ્યો છે. ગૌ માંસનો સદૈવ નિષેધ કરવામાં આવ્યો છે. તથા યજ્ઞ, વિવાહ અને મધુપર્કમાં માંસ નિત્યતાનું નિરાકરણ કરવામાં આવ્યું છે. પાકયજ્ઞ પ્રયોગ અધિકરણ, સ્મૃતિપુરાણ વગેરેનાં કાર્યમાં ઋત્વિજોની સંખ્યા બાબતે કહ્યું છે.

*शतचण्डी मखे वृत्त्वा दशसंख्याकवाडवान् ।*
*वृद्धिक्रमेण कुर्वीत पञ्चाहःसु समापनम् ।।* (१७)

અર્થાત શતચંડી યાગમાં દશ ઋત્વિજો નિયુક્ત કરવા. પછી પ્રતિદિન પાઠની વૃદ્ધિ કરીને સો સંખ્યા સુધી જઈને પૂર્ણતા કરવી. પાંચમા દિવસે હોમ કરીને સમાપન કરવું. ત્યાર પછી અનુક્તાવધિ કે સંવત્સરકાલ નિર્ણય, વ્રતાવધિ નિર્ણય, દક્ષિણાપરિમાણાદિની ચર્ચા કરી છે :

*दक्षिणा नियता देया न वोक्तत्वाद्धि निश्चिता ।*
*स्मार्ते पौराणिके कार्ये शक्त्या कार्यसमापनम् ।।* (१८)

દરેક કાર્યની નિશ્ચિત દક્ષિણા આપવી. શ્રૌત કે સ્માર્ત કર્મમાં શક્તિ અનુસાર કાર્યની સમાપ્તિ પછી દક્ષિણા આપવી. જેમકે વિષ્ણુયાગનું દક્ષિણા પ્રમાણ કહ્યું છે :

*अष्टषष्टिपलोन्मानं दद्याद् वै दक्षिणां गुरोः ।*
*वेतृणां चैव सर्वेषां त्रिंशत्पलमुदाहृतम् ।*
*अध्येतृणां तदर्धेन द्वारपानां तदर्धतः ।।* (१९)

અને ઉત્કલીય પ્રતિષ્ઠપ્રદીપમાં ઉલ્લેખ જોવા મળે છે :

*आचार्यदक्षिणा चैवमेतदर्धं च ब्राह्मणे ।*
*प्रदद्याच्छाठ्यरहितो यजमानः प्रियंवदः ।।*
*विभवे सति यो नैव प्रदद्याद् गुरुदक्षिपाम् ।*
*न स तत्फलमाप्नोति प्रलोभाक्रान्तमानसः ।।* (२०)

નાના એવા શ્લોકમાં દક્ષિણા માટેની બહુ મોટી વાત કહી છે કે, આચાર્યને જે દક્ષિણા અપાય તેની અડધી બ્રાહ્મણોને આપવી. જે ગુરુને દક્ષિણા ન આપે તેને કર્મફળ પ્રાપ્ત થતું નથી.

આમ, શાસ્ત્રોક્ત વિશદ અને ગહન વિષયોની ચર્ચા યાજ્ઞિકન્યાયમાલા ગ્રંથમાં અનુષ્ટુપ છંદમાં જોવા મળે છે. અનુષ્ટુપ છંદ દ્વારા ગાગરમાં સાગરનાં દર્શન થાય છે.

ચતુર્થ અધ્યાયનું નામ મંત્ર પેટિકા આપવામાં આવ્યું છે. જેમા યાજ્ઞિકજન્મ, યાજ્ઞિકજન્મન સર્વાધિકારત્વ, તાંત્રિક મંત્રજપમાં અદીક્ષિત અને તાંત્રિક મંત્રોમાં પ્રણવ યોજન અધિકરણ વગેરે વિષયોનું વિવરણ કરવામાં આવ્યું છે.

યાજ્ઞિકન્યાયમાલાનાં પાંચમાં અધ્યાયને આભ્યુદયિક પેટિકા નામ આપવામાં આવ્યું છે. જેમાં ષોડશમાતૃકાસ્વતંત્રપૂજા, વસોર્ધારા દેવતાઓની સ્વતંત્રતા, ગણોપનયન તથા સૂત્રોક્ત યજ્ઞોપવિત

પરિધાન અને સમાવર્તને જે કાંઈ અલંકાર ગ્રહણ કરવાનાં હોય તે દરેકનાં નિયમો અને લક્ષણોની સાથે વૈણદંડે માનાભાવ, પંક્તિ મૂર્ધન્ય પાઠ વ્યવસ્થાનું વિવરણ પણ જોવા મળે છે.

છઠ્ઠો અધ્યાય સપર્યા પેટિકાનાં નામે ઓળખાય છે. જેમાં આહવાહન પૂજનાદિ લૌકિક શબ્દ પ્રયોગ, પૂર્ણ ફલાર્પણ, તાંબૂલપત્ર વગેરે સમર્પણ, અન્નવિદ્યા, ફલાન્નવ્યવસ્થા, હવિષ્યાન્ન વ્યવસ્થાપન, આમિષાન્ન વ્યવસ્થા વગેરે યાજ્ઞિક અને ક્લિષ્ટ વિષયોનું અનુષ્ટુપ જેવા લઘુ છંદમાં વિષદ વર્ણન જોવા મળે છે.

સાતમાં અધ્યાયને શ્રાદ્ધ પેટિકા નામ આપવામાં આવ્યું છે. જેમાં શ્રાદ્ધનાં નિયમોનું મુક્તિ ફલક શ્રાદ્ધોત્તર શ્રાદ્ધ કર્તવ્ય, મુક્તનાં શ્રાદ્ધ કર્તવ્ય અને અજાતદશગાત્ર શ્રાદ્ધનું શ્રાદ્ધ કર્તવ્ય વગેરે વિષયો વર્ણિત છે.

આઠમાં ફલ પેટિકા નામનાં અધ્યાયમાં કર્મફળ દાતૃત્વ, યાજ્ઞિકોમાં દેવતા વિગ્રહ, યાજ્ઞિકમિમાંસક દેવતા વિગ્રહ સિદ્ધાંત સમન્વય, યાજ્ઞિક મતથી ફલ દાતૃત્વ વગેરે વિષયો વર્ણિત છે.

યાજ્ઞિકન્યાયમાલા આપણને યાજ્ઞિક કર્મકાંડ અને તેના નિયમોનું જ્ઞાન આપે છે. અંતતોગત્વા દરેક વિષયનો એક જ હેતુ છે જ્ઞાનપ્રાપ્તિ. જેમ સર્વ સરિતાનું જળ સમુદ્રમાં જઈ મળે છે, બધા દેવતાઓને કરાતા પ્રણામ કેશવને મળે છે, તેમ દરેક વિષય જ્ઞાનદ છે :

*आकाशात्पतितं तोयं यथा गच्छति सागरम् ।*
*सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥*

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાને જ્ઞાનપ્રાપ્તિને શ્રેષ્ઠ અનુભૂતિ કહી છે. આ અજ્ઞાત વિષયથી આપણને જ્ઞાનપ્રાપ્તિ થાય છે.

*श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परन्तपः ।*
*सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥* (૨૧)

## <u>પાદનોંધ</u>


1. ભરતનાટ્યશાસ્ત્ર
2. સાહિત્યદર્પણ - વિશ્વનાથ
3. રસગંગાધર - જગન્નાથ
4. કાવ્યપ્રકાશ - મમ્મટ
5. વૈદિક સાહિત્ય એવં સંસ્કૃતિ – કપિલદેવ દ્વિવેદી
6. વાલ્મીકિ રામાયણ
7. શ્રીમદ્ભગવદ્ ગીતા ૩.૧૪
8. શ્રીમદ્ભગવદ્ ગીતા ૪.૨૮
9. યાજ્ઞિકન્યાયમાલા ૧.૧-૨
10. યાજ્ઞિકન્યાયમાલા ૧.૧૧
11. યાજ્ઞિકન્યાયમાલા ૧.૮
12. યાજ્ઞિકન્યાયમાલા ૧.૨૧
13. શાબરભાષ્ય ૨.૧૭
14. યાજ્ઞિકન્યાયમાલા ૨.૧૩
15. યાજ્ઞવલ્ક્યસ્મૃતિ ૧.૭

16. મનુસ્મૃતિ ૨.૬
17. યાજ્ઞિકન્યાયમાલા ૩.૨૦
18. યાજ્ઞિકન્યાયમાલા ૩.૨૭
19. યાજ્ઞિકન્યાયમાલા- પૃષ્ઠસંખ્યા ૫૪
20. યાજ્ઞિકન્યાયમાલા- પૃષ્ઠસંખ્યા ૫૫
21. શ્રીમદ્ભગવદ્ ગીતા ૪.૩૩

## સંદર્ભગ્રંથો


1. યાજ્ઞિકન્યાયમાલા
2. વાલ્મીકિ રામાયણ
3. યાજ્ઞવલ્ક્યસ્મૃતિ
4. મનુસ્મૃતિ
5. શ્રીમદ્ભગવદ્ ગીતા
6. કાવ્યપ્રકાશ
7. સહિત્યદર્પણ
8. રસગંગાધર
9. નાટ્યશાસ્ત્ર
10. શાબરભાષ્ય
11. સુભાષિતરત્નભાંડાગાર

 ISBN : 978-81-938282-0-5

# ભારતીય ભાષા અને સંસ્કૃતિ

યશપાલસિંહ સી. રહેવર
Mo. 9624675951, Email id: Playscorpio9@gmail.com
Reference By : Dr. Priyankiben Vyas (Associate Professor)
Library & Information Science
Dr. Babasaheb Ambedakar Open University, Ahmedabad

## ભાષા :

ભાષા એ સંચારની જટિલ પદ્ધતિઓ પ્રાપ્ત કરવાની અને તેનો ઉપયોગ કરવાની ક્ષમતા છે, ખાસ કરીને આવું કરવા માટે માનવ ક્ષમતા, અને કોઈ ભાષા એવી કોઈ પદ્ધતિનું કોઈ ચોક્કસ ઉદાહરણ છે. ભાષાના વૈજ્ઞાનિક અભ્યાસને ભાષાવિજ્ઞાન કહેવામાં આવે છે. ભાષાના ફિલોસોફી સંબંધિત પ્રશ્નો, જેમ કે શબ્દો અનુભવનું પ્રતિનિધિત્વ કરી શકે છે, પ્રાચીન ગ્રીકમાં ગોર્ગીસ અને પ્લેટોથી ચર્ચા કરવામાં આવી છે. રૂસો જેવા વિચારકો એવી દલીલ કરે છે કે ભાષા એવી લાગણીઓથી ઉદ્ભવે છે, 20 મી સદીના તત્ત્વચિંતકો જેમ કે વિટ્જેનસ્ટેઇને દલીલ કરી હતી કે ફિલસૂફી ખરેખર ભાષાનો અભ્યાસ છે.

## સંસ્કૃતિ

માનવતામાં, વ્યક્તિની વિશેષતા તરીકે સંસ્કૃતિના એક અર્થમાં તે ડિગ્રી છે કે જેમાં તેમણે કળા, વિજ્ઞાન, શિક્ષણ, અથવા શિષ્ટાચારમાં ચોક્કસ સ્તરના અભિગમોનું સર્જન કર્યું છે. સાંસ્કૃતિક અભિન્નતાના સ્તરને ઘણીવાર ઓછા જટિલ સમાજોથી સંસ્કૃતિઓમાં તફાવત જોવા માટે જોવામાં આવે છે. સાંસ્કૃતિક મૂડી સુધી મર્યાદિત વપરાશ દ્વારા વિશિષ્ટતા ધરાવતા સામાજિક વર્ચસ્વની ઉચ્ચ સંસ્કૃતિ અને નીચી સંસ્કૃતિ, લોકપ્રિય સંસ્કૃતિ અથવા નીચલા વર્ગોની લોક સંસ્કૃતિ વચ્ચે સંસ્કૃતિ આધારિત આવા અધિક્રમિક પરિપ્રેક્ષ્યમાં પણ જોવા મળે છે. સામાન્ય બોલચાલમાં, સંસ્કૃતિનો ઉપયોગ સામાન્ય રીતે સાંપ્રદાયિક માર્કર્સને ખાસ કરીને નોંધવા માટે કરવામાં આવે છે, જેનો ઉપયોગ વંશીય જૂથો દ્વારા શરીરમાં ફેરફાર, કપડાં અથવા જ્વેલરી જેવા અન્ય એકબીજાથી દેખાઈ શકે છે. સામૂહિક સંસ્કૃતિ 20 મી સદીમાં ઉભરી રહેલા ઉપભોક્તા સંસ્કૃતિના સામૂહિક ઉત્પાદન અને સામૂહિક મધ્યસ્થ સ્વરૂપને દર્શાવે છે. તેના ગુણદોષ અને જટિલ માહિતી જેવી ફિલોસોફીની કેટલીક શાળાઓએ એવી દલીલ કરી છે કે સંસ્કૃતિનો ઉપયોગ વારંવાર નીચલા વર્ગોમાં ચાલાકી કરવા માટે અને ખોટા ચેતના બનાવવા માટે રાજકારણ તરીકે કરવામાં આવે છે, અને આવા પરિપ્રેક્ષ્યો સાંસ્કૃતિક અભ્યાસના શિસ્તમાં સામાન્ય છે. વિશાળ સામાજિક વિજ્ઞાનમાં, સાંસ્કૃતિક ભૌતિકવાદના સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્યમાં માનવું છે કે માનવીય જીવનની સામગ્રીની પરિસ્થિતિઓમાંથી માનવ સાંકેતિક સંસ્કૃતિ ઉદ્ભવે છે, કારણ કે મનુષ્ય ભૌતિક અસ્તિત્વ માટે શરતો બનાવે છે, અને સંસ્કૃતિનો આધાર વિકસિત જૈવિક સ્વભાવમાં જોવા મળે છે.

ભારતીય ભાષાઓ
ભારતીય ભાષાઓ

પ્રાચીનકાળ દરમિયાન સંસ્કૃત ભાષાને વધારે મહત્ત્વ આપવામાં આવતું હતું. સાથે સાથે ઋષિમુનીઓ દ્વારા વેદ-ઉપનિષદો, રામાયણ, મહાભારત, ભગવદ્ ગીતા જેવા ધાર્મિક ગ્રંથોનું નિરૂપણ સંસ્કૃત ભાષામાં કરવામાં આવતું હતું. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ વિવિધ ભાષાઓને સ્થાન આપવામાં આવ્યું. સમયગાળા સાથે અંગ્રેજી "સહાયક સત્તાવાર ભાષા" ની સ્થિતિને ઘટાડવામાં આવી હતી. પરંતુ બંધારણની આ જોગવાઈને આ કલમ 343ની કલમ 3માં જોગવાઈ દ્વારા નકારી દેવામાં આવી હતી, જે સત્તાવાર ભાષાઓ અધિનિયમ, 1 9 63ની સર્વશ્રેષ્ઠતા આપે છે. ભારતીય બંધારણની આઠમી સૂચિમાં 22 ભાષાઓની યાદી છે,જેને સુનિશ્ચિત ભાષાઓ તરીકે ઓળખવામાં આવે છે અને માન્યતા, સ્થિતિ અને સત્તાવાર પ્રોત્સાહન આપવામાં આવે છે. વધુમાં, ભારત સરકારે તમિલ, સંસ્કૃત, કન્નડ, તેલુગુ, મલયાલમ અને ઓડિયામાં શાસ્ત્રીય ભાષાના તફાવતને એનાયત કર્યો છે.

2001 ની ભારતની વસ્તી ગણતરી મુજબ, ભારત પાસે 122 મુખ્ય ભાષાઓ અને 1599 અન્ય ભાષાઓ છે. જો કે, અન્ય સ્રોતોના આંકડા અલગ અલગ હોય છે, મુખ્યત્વે "ભાષા" અને "બોલી" શબ્દોની વ્યાખ્યામાં તફાવતોને કારણે. 2001 ની વસતી ગણતરીમાં 30 ભાષાઓ બોલવામાં આવી હતી, જે મિલિયન કરતાં વધુ મૂળ બોલનારા અને 122 દ્વારા બોલાતી હતી જે 10,000થી વધુ લોકો દ્વારા બોલાતી હતી. ભારતના ઈતિહાસ દરમિયાન ગુજરાતી, હિન્દી, તમિલ, સંસ્કૃત, કન્નડ, તેલુગુ ભાષાનો જીવન જરૂરિયાત ઉપયોગ કરવામાં આવતો હતો, વેપારી કામકાજમાં અવનવી ભાષાનો સમાવેશ કરવામાં આવે છે. ભારતના ઇતિહાસમાં બે સંપર્ક ભાષાઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છેઃ ફારસી અને અંગ્રેજી.ભારતમાં મુઘલ કાળ દરમિયાન ફારસી કોર્ટની ભાષા હતી. બ્રિટિશ વસાહતીકરણના યુગ સુધી તે ઘણી સદીઓ સુધી એક વહીવટી ભાષા તરીકે શાસન કરે છે. ભારતમાં અંગ્રેજી અગત્યની ભાષા રહી છે. તેનો ઉપયોગ ઉચ્ચ શિક્ષણ અને ભારત સરકારના કેટલાક વિસ્તારોમાં થાય છે. હિન્દી, આજે ભારતની સૌથી વધુ વ્યાપક ભાષા છે, ઉત્તર અને મધ્ય ભારતના મોટાભાગની ભાષાઓ તરીકે ભાષા બોલે છે. જો કે, દક્ષિણ ભારતમાં વિરોધ વિરોધી આંદોલનો છે, જેમાં ખાસ કરીને તામિલનાડુ અને કર્ણાટક રાજ્યમાં તથા બિન-હિન્દી પટ્ટા રાજ્યોમાં પણ આ વિસ્તારોમાં હિંદીમાં જોવામાં આવેલો વિરોધ છે.

**ઇતિહાસ** :

ઈન્ડો-યુરોપીયન પરિવારની ઇન્ડો-આર્યન શાખાની ઉત્તરીય ભારતીય ભાષાઓ મધ્ય ઇન્ડિક પ્રાકૃત ભાષાઓ અને મધ્ય યુગના અપભ્રંશ દ્વારા જૂના ભારતીયમાંથી વિકસિત થઈ. ઈન્ડો-આર્યન ભાષાઓ ત્રણ તબક્કાઓમાં વિકસિત અને ઊભરી - ઓલ્ડ ઇન્ડિયા-આર્યન (1500 બીસીઇ થી 600 બીસીઇ), મધ્ય આન્દો-આર્યન મંચ (600 બીસીઇ અને 1000 સીઇ) અને ન્યૂ ઇન્ડો-આર્યન (1000 સીઇ અને 1300 સીઇ વચ્ચે). આધુનિક ઉત્તર ભારતીય ઇન્ડો-આર્યન ભાષાઓ ન્યૂ ઇન્ડો-આર્યન યુગમાં અલગ, ઓળખી શકાય તેવી ભાષાઓમાં વિકાસ પામી હતી.

પારસીને ગઝનીવી અને અન્ય તુર્કો-અફઘાન રાજવંશ દ્વારા અદાલતની ભાષા તરીકે ભારતમાં લાવવામાં આવી હતી. સાંસ્કૃતિક રીતે પર્સીઝિયાઇઝ્ડ, તેઓ, બાદમાં મુઘલ રાજવંશ સાથે સંયોજનમાં, 500થી વધુ વર્ષોથી આ પ્રદેશના કલા, ઇતિહાસ અને સાહિત્યને પ્રભાવિત કર્યા હતા, પરિણામે ઘણા ભારતીય માતૃભાષાના પર્સિઝેશનનું પરિણામ આવ્યું હતું, મુખ્યત્વે લૈંગિક રીતે. 1837માં બ્રિટિશે

અંગ્રેજને વહીવટી હેતુઓ માટે ઇંગ્લિશનો બદલો આપ્યો અને 19 મી સદીની હિન્દી ચળવળે સંસ્કૃતમાંથી ઊતરી આવેલી એક શબ્દ માટે પર્સિયા-અરેબિક સ્ક્રીપ્ટને બદલે હિંદી / હિન્દુસ્તાની માટે દેવનાગરી સાથે પર્સિયેડ શબ્દભંડોળ લીધું.

દરેક ઉત્તર ભારતીય ભાષાઓમાં અલગ અલગ પ્રભાવ હતા ; ઉદાહરણ તરીકે, હિન્દુસ્તાનીને સંસ્કૃત, ફારસી અને અરબી દ્વારા ભારે પ્રભાવિત કરવામાં આવ્યો હતો, જે હિંદુસ્તાની ભાષાના નોંધણી તરીકે આધુનિક હિન્દી અને આધુનિક ઉર્દૂના ઉદ્ભવ તરફ દોરી ગયો હતો. આધુનિક હિન્દીને ભારતની સત્તાવાર ભાષા તરીકે ઓળખવામાં આવે છે જ્યારે ઉર્દૂ એક સુનિશ્ચિત ભાષા છે.

**બહુભાષાવાદ** :

દક્ષિણ એશિયાની ભાષાઓ, આ પ્રદેશના જટિલ ઇતિહાસ અને ભૂગોળનું પ્રતિબિંબ પાડે છે, ભાષા પરિવારો, ભાષાના ફાયલાનો એક જટિલ પેચવર્ક રચાય છે. હિન્દુસ્તાન માં આસામી, બંગાળી, બોડો, ડોગરી, ગુજરાતી, કન્નડા, કશ્મીરી, કોંકણી, મૈથલી, મલયાલમ, મણીપુરી, મરાઠી, નેપાળી, ઉડિયા, પંજાબી, સંસ્કૃત, સાંતલિ સિંધી, તમિલ, તેલુગુ, ઉર્દુ, નો સમાવેશ થાય છે. 283 ભારતની ભાષાઓ અનેક ભાષાના કુટુંબોની છે, સૌથી મહત્ત્વપૂર્ણ જે નીચે મુજબ ટૂંકમાં જણાવવામાં આવે છે

**ઇન્ડો-આર્યન ભાષા કુટુંબ** :

ભાષામાં પરિભાષામાં સૌથી મોટો ભાષા પરિવારો, જે બોલનારાઓના સંદર્ભમાં છે, એ ઇન્ડો-આર્યન ભાષા પરિવાર છે, જે ઈન્ડો-ઈરાની પરિવારની એક શાખા છે, જે પોતે ઈન્ડો-યુરોપીયન ભાષા પરિવારની પૂર્વીય ઉપનિષદ છે. 2001 ના સેન્સસ દરમિયાન મેળવેલા માહિતી મુજબ, આ ભાષાના પરિવારમાં અંદાજે 790 મિલિયન બોલનારાઓ, અથવા 75% વસ્તીના લોકોનો હિસ્સો છે. આ જૂથની સૌથી વધુ વિસ્તૃત ભાષાઓ હિન્દી (અથવા વધુ યોગ્ય રીતે, હિન્દુસ્તાની, જેમાં હિંદી અને ઉર્દુનો સમાવેશ થાય છે), બંગાળી, મરાઠી, ગુજરાતી, પંજાબી, રાજસ્થાની, આસામી (અસમાનિયા) અને ઓડિયા, ઈન્ડો-આર્યન ભાષાઓ સિવાય, અન્ય ભારતીય-યુરોપિયન ભાષાઓ પણ ભારતમાં બોલાતી હોય છે, જેમાં સૌથી વધુ જાણીતી ઇંગ્લિશ છે, જેમ કે લંગુઆ ફ્રાન્કા

**દ્રવિડિયન ભાષા કુટુંબ** :

2001 ના સેન્સસ દરમિયાન એકત્રિત કરેલા ડેટા મુજબ, બીજા ક્રમના સૌથી મોટા ભાષામાં દ્રવીડીયન ભાષાના પરિવારો છે, જે 215 મિલિયન બોલતા અથવા આશરે 20% નો હિસ્સો ધરાવે છે. દ્રવિડિયન ભાષાઓ મુખ્યત્વે દક્ષિણ ભારત અને પૂર્વ અને મધ્ય ભારતના ભાગો તેમજ ઉત્તરપૂર્વી શ્રીલંકા, પાકિસ્તાન, નેપાળ અને બાંગ્લાદેશના ભાગોમાં બોલવામાં આવે છે. સૌથી વધુ ભાષણ ધરાવતા દ્રવિડિયન ભાષાઓ તેલુગુ, તમિલ, કન્નડ અને મલયાલમ છે. મુખ્ય પ્રવાહની વસ્તી ઉપરાંત, દ્રવિડિયન ભાષાઓ પણ નાના અનુસૂચિત જનજાતિ સમુદાયો દ્વારા બોલવામાં આવે છે, જેમ કે ઓરોન અને ગોંડ જાતિઓ. ફક્ત બે દ્રવિડ ભાષાઓ જ બધાં ભારત બહાર, પાકિસ્તાનમાં બ્રહુઈ અને ધાંગર, કુરુખની બોલી નેપાળમાં છે.

**તાઈ-કાદાઈ ભાષા કુટુંબ** :

દક્ષિણ પશ્ચિમ તાઈ ભાષાના અહોમ ભાષા આધુનિક સમયમાં આસામમાં અહોમ સામ્રાજ્યની એક પ્રબળ ભાષા હતી પરંતુ પાછળથી તે આસામી ભાષાના પ્રાચીન સ્વરૂપે કામરુપિ ભાષા દ્વારા બદલી કરવામાં આવી હતી. આજકાલ, નાના તાઈ સમુદાયો અને તેમની ભાષાઓ આસામ અને અરુણાચલ પ્રદેશમાં સિનો-તિબેટિયન સાથે રહે છે, દા.ત. તાઈ ફીક, તાઈ આટોન અને તાઈ ખમતી ભાષા, જે શાન મ્યાનમારના શાન ભાષા, જેવી સમાન છે.

**હિન્દી** :

હિન્દી-બેલ્ટ, હિન્દી-સંબંધિત ભાષાઓ જેમ કે રાજસ્થાની અને ભોજપુરી. હિન્દી, દેવનાગરી લિપિમાં લખાયેલી, દેશની સૌથી વધુ જાણીતી ભાષા છે. 2001 ની વસ્તી ગણતરીમાં, 422 મિલિયન (422,048,642) લોકોએ હિન્દીમાં તેમની મૂળ ભાષા હોવાનું દર્શાવ્યું હતું. આ આંકડામાં હિન્દુસ્તાની હિન્દી વાચકોનો સમાવેશ થતો નથી, પરંતુ તે પણ એવા લોકો છે જે સંબંધિત ભાષાનો મૂળ બોલનારા તરીકે ઓળખે છે, જેઓ તેમના ભાષણને હિન્દીના બોલી તરીકે માને છે, હિન્દી પટ્ટા. હિન્દી (અથવા હિન્દુસ્તાની) દિલ્હી, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, ચંદીગઢ, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, હરિયાણા અને રાજસ્થાનમાં વસતા મોટા ભાગના લોકોની મૂળ ભાષા છે.

**ગુજરાતી** :

ગુજરાતી એ ઇન્ડો-આર્યન ભાષા છે. તે ગુજરાતનાં પશ્ચિમ ભારતીય પ્રદેશના મૂળ છે. ગુજરાતી મોટા ઇન્ડો-યુરોપિયન ભાષા પરિવારનો ભાગ છે. ગુજરાતી જૂના ગુજરાતી (સી. 1100-1500 સીઇ) માંથી ઉતરી આવ્યો છે, રાજસ્થાનીની જેમ જ સ્રોત. ગુજરાતી ભારતીય રાજ્ય ગુજરાતની મુખ્ય ભાષા છે. તે દમણ, દીવ અને દાદરા, નગર હવેલીના કેન્દ્રશાસિત પ્રદેશોમાં પણ સત્તાવાર ભાષા છે. સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ એજન્સી (સીઆઇએ) મુજબ, ભારતની વસ્તીના 4.5% (2011ની વસ્તી ગણતરી પ્રમાણે 1.21 બિલિયન) ગુજરાતી બોલે છે.

**પંજાબી** :

પંજાબી, ભારતની ગુરૂમુખી લિપિમાં લખાયેલી, ભારતની અગ્રણી ભાષાઓ પૈકી એક 32 મિલિયન બોલનારાઓ સાથે છે. મુખ્યત્વે પંજાબમાં પણ પડોશી વિસ્તારોમાં બોલવામાં આવે છે.

અન્ય સ્થાનિક ભાષાઓ અને બોલીઓ

2001ની વસ્તી ગણતરીમાં નીચેની મૂળ ભાષાઓ છે જે દસ લાખથી વધુ બોલનારાઓ ધરાવે છે. તેમાંના મોટાભાગની બોલીઓ / વિવિધતાઓ હિન્દી હેઠળ નીચેના કોઠામાં જણાવેલ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | ભોજપુરી | 33,099,497 | 15 | હરૌટી | 2,462,867 |
| 2 | રાજસ્થાની | 18,355,613 | 16 | ગઢવાલી | 2,267,314 |
| 3 | મગધી / મેહહાહી | 13,978,565 | 17 | નિમાડી | 2,148,146 |
| 4 | છત્તીસગર | 13,260,186 | 18 | સદન / સાદ્રી | 2,044,776 |
| 5 | હરીયણવી | 7,997,192 | 19 | કુમાઉની | 2,003,783 |
| 6 | મારવારી | 7,936,183 | 20 | ધુંધરી | 1,871,130 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 7 | માલવી | 5,565,167 | 21 | તૂલુ | 1,722,768 |
| 8 | મેવરી | 5, 09. 697 | 22 | સર્જરીયા | 1,458,533 |
| 9 | ખર્થ / ખોટા | 4,725,927 | 23 | બાગરી રાજસ્થાની | 1,434,123 |
| 10 | બુન્ડેલ | 3,072,147 | 24 | બાંજારી | 1,259,821 |
| 11 | બેગલેલી | 2,865,011 | 25 | નાગપુરિયા (વરહાદી) | 1,242,586 |
| 12 | પહેરી | 2,832,825 | 26 | સૂરજપુરી | 1,217,019 |
| 13 | લમન / લામ્બાડી | 2,707,562 | 27 | કાંગરી | 1,122,843 |
| 14 | અવર્ગી | 2,529,308 | | | |

# ભારતીય સંસ્કૃતિ :

માનવતામાં, વ્યક્તિની વિશેષતા તરીકે સંસ્કૃતિના એક અર્થમાં તે ડિગ્રી છે કે જેમાં તેમણે કળા, વિજ્ઞાન, શિક્ષણ અથવા શિષ્ટાચારમાં ચોક્કસ સ્તરના અભિગમોનું સર્જન કર્યું છે. સાંસ્કૃતિક અભિન્નતાના સ્તરને ઘણીવાર ઓછા જટિલ સમાજોથી સંસ્કૃતિઓમાં તફાવત જોવા માટે જોવામાં આવે છે. સાંસ્કૃતિક મૂડી સુધી મર્યાદિત વપરાશ દ્વારા વિશિષ્ટતા ધરાવતા સામાજિક વર્ચસ્વની ઉચ્ચ સંસ્કૃતિ અને નીચી સંસ્કૃતિ, લોકપ્રિય સંસ્કૃતિ અથવા નીચલા વર્ગોની લોક સંસ્કૃતિ વચ્ચે સંસ્કૃતિ આધારિત આવા અધિક્રમિક પરિપ્રેક્ષ્યમાં પણ જોવા મળે છે. સામાન્ય બોલચાલમાં, સંસ્કૃતિનો ઉપયોગ સામાન્ય રીતે સાંપ્રદાયિક ચિહ્નને ખાસ કરીને નોંધાવા માટે કરવામાં આવે છે, જેનો ઉપયોગ વંશીય જૂથો દ્વારા શરીરમાં ફેરફાર, કપડાં અથવા જ્વેલરી જેવા અન્ય એકબીજાથી દેખાઈ શકે છે. સામૂહિક સંસ્કૃતિ 20 મી સદીમાં ઊભરી રહેલા ઉપભોક્તા સંસ્કૃતિના સામૂહિક ઉત્પાદન અને સામૂહિક મધ્યસ્થ સ્વરૂપને દર્શાવે છે. પરિપ્રેક્ષ્યો સાંસ્કૃતિક અભ્યાસના શિસ્તમાં સામાન્ય છે. વિશાળ સામાજિક વિજ્ઞાનમાં, સાંસ્કૃતિક ભૌતિકવાદના સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્યમાં માનવું છે કે માનવીય જીવનની સામગ્રીની પરિસ્થિતિઓમાંથી માનવ સાંકેતિક સંસ્કૃતિ ઉદ્ભવે છે, કારણ કે મનુષ્ય ભૌતિક અસ્તિત્વ માટે શરતો બનાવે છે અને સંસ્કૃતિનો આધાર વિકસિત જૈવિક સ્વભાવમાં જોવા મળે છે.

ગણના નામ તરીકે ઉપયોગમાં લેવાતી વખતે, "એક સંસ્કૃતિ" એ સમાજ અથવા સમુદાયના રિવાજો, પરંપરા અને મૂલ્યોનો સમૂહ છે, જેમ કે કોઈ વંશીય જૂથ અથવા રાષ્ટ્ર. સમય જતાં સંસ્કૃતિકરણ જ્ઞાનનો સમૂહ છે આ અર્થમાં, બહુસાંસ્કૃતિકવાદ એ જ ગ્રહમાં વસતા વિવિધ સંસ્કૃતિઓ વચ્ચે શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને પરસ્પર આદરનું મૂલ્ય ધરાવે છે. કેટલીકવાર "સંસ્કૃતિ" નો ઉપયોગ સમાજના એક પેટાજૂથ, ઉપ-સંસ્કૃતિ અથવા પ્રતિસંસ્કૃતિમાં ચોક્કસ સિદ્ધાંતોને વર્ણવવા માટે થાય છે. સાંસ્કૃતિક નૃવંશવિજ્ઞાનની અંદર, સાંસ્કૃતિક સંબંધવાદની વિચારધારા અને વિશ્લેષણાત્મક વલણ એવું માને છે કે સંસ્કૃતિને તટસ્થ રીતે ક્રમશઃ ક્રમાંકિત અથવા મૂલ્યાંકન કરી શકાતું નથી કારણ કે કોઈ પણ મૂલ્યાંકન આવશ્યક સંસ્કૃતિની મૂલ્ય પ્રણાલીમાં આવશ્યક છે.

આધુનિક શબ્દ "કલ્ચર" એ પ્રાચીન રોમન વક્તા સિસેરો દ્વારા વિવાદાસ્ત્રોમાં વપરાતી શબ્દ પર આધારિત છે, જ્યાં તેમણે આત્માની ખેતી અથવા કૃષિ રૂપકનો ઉપયોગ કર્યો હતો. તેમનો ઉપયોગ, અને તેના પછીના ઘણા લેખકોની, "તમામ રીતો જેમાં માનવીઓ તેમની મૂળ જંગલિયત દૂર કરે છે, અને કાવતરા મારફત, સંપૂર્ણપણે માનવ બની જાય છે."

એકસૂત્રતાના જુદા જુદા અર્થો છે, પરંતુ આ સંદર્ભમાં તે અન્ય સંસ્કૃતિના લક્ષણો સાથે બદલાવનો ઉલ્લેખ કરે છે, જેમ કે નિમ્ન અમેરિકન આદિવાસીઓ અને દુનિયાના ઘણા સ્થાનિક લોકોને વસાહતીકરણની પ્રક્રિયા દરમિયાન શું થયું. વ્યક્તિગત સ્તરે સંબંધિત પ્રક્રિયાઓમાં વ્યક્તિગત દ્વારા એક અલગ સંસ્કૃતિ અપનાવવા થાય છે. વિવિધ સાંસ્કૃતિક મર્જરમાં સંસ્કૃતિમાં પરિવર્તનશીલ પ્રવાહ અને મહત્ત્વની ભૂમિકા ભજવી છે, વિચારો અને માન્યતાઓ વહેંચવામાં આવે છે.

ઘણી વખત "પશ્ચિમી સંસ્કૃતિ" અથવા "વૈશ્વિકવાદ" તરીકે ઓળખાય છે.

સાંસ્કૃતિક ઘટના અથવા સાંસ્કૃતિક ગ્રંથોનો અભ્યાસ કરવા રાજકીય અર્થતંત્ર, સંચાર, સમાજશાસ્ત્ર, સામાજિક સિદ્ધાંત, સાહિત્યિક સિદ્ધાંત, મીડિયા સિદ્ધાંત, ફિલ્મ / વિડીયો અભ્યાસ, સાંસ્કૃતિક માનવશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, સંગ્રહાલય અભ્યાસ અને કલા ઇતિહાસનો સમાવેશ કરવાનું શરૂ કર્યું. આ ક્ષેત્રના સંશોધકોમાં ઘણી વાર ધ્યાન કેન્દ્રીત, રાષ્ટ્રીયતા, વંશીયતા, સામાજિક વર્ગ જાતિની બાબતો સાથે કેવી રીતે ખાસ ઘટનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સાંસ્કૃતિક અભ્યાસ રોજિંદા જીવનના અર્થ અને પ્રથાઓથી સંબંધિત છે. આ પ્રથાઓ લોકો દ્વારા આપેલ સંસ્કૃતિમાં ચોક્કસ વસ્તુઓ (જેમ કે ટેલિવિઝન જોવાનું અથવા બહાર ખાવું) કરે છે તે રીતે સમાવેશ થાય છે. તે અર્થનું પણ અભ્યાસ કરે છે અને લોકો વિવિધ પદાર્થો અને સિદ્ધાંતોનો ઉપયોગ કરે છે. વિશિષ્ટ રીતે, સંસ્કૃતિમાં તે અર્થો અને સિદ્ધાંતો શામેલ છે કારણ કે સ્વતંત્ર રીતે. એક ઐતિહાસિક ઘટના પર એક જાહેર પરિપ્રેક્ષ્ય જોવા માટે ક્રમમાં ટેલિવિઝન જોવાનું, સંસ્કૃતિ તરીકે વિચારવું ન જોઈએ, સિવાય કે ટેલિવિઝનના માધ્યમનો સંદર્ભ આપવો, જે સાંસ્કૃતિક રીતે પસંદ કરવામાં આવી હોઈ શકે; જો કે, સ્કૂલનાં બાળકો શાળામાં તેમના મિત્રો સાથે ટેલિવિઝન જોવા માટે ચોક્કસપણે લાયક ઠરે છે, કારણ કે આ પ્રેક્ટિસમાં ભાગ લેનાર કોઈ સહભાગિતા માટે કોઈ કારણભૂત કારણ નથી.

સાંસ્કૃતિક અભ્યાસોનું અમેરિકન વર્ઝન શરૂઆતમાં પ્રેક્ષકોની પ્રતિક્રિયાઓના વ્યક્તિલક્ષી અને અનુકૂળ બાજુને સમજવા સાથે સંબંધિત છે. સાંસ્કૃતિક અભ્યાસો, જેમ કે નારીવાદી સાંસ્કૃતિક અભ્યાસો અને ક્ષેત્રના અમેરિકન વિકાસ પછી અન્ય અભિગમ આ દ્રષ્ટિકોણથી દૂર રહે છે . તેઓ કોઈ પણ સાંસ્કૃતિક ઉત્પાદન માટે એક પ્રભાવશાળી અર્થના માર્ક્સવાદી ધારણાની ટીકા કરે છે, જે બધા દ્વારા શેર કરવામાં આવે છે. બિન-માર્ક્સવાદી અભિગમ સૂચવે છે કે સાંસ્કૃતિક વસ્તુઓનો ઉપયોગ કરવાના વિવિધ માર્ગો ઉત્પાદનના અર્થને અસર કરે છે. તે લોકો તેમને એટલા માટે પ્રતિનિધિત્વ કરે છે. નારીવાદી સાંસ્કૃતિક વિશ્લેષક, સિદ્ધાંતવાદી અને કલા ઇતિહાસકાર ગ્રિસેલ્ડા પોલોકે કલાના ઇતિહાસ અને મનોવિશ્લેષણના દૃષ્ટિકોણથી સાંસ્કૃતિક અભ્યાસોમાં ફાળો આપ્યો. સદીના અંતે, લેખક જુલિયા ક્રિસ્ટેવા પ્રભાવશાળી અવાજો વચ્ચે છે, જે કલાના ક્ષેત્રમાં અને મનોવિશ્લેષણ ફ્રેન્ચ નારીવાદના સાંસ્કૃતિક અભ્યાસોમાં ફાળો આપે છે.

**કૌટુંબિક રચના અને લગ્ન**

પેઢીઓ માટે, ભારત પાસે સંયુક્ત કુટુંબ વ્યવસ્થાની પ્રવર્તમાન પરંપરા છે. તે જ્યારે પરિવારના વિસ્તૃત સભ્યો હોય - માતાપિતા, બાળકો, બાળકોની પત્નીઓ અને તેમના સંતાનો વગેરે. - એક સાથે રહેવું. સામાન્ય રીતે સૌથી યુવા પુરુષ સભ્ય સંયુક્ત ભારતીય પરિવાર વ્યવસ્થામાં વડા છે. તે મોટે ભાગે તમામ મહત્ત્વપૂર્ણ નિર્ણયો અને નિયમો બનાવે છે, અને અન્ય પરિવારના સભ્યો તેમના દ્વારા પાલન થવાની શક્યતા છે.

ગોઠવાયેલા લગ્ન > ભારતીય સમાજમાં ગોઠવાયેલા લગ્નો લાંબા સમયથી સામાન્ય છે.

**ભારતીય તહેવારો** :

પ્રાચીન સમયના વિવિધ પ્રસંગો દ્વારા ભારતીય સંસ્કૃતિના આધારે વિવિધ પ્રકારના તહેવારોનો સમાવેશ કરવામાં આવે છે. ભારત, બહુસાંસ્કૃતિક-, બહુધાર્મિક-વંશીય અને બહુ- સમાજ છે, રજાઓ અને વિવિધ ધર્મોના તહેવારો ઉજવે છે ભારતની ત્ર રાષ્ટ્રીય રજાઓ . : સ્વતંત્રતા દિવસ, પ્રજાસત્તાક દિવસ અને ગાંધી જયંતિ, ભારતભરમાં ઉત્સાહ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. વધુમાં, ઘણાં ભારતીય રાજ્યો અને પ્રાંતોમાં પ્રાદેશિક,ધાર્મિક અને ભાષાકીય જનસંખ્યાના આધારે સ્થાનિક તહેવારો છે.ભારતીય સંસ્કૃતિ મુજબ હજારો વર્ષો પૂર્વની શ્રધ્ધા અને માન્યતાની સાથે આપણા ભારતીય તહેવારોનું ઉજવણી કરવામાં આવે છે. લોકપ્રિય ધાર્મિક તહેવારોમાં માતાજીને ધ્યાનમાં રાખીને નવરાત્રી તહેવાર ઉજવવામાં આવે છે. તે જ રીતે કૃષ્ણભગવાનના જન્મ દિવસને મહત્ત્વ આપી જન્માષ્ટમી, શ્રીરામ ભગવાનને ધ્યાને લઇ દિવાળી, ભોળાશંભુ મહાદેવજીને ધ્યાનમાં લઈને મહા શિવરાત્રી, વિઘ્ન હરતા ગણપતિબાપા માટે ગણેશ ચતુર્થી, દુર્ગા પૂજા, હિરણ્યકશિપને હોળી, જેમ વિવિધ પ્રસંગોનુસાર રથયાત્રા, ઉગાડી, ઓણમ, વસંત પંચમી, રક્ષાબંધન અને દશેરા જેવા હિન્દુ તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. મકર સંક્રાંતિ, પોંગલ અને રાજા સંકરણ તહેવાર જેવા કેટલાક લણણી તહેવારો પણ એકદમ લોકપ્રિય છે. ભારતીય નૂતનવર્ષ તહેવાર ભારતના જુદા જુદા ભાગોમાં અલગ અલગ સમયમાં અલગ શૈલી સાથે ઉજવવામાં આવે છે .યુગડી, બિહુ, ગુડી પડવા, પુથુન્ડુ, પોહેલા બિશાખ, વિશુ અને વિશુ સંક્રેંટિ એ ભારતના જુદા જુદા ભાગમાં નવા વર્ષનો ઉત્સવ છે.

ભારતમાં કેટલાક તહેવારો બહુવિધ ધર્મો દ્વારા ઉજવવામાં આવે છે. નોંધપાત્ર ઉદાહરણોમાં દિવાળીનો સમાવેશ થાય છે, જે દેશભરમાં હિન્દુઓ, શીખ અને જૈનો દ્વારા ઉજવાય છે અને બુદ્ધ પૂર્ણિમા, બૌદ્ધ લોકો દ્વારા ઉજવવામાં આવે છે. શીખ ઉત્સવો, જેમ કે ગુરૂ નાનક જયંતી, બૈસાખી, પંજાબ અને દિલ્હીના શીખો અને હિન્દુઓ દ્વારા સંપૂર્ણ ધામધૂમથી ઉજવવામાં આવે છે, જ્યાં બે સમુદાયો એકસાથે વસ્તીમાં બહુમતી ધરાવે છે. ભારતની સંસ્કૃતિમાં રંગો ઉમેરી રહ્યા છે, ડ્રી ફેસ્ટિવલ ભારતના આદિવાસી તહેવારોમાં એક છે, જે અરુણાચલ પ્રદેશની ઝીરો ખીણના અપાટીનીઓ દ્વારા ઉજવવામાં આવે છે, જે ભારતનું પૂર્વીય રાજ્ય છે. નોરવ્ઝ ભારતના પારસી સમુદાયમાં સૌથી મહત્ત્વપૂર્ણ તહેવાર છે.

ભારતની 2011ની વસ્તી ગણતરી પ્રમાણે, ઇસ્લામ 172 મિલિયન મુસ્લિમો સાથે બીજા ક્રમનું સૌથી મોટું ધર્મ છે. ઇસ્લામિક તહેવારો જે ભારતમાં જોવા મળે છે અને જાહેર રજા જાહેર કરવામાં આવે છે; ઇદ ઉલ ફિતર, ઇદ ઉલ અદા- (બકરી ઇદ), મિલાદ અ. નબી, મોહરમ અને શબ-એ-બારાત.

કેટલાક ભારતીય રાજ્યોએ પ્રાદેશિક રજાઓના પ્રાદેશિક પ્રખ્યાત તહેવારોની જાહેરાત કરી છે; જેમ કે અરબાન, જુમુહ-તુમુલ-વિડા અને શબ-એ-કાડર.

ખ્રિસ્તી ધર્મ ભારતનો ત્રીજો સૌથી મોટો ધર્મ છે 23 મિલિયનથી વધુ ખ્રિસ્તીઓ સાથે, જેમાં 17 મિલિયન રોમન કૅથલિકો છે, ભારત ઘણા ખ્રિસ્તી તહેવારોનું ઘર છે. દેશ જાહેર રજાઓના દિવસે ક્રિસમસ અને ગુડ ફ્રાઈડે ઉજવે છે.

પ્રાદેશિક અને સમુદાય મેળા પણ ભારતમાં સામાન્ય તહેવાર છે. ઉદાહરણ તરીકે, રાજસ્થાનના પુષ્કર મેળા એક ઢોર અને પશુધનનું વિશ્વનું સૌથી મોટું બજાર છે. આ મુજબ અમુક ચોક્કસ પ્રકારના પ્રાણીઓને મહત્ત્વ આપવામાં આવે છે.

**ભારતીય ભોજન** :

ભારતીય ખાદ્ય તરીકે ભારત વિવિધ છે. ભારતીય રસોઈપ્રથા અસંખ્ય ઘટકોનો ઉપયોગ કરે છે, ખોરાકની તૈયારી શૈલીઓ, રાંધવાની તકનીકો અને રાંધણ પ્રસ્તુતિની વિશાળ શ્રેણીની ગોઠવણી કરે છે. સલાડથી ચટણીઓ સુધી, શાકાહારીથી માંસ સુધી, મસાલાથી સનસનાટીયુક્ત, બ્રેડમાંથી મીઠાઈઓ સુધી, ભારતીય રાંધણકળા નિરંતર જટિલ છે. ઘણા મીચેલિન-તારાંકિત શેફની પ્રિય હેરોલ્ડ મેકજી લખે છે, "પ્રાથમિક ઘટક તરીકે પોતે દૂધ સાથે સંપૂર્ણ સંશોધનાત્મકતા માટે, પૃથ્વી પર કોઈ દેશ ભારત સાથે મેળ ખાતો નથી.

**ભારતીય સંસ્કૃતિ આધારિત વસ્ત્રો** :

ભારતમાં પરંપરાગત કપડાં દેશના જુદા જુદા ભાગોમાં અલગ અલગ હોય છે અને સ્થાનિક સંસ્કૃતિ, ભૂગોળ, આબોહવા અને ગ્રામીણ / શહેરી અનુકૂળતા દ્વારા પ્રભાવિત છે. ડ્રેસરની લોકપ્રિય શૈલીઓમાં પુરુષો માટે સારાંશ અને ધોતી અથવા લુંગી અથવા પંચ (કન્નડમાં) જેવા ડ્રેસવાળા કપડાંનો સમાવેશ થાય છે. સિક્વ્ડ કપડાં પણ લોકપ્રિય છે, જેમ કે સ્ત્રીઓ માટે ચૂડીદાર અથવા સલવાર-કમીઝ, દુપટ્ટા (લાંબા ખેસ) સાથે ખભા પર રાખવામાં આવે છે. સલવાર ઘણીવાર ઘેરદાર અનુકૂળ હોય છે, જ્યારે ચૂડીદાર તટસ્થ કટ છે.

**નૃત્ય >** નાટક અને નૃત્ય દો (નાટ્ય, નાટ્ય) પાંચમી વૈદિક ગ્રંથ છે. એક મહાકાવ્ય વાર્તા સાથે જોડીને, સદગુણ, સંપત્તિ, નંદ અને આધ્યાત્મિક સ્વતંત્રતા તરફ દોરી રહી છે, તેમાં દરેક શાસ્ત્રોનું મહત્ત્વ હોવું જોઈએ અને દરેક કલાને આગળ ધપાવવું જોઈએ.

 ISBN : 978-81-938282-0-5

# " શાંતિપર્વનાં સંદર્ભમાં ચારિત્ર્ય નિર્માણ"

**સ્નેહા નટવરલાલ પ્રજાપતિ**

**શોધછાત્રા (Ph.D.)સંસ્કૃત વિભાગ,**

**ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ – 380009**

**પ્રસ્તાવના :-**

આપણા ભારત દેશને બનાવવા માટે અનેક લોકોએ ખૂબ જ તપશ્ચર્યા કરી છે. આ દેશમાં અનેક નાનાં - મોટાં લોકનાયકો થયા છે. જેમ કે, વાલ્મીકિ, વ્યાસ, વિશ્વામિત્ર, યાજ્ઞવલ્કય, અત્રિમુનિ આ બધાં લોકનાયકોએ પોતાનાથી થતાં સમાજનાં બધાં જ કામ કર્યા. આ દેશને બનાવવા માટે નાયકો થયાં અને એવા લોકોએ આ દેશને બનાવ્યો. જે લોકનાયક છે તે સામાન્ય નથી હોતો. તે ચરિત્રનું બહું મોટું પુંજ હોય છે. આખરે એનું ચરિત્ર એટલું બધું ચમકતું હોય છે. ચરિત્ર કોઈ નાની વસ્તુ નથી. ચરિત્ર એટલે હોવાપણું, વ્યક્તિત્વ

ટૂંકમાં સાચું જીવન જીવવાવાળા માણસો ચરિત્રવાન છે અને જે લોકો ખોટું જીવન જીવે છે તે લોકો ચરિત્રવાન નથી. ચરિત્રવાન વ્યક્તિ પ્રામાણિક હોય છે. તે સમૂહમાં સારી રીતે વર્તન કરે અને એકાંતમાં પણ એવું જ વર્તન કરે તો તમે ચરિત્રવાન કહેવાઓ.

'જાહેરમાં જ સારું વર્તન કરવું તે પર્સનાલિટી કહેવાય છે અને ખાનગીમાં જે સારું - નરસું વર્તન કરો તે તમારું ચારિત્ર્ય કહેવાય.' પર્સનાલિટી એ બાહ્ય વસ્તુ છે જે આડંબર છે અને ચરિત્ર તો આંતરિક વસ્તુ છે. જે આપણને ચરકમુનિ, વરાહમિહિર, આર્યભટ્ટ, ધન્વંતરિ જેવા લોકનાયકો દ્વારા ઉદાહરણ મળી રહે છે. ભાસનાં નાટક અને મહાકાવ્યમાં નાયક હોય છે. કોઈ પણ મહાકાવ્યમાં નાયક, કથાવસ્તુ અને રસ હોય છે. કથામાં જીવન અને નાયકમાં ચરિત્ર હોય છે.

નાયકની પાસે જીવનધ્યેય હોવું જરૂરી છે. ચરિત્રવાન વ્યક્તિઓ આ દુનિયાને કંઇક આપવા માટે જ આવ્યો હોય છે

મહાભારત, રામાયણ, પુરાણો વગેરે દ્વારા આપણું ચરિત્ર કેળવાય છે. જેમ કે, મહાભારતમાં શાંતિપર્વમાં મરુત, સુહોત્ર, બૃહદ્રથ, શિબિ, દુષ્યંત પુત્ર ભરત, રામચંદ્ર, ભગીરથ, દિલીપ, માંધાતાં, યયાતિ, અંબરીષ, શશબિંદુ, ગય, રતિદેવ, સગરરાજા, પૃથુરાજા વગેરે જેવા સોળ રાજાઓના ચરિત્રો, પરશુરામ ચરિત્ર અને મુચુકુંદ જેવા રાજાઓના ચરિત્રો દ્વારા લોકોએ ચરિત્રવાન બનવું જોઈએ.

**ચરિત્રનું મહત્ત્વ :-**

વ્યક્તિનો વિકાસ ચરિત્રથી થાય છે અને ચરિત્રથી જ મનુષ્યની ઓળખ થાય છે. ' ચરિત્ર' શબ્દ મનુષ્યનાં સંપૂર્ણ વ્યક્તિત્વને પ્રકટ કરે છે. 'પોતાને ઓળખો' શબ્દનો એ જ અર્થ છે. ઉપનિષદોએ જ્યારે કહ્યું હતું : 'आत्मा वारे श्रोतव्यो मंतव्यो निदिध्यासितव्यः ; नान्यतोस्ति विजानतः। ; ત્યારે આ દુર્બોધે મનુષ્ય ચરિત્રને ઓળખવાની પ્રેરણા કરી હતી. યૂનાનનો મહાન દાર્શનિક સુકરાતે પણ બૂમો પાડીને આ જ કહ્યું હતું : પોતાને ઓળખો ! મનુષ્યનું ચરિત્ર વિચાર અને આચાર બે મળીને બને છે. ચરિત્ર મનુષ્યની સર્વોપરી, સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે. વિચારોને અનુરૂપ સંસ્કાર બને છે અને સંસ્કારોને અનુરૂપ મનુષ્યનું ચરિત્ર બને છે.

બર્ટન લખે છે - 'ચરિત્ર એક એવો હીરો છે, જે કોઈ પણ પથ્થરને ઘસી શકે છે અને કાપી શકે છે.' ચરિત્ર માત્ર શક્તિ જ નથી, બધી શક્તિઓ પર છવાઈ જાય તેવી મહાશક્તિ છે. એક શ્લોકમાં ખૂબ સરસ કહ્યું છે કે,

विदेशेषु धनं विद्या व्यसनेषु धनं मति मतिः ।
परलोके धनं धर्मः शीलं सर्वत्र वै धनम् ।।

અર્થાત્ વિદેશમાં વિદ્યા ધન, સંકટમાં મતિ (બુદ્ધિ) ધન, પરલોકમાં ધર્મ ધન હોય છે. પણ શીલ તો બધી જગ્યાએ ધન છે. જેના જોડે ચરિત્રરૂપી ધન હોય છે, તેની સામે સંસાર-ભરની વિભૂતિઓ સંપત્તિઓ અને સુખ -સુવિધાઓ તેની સામે નમી જાય છે.

ચરિત્ર જન્મજાત ગુણો અને આદાનથી ઢાળેલા વ્યવહારને મળીને બને છે. ચરિત્ર સાધન છે. ઉપનિષદોનો સંદેશ છે. "ભલે તમે ગમે એટલું ધન, કમાઈ લો, કેટલીય ડિગ્રીઓ પ્રાપ્ત કરીલો, પરંતું જો તમારું ચરિત્ર ઉત્તમ નથી તો તમારું મૂલ્ય બે કોડી પણ નથી."

चरित्र हिनं न पुनन्ति वेदा । અર્થાત્ ચરિત્ર હીનનો તો વેદ પણ ઉદ્ધાર નથી કરી શકતો અને સારું બનવા માટે આપણે વેદ માર્ગ પર ચાલવું જોઈએ.

સેમ્યુઅલ સ્માઈલને ચરિત્રની પરિભાષા કરતાં કહ્યું છે કે "ચરિત્ર આદતોનો સમૂહ છે." "Character Is Bundle Of Habits."

આપણા જીવનમાં પરિસ્થિતિઓ ભલે ગમે તેવી આવી હોય પણ આપણું ચરિત્ર હંમેશાં સારું હોવું જોઈએ. જેવું કે અબ્રાહમ લિંકને કહ્યું છે કે :- "Character એક વૃક્ષના જેવું છે અને Personality તેની પડછાયાના જેવી છે તે પડછાયો છે ; પરંતું વાસ્તવિક વસ્તુ તો વૃક્ષ છે."

**ચારિત્ર્યહીનતાનું પરિણામ** :-

યુધિષ્ઠિરે પિતામહ ભીષ્મને પોતાના મનનો સંશય રજૂ કરતા પૂછ્યું કે, આ પૃથ્વી ઉપર ધર્મ કરતા પણ શીલ (ચારિત્ર્ય) સદાચાર પ્રથમ છે અને ઉત્તમ છે તો શીલન વિશે ઉપદેશ આપ્યો કે તું શીલવાન થા એમ ધૃતરાષ્ટ્રે કહ્યું હતું યુધિષ્ઠિર પાસેથી રાજ્યલક્ષ્મી તારે મેળવવાની ઇચ્છા હોય તો શીલ પ્રભાવથી ત્રણે લોકને જીતી શકીશ અને શીલન મહત્ત્વને ઉદાહરણથી સમજાવે છે કે શીલથી કંઇ અસાધ્ય નથી માંધાતા, જનમેજય અને નાભાગ આ બધાં રાજાઓ શીલ સંપન્ન અને દયાળુ હતા તેથી જ આપોઆપ પૃથ્વી ખરીદાઈ ગઈ.

શીલ કયાં ઉપાયે પ્રાપ્ત થશે એવું દુર્યોધને ધૃતરાષ્ટ્રને પૂછ્યું ? ધૃતરાષ્ટ્રે શીલની પ્રાપ્તિ માટે પણ પ્રાચીન દૃષ્ટાંત રજૂ કર્યું કે પ્રહલાદે ઈન્દ્રનું રાજ્ય લઈ લીધું અને શીલનો આશ્રય કરીને ત્રણે જગતને વશ કરી લીધાં હતાં. ત્યારે ઈન્દ્રે બૃહસ્પતિની પાસે મોકલ્યો પછી શુક્રાચાર્યે તેને પ્રહલાદ પાસે મોકલ્યા ત્યારે તરત જ ઈન્દ્રે બ્રાહ્મણવેશ ધરાણ કરી પ્રહલાદ પાસે બે હાથ જોડીને શ્રેય મેળવવા માટે ઈચ્છા કરે છે. પ્રહલાદ તેના પર પ્રસન્ન થઈ તત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો. ત્યાર બાદ ઈન્દ્રને પ્રહલાદના શીલ વિશે સંપૂર્ણ માહિતી મળી કે પ્રહલાદ શીલવાન છે. ત્યારે ઈન્દ્રે નમ્ર બનીને તેને ગુરુભક્તિમાં કૃતાર્થ કરી દીધો ત્યારે પ્રહલાદે પ્રસન્ન થઈને ઈન્દ્રને વરદાન માગવા કહ્યું.

ઈન્દ્ર ઉપર પ્રહલાદ પ્રસન્ન થઈને વરદાન માગવા કહે છે ત્યારે ઈન્દ્ર પ્રહલાદ પાસે માગે છે કે તમારું શીલ મને પ્રાપ્ત થાય એ વરદાન હું માગું છું. આવા વરદાનથી દૈત્યરાજાએ પ્રસન્ન થઈ વરદાન

આપ્યું. આ વરદાન આપ્યા પછી પ્રહલાદ દુઃખી થઈ ગયો તેવામાં તેના શરીરમાંથી તેજોમય શરીરવાળું શીલ બહાર નીકળ્યું.તેને અભિમાન આવ્યું અને તેને શીલને પૂછ્યું તું કોણ છે? ત્યારે શીલ તેને કહે છે તે મારો ત્યાગ કર્યો છે. તેથી જ તારો શિષ્ય થઈને રહેતો હતો. તેનાં શરીરમાં પ્રવેશ કરૂં છું. કારણકે, નિર્દોષ બ્રાહ્મણ અહંકાર રહીત છે. ત્યાર બાદ શીલની સાથે-સાથે પ્રહ્લાદના શરીરમાંથી ધર્મ ત્યારબાદ સત્ય, વૃત્ત, સદાચાર, બળ અને છેલ્લે લક્ષ્મી તેના શરીરને છોડીને ત્યાગ કરીને શીલના પાછળ-પાછળ જાય છે, ત્યારે દૈત્યરાજા પ્રહ્લાદ લક્ષ્મી કહે છે કે, બ્રાહ્મણના વેશમાં આવેલો તે પુરુષ ઈન્દ્ર પોતે હતો અને તારા શીલને હરી ગયો છે.

**धर्मः सत्यं तथा वृत्तं बलं चैव ताथाप्यहम्।**
**शीलमूला महाप्राज्ञ सदा नास्त्यत्र संशयः।।**(1)

હે રાજા ધર્મ, સત્ય, વૃત્ત, બળ, અને હું લક્ષ્મી એ સર્વનું મૂળ શીલ છે. તેમાં તું સંશય માનીશ નહિ.

આમ જોતા પ્રહલાદ જ્યારે નિરાશ થઈને ગયો ત્યારે તેને શીલ મેળવવાનો ઉપાય પ્રદર્શિત કર્યો કેમ કે, શીલ વિનાનાં પુરુષો પાસે લાંબા સમય સુધી લક્ષ્મી ટકતી નથી અને મૂળથી જ વિનાશ થઈ જાય છે. તેથી દુર્યોધનને કહ્યું કે, યુધિષ્ઠિર કરતા વધારે રાજ્યલક્ષ્મી મેળવવાની ઈચ્છા હોય તો પૂર્વોક્ત ઈતિહાસને યથાર્થ રીતે જાણીને શીલ સંપન્ન ભીષ્મે યુધિષ્ઠિરને કહ્યું કે,

एतत् कथितवान् पुत्रे धृतराष्ट्रो नरादिपः।
एतत् कुरुष्व कौन्तेय ततः प्राप्यस्यसि तत् फलम्।।(2)

ધૃતરાષ્ટ્રે દુર્યોધનને શીલ સંપન્ન બનવા ઉપદેશ આપ્યો હતો તો તમે પણ શીલવાન થાવ જેથી મહાન ફળ પ્રાપ્ત કરી શકશો.

એક શ્લોકમાં કહ્યું છે કે, **शीलं तु कल्पद्रुमः।** અર્થાત્ શીલ તો સાક્ષાત કલ્પવૃક્ષ છે.

અહીં ચારિત્ર્યનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. રાજમાં સારૂં ચારિત્ર્ય હોવું એ વધારે મહત્ત્વનો ભાગ ભજવે છે. **यथा राजा तथा प्रजा ।** શીલ ( ચારિત્ર્ય ) વિનાનાં માણસનું જીવન વ્યર્થ છે. સંસ્કૃતમાં એક સુભાષિતમાં કહ્યું છે કે,

न मुक्ताभि र्न माणिक्यैः न वस्त्रै र्न परिच्छदैः।
अलङ्कियेत शीलेन केवलेन ही मानवा।।

અર્થાત્ મોતી, માણેક, વસ્ત્ર કે પહેરવેશથી નહીં, પણ માત્ર શીલથી જ માણસ વિભૂષિત થાય છે.

અને બ્રાહ્મણવેશે ઈન્દ્રે પ્રહલાદ પાસેથી શીલ જેવી મુખ્ય વસ્તુ વરદાનમાં લઈ લીધી કેમ કે ચરિત્રનું મહત્ત્વ ધન અને સ્વાસ્થ્ય બે થી ઉપર છે માટે વિદ્વાનો વિચારકોએ કહ્યું કે :- "If money is gone, then nothing has happened. Health goes on, nothing has happened, but if the character disappears, everything goes away."

## શાંતિપર્વમાં ઉત્તમ ચારિત્ર્યનાં દૃષ્ટાંત :-

વ્યાસે યુધિષ્ઠિરને કહ્યું કે, પૂર્વે શંખ અને લિખિત બે ભાઇઓ હતાં. તેઓ બહુદા નદીનાં કાંઠે જુદાં-જુદાં આશ્રમો કરીને રહેતાં હતાં.એકવાર શંખ બહાર ગયો ત્યારે લિખિત તેને મળવા આશ્રમમાં આવ્યો ત્યારે ત્યાંના વૃક્ષોના ફળ ખાવા લાગ્યો ત્યારે શંખ આવ્યો અને તેણે કહ્યું કે મને પૂછ્યા વિના ફળ તોડ્યા તેથી ચોરી કહેવાય અને તે લિખિતને સુધુમ્ન રાજા પાસે સજા લેવા મોકલે છે અને લિખિત કહે છે કે,

अदत्तादान मे वेदं कृतं पार्थिवसत्तम।
स्तेनं मां त्वं विधित्वा च स्वधर्ममनुपालय।
शीघ्रं धारय चौरस्य मम दण्डं नराधिप।।(3)

હે રાજન ! મેં ન આપેલું ગ્રહણ કર્યું છે, તેથી મને ચોર જાણીને આપ સ્વધર્મનું પાલન કરો. હે નારાધિપ ! ચોર એવા મને એકદમ જ દંડ કરો.

अनिसुष्टानि गुरुणा फलानि पुरुषर्षभ।
भक्षितानि मया राजंस्तत्र मां शादि माचिरम्।।(4

મોટાભાઈએ ન આપેલાં ફળ હે પુરુષ શ્રેષ્ઠ ! જો ખાધા છે તો હે રાજન ! તે વિષે મને જલદી દંડ કરો."

રાજાએ માફ કર્યા પછી પણ લિખિત સજાનો આગ્રહ રાખતા, રાજાએ હાથના કાંડા કપાવી નાખ્યા અને પાછા ફર્યા બાદ શંખે લિખિતને નદીમાં સ્નાન કરવા મોકલ્યો.

स गत्वा भ्रातरं शंङखमार्तरुपोब्रवीदिदम्।
धृतदण्डस्य दुर्बुद्धर्भगवन्क्षन्तुमर्हसि।।(5)

પછી ભાઈ શંખ પાસે જઈને દુ:ખી થયેલા તેણે આમ કહ્યું, "હે ભગવાન ! દુર્બુદ્ધિ એવા મેં દંડ સ્વીકાર્યો છે (તમે) મને ક્ષમા કરો."

ત્યાં શંખના તપના પ્રભાવથી લિખિતને બે હાથ ફરીથી ફૂટી નીકળ્યા. આ જોઈ લિખિતે શંખને કહ્યું કે ચોરીના પાપમાંથી તમે પહેલા મારી શુદ્ધિ કેમ ન કરી ત્યારે લિખિતે કહ્યું કે દંડ દેવાનું કામ રાજાનું છે અને તમે દંડ ભોગવી પવિત્ર અને દંડ આપી રાજા શુદ્ધ થયો છે.

વ્યાસજીના આ દૃષ્ટાંતમાં લિખિતના કરેલા કર્મના ફળ ભોગવવાની તૈયારી અને તેની સત્યનિષ્ઠામાં તેનું ઉચ્ચ ચરિત્ર ઊભરાઈ આવે છે. કેમ કે, અત્યારના સમયમાં મનુષ્યમાં લિખિતની જેમ સત્ય બોલવાની પ્રામાણિકતા રહી જ નથી. આજનો માણસ ડગલેને પગલે જૂઠું બોલી તેની એક ભૂલને છુપાવવા માટે અને સજામાંથી મુક્તિ મેળવવા માટે હજાર જૂઠ બોલે છે. આમ તો લોકો ખરાબ કામ કરે છે અને સ્વીકારતા નથી પોતાની ભૂલને સ્વીકારવી તે ખૂબ મહત્ત્વની બાબત છે. અને તેનું પરિણામ ભોગવવાની તૈયારી ખૂબ ઓછા લોકોમાં જોવા મળે છે.

ભીષ્મ યુધિષ્ઠિરને રાજા મુચુંકુંદની પ્રાચીન કથાનું ઉદાહરણ આપત કહે છે કે મહારાજા મુચુંકુંદે આખી પૃથ્વી ઉપર વિજય મેળવ્યા પછી પોતાના બળની પરીક્ષા કરવા કુબેરની અલકાનગરી પર ચઢાઈ કરી પરંતું, કુબેરની સેનાએ મુચુંકુંદની સેનાને સંહરવા લાગી ત્યારે મુચુંકુંદે પોતાના વિદ્વાન પુરોહિત વસિષ્ઠની મદદથી તેમના તપના પ્રભાવથી રાક્ષસોનો નાશ કર્યો ત્યારે કુબેરે આ જોઈ મુચુંકુંદને કહ્યું કે તમારે એક બ્રાહ્મણના બળ પર આટલો ગર્વ ન કરવો જોઈએ. પોતાની ભુજાઓમાં બળ બતાવવાનું કહ્યું ત્યારે મુચુંકુંદે કહ્યું કે બ્રાહ્મણ તથા ક્ષત્રિય બેઉ બ્રહ્માએ ઉત્પન્ન કર્યા છે ? બ્રાહ્મણમાં મંત્ર અને તપનું બળ છે. જ્યારે ક્ષત્રિયમાં ભુજાઓ અને શસ્ત્રોનું બળ છે. હું બેઉને સાથે રાખીને કાર્ય કરું છુ.

ततोडब्रवीद्वैश्रवणो राजानं सपुरोहितम्।
नाहंराज्यमनिर्दिष्टं कस्मैचिद्विदधाम्युत।।(6)
नाच्छिन्दे.चापि.निर्दिष्टमिति जानिहि.पार्थिव।
प्रशाधि पृथ्वीं वीर मद्दत्तामखिलामिमाम्।।(7)

પછી કુબેરે પુરોહિત સાથે રાજા મુચુંકુંદને કહ્યું કે, હે રાજન ! હું ઈશ્વરની આજ્ઞા વગર કોઈને રાજ્ય આપતો નથી અને ઇશ્વરાજ્ઞા વગર કોઈનું રાજ્ય લેતો નથી. હે વીર ! તો પણ મેં તમને રાજ્ય પ્રદાન કર્યું છે તો તમે મેં આપેલી સમગ્ર પૃથ્વી ઉપર શાસન કરો.

કુબેર આ સાંભળી મુચુંકુંદને ખુશીથી આખી પૃથ્વી આપવા કહ્યું પણ મુચુંકુંદે કહ્યું કે,

नाहं राज्यं भवधत्तंभोत्कुमिच्छामि पार्थिव।
बाहुवीर्यार्जितं राज्यमश्नीयामिति कामये।।(8)

હે રાજન ! હું આપે આપેલા રાજ્યને ભોગવવા ઈચ્છતો નથી. હું ઈચ્છું છું કે મારા બાહુબળથી જીતેલું રાજ્ય જ હું ભોગવું.

હું તો મારા ભૂજબળથી મેળવેલું રાજ્ય જ ભોગવીશ આમ મુચુંકુંદને ક્ષત્રિય ધર્મમાં આગ્રહી જોઈ કુબેરને આશ્ચર્ય થયું .

ततो राजा मुचुकुन्दः सोडन्वशासद्बसुंधराम्।
बाहुवीर्यार्जितां सम्य कक्षत्रधर्ममनुव्रतः।।(9)

પછી રાજા મુચુંકુંદે બાહુબળથી જીતેલી પૃથ્વીનું ક્ષાત્ર - ધર્મને અનુસરીને શાસન કર્યું.
અટલે કે મુચુંકુંદ પોતાની રાજધાનીમાં પાછા ફર્યા અને રાજ્ય કરવા લાગ્યા .

અહીં કુબેરે ખુશ થઈને રાજા મુચુંકુંદને આખી પૃથ્વી આપવા તૈયાર થયા ત્યારે મુચુંકુંદે તેનો અસ્વીકાર કરી કહ્યું કે હું મારા ભૂજબળથી મેળવેલ રાજ્ય જ ભોગવીશ આ વાક્યમાં રાજા મુચુંકુંદનું ચરિત્ર દેખાય છે. પરંતું આજનો માનવી તો મહેનત વગર ટૂંકા રસ્તાથી આગળ આવવા મથે છે અને સામે ચાલીને કોઈ પણ વસ્તુ માંગી લે છે. પરંતુ માણસે કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ પોતાની મહેનત, શક્તિ અને આત્મબળના દમ પર મેળવવાની ઈચ્છા રાખવી જોઈએ. કુબેર રાજા મુચુંકુંદને સામે ચાલીને પૃથ્વી આપે છે તો પણ તેનો અનાદર કરે છે. માણસ હંમેશા મહેનત અને આત્મબળથી કોઈ પણ વસ્તુ મેળવે તો તેનાથી તેને સંતોષ થાય છે.

ભીષ્મ યુધિષ્ઠિરને કથા કહે છે કે,

अत्राटयुदारन्तीममितिहासं पुरातनम्।
यथा दस्युःसमर्यादः प्रेत्यभावे न नश्यति।।(10)

આ બાબતમાં એક પ્રાચીન ઈતિહાસ કથા કહે છે કે વ્યક્તિ દસ્યું (ડાકુ) હોવા છતાં મર્યાદાપૂર્વક રહેવાથી માર્યા પછી નરકગામી બનતો નથી.

પૂર્વે કાયવ્ય નામનો એક લૂંટારો જંગલમાં રહીને લૂંટફાટ કરતો હતો. તે ભીલોનો સરદાર હતો, પણ વનવાસી તપસ્વીઓનો આદર કરતો હતો. પોતાના વૃદ્ધ માતા-પિતાની સેવા કરતો.

એક સમય સર્વ લુંટારાઓ એકત્ર થઈ તેને પોતાનો નાયક બનવા કહ્યું ત્યારે કાયવ્યે તેમને કહ્યું કે મને નાયક બનાવવો હોય તો હું કહું તેમ વર્તવું પડશે. અને કહ્યું કે -

मा वधीस्त्वं स्त्रीयं भीरुं मा शिशुं मा तपस्विनम्।
नायुध्यमानो हन्तव्यो न च ग्राहया बलत्स्त्रियः।।(11)

હે ભાઇઓ ! તમે સ્ત્રી, ડરપોક, બાળક તથા તપસ્વીને હણશો નહીં. જે લડતો ન હોય તેને મારવો નહિ. બળપૂર્વક સ્ત્રીનું ગ્રહણ ન કરવું.

પ્રથમ તો બ્રાહ્મણ અને સ્ત્રીનું રક્ષણ કરવું, ધર્મ કાર્યમાં વિઘ્ન કરવું નહિ, બાળહત્યા કરવી નહિ અને સત્યનો ત્યાગ કરવો નહિ અને કાયવ્ય લુંટારાની આ બધી શરતો બધાંએ કબૂલ કરી અને એ પ્રમાણે મર્યાદાપૂર્વક વર્તન રાખીને તે બધાં સુખી થયાં.

कायव्य कर्मणा तेन.महतीं सिद्धमाप्तवान।

साधूनामाचरन्क्षेमं दस्यून्यायान्निवर्तयन।।(12)

કાયવ્ય તે કર્મથી મોટી સિદ્ધિ પામ્યો.તેણે સાધુઓનું કલ્યાણ કર્યું અને દસ્યુઓને પાયામાંથી નિવાર્યા .

ચોરી જેવું અધમ કૃત્ય કરનારા લૂંટારા પણ જો મર્યાદાપૂર્વક વર્તે છે તો તેની અધોગતિ થતી નથી. કાયવ્ય લૂંટારો હોવાં છતાં પણ તેને અન્ય ચોર લોકોને પાપકર્મ કરતા અટકાવ્યા અને સત્પુરુષોનું કલ્યાણ કર્યું હતું એટલે કાયવ્ય પોતાનાં ઉત્તમ વિચારોથી મૃત્યુ પછી પણ ઉત્તમ ગતિ પામ્યો.

બીજાને સાચા અને સારાં માર્ગ તરફ ચાલતા કર્યા તેમાં કાયવ્ય લૂંટારો હોવાં છતાં પણ તેનામાં ઉચ્ચ ચરિત્ર છતું થાય છે. કેમ કે ખરાબ વિચારો ધરાવતાં લોકોને પોતાના સારાં વિચાર તરફ વળવા માટે માણસમાં પોતાના વિચાર અને ચરિત્ર ઉચ્ચ હોવાં જોઈએ તો જ તે બીજાને સુધારી શકે છે. માણસ ગમે તેટલો ખરાબ કેમ નથી પણ ખરાબ વ્યક્તિ પણ સારાની અપેક્ષા રાખે છે. કાયવ્યના કર્મો ભલે ખરાબ રહ્યાં તેનાં કર્મો થકી તે સારાં કાર્યો કરે છે. કાયવ્ય પોતાના કર્મોથી બીજા માટે સારૂં ઈચ્છે છે. કાયવ્ય લૂંટારાઓ જેવા માણસોના વ્યવહારથી પરિવર્તન આવી શકે છે જ જેમ કે, રામાયણના વાલ્મિકી ઋષિ પહેલાં વાલિયો લૂંટારો હતાં. પરંતુ તેમણે નારદમુનિના વિચારો ગ્રહણ કરી, સત્યના માર્ગ ઉપર ચાલી એક શ્રેષ્ઠ મુનિ બન્યાં.

આ બધી પ્રાચીન કથાઓમાં ભીષ્મે યુધિષ્ઠિરને જુદી-જુદી કથાઓમાં રામ, દિલીપ, સગર, શિબિ, દુષ્યંત, ભરત, ગય, ભગીરથ, પૃથુ વગેરેના ચરિત્ર પ્રસંગો અને આખ્યાનો દ્વારા ખૂબ સરસ ઉપદેશો આપ્યા છે. જેમાં ભીષ્મનું ઉચ્ચ ચરિત્ર છતું થાય છે. કેમ કે, ભીષ્મ ખૂબ જ વિદ્વાન અને શીલવાન હતાં. તેમના જીવનમાં તેઓ કડક અનુશાસન પાળતા અને જે વ્યક્તિમાં સત્યનિષ્ઠા, સદાચાર, નીતિ જેવા અનેક ગુણો તેમનાં ચરિત્રમાં છલકાતા હોય તેવા માણસ અન્યને ઉપદેશ આપી શકે. અટલે અહીં ભીષ્મનું ચરિત્ર શ્રેષ્ઠ સાબિત થાય છે.

ટૂંકમાં મહાભારતમાં શાંતિપર્વમાં ઉદાહરણીય પાત્રને લક્ષમાં રાખીને જીવતાં જીવનમાં ચરિત્ર્ય નિર્માણ કેવી રીતે થઈ શકે તેનું અનુશીલન કરવાની નેમ છે.

**પાદટીપ :-**

1. (महाभारत शान्तिपर्व राजधर्मनुशासनपर्व अध्याय-१२४.श्लोक-६२)
2. (महाभारत शान्तिपर्व राजधर्मनुशासनपर्व अध्याय-१२४.श्लोक-७१)
3. (महाभारत शान्तिपर्व राजधर्मनुशासनपर्व अध्याय-२४.श्लोक-१०)
4. (महाभारत शान्तिपर्व राजधर्मनुशासनपर्व अध्याय-२४.श्लोक-१५)
5. (महाभारत शान्तिपर्व राजधर्मनुशासनपर्व अध्याय-२४.श्लोक-२०)
6. (महाभारत शान्तिपर्व राजधर्मनुशासनपर्व अध्याय-७५.श्लोक-१६)
7. (महाभारत शान्तिपर्व राजधर्मनुशासनपर्व अध्याय-७५.श्लोक-१७)

8. (महाभारत शान्तिपर्व राजधर्मनुशासनपर्व अध्याय-७५.श्लोक-१८)
9. (महाभारत शान्तिपर्व राजधर्मनुशासनपर्व अध्याय-७५.श्लोक-२०)
10. (महाभारत शान्तिपर्व आपद्धर्मपर्व अध्याय-१३३.श्लोक-१)
11. (महाभारत शान्तिपर्व आपद्धर्मपर्व अध्याय-१३३.श्लोक-१३)
12. (महाभारत शान्तिपर्व आपद्धर्मपर्व अध्याय-१३३.श्लोक-)

 ISBN : 978-81-938282-0-5

## शरीरमाध खलु धर्मसाधनम ।

**બાલકૃષ્ણ હરિશંકર પંડયા**

આપણે ભણવું અને ભણાવવું એ બ્રાહ્મણ કર્મ કરવાં છતાં મેડી-ક્લેઇમનો ઉપયોગ નિવૃત્ત થતાં પહેલાં કરવો પડે છે. માટે આ એક ચિંત્ય વિષય છે. શારીરિક સુખ એ જીવનની ગુણવત્તાનું પ્રથમ સોપાન છે. તે માટે સશક્ત શરીરની ઘણી જ આવશ્યકતા છે.

શરીર માટે શક્તિ ચાર જગ્યાએથી મળે છે. ૧. આસન-પ્રાણાયામથી ૨. ખોરાકમાંથી ૩. ઊંઘ અને આરામમાંથી અને ૪. આધ્યાત્મિક જ્ઞાનમાંથી

૧. આસન-પ્રાણાયામ કરવાથી : સૂર્યોદય પહેલાં એક કલાક ચાલી નિશાળમાં કરેલાં ૮-૧ આસનો કરી ૩૦મિનિટ પ્રાણાયામ કરવાથી શરીરના પ્રત્યેક અંગને ઑક્સિજન મળવાથી શક્તિ મળે છે.

૨. ગીતામાં દર્શાવ્યા મુજબ ખોરાક લેવાથી : મિતાહાર એટલે ભૂખ કરતા અર્ધો-સાત્ત્વિક ખોરાક જેથી મન અને હૃદય પ્રસન્ન રહે તે લેવાથી યોગ્ય માત્રામાં શક્તિ મળે છે.

૩. ઊંઘ અને આરામ : દિવસ દરમિયાન સખત શારીરિક પરિશ્રમ કરવાથી રાત્રે ગાઢ નિદ્રા વખતે હ્રદયમાં આવેલી પુરીતતી નાડીમાં મન પ્રવેશી આત્મા સાથે ભેટે છે અને મન સ્વચ્છ બને છે.- અને બીજા દિવસે કામ કરવાની શક્તિ મળે છે. ઊંઘ માત્ર છ કલાકની લેવાની છે. તેથી વધુ ઊંઘ લેવાથી માણસ થાકેલો ઊઠે છે. દિવસે ઊંઘ લેવાથી નાડીઓમાં ફેરફાર થતો હોવાથી તે ત્યાજ્ય જાય છે.

૪. આધ્યાત્મિક જ્ઞાન અને ધ્યાનમાંથી ઘણી શક્તિ મળે છે. ધ્યાન કરવાથી મન ખાલી થાય છે અને જ્ઞાનથી હૃદય ભરાય છે પ્રેમથી એટલે માણસ સશક્ત બને છે.

આયુર્વેદમાં બીમાર પડવાની ચાર રીતો બતાવી છે.

अति अम्बुवानात विषसाशनाच्च,  
सन्धारणात्स्वप्नविपर्ययाच्च ।  
कालेडपि सात्म्यं लघुचापि भुक्तम  
अन्नं न पाकं भजते नरस्य ॥ माधवनिदान पृ. 202 ।।

૧. વધુ પડતુ પાણી પીવાથી : આપણે શાકાહારીઓએ તરસ છીપે તેટલું જ પાણી પીવાનું છે કારણ કે આપણી બધી જ રસોઈમાં પાણી આવે છે. વધુ પડતું પાણી પીવાથી શરીરની અંદરના સારા તત્ત્વો પણ ધોવાઈ જાય છે. વધુ પાણી માંસાહારીઓને પીવું પડે છે કારણ કે તેમની રસોઈમાં પાણીની માત્રા ઓછી હોય છે. આમ બીમાર પડવાની પહેલી રીત વધુ પડતું પાણી પીવાથી છે.

2. विषमारानात च : જમ્યા પછી કલાકમાં જ માણસ કંઈક ને કંઈક ફાકા મારે છે, ભૂખ લાગે ત્યારે જમતો નથી, ના ભૂખ હોય ત્યારે ખાય છે, સાત્ત્વિક મિતાહારી ખોરાક લઈ શકતો નથી. ખોરાકની માત્રા જરૂર કરતાં વધુ લે છે આથી માણસ બીમાર પડે છે.

3. सन्धारणात : માણસ કામમાં એટલો બધો રચ્યો પચ્યો રહે છે જેથી મળ-મૂત્રના વેગને પણ ટાળે છે આથી માણસ બીમાર પડે છે.

4. स्वप्नविपर्ययात च : માણસ રાત્રે જાગે છે અને દિવસે સૂવે છે તેથી પણ તે બીમાર પડે છે.

धीधृतिस्मृतिविमंज्ञः कार्य यत्कुरुते शुभम ।
प्रज्ञापराधं तं विद्यात्सावदोषप्रकोपणम ॥ चरकसंहिता ॥

આપણી બુદ્ધિ કહે છે કે આ કામ કરવા જેવું નથી છતાં આપણે તે કામ કરીએ છીએ, ધીરજ એમ કહે છેકે હમણાં થોભો અને રાહ જુઓ છતાં આપણે તે કામ કરીએ છીએ. આપણો અનુભવ કહે છે કે આ રસ્તે જશો નહિ છતાં આપણે જઈએ છીએ તેથી 'પ્રજ્ઞાપરાધ' થાય છે જેથી શરીરમાં વાયુ, પિત્ત અને કફ વધે છે રજસ-તમસનો પ્રકોપ થાય છે અને વ્યક્તિ બીમાર પડે છે.

समदोषाः समाग्निश्व समधातुमलक्रियः ।
प्रसन्नात्मेन्द्रियमनाः स्वस्थईत्त्मयधीयते ॥ सुश्रुतसंहिता ॥

શરીરમાં વાયુ, પિત્ત, કફ અને મનના બે રજસ અને તમસ એમ પાંચેય દોષોનું પ્રમાણ સમ હોવું જોઈએ, શરીરમાં પંચમહાભૂતોના પાંચ, સાત ધાતુઓના સાત અને ૧૩મો જઠરાગ્નિ આમ આ ૧૩ અગ્નિઓનું પ્રમાણ સમ હોવું જોઈએ, ખોરાક લીધા પછી – દરેકના અગ્નિથી-

૧. પ્રથમ પાંચ દિવસમાં રસ બને છે અને કફ તરીકે કચરો છૂટો પડે છે.
૨. બીજા પાંચ દિવસમાં રસમાંથી રક્ત બને છે અને પિત્ત તરીકે કચરો છૂટો પડે છે.
૩. ત્રીજા પાંચ દિવસમાં રક્તમાંથી માંસ બને છે અને કાનનો મેલ કચરા તરીકે છૂટો પડે છે.
૪. ચોથા પાંચ દિવસમાં માંસમાંથી મેદ બને છે પસીનો/રુંવાટા છૂટા પડે છે.
૫. પાંચમા પાંચ દિવસમાં અસ્થિમાંથી અસ્થિ બને છે કચરા તરીકે નખ વધે છે.
૬. છઠ્ઠા પાંચ દિવસમાં અસ્થિમાંથી મજ્જા બને છે કચરા તરીકે આંખના પીયા છૂટા પડે છે.
૭. સાતમાં પાંચ દિવસમાં મજ્જામાંથી વીર્ય બને છે. તેને કોઈ કચરો હોતો નથી. વળી આ સાતેય ધાતુઓનું પ્રમાણ સમ હોવું જોઈએ અને શરીરમાં ૧૪ જાતના મળ બને છે તેનું પ્રમાણ પણ સમ હોવું જોઈએ. જો આ બધું શરીરમાં પળાતું હોય તો માણસ તંદુરસ્ત છે એમ કહેવાય પણ સ્વસ્થ ન કહેવાય. તો સ્વસ્થ કોને કહેવાય ?

જે વ્યક્તિ હરહંમેશ પોતાના આત્મા, ઈન્દ્રિયો અને મનને હરહંમેશ પ્રસન્ન રાખી શકે તો તેને સ્વસ્થ કહેવાય-

મહર્ષિ પતંજલિ આપણને પ્રસન્ન રહેવા માટેનું એક સૂત્ર દર્શાવે છે.

मैत्रीकरुणामुदितोडपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातः चित्तप्रसादनम ।

દુનિયામાં ચાર પ્રકારના વ્યક્તિ છે. ૧. સુખી ૨. દુ:ખી ૩. પુણ્યશાળી અને ૪. પાપી.

આ ચારેય પ્રકારના વ્યક્તિઓનો સ્વીકાર કરવાની રીત પણ મહર્ષિ પતંજલિ દર્શાવે છે કે

૧. સુખીનો સ્વીકાર હૃદયમાં મૈત્રીભાવ રાખી કરવાનો હોય છે તેથી ઈર્ષ્યા ન થવાથી ચિત્ત પ્રસન્ન રાખી શકાય છે.

૨. દુ:ખીનો સ્વીકાર કરુણાભાવથી કરવાનો હોય છે. દુ:ખમાં પડેલી વ્યક્તિ જલ્દીથી બહાર આવે તેવો કરુણાભાવ હૃદયમાં રાખવાનો હોય છે. એનાથી જુદું વિચારવામાં આવે કે દુ:ખી માણસ એ જ લાગનો છે હજુ ભગવાને વધુ સજા કરવી જોઈએ. આવો વિચાર કરનારનું ચિત્ત કલુષિત થાય છે અને પ્રસન્નતા જતી રહે છે.

 ISBN : 978-81-938282-0-5

૩. પુણ્યશાળી વ્યક્તિનો સ્વીકાર આનંદિત ભાવથી કરવાનો હોય છે. પાડોશીના ત્યાં બીજી ગાડી આવે અને આપણે હજુ સ્કૂટર જ ફેરવતા હોઈએ અને પાડોશીનો આનંદિત ભાવથી સ્વીકાર ન કરી શકીએ તો આપણને રંજ રહે છે અને પ્રસન્નતા ચાલી જાય છે.

૪. પાપી માણસનો સ્વીકાર કરવો કઠિન છે કારણ કે તે આપણું અપમાન કરે છે અથવા એવી પરિસ્થિતિ ઊભી કરે કે આપણે દુ:ખી થઈએ પરંતુ જાણે કંઈ જ બન્યું નથી તેવો ઉદાસીન ભાવથી જો તેમનો સ્વીકાર કરવામાં આવે તો આપણી પ્રસન્નતા ટકી રહે છે અને પ્રસન્નતા ટકી રહેતાં કોઈ બીમારી આવતી નથી. આધુનિક ડૉક્ટર કે દવાની જરૂર પડતી નથી.

 ISBN : 978-81-938282-0-5

**'ગાંધીજીના પત્રોની ભાષા : એક અભ્યાસ.'**

**શ્રીમતી ઉર્વી અજીતકુમાર મહેતા**

**"હું તમને વહુ તરીકે નહીં પણ દીકરી જ સમજું છું….."**

ઉપરના ઉદ્દગારો આપણે સૌએ ઘણીવાર સાંભળ્યા હશે; પરંતુ આવી વાતોને પોતાના જીવનમાં ખરા અર્થે ઉતારનારા લોકો કેટલાં ? ગાંધીજીએ ઉપરોક્ત વિધાન પોતાની પુત્રવધૂને સંબોધીને પત્રમાં લખ્યું હતું. ૨જી ઑક્ટોબર, ૧૮૬૯ના દિવસે ગુજરાત રાજ્યના પોરબંદર શહેરમાં ગાંધીજીનો જન્મ થયો હતો. ગાંધીજીની આસપાસનું વાતાવરણ તેમના વિચારો અને બુદ્ધિને સતત પ્રભાવિત કરતા રહેતા હતા. તેમના માતા- ઘણાં જ ધાર્મિક પ્રકૃતિના હતા. પિતા નીતિવાન, કર્મનિષ્ઠ અને બુદ્ધિશાળી વ્યક્તિત્વના માલિક હતા. પિતા કરમચંદ અને માતા પૂતળીબાઈના આ દીકરામાં અનેક વિશેષતાઓ બાળપણથી જ પાંગરતી જઈ રહી હતી. ગાંધીજીએ પત્ર લખવાનો પ્રારંભ બાળપણથી જ શરૂ કરી દીધેલો.

ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં તેમણે ચોરીનો પ્રસંગ અને પોતાની ભૂલો અંગેની કબૂલાત પિતા સમક્ષ પત્ર દ્વારા જ કરી હતી.

[૧]

પિતાને લખેલા એ પત્રમાં ગાંધીજીએ પોતાનું દિલ ખોલીને મૂકી દીધું હોય તેમ લાગે છે. પત્રોમાં ગાંધીજીનું સમગ્ર વ્યક્તિત્વ પ્રતિબિંબિત થતું આપણને જોવા મળે છે. આ કારણથી જ તેમના દ્વારા લખાયેલા પત્રોને પણ 'સાહિત્ય' જ ગણવામાં આવે છે. ગાંધીજી દ્રઢપણે માનતા કે 'પ્રત્યેક બાળકને પ્રારંભિક શિક્ષણ માતૃભાષામાં જ આપવું જોઈએ.' ગાંધીજી પોતે પણ પોતાના બાળકોને માતૃભાષાના માધ્યમથી શિક્ષણ પ્રાપ્તિ થાય તેના માટે અનેક પ્રયત્નો કરતા. પોતાના ભત્રીજા શ્રી છગનલાલ ગાંધીને તેમણે લખેલા એક પત્રમાંથી તેનો સંદર્ભ આપણને પ્રાપ્ત થાય છે.

"ચિ. ગોકળદાસ, હરિલાલને વાતો કહો છો ત્યારે તમારે કાવ્યદોહનમાંથી સંભળાવવું એ વધારે સારું છે. 'કાવ્યદોહન'ના બધા ભાગ મારી ચોપડીમાં છે. તેમાંથી સુદામા ચરિત્ર, નળાખ્યાન, અંગદવિષ્ટિ વગેરે જે આખ્યાનો છે તે અર્થસહિત સંભળાવશો તો વધારે સારું. હરિશ્ચન્દ્રનું આખ્યાન મોઢે અથવા તો ચોપડીમાંથી સંભળાવવાનું. ઇંગ્રેજી કવિઓનાં નાટકો, હાલમાં સંભળાવવાની જરૂર નથી. તેમાં રસ પણ ઘણો નહીં પડે તેમ જેટલો સારગ્રહણ કરવાનો આપણાં પ્રાચીન આખ્યાનોમાં છે તેટલો ઇંગ્રેજી કવિઓમાંથી નહીં મળી શકે…" [જીવનનું પરોઢ, લે.પ્રભુદાસ ગાંધી, પૃ-૧૧૮-૧૧૯]

[૨]

ગાંધીજીએ પોતે પણ બાળપણમાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર તથા શ્રવણની માતૃ-પિતૃ ભક્તિ પર આધારિત નાટકો જોયેલા, જેણે તેમના મન પર ઘેરી અસર છોડી હતી. તેમણે તેને જોયા બાદ તેમાંથી મળેલા જ્ઞાન અને આદર્શને પોતાના જીવનમાં પણ ઉતાર્યા હતા. પોતાના બાળકો પણ આવું જ શિક્ષણ પ્રાપ્ત કરે તેવો શુભાશય અને ચિંતા તેમણે લખેલા પત્રમાં આપણને અભિવ્યક્ત થતા જોવા મળે છે. આ ઉપરાંત ખૂબ જ સંક્ષિપ્તમાં પોતાની વાત અને વિચારોને રજૂ કરવાની ગાંધીજીની ભાષાશક્તિના પણ આપણને દર્શન થાય છે. પોતાના વકીલભાઈ પ્રત્યેની પ્રેમભાવનાનું દર્શન નીચેના પત્રમાં જોવા મળે છે.

"મને ધાસ્તી છે કે આપણા બંનેના વિચારોમાં અત્યંત ભેદ છે અને તે મળી શકે એવું હાલ જોતો નથી. આપ પૈસા વડે શાંતિ મેળવવા ધારો છો. હું શાંતિનો આધાર પૈસા ઉપર રાખતો નથી... મારી અત્યંત નિર્મળવૃત્તિ આપના પ્રત્યે છે. છતાં આપ મારી ઉપર તિરસ્કાર રાખો છો તેનું કારણ એ જોઉં છું કે આપ અતિ મોહમાં લુબ્ધ છો અને સગાઈ સ્વાર્થી રાખો છો. આ બધું અજાણે કરો છો છતાં પરિણામ હું કહું છું તે જ છે. જો આપની મુમુક્ષુ દશા ખરેખરી હોય તો હું અત્યંત પાપી હોઉં.."અત્યંત સરળ શબ્દો અને વાક્યપ્રયોગ દ્વારા પોતાની વાતને અત્યંત સ્પષ્ટપણે રજૂ કરવાનું ગાંધીજીનું ભાષા કૌશલ્ય જોવા મળે છે. 'ધાસ્તી' જેવો પ્રાદેશિક શબ્દપ્રયોગ પણ ગાંધીજીએ કરેલો છે.

[૩]

ગાંધીજીએ પોતાના પુત્ર દેવદાસ ગાંધી પર કસ્તૂરબાની માંદગી અને ખોરાક અંગેના સૂચનો આપતો પત્ર લખ્યો હતો. આ પત્રમાં ગાંધીજીનો કસ્તૂરબાની માંદગી પ્રત્યેનો અભિગમ તથા ખોરાક અંગેની તેમની જાણકારીનો પણ પરિચય પ્રાપ્ત થાય છે.

"ચિ. દેવદાસ,

તમારો લાંબો કાગળ લાંબો નથી લાગ્યો. બાનું લખ્યું તે સમજું છું મારૂં માનવું તદ્દન ગેરવાજબી નહોતું એમતો મારી ખાતરી છે ક્ષણેક પણ જે ભાવ બા બતાવે છે તે યોગ્ય નથી પણ આ બાબતમાં ઊતરવાનો વખત જ ક્યાં છે !"

આ ઉપરાંત, દૂધ, દ્રાક્ષ, નારંગી વગેરે જેવા ખાદ્યપદાર્થો દ્વારા વજન વધારવાની સલાહ ગાંધીજી આ પત્ર દ્વારા રજૂ કરે છે. આ પત્રમાં ગાંધીજી દ્વારા 'ગેરવાજબી', 'દરદ', ચીવટ' જેવા શબ્દો વપરાયેલા છે, જે તેમના ભાષા અભ્યાસને જણાવે છે. ગાંધીજી અતિસરળ ભાષામાં અને સરળ વાક્યપ્રયોગો દ્વારા પોતાની વાતને સમજાવી શકે છે.

તા.૨૭/૦૭/૧૯૨૬ના રોજ ગાંધીજીએ વીરસુત ત્રિભુવન પર વિદ્યાપીઠ, છાત્રાલય અને ગ્રામસેવા સંબંધી લખેલ પત્રમાં ગાંધીજીના શિક્ષણ અને શિક્ષકો વિશેના વિચારો ખૂબ જ સરળ ભાષામાં રજૂ થયેલા છે.

[૪]

" આશ્રમ, સાબરમતી

અષાડ વદ ૨, મંગળ

ભાઈ શ્રી વીરસુત,

તમારો કાગળ મળ્યો છે. મહાવિદ્યાલય ગ્રામસેવકો તૈયાર કરવાને સારૂ લાયક નથી બન્યું એ વાત બરોબર છે. કેવા ફેરફાર કરવા જોઈએ કે જે વિદ્યાર્થીઓને રુચે એ નિર્ણય હજી થઈ શક્યો નથી. સ્નાતકો ને અધ્યાપકો નીમવામાં ભૂલ નથી થઈ એવી મારી માન્યતા છે. તમે ધારો છો એવી દયામણી સ્થિતિ સ્નાતકોની નથી થઈ. હરેક સામન્ય રીતે યોગ્ય સ્નાતક પણ સ્વમાન જાળવીને પોતાની આજીવિકા કમાઈ લે છે એમ હું જાણું છું. હું જે ઉત્તરો આપું એ મારી દૃષ્ટિએ તો વ્યાવહારિક હોય છે. પણ બધાને તે ગળે ન ઊતરે એ સમજી શકું છું. આત્મબળને જે વ્યાવહારિક વસ્તુ માને એ બીજું શું કરી શકે ? છાત્રાલયમાં વિદ્યાર્થીઓ વિલાસી છે તેમાં દોષ કોનો ? અધ્યાપકો શું કરી શકે ? આમાં ફેરફાર જ કરી શકે. બાળકોની પાસે વાંચવા વિષે મારો પોતાનો અભિપ્રાય નોખો છે, તેથી હું લાચાર છું.

હવે હું દર શનિવારે મહાવિદ્યાલય આવવાનો છું, તેથી તમારી ઈચ્છામાં આવે તે પ્રશ્ન તમે ત્યાં પૂછશો.

શ્રી વીરસુત ત્રિભુવ

ગૂજરાત વિદ્યાપીઠ, ઉસ્માનપુરા,અમદાવાદ

[૫]

ઉપર દર્શાવેલ પત્રમાં અતિસરળ ભાષામાં ગાંધીજીના શિક્ષણ અંગેના વિચારો રજૂ થયેલા જોવા મળે છે.

તા-૦૬-૧-૧૯૧૫ના રોજ ગાંધીજીએ મગનલાલ પર પત્ર લખીને તેમને દૂદાભાઈનો આશ્રમ વસવાટ અને કસ્તૂરબાના મનમાં ચાલતા ધૂંધવાટ વિશેનો પત્ર લખેલો જેમાં તેઓ લખે છે "બાનું કંઈક શાંત છે પણ મનમાં ધૂંધવાયા કરે છે એમ જોઉં છું..." આ એક વાક્યમાં ગાંધીજીની કસ્તૂરબા પ્રત્યેની ચિંતા અને કાળજી વ્યક્ત થાય છે. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના મોટા પુત્ર હરિલાલના જેલવાસ દરમિયાન તેમણે પોતાના પુત્રવધૂ ચંચળને મનની શાંતિ અને ધીરજ જાળવવાના હેતુથી લખેલા પત્રની ભાષાનો અભ્યાસ આ પ્રમાણે છે.

"હું તમને વહુ તરીકે નહીં પણ દીકરી જ સમજું છું ... તમારું અપકલ્યાણ થાય અથવા તો તમને અસુખ થાય એવું વર્તન મારાથી ન જ થવું ઘટે. વિયોગી દશામાં કલ્યાણ માનનારી સંખ્યાબંધ સ્ત્રીઓ હિંદુસ્તાનમાં થઈ છે. દમયંતી નળથી વિયોગ પામીને અમર થઈ. તારામતી હરિશ્ચંદ્રથી છૂટી પડી. તેમાં બંનેનું કલ્યાણ થયું..."

[૬]

ગાંધીજીએ વિવિધ પૌરાણિક પાત્રોના દૃષ્ટાંત પોતાના પત્રમાં રજૂ કરીને પોતાની પુત્રવધૂને હતાશ અને નિરાશ ન થવા સમજાવ્યું છે. ગાંધીજી બાળકોની કેળવણી અંગે વિશેષ કાળજી રાખતા હતા. આશ્રમના બાળકોને તેમણે લખેલા પત્રોમાંથી કેટલાક પત્રોના નમૂના આ પ્રમાણે છે :

[૧]. ગાંધીજીએ જમનાલાલ બજાજના પુત્ર કમલનયન બજાજને વિદેશમાં રહેવાના સૂચનો આપતો એક પત્ર લખેલો જે નીચે પ્રમાણે :

" ચિ. કમલ,

[૧]. થોડું બોલજે ને બધાનું સાંભળજે પણ શુદ્ધ હોય તે જ કરજે.

[૨]. દરેક મિનિટનો હિસાબ રાખજે, "

સમગ્ર પત્રમાં લગભગ ૧૨ જેટલા સૂચનો ગાંધીજીએ કમલને વિદેશમાં નિવાસ કરવા સંબંધિત કરેલા છે. આ સૂચનોમાં ગાંધીજીએ ઘણી જ મહત્ત્વપૂર્ણ વાતોને અત્યંત સરળ શબ્દોમાં રજૂ કરેલી છે. ગાંધીજીના પોતાના અક્ષરો ઘણા જ ખરાબ હતા. ગાંધીજી દ્રઢપણે માનતા હતા કે, "ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે." આશ્રમના બાળકોના અક્ષર સુધરે તે સારુ તેઓ અનેક પ્રયત્નો કરતા હતા. આશ્રમની બાળાઓના પત્રોના પ્રત્યુત્તર ગાંધીજી રમૂજ સાથે આપતાં તેનો નમૂનો નીચે પ્રમાણે છે :

[૭]

"ઘણાં દહાડે તેં કાગળ લખવાની ફૂરસદ મેળવી એટલે તો તેં અહીંથી યે તારૂં નાક તાણવું જોઈએ. આ તાણ્યું. અત્યારે શુક્રવારના આઠ વાગ્યા છે. તણાયું કે નહીં ? એ જવાબમાં લખજે. તારે સારુ અક્ષર સારા કહેવાય. હજુ સુધારજે. ગીતાજીમાં કેટલું કર્યું ?

બાપુના આશીર્વાદ ,૦૫-૦૨-૩૨ "

ગાંધીજીની જોડણી કે પછી કેટલાક સ્થાને શબ્દપ્રયોગોમાં આપણને કંઈક ખામી લાગે તેમ છતાં, સરળ ભાષાપ્રયોગ અને ગુજરાતી ભાષા પ્રત્યેની તેમની સજ્જ્તા તેમના પત્રોમાંથી સ્પષ્ટપણે પ્રગટ થતી આપણને જણાઈ આવે છે. વ્યક્તિ પ્રમાણે ભાષાને તેઓ પ્રયોજે છે. વિદ્યાર્થી, મિત્ર, પુત્ર, પુત્રવધૂ વગેરેની સાથે ગાંધીજીની પત્રોની ભાષામાં આપણને પરિવર્તન જોવા મળે છે. ક્યાંક પ્રાદેશિક ભાષા શબ્દો તો ક્યાંક દૃશ્ય શબ્દોનો પ્રયોગ પણ ગાંધીજીના પત્રોમાં થયેલો છે. ખૂબ જ સંક્ષેપમાં પોતાની વાતને સરળતાથી રજૂ કરી શકવાની ભાષાસજ્જતા ગાંધીજી ધરાવે છે તે આપણને તેમના પત્રોના અભ્યાસ દ્વારા સ્પષ્ટપણે સમજાય છે.

* **સંદર્ભ ગ્રંથ** :


| **પુસ્તકનું નામ** | **લેખકનું નામ** |
|---|---|
| ૧. ગાંધીજીનું સાહિત્ય | રમણ મોદી |
| ૨. સત્યના પ્રયોગો | ગાંધીજી |
| ૩. બાપુના પત્રો ૧ થી ૭ | ગાંધીજી |
| ૪. જીવનનું પરોઢ | પ્રભુદાસ ગાંધી |

## 'પાના નંબર બસો સત્તાવન'નું ભાષા સૌંદર્ય.

શ્રીમતી જહાનવી અજીતકુમાર મહેતા

સમગ્ર સમાજના ઉત્કર્ષ અને વિકાસમાં 'ભાષા'નો ફાળો અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આજે એક દેશ બીજા દેશની સાથે સંપર્ક અને સહકાર સાધીને કાર્ય કરી શકે છે તે ભાષા વિકાસ અને ભાષા જ્ઞાનના પરિણામે. આજકાલ આપણા દેશના વિવિધ રાજ્યો 'પ્રવાસન'ના ઉત્કર્ષ માટે આ પ્રવૃત્તિને વેગવાન બનાવવા અન્ય ભાષાનું જ્ઞાન તથા સંસ્કૃતિનું જ્ઞાન આ કાર્ય સાથે જોડાયેલ લોકોને આપી રહ્યા છે. આ બધી વાતો અને કાર્યો ભાષાના મહત્ત્વને રજૂ કરે છે.

પ્રસિદ્ધ ભાષા વૈજ્ઞાનિક 'સ્ટર્ટિવન્ટ' દ્વારા અપાયેલ ભાષાની વ્યાખ્યા આ પ્રમાણે છે.

"ભાષા યાદૃચ્છિક,વાચિક સંકેતોની એક વ્યવસ્થા છે, જેના વડે કોઈપણ એક સામાજિક જૂથના સભ્યો એકબીજાનો સહકાર સાધે છે અને એકબીજાના સંપર્કમાં આવે છે."

[ સ્ટર્ટિવન્ટ – ઇ.સ. ૧૯૪૭ ]

ઉપરોક્ત વ્યાખ્યામાં ભાષાની વિશેષતા અને કાર્ય પણ સ્પષ્ટપણે નિર્દેશિત થયેલા છે. કોઈપણ માણસના સંપૂર્ણ વ્યક્તિત્વનો પરિચય તેની ભાષા થકી જ આપણને પ્રાપ્ત થઈ શકતો હોય છે. વ્યક્તિ ક્યાં પ્રદેશની છે ? કેવું જીવન જીવે છે ? વગેરે જેવા પ્રશ્નોના ઉત્તર તેની ભાષા દ્વારા જાણી શકાય છે. આખો સમાજ પરસ્પર એકબીજાની સાથે આ 'ભાષા'ના માધ્યમથી જ જોડાયેલો રહે છે. ભાષાનું સૌથી મહત્વપૂર્ણ કાર્ય સંદેશાવ્યવહારનું છે. આપણે સૌ એકમેકના સુખદુ:ખની વાતો કોઈને કોઈ સાથે વહેંચવા માંગતા હોઈએ છીએ. ભાષાના માધ્યમ વિના આ કાર્ય શક્ય બની શકે નહિ. કેટલાક ભાષા વૈજ્ઞાનિકો દ્વારા થયેલા ભાષાકીય સંશોધન પ્રમાણે લગભગ ઇ.સ.૯૦૦ થી ઇ.સ.૧૦૦૦ના સમયગાળામાં 'ગુજરાતી' અને 'રાજસ્થાની' ભાષાજૂથ અલગ પડ્યું હતું. ૧૭મી સદીમાં મહાકવિ પ્રેમાનંદે પોતાની માતૃભાષા, સ્વભાષા 'ગુજરાતી'ના વિકાસ અને ઉત્કર્ષના હેતુથી 'પાઘડી ન પહેરવાની' પ્રતિજ્ઞા લીધી હતી. આવું જ કંઈક કાર્ય વર્તમાન સમયમાં ગુજરાતી ભાષાના અનેક સર્જકો કરી રહ્યા છે. આ કાર્યમાં 'પાના નંબર બસો સત્તાવન' નવલિકા સંગ્રહના સર્જક શ્રી ચિરાગભાઈ ઝાનો ફાળો પણ અદ્વિતીય ગણી શકાય તેમ છે. આજના નવીન ટેકનોલોજીના યુગમાં મોબાઈલ ફોન, કમ્પ્યૂટર જેવા ઉપકરણોમાં આપણે આપણી ઇચ્છિત ભાષાને પસંદ કરી તેમાં સંદેશો લખી શકીએ છીએ અથવા કોઈપણ કાર્ય કરી શકીએ છીએ. આ પ્રકારે ગુજરાતી ભાષામં સંદેશા લખી શકાય તે માટે પ્રારંભમાં ઇ.સ.૧૯૫૮માં શ્રી ચિરાગ ભાઈએ zazi.com ની શરૂઆત કરેલી. તેઓ આ કાર્યને પોતાનું 'ગુજરાતી ભાષાનું અડીખમ આંદોલન' સમજે છે. આ માટે તેઓ આ વેબસાઇટ પર પોતાની વાર્તા, લેખો અને કવિતા પ્રસિદ્ધ કરતા રહેતા હતા. ત્યારબાદ પ્રોપાયટરી ફોન્ટમાંથી ઇ.સ.૨૦૦૨ સુધીમાં યુનિકોડ ફોન્ટ આવી જતા તેમના માટે ગુજરાતી ભાષામાં ટાઇપ કરવાનું કાર્ય સરળ અને વધુ ઝડપી બને છે. Zazi.com ના અન્વયે પ્રસિદ્ધ થયેલ વાર્તાઓનો સંગ્રહ એટલે 'પાના નંબર બસો સત્તાવન' સર્જકની આ સંગ્રહમાં સમાવિષ્ટ કુલ ૩૭ વાર્તાઓમાંથી લગભગ ૩૦ જેટલી વાર્તાઓ તદ્દન નવીન વૈવિધ્યપૂર્ણ વિષય વસ્તુને પ્રસ્તુત કરે છે. વર્તમાન સમયમાં ગુજરાતી ભાષાની સાથે અંગ્રેજી ભાષાના શબ્દોનું મિશ્રણ કરીને 'ગુજરેજી' ભાષાપ્રયોગ કરવામાં આવે છે, જેનો પ્રયોગાત્મક પરિચય પણ સર્જકની વાર્તાઓમાંથી આપણને પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત પ્રાદેશિક સુરતી બોલીના રૂઢિગત શબ્દોનો પ્રયોગ પણ તેમની વાર્તાઓમાં વ્યક્ત થયો છે.

આ સંગ્રહની પ્રથમ વાર્તા 'ખીલ્લી'માં એક સ્થાને તેઓ લખે છે 'મિ. નટરાજને કીધું કે ...' [પૃષ્ઠ-૧૦] અહીં 'કહ્યું' જેવા શુદ્ધપ્રયોગના સ્થાને રોજબરોજની વાતચીતમાં વપરાતો 'કીધું' શબ્દ પ્રયોજાયો છે. તો આજ વાર્તામાં 'નિદ્રા' જેવો શબ્દ પણ પ્રયોજાયો છે. બોસ્ટન શહેરની પૃષ્ઠ ભૂમિકા પર આકાર લેતી આ વાર્તામાં અનેક અંગ્રેજી ભાષાના શબ્દો પ્રયોજાયા છે, જે આપણી ગુજરાતી ભાષાના એક અંગરૂપ બની ગયેલા લાગે છે. જેમ કે, 'ઓફિસ', 'ફોન', 'ચેનલ' વગેરે. આ સિવાય 'બૂટફૂટ' જેવી દ્વિરુક્તિ પણ પ્રયોજાયેલી છે. તો 'હજામત' અને 'જાંગિયો' જેવા પ્રમાણમાં પ્રાદેશિક શબ્દો પણ લેખક વાપરે છે. આના પરિણામે, ભાષા તેની સ્વાભાવિકતા સાથે જ રજૂ થયેલી હોય તેમ ભાસે છે.

સંગ્રહની બીજી વાર્તા 'ને હું સવિતા થઈ ગયો' માં પણ ભાષા પ્રયોગની વિવિધતા પથરાયેલી જોવા મળે છે. શીર્ષક આલંકારિક ભાષામાં પ્રયોજાયો છે. 'સવિતા' શબ્દ કોઈ વ્યક્તિ વિશેષના પરિચયાત્મક નામના સ્થાને પ્રતીક તરીકે વધુ તીવ્રતા દ્વારા રજૂ થયેલું છે. 'સવિતા' એવી વ્યક્તિની પીડાને રજૂ કરે છે કે જે જીવનમાં એકલતાને ભોગવતી હોય. એકાકી જીવન જીવતા સવિતા બહેનનું ધ્યાન અને કાળજી આસપાસના ઘણા લોકો રાખતા હતા. પરંતુ તેમ છતાં તેમના જીવનના આંતરિક ખાલીપા સુધી પહોંચવામાં અને તેને ભરવામાં કોઈપણ વ્યક્તિ સક્ષમ બનતી નથી. આ વાર્તમાં એકલતાના દુઃખની પરાકાષ્ટાને લેખકે ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી આપી છે. વાર્તાનાયક વધુ અભ્યાસ અને કાર્ય માટે ઘરથી દૂર રહેતો હોય છે ત્યારે તેના મનમાં સવિતા બહેનની એકલતાની પીડા એવી રીતે સમાઈ જાય છે કે તે પોતાની માતાને પત્રમાં લખે છે કે, 'મા, હું સવિતા થઈ ગયો' [પૃષ્ઠ-૧૩] આ એક વાક્ય આખી વાર્તાના મુખ્ય હાર્દને સુંદર રીતે રજૂ કરી આપે છે. બીજીબાજુ દીકરાની અને સવિતા બહેનની પીડાને સમજતા સરયુબહેન પોતાના નાના દીકરાને સવિતાબહેન માટે બનાવેલા 'થેપલા' આપતા કહે છે 'લે, આ મેથીના થેપલાં ચિરાગને આપતો આયને !' [પૃષ્ઠ-૧૩] અહીં પણ 'આવ ને' જેવા શબ્દપ્રયોગના સ્થાને 'આય ને' શબ્દ વપરાયેલો છે. ભાષાની પ્રાદેશિકતાનું સૌંદર્ય અહીં રજૂ થયું છે.

'શબસંગિની' વાર્તા આ સંગ્રહની સાતમી વાર્તા છે. આ વાર્તા રહસ્યનું વિશ્વ ખોલી આપે છે. ' 'જીવન સંગિની' આપણે સૌએ સાંભળેલો શબ્દ છે પરંતુ અહીં પ્રયોજાયેલ 'શબસંગિની' જેવો શબ્દપ્રયોગ ઘણું સૂચવી જાય છે. નવરંગપુરાના મ્યુનિસિપાલિટીના સફાઇ વિભાગમાં કામ કરતા સફાઇ કર્મચારી 'જીવલા'ની વાત લેખકે કરેલી છે. અહીં તેઓ એને 'જીવલા' તરીકે જ રજૂ કરે છે. ક્યાંય 'જીવાભાઇ' , 'જીવરામભાઇ' વગેરે જેવાં નામનું સંક્ષેપીકરણ 'જીવલા' છે તેનું દર્શન તેઓ કરાવતા નથી. આ જીવલો મરેલા કૂતરાને જે-તે સ્થળેથી ઊંચકીને સફાઈ કરવાનું કાર્ય કરતો હતો. એક દિવસ મધુ નામની સ્ત્રીના ઘરે મરી ગયેલા કૂતરાને ઊંચકવા માટે તે જાય છે. ત્યારે તેને જાણવા મળે છે કે કૂતરું ઘરની અંદર મરી ગયું છે. આ સાંભળી તેને નવાઈ લાગે છે, તે વિચારે છે કે 'સાલુ કૂતરું ઘરમાં તો ના જ મરે. પાળેલું હોય તોય મરવાનું થાય તો બહાર જ મરે...! હારું અંગ્રેજ કૂતરું હશે ...હા..એમને કદાચ મરવાની ખબર ના પડે.' [પૃષ્ઠ-૨૮] અહીં 'સાલુ', 'હારુ' જેવા શબ્દપ્રયોગો થયા છે. વાર્તાના અંતમાં સમાચારપત્રની ભાષામાં તેઓ રહસ્ય સ્ફોટ કરીને સાંકેતિક ભાષામાં જણાવી દે છે કે 'કૂતરું' નહીં પણ એ મધુના પતિની લાશ જીવલા દ્વારા ઠેકાણે લગાડવાની યોજના બનાવાઈ હતી. 'જનાવર' વાર્તામાં 'કોલી', 'ટીટી' જેવા ટપોરીઓના નામ રજૂ થયા છે. 'ભકભક' કરતી ચંદુની ફિયાટ આવી.' [પૃષ્ઠ-૨૩] અહીં, 'ભકભક' જેવા

રવાનુકારી શબ્દ દ્વારા ફિયાટ આવવાની વાત વધુ ઉપસીને આવી છે . આ ઉપરાંત 'નિર્ણય'ના સ્થાને 'ડિસીઝન' શબ્દનો પ્રયોગ થયો છે. 'અટીરાની સવારી' વાર્તામાં સુરતની પ્રાદેશિક બોલીના દર્શન અનેક સ્થાને થાય છે. આથી, વાર્તામાં અને પાત્રના વિવરણમાં સ્વાભાવિકતા જળવાઈ રહી છે. ' એ તો બાપુ બિંધાશ ચલાયે જતો હતો.' [પૃષ્ઠ-૩૧] અહીં પણ 'ચલાવ્યે' જેવા શિષ્ટ શબ્દપ્રયોગના સ્થાને 'ચલાયે' શબ્દ વપરાયો છે તો 'રમરમાટ' શબ્દપ્રયોગ રિક્ષાની ઝડપ માટે વપરાયો છે. અટીરા વિસ્તારની એક લેડિઝ હોસ્ટેલમાં રહેતી

કોઈ સુંદર છોકરી સાથે મેળાપ થઈ જાય એ આશાએ મનોહર રિક્ષાવાળો જતો હોય છે. એ વાતને સૂચવતો વાક્યપ્રયોગ આ પ્રમાણે થયો છે 'ને કદાચ કોઈ જોવા મલીયે જાય,' અહીં પણ 'મળી' ના સ્થાને 'મલી' શબ્દ પ્રયોજાયો છે. 'હત્તારીની', 'પત્તરફાડી' જેવા રૂઢિગત શબ્દપ્રયોગો પણ આ વાર્તામાં થયા છે. 'અલ્યા ખરી નીકળી મારી હારી ચોટ્ટી...!' [પૃષ્ઠ-૩૩] અહીં પણ બોલી પ્રયોગ થયો છે. 'યોગેશનું સ્વપ્નું' વાર્તામાં પોતાની માતાને યાદ કરતા બાળકની પીડાને પ્રતિકાત્મક ભાષાશૈલીમાં લેખકે રજૂ કરેલી છે. '...ને પછી જોરથી હાથ-પગને ખુલ્લા છોડીને ભાવનાના ગર્ભમાં સમાઈ ગયો. [પૃષ્ઠ-૪૯] આ વાક્ય સાથે પૂર્ણ થતી વાર્તામાં યોગેશના મૃત્યુની વાતને લેખકે આડકતરી રીતે રજૂ કરી છે. 'નકશાવાળો' વાર્તામાં 'આવ્યો'ના સ્થાને 'આયો', 'અહીંયા' ના સ્થાને 'અહીંઆ' જેવા શબ્દો રજૂ થયા છે. 'બેગમ શાયરાને કોઠે' વાર્તામાં હિન્દી ભાષાની પ્રાદેશિકતા રજૂ થઈ છે. 'અરે સુનતી હો...? જાવ ઉપર કે કમરે મેં જા કે ઉસકુ યે ખાના દે કે આ...હાં, ઔર યાદ રખિયો પડદે શે મું મત નીકાલિયો..." [પૃષ્ઠ-૭૭] સ્ત્રીઓના શરીરના સોદા કરનારા લોકોની માનસિકતા અને તેમની ભાષા આ વાર્તામાં પ્રગટ થઈ છે. 'અસત્યો માંહેથી...!' વાર્તામાં 'ઠુસો લગાવી દીધો' જેવો શબ્દ વપરાયો છે, 'ડાબો હાથ' વાર્તામાં ડાબા હાથ અને જમણા હાથ વચ્ચેના ઝઘડાની વાત પ્રતિકાત્મક ભાષાશૈલીમાં રજૂ થઈ છે. 'મને બી એમ જ થયું કે મલયનો જમણો હાથ વાર્તામાં કેમ નથી આવતો...?' [પૃષ્ઠ-૧૦૬] આ વિધાન સાથે લેખક પોતે પણ વાર્તામાં ઉપસ્થિત થાય છે. અહીં પણ સુરતી બોલીની શબ્દભંડોળની વિશેષતા જોવા મળે છે. 'પણ' ના સ્થાને 'બી' એવો શબ્દપ્રયોગ થયેલો છે.

લેખકની વાર્તાઓમાં અંગ્રેજી, હિન્દી, ગુજરાતી ભાષાના શબ્દોની સાથે સંસ્કૃત ભાષાના તત્સમ શબ્દો પણ રજૂ થયેલા જોવા મળે છે. વાર્તાના શીર્ષકોમાં પણ ઘણી જ નવીનતા અને પ્રયોગાત્મક ભાષાશૈલીના દર્શન આપણને થાય છે. અનેક સ્થાને થયેલ રવાનુકારી અને દ્વિરુક્ત શબ્દપ્રયોગો, રૂઢિગત શબ્દલયતા ભાષાની નવીન તરેહને પ્રગટ કરી આપે છે.

**સંદર્ભ ગ્રંથ**


| પુસ્તકનું નામ | લેખક/ સંપાદકનું નામ |
|---|---|
| ૧. ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ | જયંત કોઠારી |
| 2. પાના નંબર બસો સત્તાવન | ચિરાગ ઝા |

 ISBN : 978-81-938282-0-5

# ભારતીય સંસ્કૃતિ અને વૃદ્ધો સાથેનો વ્યવહાર

**ડૉ. ભાનુ એન. કાપડિયા**

**ડીપાર્ટમેન્ટ ઓફ સોશિયોલોજી**

**ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ.**

**પ્રસ્તાવનાઃ-**

સમકાલીન સમયમાં જીવનધોરણમાં સુધારો, આરોગ્ય અંગેની જાગૃતિ, તબીબી સુવિધાઓમાં વધારો, મૃત્યુદરમાં ઘટાડો વગેરે જેવા અનેક પરિબળોને લીધે સમગ્ર વસ્તીમાં વૃદ્ધોની વસ્તીમાં સતત વધારો થઈ રહ્યો છે. ભારત પણ તેમાંથી બાકાત નથી. ભારતમાં 1961માં કુલ વસ્તીમાં વૃદ્ધોની વસ્તી 5.6 % હતી એટલે કે 25 મિલિયન જેટલી હતી જે વધીને 1991 માં 6.8 % 56 મિલિયનથી વધુ અને 2011 સેન્સસ મુજબ 8.3% 104 મિલિયન થયેલ છે. જે ભવિષ્યમાં એટલે કે 2025 સુધીમાં 12% એટલે કે લગભગ 150 મિલિયન થવાની સંભાવના છે. વૃદ્ધ વ્યક્તિઓની સંખ્યામાં દિવસે-દિવસે ઝડપથી વધારો થઈ રહ્યો છે. અહીં સમસ્યા વૃદ્ધોની વસ્તીમાં વધારાની નથી પરંતુ તેમના પ્રત્યે થઈ રહેલા દુર્વ્યવહાર અંગેની છે. વડીલો પ્રત્યેનો દુર્વ્યવહાર એક વૈશ્વિક સામાજિક મુદ્દો છે. જે સમગ્ર વિશ્વમાં કરોડો વૃદ્ધોના સ્વાસ્થ્ય અને માનવીય અધિકારો પર અસર કરે છે. આજે આ મુદ્દા તરફ આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન ખેંચાયુ છે. તેથી અહીં ભારતમાં થયેલા વૃદ્ધોના વિવિધ અભ્યાસોનો આધાર લઈ ભારતીય સંસ્કૃતિ અને વૃદ્ધો પ્રત્યેના વ્યવહાર અંગે વાત કરવાનો પ્રયત્ન કરેલ છે.

પ્રસ્તુત પેપર દસ્તાવેજી સ્રોતો અને પ્રત્યક્ષ નિરીક્ષણોને આધારે તૈયાર કરવામાં આવેલ છે.

ભારતીય સંસ્કૃતિમાં વડીલોનું સન્માન અને તેઓની સેવા કરવાની પરંપરા રહી છે. વૈદિક સંસ્કૃતિના સંવાહક એવા વેદ સાહિત્યમાં પણ તેનો ઉલ્લેખ જોવા મળે છે.

યજુર્વેદમાં લખ્યું છે કે....

યદપિ પોષ માતરં પુત્રઃ ધયાન્

ઇતદતે અનૃતો ભયામ્યહતૌ પિતરૌ મમાં

એટલે કે જે મા-બાપે અનેક કષ્ટો વેઠીને મારું પાલન પોષણ કરી મોટો કર્યો છે. હવે જ્યારે હું મોટો થઈ ગયો છું ત્યારે તેઓ અશક્ત થઈ ગયા છે. તે મા-બાપ કોઇપણ રીતે દુઃખી ન થાય તેવા હેતુથી તેમની સેવા ચાકરી કરી સંતોષ આપી મારી જાતને તેના ઋણમાંથી મુક્ત કરી રહ્યો છું. આમ વડીલોનું સન્માન અને સુરક્ષા આપણી સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. વૃદ્ધો પ્રત્યેનો દૃષ્ટિકોણ વડીલશાહી પર આધારિત છે. આ દૃષ્ટિકોણ મા-બાપ પ્રત્યે પુત્રો અને પુત્રવધૂઓની ફરજ પર ભાર મૂકે છે. મા- બાપની સેવા કરવી તે પવિત્ર ફરજ અને ધર્મ મનાતા. આમાં વૃદ્ધાવસ્થામાં માત્ર સંતાનોનો જ આશરો છે તેવું મૂલ્ય વ્યક્ત થાય છે. આ માટે શ્રવણનું ઉદાહરણ આપવામાં આવતું. ઉપરાંત સંતોએ રજૂ કરેલાગે "ભૂલો ભલે બીજું બધું મા- બાપને ભૂલશો નહીં"જેવા કાવ્યમાં આ દૃષ્ટિબિંદુ જીવિત છે.

આવી સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ધરાવતા ભારતમાં વૃદ્ધો અંગે થયેલા અભ્યાસો દર્શાવે છે કે વૃદ્ધો અનેક સમસ્યાઓથી પીડાય છે. જેમાંની એક સમસ્યા તેમની થઈ રહેલી ઉપેક્ષા, અન્યાય અને તેમની સાથેનો ખરાબ વ્યવહાર છે. આજે વૃદ્ધો દુઃખી ન થાય તે માટે કાયદો ઘડવાની જરુરિયાત ઉભી થઈ આ બાબત જ આપણો વડીલો પ્રત્યેનો વ્યવહાર બદલાયો છે તે વાતની ચાડી ખાય છે. ભારતમાં વડીલોના

મુદ્દા પર ચર્ચા કરવી એક રીતે તો માનવ સભ્યતા દ્વારા અપનાવેલ સંસ્કૃતિનું ઉન્મુલન છે. કારણ કે વડીલો એ આપણા જ પરિવારના સભ્યો છે. આપણા સમાજમાં પથ્થર અને વૃક્ષોથી લઈને જાનવરોની પણ પૂજા થાય છે. ત્યારે પોતાના જ વડીલોની ઉપેક્ષા કરી તેમના માનવ અધિકારોનો ભંગ કરી રહ્યા છીએ.

ભારતીય સંસ્કૃતિ અને વૃદ્ધો સાથેના વ્યવહાર અંગે વિસ્તૃત વાત કરતા પહેલા સંસ્કૃતિ એટલે શું ? તેની વાત કરીએ તો સંસ્કૃતિ શબ્દ ખૂબ ગહન અર્થ ધરાવે છે. ભાષા, કલા, વિજ્ઞાન, વિચારો, માન્યતાઓ, સામાજિક જીવનના ઉત્સવો, પ્રસંગો વગેરે. નવી પેઢીમાં મૂલ્યો અને નૈતિકતાનું સિંચન કરીને તેને માનવ બનવા માટે પ્રેરવા, સામૂહિક જીવન માટે નિયમો, રિવાજો, મૂલ્યો વગેરેનું સંયોજન એટલે સંસ્કૃતિ.

સંસ્કૃતિ વિશે વિચારીએ તો માનવીમાં સંસ્કૃતિ અને વિકૃતિ એમ બંને તત્ત્વો સાહજિક રીતે પડેલા છે. પરંતુ આપણે પ્રયત્નોપૂર્વક સંસ્કૃતિના તત્ત્વોને પેઢી દર પેઢી વારસામાં આપી આપણા સાંસ્કૃતિક તત્ત્વોને જાળવી રાખવાના પ્રયત્નો કરીએ છીએ. વિકૃતિને કાબૂમાં રાખી માનવતાના મૂલ્યો, માન્યતાઓ, રિવાજો, નીતિઓ વગેરેને અનુસરીએ છીએ. આમ બૌદ્ધિક સામર્થ્યથી માનવીને છાજે તેવી જીવનપદ્ધતિ એટલે સંસ્કૃતિ. સંસ્કૃતિ એવું કહીએ છીએ ત્યારે આપણામાં પ્રાણી તરીકે રહેલા માનવતાના તત્ત્વોને જીવનમાં ઉતારી, અનુસરી જીવન જીવીએ તેવી રીત. અહીં આપણી પ્રકૃતિદત્ત બાબતોમાં વિકૃતિનો છેદ ઉડી જાય છે અને આપણે માનવીય મૂલ્યોનું જતન કરી સંસ્કૃતિને અનુસરીએ છીએ.

આપણે જેને ભારતીય સંસ્કૃતિ કહીએ છીએ તે કેટલાક મહત્ત્વના મૂલ્યોને લીધે સમગ્ર વિશ્વમાં જાણીતી થઈ. વૈદિક યુગમાં સભા નામની સંસ્થા હોવાનો ઉલ્લેખ છે. કેટલાક વિદ્વાનો તેને જનના એટલે કે મોટી ઉંમરના પુરુષોની પરિષદ માને છે. એવું મનાય છે કે રાજા તેના દૈનિક કાર્યો આવા વડીલોની સલાહથી કરતો. આમ વૈદિક યુગમાં રાજા પણ વડિલોને આદરભાવ આપતા હોવાના નિર્દેશો મળે છે. પરંપરાગત ભારતીય સમાજમાં વૃદ્ધાવસ્થા વિશેષાધિકાર –વય હતી. વડીલશાહી તેવું ઉદાહરણ છે. કુટંબ, જ્ઞાતિ અને સમુદાયમાં વૃદ્ધો તેમની વયને કારણે માનભર્યું સ્થાન ધરાવતા. કુટુંબના વડા તરીકે, જ્ઞાતિ પંચાયતના વડા તરીકે અને ગ્રામ સમિતિ તેમજ મહાજનોમાં વૃદ્ધોની આગેવાની હતી. પ્રવર્તમાન સમયમાં આ મૂલ્યો બદલાયા છે.

ભારતીય સંસ્કૃતિમાં વૃદ્ધો માટે એક પ્રકારનું સન્માનનીય આદર્શ સ્થાન પ્રસ્થાપિત થયેલું હતું. કેટલાક સામાજિક –સાંસ્કૃતિક ખ્યાલો, મૂલ્યો અને આદર્શો પણ આ સંદર્ભમાં પ્રચલિત છે. જેવા કે માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ, આચાર્ય દેવો ભવઃ વગેરે. જે રાષ્ટ્રમાં માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ, આચાર્ય દેવો ભવઃ ના મૂલ્યોનો સમૃદ્ધ વારસો હોય. ઘરડો શબ્દનો અર્થ ઘરવડો થતો હોય તેવા ઉત્તમ સાંસ્કૃતિક વારસો ધરાવતા ભારતમાં વડીલો પ્રત્યે અનુચિત વ્યવહાર કરવામાં આવી રહ્યો છે.

પરંપરાગત ભારતીય સમાજમાં વડીલો પ્રત્યે માન – આદર એ ભારતીય સંસ્કૃતિનો અગત્યનો ભાગ રહ્યો છે. પરંતુ વર્તમાંન સમયમાં આ સંસ્કૃતિ વિસરાતી જતી હોય તેવું દેખાઈ રહ્યું છે. અભ્યાસો દર્શાવે છે કે ભારતીય સમાજમાં વૃદ્ધો સાથે ભેદભાવપૂર્ણ વ્યવહાર કરવામાં આવી રહ્યો છે. કોઈપણ જાતના ભેદભાવ રહિત(જ્ઞાતિ, ધર્મ, લિંગ, વયના) બંધારણ ધરાવતા ભારતમાં વડીલો પ્રત્યે (ઉંમરના ભેદભાવ યુક્ત) અનાદર આપણા માટે શરમજનક બાબત ગણાય.

એક સમયે વડીલોને માર્ગદર્શક માનવામાં આવતા તેના પ્રત્યેના બદલાયેલા વલણ માટે પારંપારિક વ્યવસાયોનું પતન, આધુનિક જીવનશૈલી, પેઢીઓમાં વૈચારિક અંતર, આર્થિક બાબતો, શિક્ષણ, વ્યક્તિ સ્વાતંત્ર્યના મૂલ્યોનો વિકાસ વગેરેને જવાબદાર ગણવામાં આવે છે. પરંતુ તેના કારણે વડીલોને ભોગવવું પડે છે.

ગાંધીવાદી ચિંતક ડૉ. રઝી અહમદ પુરાણી પરંપરાઓનું પતન વડીલોની ઉપેક્ષા માટે જવાબદાર ગણાવે છે.

ભારતીય સમાજમાં વડીલોનું સ્થાન સન્માનીય રહ્યું છે. એવું માનવામાં આવતું કે વડીલોનું જીવન અનુભવોથી ભરેલું હોય છે. તેથી તેમના અનુભવોનો લાભ જેટલો લઈ શકાય તેટલો લેવો જોઈએ. વડીલોના સાનિધ્યમાં બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન થાય છે. વડીલોના અનુભવોને અમૂલ્ય સમજતો સમાજ આજે તેના પ્રત્યે ખરાબ વ્યવહાર કરવા લાગ્યો છે. તેના માટે કેટલાક વિદ્વાનો સંયુક્ત કુટુંબના વિઘટનને કારણભૂત ગણાવે છે.

પી.એન.સતી. જણાવે છે કે પરંપરાગત કુટુંબ રચનાના રૂપાંતરથી વૃદ્ધો પરંપરાગત પ્રતિષ્ઠિત સામાજિક અને કૌટુંબિક ભૂમિકામાંથી સતત બાકાત થતા ગયા છે. આ પરિસ્થિતિએ 'વૃદ્ધોને નહીં ઘરના કે નહીં ઘાટના' જેવી સ્થિતિએ લાવીને મૂકી દીધા છે.

રાજન મિશ્રા અને શર્મા જણાવે છે કે પરંપરાગત સંયુક્ત કુટુંબ વૃદ્ધજનોને સુખદાયક જીવન માટેનું આવશ્યક વાતાવરણ પૂરું પાડતું હતું. કુટુંબમાં વૃદ્ધો માનભર્યું અને સલામતીભર્યા સ્થાને જીવન જીવતા હતા. સંયુક્ત કુટુંબના વિઘટનથી કૌટુંબિક જવાબદારી અને ફરજની ભાવના નબળી પડવા લાગી અને વૃદ્ધજનોનો દરજ્જો કથળવા લાગ્યો. તેથી વૃદ્ધો નિઃ સહાય સ્થિતિમાં આવવા લાગ્યા.

પ્રો. શર્મા અને ટી.એમ. ડાક નોંધે છે કે સ્ત્રીઓનો વ્યવસાય પ્રવેશ અને કારકિર્દી માટેની મહત્ત્વાકાંક્ષાએ વૃદ્ધોની કાળજી લેવામાં ઘટાડો કર્યો છે. તેથી વૃદ્ધો જરુરિયાતોના સંતોષથી વંચિત અને અસુરક્ષિત બનતા તેઓની ઉપેક્ષા થઈ રહી હોવાનું અનુભવે છે.

આ હાલત માત્ર કુટુંબ પૂરતી સીમિત નથી. આપણે આપણી આસપાસના વડીલો પ્રત્યે અમાનવીય વ્યવહાર થતો જોઈએ છીએ ત્યારે ક્યારેક સમયનું બહાનું અને ક્યારેક આપસી મામલાનું બહાનું બતાવીને આવા કૃત્યોને વણદેખ્યા કરીએ છીએ. જ્યારે વાસ્તવિકતા એ છે કે ભૌતિકવાદ અને બજારીકરણથી આપણી ભાવનાઓ કુંઠિત થઈ ગઈ છે. આપણે માત્ર આપણા પૂરતા સીમિત થઈ ગયા છીએ. જ્યાં સુધી કોઈ બાબત આપણને સ્પર્શે નહીં ત્યાં સુધી આપણે તેને સ્પર્શતા નથી. આપણી નજર સામે જ વડીલો પ્રત્યે થતા દુર્વ્યવહાર પ્રત્યે આપણે ધ્યાન આપતા જ નથી.

પ્રસિદ્ધ ચિકિત્સક ડૉ. ગણપત મિશ્રા જણાવે છે કે સમાજની નૈતિક જવાબદારી છે કે બધા વૃદ્ધોના સન્માનમાં ભાગીદાર બનીએ. વૃદ્ધોને ધરોહર માનતા ભારતમાં વૃદ્ધોની ઉપેક્ષા દેખાય છે. જે વૃદ્ધો ભારતીય પરંપરામાં સન્માનિત હતા તે આજે શોષિત અને ઉપેક્ષિત થઈ એક ખૂણામાં પડ્યા છે.

વૃદ્ધો અંગેના કેટલાય અભ્યાસો દર્શાવે છે કે સંતાનો નોકરી- ધંધાર્થે બહારગામ કે વિદેશમાં સ્થાયી થતા કેટલાય વૃદ્ધો આજે એકલા પડી ગયા છે. તેથી એકલતા સતાવે છે. આવા વૃદ્ધો એકલતા દૂર કરવા બગીચામાં કે અન્ય જાહેર સ્થળો પર જાય છે. તો ત્યાં તેમને હડધૂત કરવામાં આવે છે. અને વાહનચાલકો બેફામ રીતે વાહન હંકારતા હોવાથી પાડી દેવાનો સતત ભય રહે છે. ઉપરાંત ઘરમાં

એકલા રહે તો પણ ચોરી, લૂંટફાટ અને મારી નાખવાના બનાવો વધવા લાગ્યા હોવાથી સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે.

વર્લ્ડ એલ્ડર એબ્યુઝ અવેરનેસ ડે( 15 જૂન) ની પૂર્વ સંધ્યાએ જાહેર થયેલા એક સર્વેમાં સામે આવ્યું છે કે આપણે ભારતના લોકો સાર્વજનિક જીવનમાં વૃદ્ધો સાથે ઘણો જ ખરાબ વ્યવહાર કરીએ છીએ. આ અભ્યાસ વૃદ્ધોના કલ્યાણ માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા હેલ્પ એજ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલ હતો. આ અભ્યાસમાં 4615 વૃદ્ધો પર કરવામાં આવ્યો હતો. તેમાં 2377 પુરુષો અને 2238 મહિલાઓ પર કરવામાં આવેલ હતો. જે વૃદ્ધોનો સર્વે કરવામાં આવ્યો તેમાંથી 44 ટકા લોકોનું કહેવું છે કે સાર્વજનિકરુપે તેમની સાથે ઘણો ખરાબ વ્યવહાર કરવામાં આવે છે. 53 ટકા વૃદ્ધોનું માનવું છે કે ભારતીય સમાજમાં વૃદ્ધો સાથે ભેદભાવ થાય છે.

બેંગલોરમાં રહેનારા 60 વર્ષથી વધુ વયના લોકોનું કહેવું છે કે બગીચામાં ફરવા જવું તેમના માટે મોટો પડકાર સાબિત થાય છે. બેંગલોરના 70 ટકા વૃદ્ધોએ જણાવ્યું કે જાહેર સ્થળો પર તેમની સાથે ઘણો જ ખરાબ વ્યવહાર થાય છે.

વૃદ્ધોના સન્માનમાં દિલ્હી સૌથી આગળ જોવા મળ્યું જ્યાં માત્ર 23 ટકા વૃદ્ધોને સાર્વજનિક સ્થળોએ તેમની સાથે ખરાબ વ્યવહારનો સામનો કરવો પડ્યો. દિલ્હી સિવાય બેંગલોર, હૈદ્રાબાદ, ભુવનેશ્વર, ચેન્નઈ જેવા શહેરોમાં અલગ-અલગ માપદંડો દ્વારા તપાસતા જાહેર સ્થળો પર વૃદ્ધો સાથે ઘણો ખરાબ વ્યવહાર કરવામાં આવે છે. 38 ટકા વૃદ્ધોના જણાવ્યા મુજબ તેઓ રસ્તા પર ચાલતા જતા હોય ત્યારે વાહનચાલકની બેદરકારીને કારણે અકસ્માતનો ભય રહે છે. 62 ટકા વૃદ્ધોને બસમાં મુસાફરી વખતે સીટ આપવામાં આવે છે. 38 ટકા વડીલોને યુવાનો સીટ આપવાની પણ દરકાર કરતા નથી.

15 જૂને વર્લ્ડ એલ્ડર એબ્યુઝ અવેરનેસ ડે ની ઉજવણી એજવેલ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી ત્યારે આ એન.જી.ઓ.એ ભારતીય કુટુંબમાં વૃદ્ધો પ્રત્યેના દુર્વ્યવહારના કારણો અને અસરને સમજવા ભારતના 323 જિલ્લાઓમાંથી 3400 વડીલો સાથે વાતચીત કરી હતી તેમાં એવું જાણવા મળ્યું છે કે 65 ટકા વૃદ્ધ લોકો ગરીબ છે. તેને આવકનો કોઈ સ્રોત નથી 35 ટકા વૃદ્ધ લોકો પોસે મિલકત, બચત, રોકાણ છે અથવા તો સહાય માટે સંતાનો છે.

તાજેતરમાં એજવેલ ફાઉન્ડેશન દ્વારા હ્યુમન રાઈટ્સ ઓફ એલ્ડરલી ઈન ઈન્ડિયાઃ " એ ક્રિટિકલ રિફલેકશન ઓન સોશિયલ ડેવલપમેન્ટ" નામનો અભયાસ થયો જેમાં સમગ્ર ભારતમાંથી 5000 વૃદ્ધોનો સર્વે થયો. જેમાંથી 65.2 ટકા વડીલોના જણાવ્યા મુજબ વૃદ્ધાવસ્થામાં તેમની ઉપેક્ષા થાય છે. 54.1 ટકા વડીલોએ જણાવ્યું કે તેમના પરિવારો અને સમાજમાં તેમની સાથે ખરાબ વ્યવહાર થાય છે. 25.3 ટકા વૃદ્ધ લોકો ક્બૂલ કરે છે કે તેમના કુટુંબના સભ્યો દ્વારા તેમનું શોષણ કરવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘે વિશ્વમાં વડીલો સાથે થઈ રહેલા દુર્વ્યવહાર અને અન્યાયને દૂર કરવા માટે લોકોના મનમાં વડીલો પ્રત્યે કર્તવ્ય અને જાગૃતિ માટે 14 ડિસેમ્બર 1990 ના એક પ્રસ્તાવ કર્યો કે દર વર્ષે 1લી ઓકટોબરને આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ તરીકે મનાવવો. સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્ય દેશો આ દિવસે વૃદ્ધો પ્રત્યે જાગૃતિ અને કાર્યક્રમોનું આયોજન કરે છે. આ આયોજનનો હેતુ સમાજમાં રહેતા દરેક વડિલોનું સન્માન કરવાનો અને તેની મૂળભૂત જરુરિયાતોનું ધ્યાન રાખવાનો છે. વૃદ્ધોના કલ્યાણ માટે આ પ્રકારના કાર્યક્રમોને વિશેષ મહત્વ આપવામાં આવે છે. જેથી તેમના જીવનમાં ઉત્સાહ જળવાઈ રહે.

આ સંદર્ભમાં કેટલાક રાષ્ટ્રો વૃદ્ધોની રુચિ પ્રમાણે વિશેષ યોજનાઓનું આયોજન કરે છે. પોતાના દેશમાં રહેતા વડિલોનું સન્માન કરે છે. અને તેમની સમસ્યાઓ અંગે ચિંતન કરે છે.

સામાન્ય ધારણા એવી છે કે આજના વડીલો અત્યંત નિરાશ છે. અને એ વાતથી દુઃખી છે કે જીવનમાં અનુભવો કર્યા પછી પણ યુવાપેઢી તેમની પાસેથી સલાહ લેતી નથી.વડીલો સૌથી વધુ એ વાતથી દુઃખી છે કે તેઓને બિન અસરકારક ગણવામાં આવે છે. આ દુઃખ અને ગભરાટ દૂર કરવા વડીલો માટે જરૂરી છે. વાસ્તવમાં ઝડપથી થઈ રહેલા વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે વૃદ્ધોના અનુભવનું ભાથું કામ લાગે તેમ નથી તો યુવાનોને તેમના અનુંભવો કેવી રીતે કામ આવી શકે? આ બાબત વૃદ્ધો પણ સ્વીકારતા ન હોવાથી દુઃખી થાય છે. પહેલા પરંપરાગત વ્યવસાયો હતા તેથી વડીલોનું જ્ઞાન સંતાનોને કામ લાગતું. આજે તો બંનેના પરિસર જ બદલાઈ ગયા છે. આ વાત વડીલો પણ સ્વીકારી લે તો તેમની ઉપેક્ષા થઈ રહી છે તેવો અહેસાસ તેમને ન થાય.

બીજું એ કે આપણી સંસ્કૃતિમાં સંતાનો મોટા થાય એટલે વૃદ્ધોને નિવૃત કરી દેવામાં આવતા હતા. આયુષ્ય મર્યાદા ઓછી હોવાથી એ નિવૃતિ કાળ લાંબો ન રહેતો ત્યાં વૃદ્ધો મૃત્યુ પામતા આજે આયુષ્ય લંબાયુ હોવાથી જો વહેલા નિવૃત થઈ જાય તો વ્યક્તિ પાસે કામ રહેતું ન હોવાથી તેમને જીવન કંટાળાજનક લાગવા લાગે છે. સંતાનો તેમની પ્રવૃતિમાંથી નવરા પડતા ન હોવાથી વડિલોને વધુ સમય આપી શકતા ન નથી. વડીલોને એમ લાગે છે કે તેમની અવગણના કરવામાં આવે છે. સંતાનોનો આવો કોઈ આશય હોતો નથી કે તેઓ તેમની અવગણના કરે. વાસ્તવમાં વર્તમાન સમયમાં થયેલ આયુષ્યની ધારણામાં વૃદ્ધિ અંગેનું અગાઉથી આયોજન વ્યક્તિ, કુટુંબ, સમાજ કે રાષ્ટ્ર પાસે ન હોવાથી વૃદ્ધો પોતાની અવગણના થતી હોવાનું અનુભવી રહ્યા છે. કારણ કે જ્યાં જોઈએ ત્યાં વૃદ્ધો સતત ફરિયાદ કરતા જોવા મળે છે કે તેમની સાથે દુર્વ્યવહાર થઈ રહ્યો છે.

ભાનુ એન. કાપડિયાના વૃદ્ધાશ્રમ અંગેના અભ્યાસ વખતે વૃદ્ધો વૃદ્ધાશ્રમના સંચાલકો અંગે પણ સતત ફરિયાદ કરતા હતા કે સંચાલકો તેમની સાથે સારો વ્યવહાર કરતા નથી. આ સંચાલકો કે જેઓએ માત્ર વૃદ્ધોની કાળજી માટે સંસ્થા ઊભી કરી છે. આ અંગે એક વૃદ્ધાશ્રમના વૃદ્ધે પુસ્તક લખ્યુ છે 'વૃદ્ધાશ્રમના હુકુમશહા હાકેમો' જેમાં તેણે કેટલાક વૃદ્ધાશ્રમમાં તેઓ રહ્યા અને તેમાં થતી વૃદ્ધોની ઉપેક્ષા અંગેની વાત કરી છે. આ ઉપરાંત એક વૃદ્ધાશ્રમના સંચાલક બહેને પત્ર લખીને જણાવ્યું કે બહેન હું વૃદ્ધોની સેવા માટે મુંબઈથી આવી વૃદ્ધ માતાઓની દિલથી સેવા કરું છું પણ છતાં તેઓ સતત ઓછપ અનુભવે છે. ગમે તેટલા સારી રીતે રાખીએ તોય તેમની અપેક્ષાઓ પૂરી કરી શકાતી નથી. હવે તો એમ થાય છે કે આ વૃદ્ધો તેમની પ્રકૃતિથી જ દુઃખી થાય છે. અન્ય એક વૃદ્ધાશ્રમના સંચાલકના જણાવ્યા મુજબ આ વૃદ્ધો મારી ગેરહાજરીમાં મને બહુ જ ખરાબ બોલતા હોય છે. અહિ સવાલ એ થાય છે કે ખરેખર વૃદ્ધોની અવગણના થાય છે કે પછી ભારતીય સંસ્કૃતિ મુજબની તેમની અપેક્ષાઓ ટકી રહી છે અને બદલાતી પરિસ્થિત સાથે તેઓ અનુકૂલન સાધી શક્યા નથી.

ઉપરાંત આજે કેટલાય યુવાઓને કહેતા સાભળીએ છીએ કે વડીલોને ગમે તેટલા સાચવો તો પણ તેમને દૂધમાંથી પોરા કાઢવાની આદત પડી ગઈ છે. જે વૃદ્ધો કાર્યરત છે તેવા વૃદ્ધો ઓછી ફરિયાદો કરતા હોય છે કારણ કે તેમનું મન સતત પ્રવૃતિમાં રોકાયેલું રહે છે.

એ જે પણ હોય તેમને પ્રવૃતિમય રાખીને કે પછી અન્ય કોઈ રીતે વાસ્તવમાં વૃદ્ધોને લાગતા અન્યાય અને દુર્વ્યવહારને દૂર કરવા એ આપણા સૌની સામાજિક જવાબદારી છે.

## સંદર્ભગ્રંથો


1. કાપડિયા ભાનુ એન. (2014) વૃદ્ધાવસ્થામાં જીવન સાફલ્ય, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ
2. કાજી જયવતી (2000) જીવન સંધ્યાનો ઉજાસ,મુંબઈ
3. પટેલ હિતેશ કુમાર ન.(1982) વૃદ્ધત્વની સમસ્યા, હર્ષ પ્રકાશન, અમદાવાદ.
4. રાવલ ચંદ્રિકા ને ધ્રુવ શૈલજા (2003) સાંધ્યદીપ-વૃદ્ધાશ્રમનો એક સંશોધનાત્મક અભ્યાસ, અમદાવાદ.
5. એ.જી. શાહ અને જે.કે. દવે (2000) સામાજિક સમસ્યાઓ, અનડા પ્રકાશન, અમદાવાદ.
6. દવે હર્ષિદા એચ. (2000) સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
7. એજવેલ ફાઉન્ડેશન રિપોર્ટ

8 Cencus of India (1961 થી 2011)

9 Bhatia H. S. (1983) Aging and Society, Aryan publishers, Udaipur.

10 Dandekar kumudini (1996 ) The elderly in india, Sage publication Pvt. Ltd. New Delhi.

11 Sharma M. L. & Dak M. K. (1987) Aging in India Ajanta publishers, Delhi.

12 S. Vijaykumar (1991) Family life and Socio- Economic problems of the aged, Ashish publishing house, New Delhi.

13 Mishra Rajan & Sharma (1999) Indias elderly http://www.oldagesolutions.org.

14 Mishra Saraswati (1998) Social adjustment in old age, B. R. Publication Delhi

15 A Help age India National Report -2017

 ISBN : 978-81-938282-0-5

# ભારતીય સાહિત્યમાં સાંસ્કૃતિક સંદર્ભ

**પ્રા.કમલેશ ડી. પટેલ**
**ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ,ડીસા**
**ગુજરાતી વિભાગ**

દરેક રાષ્ટ્રને કે એ રાષ્ટ્રની પ્રજાને પોતાનું આગવું વ્યક્તિત્વ છે, આગવું ચારિત્ર્ય છે, આગવી સભ્યતા છે, આગવી સંસ્કૃતિ છે, આગવી પરંપરા છે, આગવો ઇતિહાસ છે, આગવી જીવન દૃષ્ટી છે. આ દેશની પ્રજા પાસે હજારો વર્ષોની સાંસ્કૃતિક સભ્યાતાની મૂડી છે. આ દેશે તો પરદેશી પ્રજાના આક્રમણો સહન કર્યા છે. આ દેશના રોમાંચક ઇતિહાસની સાક્ષી પૂરતી ઐતિહાસિક ઇમારતો છે.

આ જ દેશ એવો છે કે જ્યાં જન્મ, મરણ, પુન: જન્મ, પ્રારબ્ધ, કર્મફળ, પાપ-પુણ્ય, નીતિ-અનીતિ, ઈશ્વર વગેરે જેવા ખ્યાલો પ્રજાની ચેતનામાં ઓતપ્રોત થઈ ગયા છે. આ દેશના પ્રજાજનોની જીવન દૃષ્ટીમાં તપ, ત્યાગ, દાન અને સંયમનો મહિમા છે. આ દેશની પ્રજાના જીવનનો આદર્શ છે સત્યમ, શિવમ અને સુંદરમ. અહિંસા અને અપરિગ્રહ એ દેશના લોકોની ભાવના છે. શાંતિપ્રિયતા, સમષ્ટિનિષ્ઠા, સમન્વયશીલતા, સહિષ્ણુતા, તિતિક્ષા વગેરે આ દેશની પ્રજાના લક્ષણો છે. આ બધા કારણે વિશ્વની પ્રજાઓ કરતાં ભારતીય પ્રજા જુદી પડે છે અને એનું સાહિત્ય પણ વિશિષ્ટ છે તો પછી એની વિભાવના અંગે શા માટે વિચારી ન શકાય?

આપણે જો 'ભારતીય સાહિત્ય'ની વિભાવના અંગે વિચારતા હોઈએ તો ભારત, ભારતીય અને ભારતીયોના જેવા ત્રણેય સંપ્રત્યયો વિષે ઊંડાણથી વિચારી લેવું પડશે.

ભારત એટલે શું?... કોઈ ભૌગોલિક નક્શો? રાજા મહારાજાઓના પતનની વંશાવળી? રાજકીય પક્ષોના ચૂંટણી ઢંઢેરાઓ ? રાજકારણીઓએ દાટી દીધેલો ઇતિહાસ? પ્રધાનોને રાજકારણીઓએ દાટી દીધેલો ઇતિહાસ? પોતાની જાતને ભગવાન કે સ્વામી માનતા લેભાગુઓ? છે? ના..... આ ભારતની સાચી ઓળખ નથી. ભારત જ એક એવો દેશ છે જે અઢારેય વરણને સમાવે છે. દુનિયાના બારેબાર ધર્મો, વિવિધ પંથો, વિવિધ મતો, વિવિધ માર્ગો, વિવિધ સંપ્રદાયો ધરાવતી પ્રજા માત્ર ભારતમાં જ છે. ભારત એ તો તંત્ર-મંત્ર, યોગ-ભોગ, ધર્મ-કર્મ વગેરેનું સંગમ તીર્થ છે. અનેકતામાં એક્તા, ભેદમાં અભેદ, અસીમમાં અસીમ, વિવાદમાં સંવાદ, પિંડમાં બ્રહ્માંડને શોધતી એક લાક્ષણિકતા ભાવમૂર્તિ છે આ ભારત.

આ માટે મહાત્મા ગાંધીનો એક લેખ વાંચી જવો ખૂબ જરૂરી છે. " હું બીજી સંસ્કૃતિથી દૂર રહેવાનું કે આપની આસપાસ દીવાલો ખડી કરવાનું નથી કહેતો, પણ હું એટલું જરૂર કહીશ કે આપણે પોતાની સંસ્કૃતિની કદર કર્યા પછી જ આપણે બીજી સંસ્કૃતિઓની કરી શકીએ, તે પહેલા નહીં. મારો દ્રઢ મત છે કે આપણી સંસ્કૃતિ પાસે જેટલાં ભંડારો છે એટલા બીજી કોઈ સંસ્કૃતિ પાસે નથી. આપણે આપણી સંસ્કૃતિ પિછાની નથી. ઊલટું આપણને તેના અભ્યાસ અંગે કેળવવાનું અને તેની કિંમત ઓછી આંકવાનું જ શીખવવામાં આવ્યું છે. આપણે આપણી સંસ્કૃતિ મુજબ આચરણ કરતાં લગભગ અટકી ગયા છીએ. આપણી સંસ્કૃતિ અનુસાર ના જીવીએ તો એક સમાજ તરીકે આપણે અપરાધ વહોરી લઈશું. મારો ધર્મ જેમ મને મારી સંસ્કૃતિ મુજબ જીવવાનો આદેશ આપે છે તેમ બીજી સંસ્કૃતિઓને ઉતારી પાડવાની કે તેમની અવગણના કરવાની મના કરે છે.''

આપણે ભારત એટલે શું? એની ચર્ચા કરી. હવે ભારતીય કોણ છે? તેની ચર્ચા કરીશું. તમે ઘરનો ઉંબરો ઓળંગતા કે ખેતરનો શેઢો ઓળંગતા દાદા ખેતરપાળને જો કોઈ વંદન કરતાં દેખાય તો તે ભારતીય જ હશે. ભારતીય એ છે કે જે અડીઓપડી વખતે ઇષ્ટ દેવની કે કુલદેવની માનતા રાખે છે. પોતાના કલ્યાણ માટે કે બીજાના કલ્યાણ માટે બાધા રાખે છે. સારાં માઠા પ્રસંગે ઘરમાં કથા કે કીર્તન કરાવે છે. મરતી વખતે મોંમાં ગંગાજલ લેવા ઝંખે છે. પિતાના તર્પણ વખતે કાગડાઓને વાસ નાંખે છે. વૃક્ષને અને ખાસ કરીને પિપળાને કાપવામાં અપરાધભાવ અનુભવે છે. આવી કોઈ પણ વ્યક્તિ જગતના કોઈ પણ ખૂણે હોય તો માનવી કે એ ભારતીય જ છે.

સંતાન વાહિતા, સમદ્રષ્ટિ, ભાગીદારી, ' **सहनाववतु सहनौ भुनक्तु, सह्विर्य करवावहे** ' ની ભાવના સંવાદિતા, સહજતા, સહિષ્ણુતા, આધ્યાત્મિકતા, પરંપરાગતતા, નિરંતરતા, રહસ્યમયતા, આનંદમયતા એ ભારતીયતાના દ્યોતક લક્ષણો છે. તો પછી ભારતીયતા એટ્લે શું? એ પણ એક વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે. જે વ્યક્તિમાં ભૌતિકતા કરતાં અંતરની પવિત્રતાને પ્રગટ કરતી આધ્યાત્મિક્તા તો એ પણ અમૃતનું સંતાન માને એ વ્યક્તિની ભારતીયતા છે. જીવન અને જગતને શોકનું નહીં પણ આનંદ ઉલ્લાસનું અધિષ્ઠાન માને એ વ્યક્તિની ભારતીયતા છે, જે વ્યક્તિમાં અન્યના વિચારને સાંભળવા, સમજવા, સ્વીકારવાની ધીરજ છે એ તે વ્યક્તિની ભારતીયતા છે. પુત્ર કે પુત્રીને પોતાના વારસાનો અધિકારમાંથી વ્યક્તિ માત્ર પુત્ર કે પુત્રી સુધી એ વાતને સીમિત ન રાખતાં નદી, પર્વત, વૃક્ષ, વેલી, પશુ, પંખીઓ સુધી એ વારસાની યાદીને લંબાવે તે એની ભારતીયતા છે. નાની મોટી બાબતોમાં સ્વાર્થી ગણતરીઓને બાજુમાં રાખીને પરમાર્થની ભાવના રાખે એ ભારતીયતાની નિશાની છે.

### ભારતીય સાહિત્ય :

જે સાહિત્ય ભારતીય પ્રજાની સંવેદનાઓ, સમસ્યાઓ, લાગણીઓનું વાહક હોય તે સાહિત્ય ભારતીય સાહિત્ય કહેવાય. જે સમસ્યાઓ, સંવેદનાઓ આલેખ પામી છે એ બધી સમસ્યાઓ, સંવેદનાઓ, લાગણીઓને ભારતીય પ્રજા જ અનુભવતી હોય છે.

તો પછી પ્રશ્ન થાય કે ભારતીય સંવેદનાઓ કઈ કઈ છે? એ સમસ્યાઓ કઈ કઈ છે? તેનાં જવાબમાં કહી શકાય કે ભારતીય પ્રજાએ હંમેશાં નર-નારીના પ્રેમસંબંધને અભિવંદ્યો છે. માણસમાં રહેલી માનવતામાં આસ્થા રાખી છે. મુક્તિની કામના કરી છે. ભારતીય સમાજમાં ગૃહ અને પ્રેમનું અધિષ્ઠાન છે નારી. પશ્ચિમની પ્રજા માફક ભારતીય પ્રજા સ્ત્રીઓને ભોગ્ય સ્વરૂપે નહીં પણ મૈત્રી, માતા, રંભા રૂપે સ્વીકારે છે. ભારતીય પ્રજાની માન્યતા છે કે સંસારની યોજનામાં સ્ત્રી મમતાભરી અને દયામયી છે. જગતના ગમે તેવા અનિષ્ટ અને અમંગળ ઉપર, દુરિત અને પ્રેયસ ઉપર તે પોતાના પ્રેમ અને આત્માભોગ વડે વિજય મેળવી શકે છે.

### ભારતીય સાહિત્યમાં નારી ભાવના :

ભારતીય સાહિત્યમાં રહેલી નારી ભાવનાની વાત કરીએ તો ભારતીય પ્રજા સ્ત્રીના માતા, બહેન, પત્ની અને ભાભી-એવા બધા સ્વરૂપોમાં અદ્ભુત શ્રદ્ધા ધરાવે છે. બહેનોનો નિર્વ્યાં જ સ્નેહ અને ભાભીનો મનમેળ ભાવ ઋણાનુબંધની ઋજુ ગરવી કવિતા સમો છે. પત્નીનો પ્રેમ જન્મ-જન્માંતરનો છે. માતાના પ્રેમમાં આવિર્ભાવ છે તો કુટુંબ કે એથી અન્ય કોઈ પ્રકારની સીમા નથી, પત્નીની સહનશીલતા અને

સમર્પણ ભાવના તેમજ માતાની મમતા અને વાત્સલ્યમાં આ ભારતીય પ્રજાને ઊંડો વિશ્વાસ છે. સ્ત્રી વિષયક આવા ભાવો અને ખ્યાલો ભારતીય સંવેદનાનું એકરૂપ છે લોહીની સગાઈ.

ભારતીય પ્રજાએ નરનારીનાં જોડલાની 'ઉરદોરી એક' કલ્પી છે તેથીજ પ્રેમને એમને જોડનાર કોઈ આંતર હેતુરૂપે ઓળખ્યા છે, જ્યારે કામને વામ કહીને ઓળખાવ્યો છે. લગ્નને સોળ સંસ્કારો પૈકી એક સંસ્કાર અને અતૂટ જીવનબંધનની ભાવનારૂપે સ્વીકાર્યું છે. રામસીતા, રાધાકૃષ્ણ, શિવપાર્વતી, સત્યવાન સાવિત્રી, નળ દમયંતીની કથાનકો આ કારણે તો તેના આદર્શ આદ્યરૂપો બન્યા છે. ભારતીય પ્રજાની નારી ભાવના અને પ્રણય ભાવના એના યોગ્ય અને અનુત્તમ રૂપમાં કાલિદાસના 'શાકુંતલ' માં, ભાવભૂતિનાં 'ઉત્તરરામચરિત' માં, ટાગોરની 'ચિત્રાંગદા' માં, મૈત્રેયી દેવીની 'ન હન્યતે' માં પ્રગટ થઈ છે.

### ભારતીય સાહિત્યમાં માનવતાનું નિરૂપણ :

ભારતીય પ્રજાએ માનસમાં રહેલ મહાનતા અને ઉદાત્તતાનો ખ્યાલ સ્વીકાર્યો છે. માણસની ખરી કિંમત તેની માણસાઈમાં ગણી છે. માનવધર્મને મોટો ધર્મ માન્યો છે. ' ज नानुषात् श्रेष्ठतर हि किंचित् ' એ 'મહાભારત' કાર વ્યાસની વાણીનો પ્રતિઘોષ બંગાળી કવિ લડુ ચંડીદાસે કર્યો છે. આ રીતે- ' સાબાર ઉપરે માનુષ સત્ય તાહાર ઉપર નાઈ'. આ સંસારનું સૌથી મોટું અને છેલ્લું સત્ય માણસને માન્યું છે. પશ્ચિમની પ્રજાની મૂળભૂત માન્યતા છે કે ' માણસ પાપનું ફરજંદ છે'. જ્યારે માણસ મૂળભૂત રીતે પાતી છે. એવા વલણની સામે રહીને ભારતીય સર્જકોએ, ખાસ કરીને શરદબાબુએ લખ્યું છે. તેઓએ એક સ્થળે લખ્યું છેઃ 'ત્રુટિ, ભૂલ, અપરાધ, અધર્મ એજ માણસોનું સર્વસ્વ નથી તેની અંદર જે સાચો માણસ છે, જેને આપણે આત્મા કહીએ તો પણ ચાલે, તે તેના બધા અપરાધો કરતાં મહાન છે. મારી સાહિત્ય કૃતિઓમાં તેનું હું અપમાન નહીં કરું. એજ મારી ઈચ્છા છે' . સાધારણ કે પામર જણાતી વ્યક્તિઓમાં પણ ક્યાંક કોઈ ઉત્તમાંશ હોય, એવા ગૂઢ સદગુણો માટે પણ તેઓને આદરણીય ગણ્યા છે. નિતાંત પતિત વ્યક્તિમાં પણ ક્યાંક ઊંડે ઊંડે અખૂટ સૌજન્ય હોવાની વાત સ્વીકારી છે. સ્ખલનશીલ માનવીની ભીતર જે મનુષ્ય રહ્યું હોય છે તેને પ્રમાણવાનો ભારતીય સાહિત્યકારે સદા સર્વદા પ્રયત્ન કર્યો છે.

### ભારતીય સાહિત્યનો મુખ્ય ગુણ અધ્યાત્મિકતા :

ભારતીય પ્રજાની માનસિકતામાં અધ્યાત્મિકતા, રહસ્યમયતા તપાસવું અને આંતર દૃષ્ટી પરક આધ્યાત્મિકતા ઓતપ્રોત છે. ભારતીય પ્રજા મૂળભૂત રીતે ધર્મભાવનાવાળી, શુભ, શિવ અને મંગલનાં તત્ત્વોમાં આસ્થા રાખનારી પ્રજા છે. એને મન ધર્મ એટલે સંપ્રદાય, પંથ કે ફિરકાઓ નહીં, પણ પોતાને ધારણ કરનારાઓ આંતરિક સંબલ એટલે ધર્મ. ધર્મ એટલે ધર્માચરણ. સંસારના શુભ, શિવ, મંગલને અનુકૂળ રીતે આંતરભાવને વ્યક્ત કરતો એનું નામ ધર્મભાવના. આવી ધર્મભાવના દાખવી જેમણે જીવનભર ધર્મઆચરણ કર્યું. એ શ્રીરામ, યુધિષ્ઠિર, રાજા હરિશ્ચંદ્ર વગેરે એ ભારતીય પ્રજાના ચિત્તમાં પોતાનું કાયમી સ્થાન પ્રાપ્ત કર્યું છે. એક ઉદ્દત અને એક ઉચ્છ્ખલ રાજસત્તાએ એક સતીના શીલ અને સ્વમાનનું અપમાન કર્યું અને ધર્મની ગ્લાનિ થઈ ત્યારે ધર્મની પુનઃસંસ્થાપના માટે કુરુક્ષેત્રનું યુદ્ધ ખેલાયું અને શ્રીકૃષ્ણએ હાથમાં ધૂરા અને શત્ર સંભળાવ્યા. ' ધર્મે જય અને પાતે ક્ષય' એ સરેરાશ ભારતવાસીની માન્યતા છે. આ ધર્મનું તત્ત્વ અકળ અને આચ્છાદિત છે, ગૂઢ અને ગુહ્ય છે. એટલે ગૂઢ

અને ગુહ્ય વિદ્યા તરફ અને જીવન, જગત, જીવન અને શિવની અકળ સ્થિતિગતિ અંગે એક જાતના રહસ્યાત્મક વલણ તરફ ભારતીય પ્રજા માનસનો ઝોક છે.

ભારતીય પ્રજાએ સ્થૂળ ભાવબંધનો અને જન્મજન્માંતરના ફેરામાંથી મુક્તિ પામવાની કામના હંમેશ સેવી છે. એ કારણે સૃષ્ટિમાં પ્રવર્તતા કર્મના સાર્વભોમ નિયમમાં અને નીતિમાં સામ્રાજ્યમાં વિશ્વાસ રાખ્યો છે. જીવનના ચાર પુરુષાર્થોની યોજના વિચારી છે. નિષ્કામ ભાવ અને નિરાસક્ત દૃષ્ટિની હિમાયત કરી છે.

**સમસ્યાઓનું ભારતીય સાહિત્યમાં પ્રતિનિધાન** :

ભારતીય સાહિત્યમાં અભિવ્યક્ત થયેલી મુખ્ય સંવેદનાઓ જોયા પછી ભારતીય સમસ્યાઓ અને એમનું ભારતીય સાહિત્યમાં કેવું પ્રતિનિધાન થયું છે એ જોઈએ. આખાય વિશ્વમાં ભારતીય સમાજની એક વિશિષ્ટતા છે, તે છે જાતિપ્રથા અને કુટુંબ સંસ્થા દહેશતના માર્યા જંગલી જાનવરોનું ટોળું બનાવીને પોતાની સુરક્ષાનો વ્યૂહ તૈયાર કરે છે, તેમ ભારતીય લોકસમાજે પણ જાતિ, ભાષા અને ધર્મની વ્યુહ રચના કરી છે. કોઈ કાળે ટકી રહેવા માટે એ જરૂરી હશે પણ એમાંથી જે જ્ઞાતિવ્યવસ્થા ઊભી થઈ તેને ભારતીય જનજીવનમાં કેટલીક સમસ્યાઓ પણ ઊભી કરી છે. જ્ઞાતિના ધારાધોરણો અને પાંચ-ફેસલાઓનો સ્વીકાર એની લાચારી બની રહ્યા છે. જીવ મળી ગયા હોવા છતાં જ્ઞાતિ ભિન્નતાને કારણે જીવનમાં જોડાઈ ન શકતાં, દુભાતા, હિજરાતા, રીઝાતા, 'મળેલા જીવ'ની ટ્રેજેડી સમાજ નામના નિષેધ પર્વતને કારણે છે. સામાજિક સમસ્યાઓ ભારતની તમામ ભાષાઓના સાહિત્યમાં નિરૂપાયેલી જોવા મળશે. એજ રીતે સંયુક્ત કુટુંબ વ્યવસ્થાને કારણે રિબાતા- રૂંધાતા કુળવધૂના જીવનની જે દાસ્તાન ગોવર્ધનરામની 'સરસ્વતીચંદ્ર'.

સમસ્યાઓનું અત્યંત હ્રદયદ્રાવક ચિત્રણ ભારતીય સાહિત્યની 'સાત પગલાં આકાશમાં', 'રથચક્ર', 'પ્રથમ પ્રતિશ્રુતિ', ' અમૃતસ્ય પુત્રી', 'સજા', વગેરે કૃતિઓમાં જોવા મળે છે. એક અથવા બીજા કારણે તૂટતાં ઘરની સમસ્યા પણ દારૂણ છે. તેનું ચિત્રણ 'ગૃહદાદ', 'ગૃહભંગ', 'પેક મેડલું', 'સાંજૂઈ ખેડી', 'યાત્રાનો અંત', વગેરે કૃતિઓમાં છે. ભારતીય સમાજમાં નારીની માફક બીજો દામિત-પીડિત છર્ગ છે દલિતોનો. ઊંચ-નીચ વર્ણ અને સ્પૃશ્ય-અસ્પૃશ્યના ખ્યાલોને કારણે હરીજન-ગિરિજન-આદિવાસી પછાત જાતિઓએ વર્ષો સુધી આ દેશમાં જે દુખ:દર્દ, પીડા અને યંત્રણા ભોગવ્યા છે એ કારણે એમના જે આક્રંદ અને આક્રોશ છે તે ગુજરાતી, હિન્દી અને મરાઠી ભાષાઓના દલિત સાહિત્યમાં, ભંગાળના હંગ્રી જનરેશનના, કર્ણાટકનાં દિગંબરોના, તમિલનાડુના વ્યાઘ્રોના અને આંધ્રપ્રદેશના નક્સલવાદીઓના સાહિત્યમાં વ્યક્ત થયાં છે.

ભારતની વસ્તીનો મોટો ભાગ ગામડાઓમાં વસે છે. ત્યાંના લોકોની સમસ્યાઓનું રૂપ ભારતીય સાહિત્યમાં વિવિધ ભાષાઓમાં સમાનરૂપે આલેખયેલું છે. જેમકે, ગ્રામજીવનને અસર કરતી કુદરતી આપત્તિઓ , જમીનદાર દેવાદારના પ્રશ્નો, ખેડૂતના શારીરિક- આર્થિક શોષણ, ગ્રામજીવનને દૂષિત કરતું રાજકારણ, ગ્રામ જીવનમાં મૂડીવાદી ઘટકો અને એકમોની ભૌતિક અને વૈચારિક સ્તરે થતી ઘુસણખોરી વગેરે સમસ્યાઓનું યથાર્થ ચિત્ર, 'માનવીની ભવાઇ', 'લીલુડી ધરતી', 'ગોદાન', 'રાગ દરબારી', 'ગણ દેવતા', 'માઇલા આંચળ', ' ગ્રામાયણ', ' મસલી મણ્ણીગ', 'ગારંબીચા બાપુ', 'લોક દુશ્મન', ' ખેત જાગે', ' નંદાઈ', ' પદબલી', ' ધી વિલેજે', ' કાન્તાપુરા', 'સરાઈ'. 'ઉલ્કા', 'ચેલ્લારા દેવલ્લુ' વગેરે

રચનાઓમાં ઉપસ્યું છે. બેકારી અને ગરીબીની સંસ્થા- તેનો વ્યક્તિ કૌટુંબિક સંબંધો, ગુન્હાખોરી કાડા અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર પડતો પ્રભાવ તેની કેટલીક લાક્ષણિકતાઓ સાથે ભારતીય સાહિત્યમાં નિરૂપાયો છે. આવી સમસ્યાઓ નિરૂપતિ ભારતીય રચનાઓમાં ધ્યાન ખેંચતી કેટલીક આ છે : 'ચક્ર', 'જહાજ કાં પંછી', ' ગલી આગે મૂડતી હે', ' શબ્દાનલ', મુલ્લા પોડુંલું', 'મેં સમ્રાટ હું', 'પ્રતિદ્વંદ્વી', 'જન અરણ્ય'. હિંદુસ્તાન –પાકિસ્તાન રૂપે દેશનું વિભાજન થયું એ ઘટના ભારતીય પ્રજા માટે એક અત્યંત વિશ્રાંતકારક, દુ:ખદ અને કમનસીબ ઘટના હતી. એને કારણે જે સમસ્યાઓ ઊભી થઈ હતી – જેવી કે કોમી રમખાણો, ભયગ્રસ્ત હિજરત, ઉન્મૂલિત નિર્વાસિતો તેમની બીક, વેદના અને વ્યથા તેમના પુનર્વસવાટના પ્રશ્નો યથાર્થ ધરા પર 'તમસ', 'જૂઠા સચ', 'દો દુનિયા', 'આઝાદી', 'ટ્રેન ટુ પાકિસ્તાન', 'સુનિતા', 'ગદ્દાર', 'ઓર ઇન્સાન માર ગયા', 'રકતે બદલ રકતા' વગેરે કૃતિઓમાં નિરૂપાયા છે. દેશમાં આઝાદી બાદ જે સમસ્યાઓ વકરી છે, જેવી કે સામાજિક, રાજકીય અને અમલદારી સ્તરનો ભ્રષ્ટાચાર, રાજકારણનું અપરાધીકરણ, વ્યાપારિકરણ, પોલીસતંત્રની નિષ્ઠુરતા, નિષ્ફળતા અને ક્રૂરતા, સત્તા હાંસલ કરવા માટેની લાલસા અને એ માટેનું કાવાદાવાનું ચિત્રણ તેના યથાતથ સ્વરૂપમાં 'આપને લૉગ', 'રાગ દરબારી', ' ધ એપ્રેન્ટિસ', 'ધ ફોરેનર', ' મંત્રમ્', 'રંગ મહલ', 'દ્રૌપદી', ''મુખ્યમંત્રી', 'સિંહાસન', 'હીરકજયંતી', 'ગાંધીની કાવડ' મોટા અપરાધી મહેલમાં વગેરે કૃતિઓમાં થયું છે.

**ભારતીય સાહિત્યમાં ભારતીયતા** :

ઇ.સ.1923માં જર્મન કવિ વિદ્વાન ઓગસ્ટ વિલહેમ વન સ્ફલેગલે ' ઇન્ડિયન લિટરેચર (Indian Literature ) શબ્દ પ્રયોગ કર્યો હતો. અલબત, તેના મનમાં તેનો અર્થ ' સંસ્કૃત સાહિત્ય' થી વિશેષ ન હતો. મોટા ભાગના પાશ્ચાત્ય વિદ્વાનોએ ' ભારતીય સાહિત્ય' સંજ્ઞા સગવડ માટે, સંક્ષેપ માટે પ્રયોજી છે. તેમાં પ્રાચીન તામિલ-તેલુગુ- મલયાલમ સાહિત્યનો સમાવેશ થયો નથી.

ભારતીય સાહિત્યમાં ભારતીયતાને તપાસતા ડૉ.નગેન્દ્ર વિભિન્ન ભારતીય ભાષાઓમાં રચાયેલા સાહિત્યો પ્રતિ આપણું ધ્યાન આકૃષ્ટ કરે છે જેમાં રહેલી એક સમાન વિશેષતાઓને આધારે ભારતીય સાહિત્યની એકતાને પ્રતિપાદિત કરી શકાય. પ્રો.વિનાયક કૃષ્ણ ગોકાક પહેલવહેલા ભારતીય સાહિત્યની એ ચેતનાના સંશોધનનો પ્રયત્ન કર્યો જે દ્વારા

'ભારતીય સાહિત્ય' એમ કહેતા આજે ત્રણ અર્થ નીકળી શકે છે :

(1) ભારતીય સાહિત્યનો અર્થ છે સંસ્કૃત સાહિત્ય જેની ખૂબ પ્રાચીન પરંપરા છે અને જેણે આધુનિક ભારતીય સાહિત્ય સવિશેષ પ્રભાવિત કર્યું છે ઉપર આપણે જોયું તેમ મોટા ભાગના પાશ્ચાત્ય વિદ્વાનો ભારતીય સાહિત્યનો અર્થ સમજે છે.

(2) ભારતીયો દ્વારા અંગ્રેજી ભાષામાં લખાયેલું સાહિત્ય .

(3) વિવિધ પ્રાંતીય ભાષાઓ હિન્દી, ગુજરાતી,બંગાળી મરાઠી, તમિલ વગેરેમાં રચાયેલું સાહિત્ય જેમાં વિષય અને ભાવનાની એકસૂત્રતા સ્પષ્ટ જણાતી હોય છે

વાસ્તવમાં સંસ્કૃત તથા વિભિન્ન ભારતીય ભાષાઓમાં રચાયેલા સાહિત્યને આધારે જ ભારતીય સાહિત્યના યથાર્થ સ્વરૂપનો ખ્યાલ આવી શકે છે. ભારતીય સાહિત્ય એક દ્રષ્ટિએ જોઈએ તો એક છે પરંતુ ભારતની પંદર પ્રમુખ ભાષાઓમાં તેની પંદર પ્રકારની અભિવ્યક્તી જોવા મળે છે.

વિવિધ અભિવ્યક્તિઓમાં દૃષ્ટીગોચર થતી એકરૂપતામાં બે કારણો છે:

 ISBN : 978-81-938282-0-5

(1) એક જ સ્રોતમાંથી પ્રેરણા પ્રાપ્ત કરવી. આ મૂળ સ્રોત છે. સંસ્કૃત સાહિત્ય, મહાકાવ્યો, પુરાણો, જાતકકથાઓ, લોકસાહિત્ય દાર્શનિક સાહિત્ય, કલા અને સંગીત.

(2) લગભગ એક જ પ્રકારની આવેગાત્મક અને બૌદ્ધિક અનુભૂતિઓથી પ્રેરિત સાહિત્ય સર્જન થવું.

ડૉ. ઇન્દ્રનાથ ચૌધરી કહે છે કે, 'આને પરિણામે આપની સાહિત્યિક પરંપરામાં એક પ્રકારની અતૂટ નિરંતરતા જોવા મળે છે અને સાથે જ આપણી આધુનિકતામાં રહેલી પ્રાચીનતાની પ્રાણશક્તિ સ્પષ્ટ મુખરીત થયેલી જણાય છે'. (तुलनात्मक साहित्य की भूमिका १९८३).

આધુનિક સંદર્ભમાં વિચારીએ તો ભારતીય સાહિત્ય પર એક તરફનો પશ્ચિમનો પ્રભાવ પડ્યો છે તો બીજી તરફ નવપ્રકાશમાં પ્રાચીનના પુનર્નિર્માણ પ્રતિ સાહિત્યકારોનું ધ્યાન ગયું છે. ભારતીય સાહિત્યના આ સમગ્રરૂપને જોતાં એવું લાગે છે કે આપણું સાહિત્ય માત્ર એક દૃશ્ય જ નહીં, એક પેનોરેમ છે. ઉપરથી નીચે સુધીમાં એમાં ઘણા બધા 'લેન્ડસ્કેપ' છે, પરંતુ આ વિભિન્ન લેન્ડસ્કેપ હોવા છતાં તેની અનેકતામાં પણ એક સૈદ્ધાંતિક એકતા છે, જે ભિન્ન સાહિત્યપ્રકારો, રૂપો કે અભિવ્યક્તિઓમાં પ્રતિફલિત થયેલ છે. આપણા સાહિત્યમાં પૌરાણિક કથાઓ, કલાકૃતિના મધ્યવર્તી સૂરો, પ્રતીકો વગેરેના વિનિયોગમાં એક વ્યાવહારિક સંશ્લેષણ દૃષ્ટીગોચર થાય છે જે ભારતીય સાહિત્યની ભારતીયતાને ઉજાગર કરે છે. આ ભારતીયતાની ખોજ કરવા માટે આપણે પાંચ હજાર વર્ષના ભારતીય સાહિત્યની તપાસ કરવી પડશે. ભારતીય સાહિત્યમાં ભારતીયતાના આવિષ્કાર માટે સમગ્ર ભારતીય સાહિત્યને સ્વીકારવું પડશે.

ભારતીય સાહિત્યની ભારતીયતા અથવા ભારતની માનસિકતાનું મૂળ સ્વરૂપ, આધ્યાત્મિક, આંતર દ્રષ્ટિ મૂલક અને મનોગત છે. આને જ આર્નોલ્ડે 'ભારતની નિષ્કામ દૃષ્ટી ' અને ગેટેએ 'વ્યક્તિગત ભાવાવેગથી મુક્ત ભારતીય કલાદૃષ્ટી' કહી છે. આ અનાસક્તિ શરીર પ્રત્યેનું અનાસક્તિનું પરિણામ છે. કારણ કે આપણી ખોજ હંમેશાં આત્માની ખોજ રહી છે. એને શરીરેતર વિભાવના પણ કહી શકાય. બીજી બાજુ ભારતીય સર્જક ક્યારેય 'વ્યક્તિગત મન' ના ખ્યાલથી વિચારતો નથી. તેણે સદા 'સામૂહિક મન' પસંદ કર્યું છે. વ્યક્તિથી સમષ્ટિ પ્રતિ ગમનનું તેનું ધ્યેય રહ્યું છે. ભારતીય સાહિત્યના લેખનનું આ કેન્દ્રબિંદુ રહ્યું છે.

ભારતીય સાહિત્યમાં આધ્યામિકતા છે એનો અર્થ એવો નથી કે તે ધાર્મિક કે ધર્મ આધારિત છે. વાસ્તવમાં તે રહસ્યમૂલક છે. તે યોગ અને ભોગને સંયોજવા ચાહે છે. આધ્યાત્મિકતાને સાંસારિક સુખો સાથે સાંકળે છે. કલાપીએ ' ભરત' કાવ્યમાં કહ્યું છે : ' રાગને ત્યાગની વચ્ચે હૈયું એ ઝૂલતું હતું' કાન્ત પણ 'વસંતવિજય' માં કહે છે : સૌંદર્ય શું? જગત શું?/ તપ એ જ સાથી. રવીન્દ્રનાથ ઠાકુર ' રૂપસાગરે ડૂબ દિયેછિ અરૂપરતન આશકરિ' કે 'સીમાર માઝે અસીમ તુમિ બાજઓ આપણ સૂર' કહે છે. તો હિન્દી કવિ 'નિરાલા' કહે છે: 'ઉસ અસીમ મેં લે જાઓ / મુઝે ન કુછ તું દે જાઓ'. કવિ ઉશનસ પણ 'રૂપના લય' માં કહે છે: 'અમે કોઈ રૂપ ગયા' તા જોઈ:/કયહી કયહી એનાલ ય અહીં આ ઉઘડયા કોઈ કોઈ'.

ભારતીય સાહિત્યનો વસ્તુપક્ષ, રૂપ અને શૈલી એક જ્ઞાત અનુભૂતિને સંચારિત કરે છે કઈ રીતે ઋત સત્યમાં સમાવિષ્ટ થઈ શકે છે. જીવનધારા સરિતાની પેઠે સતત બદલાતી રહે છે પણ સત્યને

પામવાની એની મથામણ ચાલ્યા કરે છે. ભારતીય સાહિત્યમાં રહસ્યાત્મક પ્રતીકવાદ જોવા મળે છે. આપણે ત્યાં પ્રાચીનકાળથી ગૂઢ પ્રતીકો અને રૂપકોના ઉપયોગથી કથનને વ્યંજનાત્મક બનાવવાનું વલણ દૃષ્ટિગોચર થાય છે. મુંડકોપનિષદમાં બે પક્ષીઓનું સરસ રૂપક પ્રાપ્ત થાય છે.

द्रा सुपर्णा सयुजा सरवाया समान व्रुअम प्रिषरयजाते तमोरन्य: पिपलम स्वाद्वत्यंश्नन्यो अभिचाक्शीति ॥ (સાથે સાથે રહેનારા તથા સખા એવા બે પક્ષી એક જ વૃક્ષનો આશ્રય કરીને રહે છે. એમાં એક સ્વાદિષ્ટ મધુર પીપળાનો ભોગ કરે છે અને બીજું ભોગ ન કરતાં માત્ર જોતું રહે છે).

કબીરજી એક પદમાં કહે છે કે ' લાલી મેરે લાલ કી જીત દેખું તિત લાલ/લાલી દેખને મૈં ભાઈ હો ગઈ લાલ' અથવા વિરોધાભાસીની અભિવ્યક્તિમાં નવું અર્થારોપણ કરી આંતરદૃષ્ટિમૂલક ભારતીય સાહિત્યના મૂળ સ્વરને વાચા અપાય છે. ઋગ્વેદના નાસદીપ સૂક્તથી માંડી અર્વાચીનયુગમાં રવીન્દ્રનાથ ઠાકુર કે સુબ્રહમણ્યમ ભરતી, મહાદેવી વર્મા, ઉમાશંકર જોશી વગેરે વિવિધ ભારતીય ભાષાઓના કવિઓમાં એનો અનેકવાર વિનિયોગ થયેલો જોઈ શકાય છે. ક્ષણિકના માધ્યમથી એ વિરાટ શક્તિની શોધયાત્રાને જ ભારતીય દૃષ્ટિએ આત્માની ખોજ કહી છે.

ડૉ. ચૌધરી દર્શાવે છે તેમ ભારતીય સાહિત્યમાં વૈચારિક સ્તર પર એવા ત્રણ રૂઢિગત પ્રાચીન પ્રતીકોનો ઉપયોગ થયો છે. જેનાથી તેની ભારતીયતા સ્પષ્ટ થાય છે, જે આજના ભારતીય સાહિત્યમાં રવીન્દ્રનાથ,જયશંકર પ્રસાદ, સુબ્રહ્મણ્યમ ભારતી, રાજેન્દ્ર શાહ વગેરેના સાહિત્યમાં પ્રતિફલિત થયેલ જોવા મળે છે. એમાં પહેલું છે વૈદિક માન્યતા, જે મુજબ ' પરમાર્થિક સત્તા' એક માત્ર સત્તા છે જેને પ્રાકૃતિક સત્તા દ્વારા સમજી શકાય છે. બ્રહ્મ અને પ્રકૃતિની બેવડી ભાવનાને વિવિધ રૂપકો દ્વારા સ્પષ્ટ કરાઇ છે. એ ક્યાંક બ્રહ્મ અને પ્રકૃતી છે તો ક્યાંક દ્રષ્ટા અને સૃષ્ટી. ભારતીય સાહિત્યમાં આત્મા અને દેહ જ પુરુષ અને પ્રકૃતી છે તેથી દેહનો અહીં પાપબોધ નહીં શિવ-પાર્વતી, કૃષ્ણ-રાધાની પ્રેમલીલાઓને અનૈતિક ગણી નકારવામાં આવતી નથી.

ભારતીય સાહિત્યનું બીજું પ્રાચીન સ્વરૂપ આદર્શવાદનું છે. અહીં સંઘર્ષ બે વ્યક્તિઓ વચ્ચે નથી પણ ઈચ્છા અને આદર્શ વચ્ચે છે. એમાં અંતે આદર્શ વિજયી નીવડે છે. આ અભિગમ હોવાથી ભારતમાં કરુણાંત સાહિત્ય બહુ ઓછું લખાય છે. ભારતીય સાહિત્ય વધુ પડતું આદર્શવાદી છે એનું કારણ એ છે કે અહીં કાળની ગતિ સુરેખ નથી મનાતી. એ ચક્રાકાર છે તેથી વ્યક્તિનું અહીં કદી મૃત્યુ નથી થતું. એ માત્ર શરીરનો ત્યાગ કરી પુન: નૂતન દેહ ધારણ કરવાનું દ્વાર છે. આ રીતે ક્રમ ચાલુ રહે છે. ધર્મ, અર્થ કામની કડીઓ બાદ મોક્ષ ના મળે ત્યાં સુધી ! તેથી ભારતીય સાહિત્યમાં ટ્રેજેડીનું સંપૂર્ણ જીવનનું ચિત્ર અંકિત થયેલું જોવા મળે છે. રવીન્દ્રનાથે કહ્યું છે તેમ સીમાની મધ્યે અસીમનું મિલન સાધવાનું ચિત્ર અંકિત હોવાથી જ આ જીવન આટલું મધુર છે.

ભારતીય સાહિત્યમાં માનવતાની પ્રારંભિક રૂપરેખા બહુ ભવ્ય અને વિશિષ્ટ છે. 'મહાભારત' માં કહ્યું છે કે, સૃષ્ટિનું સૌથી મોટું રહસ્ય મનુષ્ય છે. ચંડીદાસે કહેલું,'સબાર ઉપર માનુષ સત્ય, તાહાર ઉપર નાઈ' આપણા સાહિત્યમાં નાયકપૂજા પાછળનું રહસ્ય એ જ છે કે ભારતીય સાહિત્યકાર મનુષ્યની અસીમ શક્તિ પ્રત્યે પોતાની શ્રદ્ધાનું નિવેદન કરે છે. માનવતાવાદને ભારતીય ખ્યાલ નૈતિક અને સૌંદર્યગત મૂલ્યો પર આધારિત છે.

આ અખિલ ભારતીય સંવેદના ભારતીય સાહિત્યની વિશેષતા છે જે કેટલાક પ્રારભિક મૂલ્યો સંસ્કૃતિ, ઇતિહાસ તથા વિચારધારાઓના વારસા જેવી છે આધુનિક ભારતીય સાહિત્ય ભલે ભિન્ન ભિન્ન ભાષાઓમાં લખાતું હોય પણ તેમાંય એક અખિલ સ્પંદન ને સંવેદન દૃષ્ટિગોચર થાય છે જેના મૂળમાં ભારતના સાંસ્કૃતિક ઇતિહાસ અને અનુભવની પ્રાપ્તિઓ જેવા મૂલ્યો છે. આજના ભારતીય સાહિત્યમાં એક બાજુ ભારતીય ચેતનાનું ચિત્રણ થઈ રહ્યું છે તો બીજી બાજુ મુખ્યત્વે પાશ્ચાત્ય પ્રભાવ તળે આધુનિક ભાવબોધનું આલેખન થઈ રહ્યું છે. આધુનિક યુગના કેટલાક ભારતીય સાહિત્યકારો સામાજિક વાસ્તવ પ્રત્યે પ્રતિબદ્ધ છે. તેમણે માર્કસવાદમાથી પ્રેરણા પ્રાપ્ત કરી છે. કેટલાક આધુનિક સર્જકો અસ્તિત્વવાદે બદલેલી મનોભૂમિકાનું ચિત્ર રજૂ કરે છે.

ડૉ. ઇન્દ્રનાથ ચૌધરી સાચું જ કહે છે, "વાસ્તવમાં, આજની સંપૂર્ણ વિઘટિત સ્થિતિમાં પણ આપણી મૂળ અચેતનતામાં રહેલાં કેટલાંક પ્રાચીન સ્વરૂપોની અભિવ્યક્તિ આજે પણ આપણા સાહિત્યમાં થઈ રહી છે અને એ રીતે આપણા આવેગ, પ્રેમ , ધૃણા , વ્યાકુળતા , અભિચાર સાહિત્યમાં પ્રતિબિંબિત થઈ રહ્યા છે આ અભિવ્યક્તિ આખરે તો મનુષ્ય અને તેના આશાયુક્ત જીવન પ્રતિ પ્રતિબદ્ધ છે. પ્રાચીનકાળની સ્મરણ-વિસ્મરણની કથા પુનઃ નવાં રંગરૂપે ઉપસ્થિત છે એ જ એક પ્રાણશક્તિ નવો દેહ ધારણ કરી લીલા કરી રહી છે. એ જ દર્શન, નવાં જીવનમાં નવીન દર્શન બની જાય છે. એટલા માટે જ અથર્વવેદમાં કહ્યું છે. – એ જ શાશ્વત સનાતન છે. એ જ પ્રારંભે હતું. તે જ નવસર્જન થયું છે. ચિરંતનતાનો આ ખ્યાલ જ ભારતીય સાહિત્યની મૂળ અવધારણા છે."

## : **સંદર્ભગ્રંથ** :


1. દૃષ્ટિક્ષેપ –પ્રસાદ બ્રહ્મભટ્ટ
2. ભારતીય સાહિત્ય પરંપરાનો વિસ્તાર-ભોળાભાઈ પટેલ
3. ભારતીય નવલકથા-રમણલાલ જોશી
4. ભારતીય ટૂંકી વાર્તાઓ-ભોળાભાઈ પટેલ
5. જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા-ભરત મહેતા
6. ભારતીય નવલકથા- સં. બિપિન આશર
7. ભારતીય સાહિત્ય- ડૉ નગેન્દ્ર
8. ભારતીય સાહિત્યની ભૂમિકા- ડૉ રામવિલાસ શર્મા
9. ભારતીય સાહિત્ય- કે.સચ્ચિદાનંદ
10. ભારતીય ઉપન્યાસ: કથાસાર- પ્રભાકર માચવે
11. ભારતીય સાહિત્યકારો સે સાક્ષાત્કાર- ડૉ. રણવીર રાંગ્રા
12. ભારતીય સાહિત્ય કા સંક્ષિપ્ત પરિચય- કૃષ્ણલાલ હંસ

ISBN : 978-81-938282-0-5

# હિન્દુધર્મ અને તેનું સાહિત્ય :

**પ્રો. કે.પી.ચૌધરી**
**પીલવાઈ કોલેજ.**

હિન્દુધર્મ અર્વાચીન યુગમાં પળાતો સૌથી પ્રાચીન ધર્મ છે અને તેના મૂળ વૈદિક સંસ્કૃતિમાં રહેલા છે. હિન્દુધર્મના સૌથી પહેલા અવશેષો નૂતનપાષાણયુગ તથા હડપ્પાયુગમાંથી (ઈ.પૂ.૫૫૦૦-૨૬૦૦)મળી આવે છે. હિન્દુધર્મ અતિ પ્રાચીન છે. હિન્દુજીવન અને હિંદુ સંસ્કૃતિમાં ધર્મ અને અધ્યાત્મ કેન્દ્રસ્થ અને સૌથી પ્રધાન તત્ત્વ છે. આમ હોવાથી હિન્દુધર્મમાં અપરંપાર ગ્રંથોની રચના થઈ ઇ છે.

વિધર્મી આક્રમણકારો, પ્રાકૃતિક દુર્ઘટનાઓ, પુસ્તકોની જાળવણીના આધુનિક સાધનોનો અભાવ જેવા કારણોને લીધે હિન્દુધર્મ, અધ્યાત્મ વિદ્યા અને દર્શનના ઘણાં ગ્રંથો નષ્ટ થઈ ગયા છે. આમ છતાં જે ગ્રંથો ઉપલબ્ધ છે, તેમની સંખ્યા પણ અગણિત છે. આ બધા ગ્રંથોના માત્ર નામની યાદી કરીએ તો પણ એક મોટો ગ્રંથ બને. હજારો ગ્રંથો એવા છે કે જે હસ્તલિખિત સ્વરૂપમાં છે, અને હજુ સુધી પ્રકાશિત થયા નથી.

હિન્દુધર્મના સમગ્ર પ્રમાણભૂત સાહિત્યને આપણે અગિયાર વિભાગોમાં વહેંચી શકીએ.૧. વેદ ૨. વેદાંગ ૩.ઉપવેદ ૪.ઈતિહાસ ૫. પુરાણ ૬. સ્મૃતિ ૭. દર્શન ૮. નિબંધ ૯.ભાષ્ય ૧૦.સાંપ્રદાયિક ગ્રંથો ૧૧. આગમ ગ્રંથો.

**૧. વેદ** : વેદ એટલે વૈદિક સાહિત્ય. આ સાહિત્યને સાત વિભાગમાં વહેંચવામાં આવ્યું છે. (૧)મંત્રસંહિતા (૨)બ્રાહ્મણગ્રંથો (૩)આરણ્યકગ્રંથો (૪)ઉપનિષદો (૫)સૂત્રગ્રંથો (૬)પ્રાતિશાખ્ય (૭)અનુક્રમણી

મંત્રસંહિતા- વેદ મુલતઃ એક છે, પરંતુ વેદવ્યાસે વેદને ચાર વિભાગમાં વહેંચ્યા છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ. પ્રાચીનકાળમાં વેદ ગ્રંથસ્થ થતા નહિ. પરંતુ હવે ગ્રંથસ્થ થયા છે. વેદપાઠ કરવાની આપની ઘણી પ્રાચીન પરંપરા છે. પ્રત્યેક વેદની ઘણી શાખાઓ છે. આ બધી શાખાઓમાંથી ઘણી લુપ્ત થઈ છે અને કેટલીક આજ સુધી અખંડ સ્વરૂપે ચાલુ રહી છે. બ્રાહ્મણગ્રંથો- વેદમંત્રોનો યજ્ઞમાં ક્યારે અને કેવી રીતે ઉપયોગ થાય, વેદમંત્રોનો રહસ્યાર્થ શું છે, વેદમંત્રોના ઉપયોગપૂર્વક થતા ધાર્મિક-આધ્યાત્મિક પ્રયોગો કેવી રીતે થાય વગેરે બાબતોની વિચારણા બ્રાહ્મણગ્રંથોમાં કરવામાં આવી છે. ચારેય વેદના મળીને કુલ સત્તર બ્રાહ્મણગ્રંથો થાય છે. આમાં ઋગ્વેદનું ઐતરેય બ્રાહ્મણ, કૃષ્ણ યજુર્વેદનું તૈત્તિરીય બ્રાહ્મણ અને શુક્લ યજુર્વેદનું શતપથ બ્રાહ્મણ ઘણા પ્રચલિત છે. આરણ્યક ગ્રંથો- બ્રાહ્મણગ્રંથોના ભાગરૂપે આરણ્યકો રહેલા છે. અરણ્ય (વનમાં) ચયન થયું અને અરણ્યમાં અધ્યયન થયું તેથી આ ગ્રંથોને આરણ્યકો કહે છે. વર્તમાનકાળમાં છ આરણ્યકો ઉપલબ્ધ છે. ઐતરેય, શાંખાયન, કૌષીતકિ, તૈત્તિરીય, મૈત્રયાણી અને બૃહદારણ્યક. ઉપનિષદો- ઉપનિષદો મૂલતઃ આધ્યાત્મવિદ્યાના ગ્રંથો છે. ઉપનિષદોમાંથી ભારતીય દર્શનની અનેક શાખાઓ જન્મી છે, વધી છે અને વિકસી છે. ઉપનિષદોની સંખ્યા લગભગ ૩૦૦ ઘણી છે. આમાંના પ્રધાન ૧૩ ઉપનિષદો છે. ઈશ, કેન, કઠ, માંન્ડુક્ય, મૂંડક, પ્રશ્ન, ઐતરેય, તૈત્તિરીય, છાંદોગ્ય, બૃહદારણ્યક, શ્વેતાશ્વર, કૌષીતકિ અને નૃસિંહતાપની. આમાંના પ્રથમ અગિયાર પર ભગવાન શંકરાચાર્યના ભાષ્યગ્રંથો રચાયા છે. સૂત્રગ્રંથો- વૈદિક સૂત્રગ્રંથો ત્રણ સ્વરૂપના છે. શ્રોતસૂત્ર,ગૃહસૂત્ર અને ધર્મસૂત્ર. શ્રોતસૂત્રમાં વૈદિક કર્મકાંડની વિચારણા કરવામાં આવી છે. ગૃહસૂત્રોમાં કુલાચારનું વર્ણન છે અને ધર્મસૂત્રોમાં ધર્માચારનું વર્ણન છે. પ્રાતિશાખ્ય- વેદની અનેક શાખાઓ છે. પ્રત્યેક શાખાને પોતાની વિશિષ્ટ

પરંપરાઓ હોય છે. શાખાની આ વિશિષ્ટ હકીકતોની નોંધ આ પ્રાતિશાખ્યમાં કરવામાં આવે છે. અનુક્રમણી- વેદોની રક્ષા અને જાળવણી માટે વેદીની ભિન્ન ભિન્ન અનુક્રમણીઓની રચના થઈ છે.

૨. વેદાંગ : વેદના પાઠ, અધ્યયન અને વિનિયોગ માટે વેદના છ સહાયક અંગો છે, જેને વેદાંગ કહે છે. જેમાં (૧) શિક્ષા-મંત્રના સ્વર, અક્ષર, માત્રા અને ઉચ્ચારનું વિવેચન શિક્ષામાં થાય છે. (૨) વ્યાકરણ-ભાષાના નિયમો સ્થિર કરવા તે વ્યાકરણનું કાર્ય છે. વ્યાકરણની સહાયથી મંત્રનો અર્થ સમજી શકાય છે. (૩)નિરુકત- નિરુકત વેદની વ્યાખ્યા પદ્ધતિ દર્શાવે છે. નિરુકતને વેદોનો વિશ્વકોષ કહી શકાય. (૪) છંદ-છંદના જ્ઞાનથી વૈદિક મંત્રોનું બંધારણ સંજય છે. (૫)કલ્પ- કલ્પમાં યજ્ઞોની વિધિનું વર્ણન કરવામાં આવેલ છે. (૬) જ્યોતિષ- જ્યોતિષનું પ્રધાન પ્રયોજન સંસ્કારો અને યજ્ઞો માટે મુહૂર્ત બતાવવાનું છે.

**૩. ઉપવેદ** : પ્રત્યેક વેદનો એક ઉપવેદ છે. ઋગ્વેદનો આયુર્વેદ, યજુર્વેદનો ધનુર્વેદ, સામવેદનો ગાંધર્વવેદ અને અથર્વવેદનો સ્થાપત્યવેદ છે. (૧)આયુર્વેદ-આ વેદ માનવશરીરમાં સપ્તધાતુની સમતુલા સિદ્ધ કરે છે અને શરીરને સ્વસ્થ બનાવે છે. શરીરરચના, રોગના કારણ, લક્ષણ, ઔષધિ, ગુણ નિદાન અને ચિકિત્સાનું વર્ણન આયુર્વેદમાં કરેલ છે. (૨)ધનુર્વેદ-આ રક્ષાનું વિજ્ઞાન છે. દેશ, સંસ્કૃતિ, ધર્મસ્થાનો, પ્રજા અને પોતાની જાતની રક્ષા માટે ધનુર્વેદનું મૂલ્ય હતું. (૩)ગાંધર્વવેદ-સંગીત, નૃત્ય અને નાટ્યની વિદ્યાને ગાંધર્વવેદ કહે છે. રાગ, તાલ, સ્વર, વાદ્ય, નૃત્ય, નાટક આદિ તત્ત્વોની વિશદ વિચારણા આ વિદ્યામાં થઇ છે. (૪)સ્થાપત્યવેદ-મંદિર નિર્માણ, ગૃહ નિર્માણ, મૂર્તિવિધાન, દુર્ગનિર્માણ, નગરનિર્માણ વગેરે વિદ્યાઓ સ્થાપત્યવેદમાં છે.

**૪. ઈતિહાસ** : ઇતિહાસ અને પુરાણોમાં વેદના તત્ત્વોનું વિશેષ વર્ણન છે. વેદના આધારને સમજ્યા વિના ઇતિહાસ અને પુરાણોને સમજી શકાય નહિ. ઇતિહાસપુરાણને વેદનું ઉપાંગ કહેવામાં આવે છે. મહર્ષિ વાલ્મીકિ રચિત રામાયણ અને વેદવ્યાસ રચિત મહાભારત આ બે ઇતિહાસના પ્રધાન ગ્રંથો છે.

૫. પુરાણો : પુરાણા સત્યને નવી રીતે કહે તે પુરાણો. પુરાણો અઢાર છે. આ હિંદુઓનો પ્રાચીન ગ્રંથ છે. દરેક પુરાણના પાંચ વિભાગો છે. પહેલા વિભાગમાં સંસારની ઉત્પત્તિનું, બીજામાં સંસારની પુનરુત્પત્તિનું, ત્રીજામાં રાજાઓના વંશક્રમોનું, ચોથામાં મહાપુરુષોનું અને પાંચમાં વિભાગમાં રાજવંશોનું વર્ણન આવે છે. બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, શિવપુરાણ, શ્રીમદ્ ભાગવત પુરાણ, નારદપુરાણ, માર્કન્ડેયપુરાણ, અગ્નિપુરાણ, ભવિષ્યપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, લિંગ પુરાણ, વરાહ પુરાણ, સ્કંદપુરાણ, વામનપુરાણ, કૂર્મપુરાણ, મત્સ્યપુરાણ, ગરુડ પુરાણ અને બ્રહ્માંડપુરાણ આમ અઢાર પુરાણોના કુલ શ્લોકની સંખ્યા ચાર લાખ છે. ડૉ. સ્મિથ લખે છે કે " જો પુરાણોનો સાવચેતીપૂર્વક અભ્યાસ કરવામાં આવે , તો તેમાંથી પુષ્કળ ઐતિહાસિક માહિતી પ્રાપ્ત થઈ શકે."

**૬. સ્મૃતિ** : હિન્દુધર્મ અને સમાજની બહિરંગ વ્યવસ્થા સ્મૃતિગ્રંથો દ્વારા ગોઠવાઈ છે. સ્મૃતિઓમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારેય પુરુષાર્થોનું વર્ણન છે. સ્મૃતિઓમાં વર્ણવ્યવસ્થા, વર્ણાશ્રમ ધર્મ, વિશેષપ્રસંગોના ધર્મ, આચાર ધર્મ, લગ્નવ્યવસ્થા, પ્રાયશ્ચિતકર્મો, શાસનવિધાન, દંડવ્યવસ્થા, મોક્ષસાધન વગેરે અનેક વિષયોનું વર્ણન કરવામાં આવેલ છે. સ્મૃતિઓની સંખ્યા સૌથી વધુ છે. અહીં મુખ્ય સ્મૃતિઓના નામ પ્રસ્તુત છે. મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ, અત્રિ સ્મૃતિ, વિષ્ણુ સ્મૃતિ, હારિત સ્મૃતિ, ઔશનસ સ્મૃતિ, આંગિરસ સ્મૃતિ, યમ સ્મૃતિ, આપસ્તમ્બ સ્મૃતિ, સંવર્ત સ્મૃતિ, કાત્યાયન સ્મૃતિ, બૃહસ્પતિ

સ્મૃતિ, પરાશર સ્મૃતિ, વ્યાસ સ્મૃતિ, શંખ સ્મૃતિ, લિખિત સ્મૃતિ, દક્ષ સ્મૃતિ, ગૌતમ સ્મૃતિ, શાતાતપ સ્મૃતિ, વશિષ્ઠ સ્મૃતિ અને પ્રજાપતિ સ્મૃતિ.

**૭. દર્શન** : જીવ, જગત અને ઈશ્વરના સ્વરૂપ અને સંબંધો વિષે અભ્યાસ કરનાર શાસ્ત્રને દર્શનશાસ્ત્ર કહે છે. તેમાં મૃત્યુ, આત્મા, સૃષ્ટિ, ઈશ્વર, જીવપ્રકૃતિ, મોક્ષ વગેરે બાબતોની તાત્ત્વિક ચર્ચા છે. હિન્દુઓનું આધ્યાત્મિક જ્ઞાન રજૂ કરતા દર્શનો કુલ છ છે.(૧) કપિલ મુનિનું સાંખ્યદર્શન (૨) કણાદમુનિનું વૈશૈષિકદર્શન (૩) પતંજલિનું યોગદર્શન (૪) ગૌતમમુનિનું ન્યાયદર્શન (૫) જૈમિનીમુનિનું પૂર્વ મીમાંસા અને (૬) બાદરાયણ મુનિનું ઉત્તરમીમાંસા.

**૮. નિબંધ** : આપણા દેશમાં મધ્યયુગમાં વિશાળ નિબંધ સાહિત્યની રચના થઇ. સ્મૃતિઓ અને પુરાણોમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનના જે નિર્દેશો મળે છે તેમનું વિસ્તારથી સંકલન આ નિબંધગ્રંથોમાં થયું છે. ધર્મશાસ્ત્રોના વિદ્વાનો આ નિબંધ સાહિત્યને સ્મૃતિગ્રંથો જેટલું જ પ્રમાણ માને છે. કેટલાક પ્રધાન નિબંધગ્રંથો આ પ્રમાણે છે : દાયભાગ, કાલવિવેક, વ્યવહાર માતૃકા, સ્મૃતિ તત્ત્વ રઘુનંદન, હારલતા, આચાર સાગર, પ્રતિષ્ઠા સાગર, દાન સાગર, આચારદર્શ, સમય પ્રદીપ, સ્મૃતિ રત્નાકર, આચાર ચિંતામણી, કૃત્ય ચિંતામણી, તીર્થ ચિંતામણી, શુદ્ધિ ચિંતામણિ, શ્રાદ્ધ ચિંતામણી, તિથિનિર્ણય, કૃત્ય કલ્પસર, ધર્મસિન્ધુ અને નિર્ણયામૃત.

**૯. ભાષ્ય અને ટીકાગ્રંથો** : વૈદિકગ્રંથોથી પ્રારંભ કરીને નિબંધગ્રંથો સુધી અપરંપાર ગ્રંથરાશિ છે. આ ગ્રંથો પર અગણિત ભાષ્યો અને ટીકાઓ લખાયા છે. મહાભારત જેવા મહાન ગ્રંથ પર પણ ટીકા લખાઈ છે. આ ભાષ્યગ્રંથોમાં ચાર પ્રકારના ગ્રંથોનો સમાવેશ થાય છે. ભાષ્ય, ટીકા, કારિકા અને સારસંગ્રહ.

**૧૦. સાંપ્રદાયિક ગ્રંથો** : હિન્દુધર્મના અનેક સંપ્રદાયો અને પેટાસંપ્રદાયો છે. વેદાંતના સંપ્રદાયો ઉપરાંત શૈવમત, શાકયમત, કબીરમત, રાધાસ્વામીમત, દાદૂપંથ, રામસ્નેહી, પ્રણામી, ચરણદાસી, સ્વામિનારાયણ, ઉદાસીનતા, નાથ સંપ્રદાય, રામાનંદી, પાશુપત, મહાનુભાવી, વારકરી સંપ્રદાય આદિ અનેક સંપ્રદાયો હિન્દુધર્મમાં છે. હિન્દુધર્મના પ્રમાણભૂત સાહિત્યનો સૌ કોઈ સ્વીકાર કરે છે. પ્રત્યેક ધર્મોના આચાર્યો દ્વારા આવા સાંપ્રદાયિક ગ્રંથોની રચના થઈ છે. આવા ગ્રંથો હજારોની સંખ્યામાં છે. આ સાહિત્યનો પ્રમાણભૂત સાહિત્યમાં સમાવેશ થાય છે.

**૧૧. આગમ ગ્રંથો** : વેદોથી પ્રારંભ કરીને સાંપ્રદાયિક ગ્રંથો સુધીની પરંપરાને ‘નિગમ’ કહેવામાં આવે છે. આ ઉપરાંત બીજી એક પરંપરાને ‘આગમ’ કહે છે. આગમના બે ભાગ છે. દક્ષિણાગમ અને વામાગમ. સનાતન હિન્દુધર્મમાં નિગમ અને આગમ બંનેને પ્રમાણ માનવામાં આવે છે. દક્ષિણાગમનું મૂળ વેદોમાં છે અને પુરાણોમાં તેનો વિસ્તાર થયેલો જોવા મળે છે. આગમશાસ્ત્રનો વિષય ‘ઉપાસના’ છે. દેવતાઓનું સ્વરૂપ, ગુણ, કર્મ, તેમના મંત્રો અને મંત્રોના ઉચ્ચાર, ધ્યાન, પૂજાવિધિ વગેરેનું વિવેચન આગમગ્રંથોમાં થાય છે.

ભારતસરકાર, નેપાળ સરકાર, રાજયસરકારો, યુનિવર્સિટીઓ, હિન્દુધર્મના સંગઠનો, વિદ્વાનો, વૈજ્ઞાનિકો વગેરે સૌ સાથે મળીને સહકારપૂર્વક પુરુષાર્થ કરે તો હિન્દુધર્મના આ મહાન ગ્રંથભંડારને સાચવવાનું, વ્યવસ્થિત કરવાનું અને પ્રકાશિત કરવાનું કઠિન કાર્ય પણ પાર પડી શકે તેમ છે.

પુસ્તકોની જાળવણી એ ધર્મ અને સંસ્કૃતિની જાળવણી છે. આપણા ઘણા મૂલ્યવાન ગ્રંથો અને ઘણી મૂલ્યવાન વિદ્યાઓ લુપ્ત થઈ ગઈ છે હવે એક પણ ગ્રંથ લુપ્ત થાય કે એક પણ વિદ્યા લુપ્ત થાય તે આપણને પોષાય તેમ નથી.

હવે આપણે આપણા ગ્રંથભંડારની રક્ષા નહિ કરીએ તો ભાવિ પેઢી આપણને માફ નહિ કરે.

**સંદર્ભ** :--

૧. આપણા શાસ્ત્રો એક પરિચય – સુરેશ ત્રિવેદી

૨. પ્રાચીન ભારત – ડૉ. નરેશ.જ.પરીખ

૩. હિન્દુધર્મમાં આત્મજ્ઞાન – રોનક ત્રિવેદી

૪. આપણો વહાલો હિન્દુધર્મ – શ્રી ભાણદેવ

૫. www.google.com

 ISBN : 978-81-938282-0-5

# શાસ્ત્ર સંરક્ષણ માટે ગ્રંથાલયનું યોગદાન

**શ્રી વિશાલ એ. જોષી**
**જુ. ગ્રંથાલય કલાર્ક**
**મો.9924696247,JVISHAL404@GMAIL.COM**
**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ**

**પ્રસ્તાવનાઃ-**

આપણી ભારતીય સંસ્કૃતિમાં શ્રેષ્ઠતમ ગ્રંથો આપણા જીવનમાં ઉપયોગી બનતા હોય છે. આપણે કોઈપણ કાર્ય કરીએ છીએ ત્યારે આપણી સાથો સાથ આપણી પરંપરા તથા રીતરિવાજો આપોઆપ આવી જતા હોય છે. માનવના મૂળમાં પરંપરા તથા રીતરીવાજો હોય તે રીત રીવાજો ગ્રંથોને અનુરૂપ હોય છે માટે શું સત્ય અને શું અસત્ય તેના માટે આપણા ધર્મ ગ્રંથોનો સહારો લેવો જ પડે છે માટે આપણા જીવનમાં ગ્રંથોનું અનેરૂ મહત્ત્વ રહેલુ હોય છે **(ग्रंथ+आलय=ग्रंथालय)** જેટલું ગ્રંથોનું મહત્ત્વ આપણા જીવનમાં તેટલું જ મહત્ત્વ ગ્રંથાલયનું છે માટે ગ્રંથાલય એ શાસ્ત્રોનું રક્ષાણલય પણ કહી શકાય.

**હસ્તપ્રતો –**

આદિ અનાદિ કાળથી ચાલી આવતી પરંપરા એટલે ઋષિ પરંપરા આપણે સહુ આ ઋષિ પરંપરાના વાહક છે. વેદ કાળથી ચાલતી પરંપરાથી આપણે સહુ, દરેક લોકો, માનવો આ પરંપરાને અનુસરીએ છીએ. આ પરંપરા અનુસાર કરીએ છીએ. આ પરંપરામાં સૌ પ્રથમ લેખનમાં પાંદડા, તાડપત્રો, ભોજપત્રો જેવી વિવિધ વસ્તુનો ઉપયોગ કરવામાં આવતો હતો. તેમાં શાહીથી , કોતરણીથી આવી વિવિધ પદ્ધતિનો ઉપયોગ કરી અને લેખન કરવામાં આવતું હતું. વેદકાળમાં લોકભોગ્ય વાતો આપણે મુખોદગત વાતો શ્રવણ કર્યુ હશે કે ભગવાન ગણેશજીને સૌ પ્રથમ લેખક તરીકે આપણે ઓળખીયે છીએ. સૌ પ્રથમ વેદવ્યાસે અઢાર પુરાણોની રચના કરી ત્યારે લહિયા તરીકે ગણેશજીએ કાર્ય કર્યુ હતું તેમાં સૌ પ્રથમ આવી રીતે હસ્ત પ્રતોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**હસ્તપ્રતોનું ગ્રંથ સ્વરૂપ -**

આ હસ્તપ્રતોમાં જુદી જુદી લિપિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં બ્રાહ્મી, ખરોષ્ટી, દેવનાગરી, ગ્રંથ જેવી અનેક લિપિઓ આજે પણ ઉપલબ્ધ છે. આના પર આજે પણ આ લિપિનો અભ્યાસ પણ કરવામાં આવે છે. આ લિપિઓને અભ્યાસ કરાવીને આજે પણ આ હસ્તપ્રતોનું સંશોધન કરાવીને આપણા વૈદિક ગ્રંથો જે લુપ્ત થયા છે અને જે ગ્રંથો આપણને ખ્યાલ પણ નથી તેવા ગ્રંથો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ હસ્તપ્રતોના અસ્તિત્વથી આપણા ધાર્મિક ગ્રંથો સુરક્ષિત રહી શક્યા છે.

આ હસ્તપ્રતોને જતન કરવા માટે આજે પણ ગુજરાત અને ભારતમાં ધણી સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, પુરાતત્ત્વ શાખા, કોબા જેવી અનેક સંસ્થાઓ સાચવણી માટે અનેક પ્રયત્નો કરે છે અને આજે ધણી હસ્તપ્રતો આપણને ઉપલબ્ધ થઈ શકી છે અને અનેક હસ્તપ્રત્રો આજે કઈ લિપિમાં લખાયેલ છે અને કઈ હસ્તપ્રત છે ઓળખવી પણ મુશ્કેલ છે. આજે આપણે ગિરનાર

શિલાલેખ,રુદ્રદામ્નનો શિલાલેખ, સ્કન્દગુપ્તનો ઇતિહાસ પ્રાયઃ આપણે આ હસ્તપ્રતો દ્વારા જ ઉપલબ્ધ થયેલ છે અને આજે પણ આ લિપિઓમાં ઉપલબ્ધ છે.

**ગ્રંથાલયની આવશ્યકતા :-**

માનવના જીવનમાં ગ્રંથાલય એ હૃદય સમાન માનવામાં આવે છે. ભારતીય સનાતન સંસ્કૃતિમાં વિવિધ માનવના ધર્મ, સમાજ, સંસ્કૃતિ, ભાષા, મૂલ્યો ,પહેરવેશ, રહેન-સહેન અને લોકવાયકા વગેરે જોવા મળે છે તેને જાણવા માટે તથા નવા અભિગમ અપનાવતા પહેલા તેનું અધ્યયન જરૂરી છે. જેના માટે ગ્રંથાલયની આવશ્યકતા ઉભી થાય છે. હાલમાં ગ્રંથાલયના અભ્યાસક્રમ અનુસાર બાળગ્રંથાલય અને ગ્રામિણકક્ષા, તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા, રાજ્યકક્ષા, સ્થાનિક સહયોગથી અનેક પ્રકારની ગ્રંથાલયો કાર્યરત છે. આવા અનેક ગ્રંથાલયોમાં ઉપરોક્ત વિષયોકતક જ્ઞાન પ્રાપ્ત થાય છે. આવી રીતે જ ગ્રંથાલય સંશોધન માટે અગત્યનું અંગ માનવામાં આવે છે. વિદ્યાર્થીઓને એમ.ફિલ, પીએચ.ડીના થિસિસ, સંશોધન પત્ર અથવા આત્મજ્ઞાન માટેના સંશોધન માટે ગ્રંથાલય અતિ મહત્ત્વ રહેલું છે આજના કલિકાલના સમયમાં  પ્રમાણ વિનાની વાત સ્વીકાર્ય નથી તેના માટે ગ્રંથાલયની આવશ્યકતા રહેતી હોય છે. તથા આજના આવા આધુનિક યુગમાં સંદર્ભ ગ્રંથાલયો પણ કાર્યરત છે. આમ આવા વિવિધ પ્રકારના ગ્રંથાલયોની માનવજીવને અતીવ આવશ્યકતા રહેલી છે.

**ગ્રંથોનું જતન :-**

ગ્રંથાલયોમાં ગ્રંથપાલના માર્ગદર્શનમાં આ કાર્ય કરવામાં આવે છે. આ કાર્ય એક હાથે થઈ  શકે નહી તમામ ઉપભોક્તાના સહયોગથી આ કાર્ય થાય છે જેમાં ગ્રંથોનું સારી રીતે જતન કરવું તથા ઉપભોકતાને યોગ્ય સમયે પરત મળે તેવી ગોઠવણ કરવી, ગ્રંથોને કોઈ  પણ જાતની હાનિ ન પહોંચે તેની કાળજી લેવી, યોગ્ય કબાટમાં ગોઠવણ કરવી, ગ્રંથાલયમાં કોઈ  વ્યક્તિ આવીને ગ્રંથો ને નુકસાન ન થાય તે સંભાળ લેવી, વાતાવરણ આધારે  જતન કરવું તથા પુસ્તકોમાં જે સમયે સિલ્વરફીલ્સ જ્યારે આવી જાય ત્યારે ગ્રંથોને ઘણું નુકશાન થાય છે તો તેન ગ્રંથને નુકસાન ન પહોંચે  તેની તકેદારી લેવી જોઈએ. આમ વિવિધ રીતે ગ્રંથોની સાચવણી કરવી જોઈએ. આના માટે સંસ્કૃત સાહિત્યમાં પુસ્તક પોતે બોલીને કહે છે આ તમામ વસ્તુઓથી મારું રક્ષણ કરો.

तैलात् रक्षेद् जलाद् रक्षद्
रक्षेत् शिथिलबन्धनात् ।
मूर्ख हस्ते न दातव्यं
एवं वदति पुस्तकम् ।।

**ગ્રંથોના જતન માટે આધુનિકીકરણ :-**

ગ્રંથાલયમાં જવા માટે આજના સમયમાં કોઈ અધ્યેતા પાસે સમય નથી માટે ગ્રંથાલયમાં ઉપભોક્તા જવાનું અલ્પમાત્રામાં કરી નાખ્યું છે. માટે તમામ ગ્રંથપાલો તથા તેમના સ્ટાફ દ્વારા તમામ ગ્રંથોને સ્કેન કરીને પીડીએફ ફોર્મેટમાં આ તમામ ગ્રંથો વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવે છે. સંશોધક એમ.ફિલ, પીએચ.ડીના થિસિસ, સંશોધન પત્રો તથા તમામ ગ્રંથોને વેબસાઇટ પર ચઢાવવાની કામગીરી કરવામાં આવે છે. અને આ તમામ પીડીએફ છે તે ગ્રંથાલયના નિયમ અનુસાર કોપીરાઇટ એક્ટ સિવાયના જ પુસ્તકો વેબસાઇટ પર મૂકવામાં આવે અને તમામ લોકો માટે લોક-ભોગ્ય ઉપયોગી

નીવડે છે તથા આવી રીતે હસ્તપત્રો માટે પણ આવી સેવા આપવામાં આવે છે વિશ્વના તમામ દેશના લોકોઆ સેવાનો લાભ લઈ રહ્યા છે. ગ્રંથોની સાચવણી માટે આમ આ આધુનિકીકરણ માટે મહત્ત્વ નું અંગ બની ગયુ છે અને આજના આ યુગમાં ઇન્ટરનેટના માધ્યમથી ગમે તે સમયે પુસ્તકો મેળવવા સરળ બની ગયું છે.

**ઉપસંહારઃ-**

માનવના જીવનમાં ગ્રંથો મહત્ત્વનો ભાગ ભજવતો હોય છે માટે એક સુભાષિત સુંદર વર્ણન કરવામાં આવ્યું છે....

ग्रंथो मे अग्रतः सन्तु
ग्रंथो मे सन्तु पृष्ठतः ।
ग्रन्थो मे हृदय सन्तु
ग्रन्थ मध्ये वसाम्यहम् ।।

મારી આગળ ગ્રંથો, મારી પાછળ ગ્રંથો, ગ્રંથો મારા હૃદયમાં અને ગ્રંથોની વચ્ચે હું આવો ભાવ ઉપરોક્ત શ્લોકમાં વર્ણવવામાં આવ્યો છે તેની પાછળ કહેવા પાછળનો તાત્ત્વિક અર્થ એ છે કે તમે ગ્રંથોની વચ્ચે રહો જો આપની પાસે ગ્રંથો અથવા ગ્રંથોરૂપી જ્ઞાન હશે તો આપને તમામ જ્ઞાન પ્રાપ્ત થશે તેમાં શંકા કરવાનો અવસર નથી.

-:**સંદર્ભ ગ્રંથો**:-


- સંસ્કૃત સાહિત્ય ઇતિહાસ
- સંસ્કૃત યુનિ. મુલાકાત
- સંસ્કૃત સુભાષિત રત્નાવલી
- બાબા સાહેબ ગ્રંથાલય કોર્ષ
- ઇન્દિરા ગાંધી યુનિ. ગ્રંથાલય કોર્ષ
- સમાજજીવનમાં ગ્રંથાલય ગ્રંથ

# || કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણની ધર્મક્ષેત્ર ભાષા ||

શિવાંગ જોશી
(M.Phill Cont.)
Mo. 9427942032,Email. mantrashiv@gmail.com
S.S.S. University, Veraval

**પ્રસ્તાવના :**

મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારતમાં ૧૮ પર્વનું વર્ણન કરેલ છે. ને તેમાં ભીષ્મપર્વમાં કુરુક્ષેત્રમાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ગવાયેલ ગીત એટલે ગીતા બંને પુરુષોના સંવાદો દ્વારા ઉત્પન્ન થયેલ સ્ત્રી અર્થાત શ્રીમદ્ ભગવદ્ ગીતા.

માનવને પોતાના જીવનનો કર્તાવ્ય કર્તવ્યનો બોધ ને સંપૂર્ણ જીવનોને જીવનનો માર્ગદર્શક ને પથદર્શક જ બતાવતો ગ્રંથ અર્થાત ગીતા.

ભગવાન શ્રીકૃષ્ણએ મહાભારત યુદ્ધના ૧૮ દિવસ દરમિયાન ગીતાજીના ૧૮ અધ્યાયોનું સાત – કર્મ – ભક્તિનું ત્રિવેણી સંગમ અર્જુનને કરાવ્યો.

ભગવાન દ્વારા ગવાયેલ આ ૭૦૦ શ્લોકનું એક ઝૂમખું, એક સંગ્રહ, એક સમૂહ અર્થાત ગીતા.

માનવ પ્રાય: અત્યારની પરિસ્થિતિ પ્રમાણે વિચાર કરીએ તો બુદ્ધની વહી પરંતુ યુદ્ધની વાત પહેલા કરશે. ને આંધી વાત કરશે ગાંધીની ક્રીડા કને શાંતિની નહીં અશાંતિની વાત કરશે. ચર્ચા કરશે અથવા તો એવું વાતાવરણ ઊભું કરશે.

મહાભારતરૂપી સમૂહની ગીતારૂપી નહીં છે. આ નદી સમુદ્રને સાગરને મળે તો મધુર થઈ જાય છે. ને સંસારમાં સમાજમાં નહીં સાગરને મળે તો ખારી થાય, પણ આ તો આ મહાસાગરને મધુર ને મીઠાશરૂપી પોતાની મધુરતાથી બનાવી દે છે.

અત્યારે સાંપ્રત સમયમાં આપણે ભારવિનાના ભણતરની વાત કરીએ પરંતુ ભગવાને સાક્ષાત અર્જુનને યુદ્ધના મેદાનમાં પણ કુરુક્ષેત્રને પણ ધર્મક્ષેત્ર બનાવવા માટે પ્રેરણા આપી આવા વાતાવરણમાં આટલા અસંખ્ય મહાપુરુષો શૂરવીરો વચ્ચે તો ભગવાન જ કોઈ બુદ્ધપુરુષ જ ધર્મનું શિક્ષણ આપી શકે એટલે જ તો ગીતાજીમાં પ્રથમ અધ્યાયમાં પ્રથમ શ્લોકમાં કહે છે કે....

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामका: पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय ।।[1]

અર્થાત આ કુરુક્ષેત્રમાં નહીં પણ કોઈ પણ સ્થળમાં ક્ષેત્રમાં જગ્યાએ ધર્મ કરવો માનવનો અધિકાર, કર્મ એ પણ એક પ્રકારનું ધર્મ છે.

પ્રથમ અધ્યાય અર્જુનવિષાદ યોગમાં સમગ્ર માનવને આવરી લઈને ભગવાન અર્જુનને નિમિત્ત બનાવીને બધાને સમજાવે અને સમજાવવા પોતાના શોકને વિષાદથી દૂર રહેવા માટે શરૂઆત કરવાની ઘોષણા કરે છે. જો આપણે આપણો સર્વાંગીવિકાસ ને આપણા અધર્મ માર્ગ ન ભટકી જાય તેને માટે આ એક ઉત્તમ રીત આપેલ છે.

[1] श्रीमद्भगवद्गीता – ०१/०१

માનવ જ્યારે પોતાનાની સામે થવાની કે પરાક્રમની ચર્ચા થાય ત્યારે તે અર્જુનની જેમ વિષાદ ને શોકમય બની જાય છે. મારા સ્વજનોને મારી નહીં શકું પણ એ સ્વજનો સજ્જન હોવા પણ ખૂબ જરૂરી છે.

" क्लैब्यं मा स्म गमः पार्थ "

હે અર્જુન તું આ તારો સામાન્ય પુરુષ જેવો વ્યવહાર છે તેને છોડી દે ને પરંતપ કરીને ઊભો થા અને ઊભો રહે.

જે થઈ ગયું છે તેનો શોક ન કર અને ભવિષ્યની ચિંતા ન કર. આપણા એક પંડિતોનું લક્ષણ છે.

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादाश्च भाषसे ।
गतासूनगतासूश्च नानुशोचन्ति पण्डिताः ॥2

गते शोको न कर्तव्यो
भविष्यं नैव चिन्तयेत्
वर्तमानेन कालेन
वर्तयन्ति विचक्षणा ॥

મહાપુરૂષોનો એક સ્વભાવ ને વ્યવહાર હોય છે. વ્યક્તિની દેહની અવસ્થાનું તો પરિવર્તન થતું રહેશે પરંતુ ધીર પુરૂષ પોતાનુ મન, વાણી, વર્તન, વ્યવહાર તે દિશામાં કંઈ કરતાં નથી ને ચિચારતા નથી.

આ પણ ભગવાનની ધર્મક્ષેત્રની ભાષા નથી તો બીજું શું છે ? ભગવાનનો માત્ર ને માત્ર ઉદ્દેશ્ય એ જ કે સામાન્ય માણસ સુધી સાંખ્યયોગ અર્થાત જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

હતો...

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महिम् ।
तस्मादुत्तिष्ठकौन्तेय युद्धाय कृतनिश्चयः ॥3

હે અર્જુન જો તું યુદ્ધ કરીશ તો કદાચ તારું મૃત્યુ થશે. સ્વર્ગ મળશે ને જીતીને પરાક્રમથી પ્રાપ્ત કરીશ તો પૃથ્વીને ભોગવીને રહીશ. માટે તું યુદ્ધ માટે સજ્જ અને તૈયાર થા.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोस्त्वकर्मणि ॥4

અર્થાત તારો કર્મમાં અધિકાર છે. ફળની આશા કે ઇચ્છા, મહેચ્છા કે લાલસા ન રાખ. માત્ર કર્મમાં તારો સહકાર આપ. એટલે ફળમાં તું અધિકારી ચોકક્સ થઈને રહીશ. પાંડવોને અથવા અર્જુનને માત્ર પરમાત્મા સિવાય અન્ય કોઈ સત્ય, પ્રેમ, કરુણા, દાન, દયા, ધર્મ, ન્યાય, આચાર-વિચાર-સદાચાર, કૃપા, તિતિક્ષા, દમ, વ્રત, જપ, તપ, નિયમ, સ્વાધ્યાય, અહિંસા, પરસ્પર સંભાવ અસૂયા, સંયમ, સહજતા, સરળતા, સમરસતા આ તમામ વિશિષ્ટ ગુણોનું સમ્પાદનને મૂલ્યનું વર્ધન તો જગદ્ ગુરુ જ કરી શકે. આ એક એવો વર્ગ ઊભો કર્યો કે સાક્ષાત સ્વર્ગ સમાન લાગતો હોય.

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।

---

[2] श्रीमद्भगवद्गीता – ०२/११

[3] श्रीमद्भगवद्गीता – ०२/३७

[4] श्रीमद्भगवद्गीता – ०२/४७

स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥5

શ્રેષ્ઠ પુરુષો, મહાપુરુષો, સત્પુરુષો, સજ્જનો, વિદ્વાનો, બુદ્ધિજીવીઓ જે પ્રમાણે આચરણ કરે અને વ્યવહાર કરે તે જ પ્રમાણે અન્ય લોકો સમજના તેના માર્ગે અને તેના પંથે જવાનો, ચાલવાનો, સ્વીકારવાનો પ્રયત્ન કરશે. આથી જ તો સુભાષિતકારો કહે છે ...

श्रुतिर्विभिन्ना स्मृतयश्च भिन्नाः
नैको मुनिर्यस्य वचः प्रमाणम् ।
धर्मस्य तत्त्वं निहितं गुहायाम्
महाजनो येन गतः स पन्थाः ॥6

માનવને જગતમાં જે લોકો જેમ વ્યવહાર વર્તન કરે તેમજ અન્ય સાથે વર્તન કરવાનો પ્રયત્ન નથી કરતો છતાં પણ એમ જ કરે છે.

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥7

અર્થાત આપણે ત્યાં કહેવાય છે કે
જેવા સાથે તેવા
Tit for tat

તેમજ ભગવાન પણ કહે છે મને જેમ જે રીતે ભજે છે સ્તવન, અર્ચન, વંદન કરે છે તેને હું પણ તે જ રીતે ભજું છું, માનું છું, સ્વીકારું છું. ભાગવતજીમાં નવમાં સ્કન્દમાં કહે છે કે

સાધવોહ્રદયં મહ્યમ ....

કર્મમાં તું તારી ગતિ કર કારણ કે " કર્મની ગતિ ન્યારી છે " गहनो कर्मणो गतिः इति ।સ્વાધ્યાયયજ્ઞ, યોગયજ્ઞ, જ્ઞાનયજ્ઞ આ તમામ વિશિષ્ટ ધર્મ ને યજ્ઞનું આપણને દર્શન કરાવે છે. આપણી પરંપરા અનુસાર પ્રણામ કરીને નમસ્કાર વંદન કરીને મહાપુરુષોને પ્રશ્ન પૂછી શકાય છે.

श्रद्धावांल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥8

મનુષ્યની અંદર માત્ર ને માત્ર શ્રદ્ધા ભાવ અને નિષ્ઠા હશે તો તે આ સંસારમાં અવશ્ય જ્ઞાનવાન થઈ શકશે. આ કુરુક્ષેત્રમાં અર્જુનને ભગવાન ધર્મક્ષેત્રની ભાષા કહેતાં શિખવતા, સમજાવતાં કહે છે કે વિદ્યામાં, વિનયમાં, ગાયમાં, બ્રાહ્મણમાં અને અન્ય તમામ પ્રાણી સૃષ્ટિમાં જીવ –જંતુ ખેચાર, ભૂચર અને જલચર સમાન દ્રષ્ટી રાખેને સરળ રહે તે પણ પંડિત સમદર્શીઓનું એક લક્ષણ છે. અર્થાત सर्व धर्म समभाव इति ।

---

[5] श्रीमद्भगवद्गीता – ०३/२२

**[6] महाभारत**

[7] श्रीमद्भगवद्गीता – ४/११

[8] श्रीमद्भगवद्गीता – ४/३९

આત્મસંયોગયોગમાં ભગવાન કહે છે હે અર્જુન આ મન છે ને એ ચંચલ છે. તેને સંયમમાં નીતિ – નિયમમાં બાંધીને રાખવું એ કઠિન છે. સુદ્રઢ કરવું તો અત્યન્ત મુશ્કેલ છે. તે વાયુની જેમ દુષ્કર છે. આ સંસારના અન્ય પ્રંપચને છોડીને તું યોગી થા.

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥9

ચાર પ્રકારનાં લોકો મને ભજે છે આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની આ બધામાંથી સૌથી વધારે મને કોઈ પ્રિય હોઈ તો તે જ્ઞાની છે. કારણ કે ઘણાબધા જન્મો પછી જ્ઞાનીઓ મને સેવે છે અને આવા જ્ઞાની પુરુષ ખૂબ જ દુર્લભ છે.

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥10

અર્જુન સદા –સર્વદા મારું જ સ્મરણ કરીને તું યુદ્ધમાં કોઈ પણ રીતે જોડાઈ જા.

अनन्यश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥11

અર્થાત માનવ મને અનન્યા ભક્તિ દ્વારા મારું ભજન કરે કે પછી ચિંતન કરે મારી ઉપાસના ગુણગાન કરે તેવા ભક્તોનો નિત્ય યોગક્ષેમનું વહન કરું છું. આ શ્લોક શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ૩૬૦મો શ્લોક છે. અર્થાત માનવ તારું સમ્પૂર્ણ વર્ષ દરમિયાન ભરણ – પોષણ કરવાની જવાબદારીને કર્તવ્ય મારું છે. તું ચિન્તા ન કર. ચિંતન કર.. માત્ર ને માત્ર ભગવાનનું સ્મરણ અને ચિંતન કરવાથી એ આપણું સઘળું પાર પાડી દે છે.

આજ તો ભગવાનની કુરુક્ષેત્રમાં ધર્મ ભાષા છે કે ભજન પણ શિખવાડે અને ભોજનની પણ ચિંતા કરે. આનાથી મોટો દયાળુ, માયાળુ, કૃપાળુ, પ્રેમાળુ કોણ હોઈ શકે. આવી સમગ્ર ભૂમિમાં વીરતા ભર્યા વાતાવરણમાં ધીરતાં ભર્યુ શિક્ષણ માર્ગદર્શન અને જ્ઞાન તો આ બુદ્ધ સિદ્ધ ને શુદ્ધ પુરુષ જ આપી શકે.

માનવીને રાજગુહ્યયોગ હોઈ કે વિભૂતિયોગ દ્વારા પોતાનું સર્વસ્વને વિરાટ સ્વરૂપ દર્શન હોઈ કે કોઈ પણ ક્ષણ આ ઇશ્વર, પરમાત્મા, ભગવાન જ એક વ્યક્તિ માટે આવું કષ્ટ સહન કરી શકે અને સ્વીકારી શકે.

ભગવાનની ઉદારતા અને ધર્મક્ષેત્ર બનાવવાનું શ્રેષ્ઠ ઉદાહરણ હોઈ તો ભક્તિયોગનું વર્ણન પહેલા કર્યું અને પુરુષોત્તમયોગનું વર્ણન પછી કર્યુ. આજ તો પરમાત્માનું પરમ તત્ત્વને સત્ત્વ કહેવાય. આ જ તો ઇશ્વરનું ઇશ્વરત્વ છે.

उर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसा; ।
जघन्यगुणवृत्तिस्तथा अधो गच्छन्ति तामसाः ॥12

---

[9] श्रीमद्भगवद्गीता – ७/१६

[10] श्रीमद्भगवद्गीता – ०७/१९

[11] श्रीमद्भगवद्गीता – ९/२२

[12] श्रीमद्भगवद्गीता – १४/१८

માનવ પોતાના કર્મો ને પ્રકૃતિ પ્રમાણે સાત્ત્વિક સ્વભાવવાળા ઉર્ધ્વલોકને પ્રાપ્ત કરે છે. રાજસિક પ્રવૃત્તિવાળા મધ્યમાં રહે છે. ને તામસિક પ્રવૃત્તિવાળા માનવનું અધ:પતન થાય છે. અર્થાત આપણે કેવી પ્રવૃત્તિ પ્રકૃત્તિને સ્વભાવ પ્રમાણે જીવન જીવવું તે પણ ભગવાન આ યુદ્ધ ક્ષેત્રમાં ધર્મક્ષેત્ર ભાષા બનાવીને સૂચવે છે, જાગૃત કરે છે. કારણ કે આચાર્ય ગોપદેવ પણ કહે છે. **स्वभावो ही धर्मः ।**

ભગવાન આ ધર્મક્ષેત્રની ભાષા પોતાના ઉત્તમ પુરુષનું વર્ણન કરીને પણ માનવને સમ્પૂર્ણ રીતે સમ્પૂર્ણજગતનો પરિચય કરાવાનો પ્રયાસ કરે છે.

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।

प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥13

આ ધર્મક્ષેત્રમાં ભગવાન એ પણ સમજાવે છે કે

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।

कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्रयं त्यजेत् ॥14

અર્થાત નરકના ત્રણ દ્વાર છે. કામ, ક્રોધ, લોભ આ ત્રણેય અવગુણનો નાશ કરીને , ત્યાગ કરીને, તું સ્વસ્થ થઈ જા.

અર્થાત કામ કોઈ પણ ઇચ્છા તારે યુદ્ધ સિવાયની કોઈ ઇચ્છા ન હોવી જોઈએ.

ક્રોધનો પણ ત્યાગ કર કારણ કે " **क्रोधो हि शत्रु प्रथमो नरणम् इति ।**"

આ જ સંદર્ભે રામચરિતમાનસમાં તુલસીદાસજી કહે છે સુંદરકાંડમાં " કામ, ક્રોધ, લોભ, મોહ ...

આ તમામનો ત્યાગ કરીને જ તારું વાસ્તવિક સ્વરૂપ પ્રમાણે રહી શકીશ.

કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણની ધર્મક્ષેત્ર ભાષામાં આપણને સાત્ત્વિકદાન, રાજસિક દાન, તામસિક દાનનું પણ મહત્ત્વને મહત્ત્વતા સમજાવી છે ને વાણી રૂપી તપ કોને કહેવાય ? કેવી રીતે થાય તે પણ સૂચવે છે.

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।

स्वध्यायाभ्यसनं चैव वाङ्गमयं तप उच्यते ॥15

અર્થાત માનવને પોતાના કર્મ અનુસાર કોઈને સત્ય અથવા વાક્ય હોય તેવું વાક્ય બોલવું કોઈના નહીં પરન્તુ પ્રભુના ગુણગાન ગાવા એ વાણીરૂપી તપ છે.

વાણીરૂપી તપ કેમ કરવું તે આ ધર્મભાષા નથી તો શું છે? સ્વાધ્યાય પણ વાણીરૂપી તપ તો છે. " તપમાં તું તપ એ જ તપ કર "

મહાભારત અંતર્ગત કિરાતાર્જુનિયમમાં આવે છે.

" हितं मनोहारी च दुर्लभं वचः "

વેદો પણ આજ્ઞા આપે છે.

" सत्यं वदिष्यामि ऋतं वदिष्याम्मि इति "

---

[13] श्रीमद्भगवद्गीता – १५/१४

[14] श्रीमद्भगवद्गीता – १६/२१

[15] श्रीमद्भगवद्गीता – १७/१५

માનવીને પરમાત્મા પ્રત્યેની અડગ, અતૂટ, અખૂટ, અનન્ય શ્રદ્ધા રહેવી જોઈએ ને હોવી જોઈએ. કુરુક્ષેત્રમાં ભગવાન શ્રીકૃષ્ણની ધર્મક્ષેત્રની ભાષા અર્થાત

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।

स्वकर्मनिरतः सिद्धिं तथा विन्दति तच्छृणु ॥16

માનવે ક્યારેય પોતાનો – ધર્મ ને કર્મ કરવાનું ક્યારેય છોડવું જોઈએ નહીં તે પોતાના કર્મની અંદર સિદ્ધિ મેળવી લેવી જોઇએ. આપણું શ્રેય પ્રગતિ ઉન્નતિ આપણાં ધર્મમાં જ ને કર્મમાં જ છે કારણ કે ઉપનિષદો કહે છે ईशावास्यम्

कुर्वन्नेवेह कर्माणि जीजिविषेच्छतं समाः ॥

કોઈ સમર્થ, સક્ષમ ને સત્પુરુષને બુધ્ધપુરુષને જ કહી શકે કે...

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।

अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥17

તમામ ધર્મ છોડીને તું મારા શરણે આવી જા હું તને તમામ પાપમાંથી છોડાવીશ ને તારું પરમ શ્રેયને કલ્યાણ કરીશ.

અર્થાત "અન્યાશ્રયો ન કર્તવ્યો કર્તવ્યો અનન્યાશ્રય: ઇતિ |

માનવે કોઈ એક જ દેવમાં વિશેષ શ્રદ્ધા રાખીને ભરોસો મૂકીને જીવન જીવવું જોઈએ. જેથી આપણું સમગ્ર જીવન તારવાનું કાર્ય તેનું થઈ જાય છે. તે પછી ગુરૂ હોઈ કે જગત ગુરૂ

" भवजलनिधिपोत त्वं विना नास्ति कश्चित् इति "

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।

स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥18

હે ઇશ્વર ! હે પરમાત્મન ! હે ભગવાન! આ પ્રમાણે નિશમ્ય કર્યા બાદ મને તમામ પ્રકારનો મોહ નષ્ટ થયો ને મારી સ્મરણ શક્તિ પ્રાપ્ત થઇ છે. મારા તમામ સંદેહ અસ્થિર થઈને સ્થિર થઈ ગયો છું. આપના કૃપાપ્રસાદને અનુગ્રહથી હવે આપના વચનોનું અવશ્યપણે હું પાલન કરૂ છું.

અર્થાત માનવસંસારના તમામ પ્રપંચો ઘોળીને માત્ર ને માત્ર પ્રભુનાં માર્ગે ચાલે નહીં તો કાઈ નહીં પરંતુ કહ્યું છે તે માર્ગે ચાલે ને તો પણ ઘણું છે.

અત્યારે સમાજમાં લોકો ગાંધીજીનાં નામના માર્ગ બનાવે છે તે માર્ગે ચાલતા નથી.

સ્વામી વિવેકાનંદની પ્રતિમા પધરાવે, સ્થાપના કરે પણ તેની પ્રતિભાની સામે જોઈને તે પ્રમાણે આચરણ કરતાં નથી.

આમ અંતે અર્જુન દ્વારા નવમાં શ્લોકમાં ભગવાનને સંપૂર્ણ વિશ્વાસ ભરોસો દર્શાવીને દ્રઢનિશ્ચય કરે છે. સંશયમાંથી તરી જાય છે.

---

[16] श्रीमद्भगवद्गीता – १८/४५

[17] श्रीमद्भगवद्गीता – १८/६६

[18] श्रीमद्भगवद्गीता – १८/७३

કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણની ધર્મક્ષેત્ર ભાષા દાન સદાચાર વિચાર, આચાર, શિષ્ટાચાર તમામ સદ્ ગુણો મળે તેનાથી વિશેષ શું જોઈએ ?

અર્જુન કહે છે "સખેતિ મત્વા" આપને સગા સમજું છું પરંતુ અધ્યાપક વિદ્યાર્થીને ભલે મિત્ર પરંતુ વિદ્યાર્થી ગુરુને જ ગુરુ માનવા.

કુરુક્ષેત્ર શ્રીકૃષ્ણ ધર્મક્ષેત્ર ભાષા આબાલ વૃધ્ધ માટે તથા સામાન્ય અસામાન્ય તમામ લોકોને આવરી લઈને આ દિવ્ય સંદેશ પ્રાપ્ત થાય છે.

આ એક એવા શ્રેષ્ઠ શિક્ષક કે જગત ગુરુ થયા કે જેણે જે શિષ્યને જેટલું ને જેવી રીતે ને જેટલા સમયમાં શીખવાડવું હોય તે જ્ઞાન આપી જ દે છે.

અત્યારે માનવને ડગલે ને પગલે જો કોઈ પદાર્થ વસ્તુ કે યથાર્થ ને વાસ્તવિક જરૂરી આવશ્યકતા હોય તો તે છે જ્ઞાન, માહિતી – સમજણ – સહનશક્તિ આ કાલિકાલ અનિવાર્ય રૂપે જરૂરિયાત છે.

આમ, આ કુરુક્ષેત્રમાં ભગવાન શ્રીકૃષ્ણની ધર્મક્ષેત્ર ઉપનિષદ્ રૂપી વિદ્યા, બ્રહ્મવિદ્યા શ્રીકૃષ્ણની અર્જુનના સંવાદરૂપે વિશ્વને પ્રથમ મળેલ ભેટ ગીતા.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भृतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥[19]

અંતે સમાજના વિશ્વના સંસારના પ્રત્યેક આ ગીતાજીના સિદ્ધાંતો નીતિનિયમો, મૂલ્યોને ગુણોને લઈને જો ભગવાનની ભાષાને વાત કહેવાનો, સમજવાનો પ્રયત્ન કરે તો આપણી તમામ સમસ્યાનું સમાધાન થવું ખૂબ જ અનિવાર્ય ને ચોક્કસ પણે થઈ શકે એમ છે.

"वसुधैव कुटुम्बकम्"

"यत्र विश्वं भवत्येकऽनीडम्"

" सह ना ववतु सह नौ भुनक्तु "

" વૈષ્ણવજન તો તેને કહીએ

જે પીડ પરાઇ જાણે રે "

" हर पौधे में परमात्मा बसता है "

"છોડમાં રણછોડ" "

[19] श्रीमद्भगवद्गीता – १८/७८

वयं राष्ट्रे जागृयाम् "

આવી આપણી ભારતીય સંસ્કતિની ઉદાત્ત ને ઉદાર ભાવના વિકસાવવા આવા સદ્ગ્રન્થોનું અધ્યયન અધ્યાપન થવું ખૂબ જ અનિવાર્ય છે. કારણ કે

" ગ્રંથ આપણી ગ્રંથિ ખોલશે "

માનવને માનવ માટે ભગવાને શ્રીકૃષ્ણ ગીતાને ધર્મક્ષેત્રરૂપી ભાષા બનાવવાનો પ્રયત્ન કર્યો છે. જો જેલમાં મહાત્મા ગાંધીને ગીતાજી ન મળી હોત તો ભારત દેશનું પરિણામ અલગ હોત ને !

મહાભારતના યુદ્ધમાં અર્જુનને ગીતાજી ન મળી હોત તો મહાભારતનું પરિણામ કંઈ અલગ હોત.

 ISBN : 978-81-938282-0-5

# " ભાષા અને સંસ્કૃતિ "

**જીતલ એ. રાઠોડ**
**આસિસ્ટન્ટ પ્રોફેસર ઇન ગુજરાતી વિષય**
**નવકુંવરબા મહિલા કોલેજ- ભાવનગર**
**Mob. No. 9428590766**

કોઈપણ સ્વરૂપ કે ક્ષેત્ર સંદર્ભે જ્યારે વિચાર ત્યારે વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય રીતે આપણે અભિગમ સ્વીકારીએ છીએ. ભારતીય અને પશ્ચિમી વિદ્વાનો અને મીમાંસકો કાવ્યના સ્વરૂપને વ્યક્ત કરવા કેટલીય પરિભાષાઓ કંડારી છે. તો પણ પૂર્ણ સ્વરૂપની ઉપલબ્ધિ ભવિષ્યના ગર્ભમાં જ છે. ભાષાના સમાંતરે પ્રગટતા રહેલા નૂતન વર્ણનો અને વ્યાપારોનો જેટલો પ્રભાવ પડે છે તેટલો જ પ્રભાવ આનુવંશિક રીતે પણ પડે છે. વર્તમાન ભાષાના સ્વરૂપને આધારે તેની નજીકના કેન્દ્રને ભૂતકાળનું રૂપ તપાસવાનું કાર્ય ચોક્કસ સમયમાં સ્થિત્યન્તરોમાં અસ્તિત્વ ધરાવતી ભાષાનો ખ્યાલ આપે છે. ભાષાના વિકાસને તપાસતી વખતે ક્રમે ક્રમે (૧) સામાયિક કે વાસ્તવિક આધારો (૨) સામાયિક નહીં છતાં સરળ સામગ્રી રૂપ આધારો (૩) કલ્પના મિશ્રિત ધારણાઓ......આ ત્રણેય આધારોમાંથી ભૂતકાળમાં જતા કલ્પના મિશ્રિત ધારણા પર જ ચાલવું પડે છે.

સાહિત્યમાં જે કળા વ્યાપાર છે તે અનુભૂતિને અભિવ્યક્તિ આપવાનું સક્ષમ કાર્ય ભાષા જ કરે છે. અનુભૂતિ એ કલાનું 'માધ્યમ' છે. આ માધ્યમ સાહિત્ય બને અને કલાત્મક રીતે અભિવ્યક્તિ પામી સ્થૂળથી સૂક્ષ્મ તરફ ગતિ કરે છે. કલા સૂક્ષ્મ રીતે કાર્ય કરે છે. કલાકારોને અનેકવિધ કુશળ શક્તિઓ ભાષા જ આપે છે. જેના પાયામાં ભાવ, ભાવના, વિચાર, કલ્પના રહેલા છે. જે કલાકારોના સંવેદન ચિત્તમાં એ સંસ્કારો પડેલા હોય છે. કલાકારો તેને સ્વયં સ્ફૂરણાત્મક રીતે કલાકૃતિનું નિર્માણ બનાવે છે. સાહિત્ય એ માનવ મનની સંસ્કૃતિની નીપજ છે. આ કળા માનવ મનની ચેતનાને સંસ્કારિત કરવાનું કામ પણ કરે છે. સંવેદનશીલ માનવ મનની સંવેદના જ વિશેષ પરિસ્થિતિમાં બાહ્ય જગતની ઘટનાઓના પ્રત્યાઘાતથી પ્રગટ થઈ ભાવ રૂપમાં મૂર્ત રીતે પરિવર્તન પામે છે. ક્રમશઃ એ જ ભાવોને મૂર્ત આકાર આપવા કલાકારો તેને શબ્દ, રેખા, લય, ગતિ જેવા માધ્યમો દ્વારા અભિવ્યક્ત કરી કવિતા, ચિત્ર, સંગીત, નાટક જેવી લલિત કલાઓનું સર્જન કરે છે. સાંપ્રત સમયમાં ટેકનોલોજીના વ્યાપક ઉપયોગથી સાહિત્યનું વૈજ્ઞાનિક ઢબે યંત્રમુગ્ધ થવાની ક્રિયા પ્રક્રિયામાં આ આનંદ નષ્ટ થતો ગયો છે. છતાં મનુષ્ય સામાજિક વ્યવહારો વચ્ચે પોતાનો વિકાસ સાધવા પ્રયત્નશીલ રહે છે. મનુષ્ય જે વ્યક્ત કરશે એ વાણી દ્વારા વ્યક્ત કરશે. સાહિત્યના વિધાયક માધ્યમો વાણી, કલ્પના, લય, આકાર, અંતઃતત્ત્વ, ઊર્મિ વગેરે છે. સાહિત્યનું ઉત્તમ ઉપાદાન માનવ અનુભવની સૂક્ષ્મ અભિવ્યક્તિ છે. તેનું બાહ્ય ઉપાદાન શબ્દ અને અર્થ છે. સાહિત્ય એ શબ્દ અને અર્થની કળા છે. સાહિત્ય દ્વારા સત્યનું દર્શન કરવા માનવ વિદ્યાઓ અને સામાજિક જ્ઞાનોના સંયોજન દ્વારા પ્રાયોગિક વિજ્ઞાન સંવર્ધિત થાય છે. એક બાજુ ધર્મ, તત્ત્વજ્ઞાન, નીતિ અને વિજ્ઞાનની તાર્કિક વિચારણા સામે સ્વયંસ્ફૂરણા અભિગમ છે. બીજી બાજુ કાલ્પનિક સૃષ્ટિ દ્વારા અલૌકિક આનંદથી વાસ્તવિક જીવનની પૂર્તિ કરે છે. જીવન અને જગતના સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવોને વ્યક્ત કરવાની ક્ષમતાને ભાષાના માધ્યમને કારણે સાહિત્ય કલાને વરેલી છે. ભાષા દ્વારા માનવ જગતના

ભાવ, વિચાર અને કલ્પનાનો વારસો જેટલો તીવ્ર રૂપે અભિવ્યક્તિ પામી શકે તેવો બીજી કલામાં ન પામી શકે. દા.ત. ફૂલને જોતા આનંદ થાય, માતા પિતાનું વાસ્તલ્ય, બાળકનું હાસ્ય વગેરે ભાષામાં વ્યક્ત કરવું થોડું મુશ્કેલ થાય, પરંતુ વિચાર કે કલ્પનાના માધ્યમ દ્વારા એ આનંદને પામી શકાય. અનુભૂતિનું સર્જન ભાવથી પામી શકાય. તેને વર્ણવી ન શકાય માત્ર સંવેદી શકાય. સાહિત્યમાંથી સત્ય, આનંદ અને સૌંદર્ય ભાષાથી સ્ફૂરે છે. ભારતીય મીમાંસકોએ કહ્યું છે ને કે, " સાહિત્યનો આત્મા રસ છે, ધ્વનિ છે." એ પણ ભાષા જ છે. ભાષાથી જ એ સાર્થક થાય છે.

સાહિત્ય કલા માણસના જીવનનું સંવેદન છે, જીવન જીવતા જે મનુષ્યના ચિત્તમાં જે સંસ્કારો પડે છે તેનું મનોજગત રૂપે અભિવ્યક્તિ, વિચાર, ભાવ, સંવેદન, ભાષા, સંકેતોમાં આકાર પામી કલામાં સર્જાય છે એ જીવનની કેળવણી છે. જે સાહિત્ય દ્વારા સિદ્ધ થાય છે. સાહિત્ય અને કલા જગતમાં શબ્દ અને અર્થ જે સુવર્ણ રીતે પ્રગટે છે તેમાં જીવન વિચાર જગત સમૃદ્ધ હોય, સમગ્ર સમાજ સૌંદર્ય બુદ્ધિપ્રતિ પૂરેપૂરો સંવેદનશીલ હોય તો જ સિદ્ધ થાય છે. વ્યવહારિક કરતા સાહિત્યિક ભાષા વધુ શિષ્ટ, સંસ્કારી અને શુદ્ધ હોય છે. પરિમાર્જિત હોય છે. કલાકાર એ બદલાતા સાંપ્રત પ્રવાહ વચ્ચે નવા નવા વિચારો, સંવેદનો અને નવીનીકરણ દ્વારા સંઘર્ષ સામે લડવાની શક્તિ પૂરી પાડે છે. સાહિત્યિક ભાષા કલાત્મક વ્યંજકતા, વ્યંગ્યાત્મક અને ચિત્રાત્મક સામે લોકગમ્ય ભાષાની સાધનાનો કલાત્મક કર્મ યોગ સિદ્ધ થાય છે. સત્ય દ્વારા અભિવ્યક્તિનું નિર્વ્યાજ સૌંદર્ય ઊંચી સાધનાની સીધી ભાષાથી જ સાર્થક થાય છે.

કોઈ પણ કલાકાર પોતાની અનુભૂતિને સક્ષમ બનાવાનો પ્રયત્ન કરે છે. ભાષાના માધ્યમથી એ અનુભૂતિને ઘાટ આપે છે. આ અનુભૂતિ સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક રીતે જુદી જુદી હોય છે. મનુષ્ય પ્રથમ તો સમાજનું દર્શન કરે છે, આ વૈશ્વિક સંવેદનને આકૃતિ આપી, દિવ્ય શક્તિથી, બૌધિક ચિંતનથી, વિવેક બુદ્ધિથી કલાકૃતિને પ્રગટ કરે છે. શાબ્દિક સંયોજન દ્વારા કલાકાર પોતાની અનુભૂતિને ભાવાગમ્ય બનાવશે જે તેના ચિત્ત અને આનંદ સાથે જોડાશે. કલાકાર બ્રહ્માની સૃષ્ટિનું સર્જન કરે છે. જે ભાષાના માધ્યમથી જ પરિદર્શન થાય છે.મનુષ્યના ચિત્તના આધારસ્તંભ એક રીતે સમાજનું દર્શન કરશે અને બીજી રીતે આત્મ સંવેદન છે. કલાકાર નૈર્સગિક પ્રતિભાથી સામાજિક અને વૈશ્વિક સ્તરે દર્શન કરે છે. જેમાં તે ચિત્ત સાથે જોડતા કવિપ્રતિભા અંકિત થશે. કવિ સમાજ અને સંસ્કૃતિનો પ્રથમ દ્રષ્ટા બને છે. પરંતુ આ દર્શન વર્ણનાત્મક અભિગમ ધરાવતી હોવાથી માત્ર દર્શન કે અનુભૂતિ નહિ પરંતુ ભાવાક્ગમ્ય ન બને ત્યાં સુધી ભાષાના સ્તરો વિકસે છે. સાહિત્યમાં સ્થૂળ અનુભૂતિ સમાજની ઘટના હોય છે. જે ચિરંજીવી નથી. તેમાં અલૌકિક રસને સ્થાન નથી. કલાકાર પોતાના સંવેદનમાં ઉત્કટતા,પ્રબળતા અને દ્રષ્ટિકોણને દર્શાવે છે. સાહિત્ય સમાજ કે સંસ્કૃતિનું પ્રબળ રીતે આલેખન ભાષાના ઉપાદાનથી જ આપે છે. કલાકાર ભાવ, પ્રસંગ, વલણ, વર્તન, મનોવૃત્તિ, ઉક્તિ, વ્યથા વગેરે દ્વારા આકર્ષક વાતાવરણ રચી આપે છે. જીવનનું સત્ય વાસ્તવિક હોવું જોઈએ. ભાવ, વિચાર, કલ્પના ઉદાત્ત હોવા જોઈએ. તેની સાથે અલંકાર, ગુણ, રીતિ, પ્રતીક-કલ્પના, ભાષાશૈલી વગેરે તાટસ્થ્યપૂર્વક આલેખાવું જોઈએ. સાહિત્યની પ્રક્રિયા સમજવા અભિવ્યંજનાનો સિદ્ધાંત જરૂરી છે. કારણ કે સાહિત્યકાર જે વિચારે છે તેમાં કલ્પન ભળે છે જે મનોગતરમ્ય છે, સત્યથી વેગળું છે. ચિત્તની અનુભૂતિ ત્યારે જ સિદ્ધ થાય જ્યારે તે સ્વયંસ્ફૂરણાત્મક હોય. સ્વયંસ્ફૂરણા આવો કલા વ્યાપાર છે જે મનુષ્યની બૌદ્ધિક, માનસિક, ચૈતસિક બધી જ અવસ્થામાંથી

 ISBN : 978-81-938282-0-5

રૂપાંતરિત થઈ અભિવ્યક્ત થાય છે. કલાકાર આ કલાકૃતિનું રૂપ શબ્દમાં ઉતારવા મથે ત્યારે જગતની તમામ રચનાનું અવલોકન કરે છે. એ સંવેદન દ્વારા આનંદ પામે છે.

સંસ્કારસંચય એ કલાકાર સાથે જોડાયેલું પરિબળ છે. જેમાં મનુષ્ય જગતના વિશાળ અનુભવોના સંસ્કાર ચિત્તમાં દાખવી જ્ઞાનનો પ્રાદુર્ભાવ કરી આનંદ માણતો હોય છે. અહીં 'મન' ની સંસ્કારિતતા આંતરિક રીતે વ્યક્ત થાય છે. 'સંવેદન' કે 'ભાવ' એ બાહ્ય અભિવ્યક્તિ છે. ભાવ પ્રતીકોના મૂર્તિમંત પરિબળો ચિત્ર, સંગીત, નૃત્ય, નાટક, શિલ્પ, સ્થાપત્ય, સાહિત્ય દ્વારા ભાવક કલાકૃતિનું અલંકાર, ગુણવત્તા, રીતિ, ઉદાતતા, ઔચિત્ય, શૈલી, કલ્પન, પ્રતીક જેવા અંતઃકરણના પરિમાણોને પ્રસારતો હોય છે. તત્વજ્ઞાનના મૂલ્યો, નીતિશાસ્ત્રોના વિધિનિષેધો અને ધર્મના સૂત્રો ભાષા દ્વારા વ્યક્ત થાય છે. આથી જ સાહિત્ય એ શિક્ષણ-નીતિ અને નીતિબોધનું કાર્ય કરી વેદો, ઉપનિષદો, વ્યાકરણગ્રંથો, મહાકાવ્યો, બાઈબલ, રામાયણ, મહાભારત, કુરાન વગેરેનું સર્જન કર્યું. કલાકાર નૈર્સગિક પ્રતિભાથી કવિત્વ પ્રાપ્ત કરે છે. જેમાં પ્રતિભા વ્યુત્પત્તિજન્ય બને છે. તે જ સંસ્કાર સાધ્ય કલા ગણાય. સાહિત્ય પ્રતિભાજન્ય હોય તેમ ધર્મદર્શનમાં પણ પ્રતિભાનો ઉન્મેષ રહેલો છે. વ્યક્તિમાં શર્મિક ચેતનામાંથી અથવા ઉદાત્ત ભાવ-વિચારના રત્નોની અખૂટ ખાણ જેવા ધર્મ ગ્રંથો ઔદાત્ય પ્રાપ્ત કરે છે. ધર્મ, સંસ્કૃતિ, સમાજ એ જીવનની મૂલ્યતાને તાકે છે, અવલોકે છે, સમજાવે છે. ધર્મ અને સંસ્કૃતિ કલા અને સાહિત્યને જીવંત રાખે છે. સંસ્કૃતિ એ પણ સાહિત્યનું જ એક અંગ છે. જીવનનું મૂલ:તત્ત્વ છે. કેમ કે શરૂઆતમાં જયારે આદિ માનવ જીવન જીવતો હશે ત્યારે પશુતૂલ્ય જેવો, કાચું માંસ ખાતો, ઝાડ પર રેહતો, વસ્ત્ર નહીં પહેરતો, ધીમે ધીમે ભાષાના માધ્યમથી ઉત્ક્રાંતિ પામતો.....વિકાસ કરતો ગયો. માનવીયપણાના લક્ષણો ધરાવતો થયો ત્યારે તે પરિપૂર્ણ માનવી થયો. આમ પ્રકૃતિમાંથી તે સુસંસ્કૃત બન્યો. ભાષા સાહિત્ય તેને ભાવ વિચારથી મુગ્ધ બનાવે છે. આ સંસ્કારે તેને જીવન જીવતા અને વિકાસ સાધતા શીખવ્યું. સંસ્કૃતિમાં સમાજની પરંપરા અને પ્રતિબિંબ હોય છે. માનવ જીવનનો વ્યાપક ધર્મ સંસ્કૃતિ જ છે.

મનુષ્યે પોતાના વિકાસમાં આખી સંસ્કૃતિને ઓળખાવી છે. સંસ્કૃતિ ઘડાય છે તો પૂર્વચિત્તના સંસ્કારોથી. આદિમાનવ પાસે જ્યારે ભાષા ન હતી ત્યારે તે માત્ર ધ્વનિ વડે જ જીવન વ્યવહાર ચલાવતો. ધીમે ધીમે સંક્રાંતિકાળ થતા પરિવર્તન આવતા ભારતીય સંસ્કૃતિની આબોહવાથી મનુષ્ય વૈયક્તિક સંસ્કૃતિને ઘડી કાઢે છે. તેમાં જીવન મૂલ્યોના સંસ્કારો અને જીવનના સદાચારની નવી પરંપરાઓને અવલોકે છે, અર્થઘટન કરે છે. કોઈ પણ કલા કે સંસ્કૃતિ માનવીના અસ્તિત્વ સાથે જોડાયેલી હોય છે. જેમાં ધર્મ, દર્શન, ઈતિહાસ, સમાજ, અર્થ, રાજ્ય, ભૌગોલિક, ભૂગોળ બધી જ સંસ્કૃતિનો સમાવેશ થાય છે. સંસ્કૃતિ એ સત્ય અને બૌદ્ધિકતાના સમન્વયથી પ્રગટતી હોય છે. સાહિત્ય એ પ્રજાની સાંસ્કૃતિક સાધનાનું સ્વરૂપ છે. તેમાંથી સંસ્કૃતિનો ચેતનામય ઉદ્દઘોષ સંભળાય છે. આમ કલા સિદ્ધ થાય છે.

સૌંદર્ય દૃષ્ટિ,સમન્વય દૃષ્ટિ, સત્ય દ્રષ્ટિ અને વિવેક એ સંસ્કૃતિના તત્ત્વો છે. સંસ્કૃતિથી માનવી સંયમ શીખે છે, ભાવનાશીલ બને છે, સત્યનિષ્ઠ અને વિવેકી બને છે. સંયમ અને સંસ્કરણ માનવીના જીવનને ઉદાત્ત બનાવે છે. જે સાહિત્યનુ ધ્યેય પ્રાપ્ત કરી ભાવકને આનંદ આપે છે. સાહિત્ય એ માણસને સૌંદર્યદ્રષ્ટિ શીખવે છે. વ્યાપક બનાવે છે અને સુસંસ્કૃત બનાવે છે. સાહિત્યનુ ભાવ માધુર્ય પ્રગટે છે શેમાં? ભાષા દ્વારા ભાવો, વિચારો અને કલ્પનાનો સંસ્કારસંચય સાધી માનવી આનંદ પામે છે. માનવને

જીવન જગતમાંથી સત્યોનું સુંદર નિરૂપણ સાહિત્ય કલા કરે છે. યુગે યુગે જે સંસ્કૃતિ પ્રગટે છે તે સાહિત્યને અંકિત કરે છે. સાહિત્યની આનંદિત ક્ષણ કે આકર્ષણ માનવચિત્તને અભિભૂત કરે છે. માનવીના જીવનનો શ્રેય હિસ્સો સંસ્કૃતિ વડે જ પૂર્ણ થાય છે. સંસ્કૃતિ જ મનુષ્યને પૂર્ણતાનું જ્ઞાન આપે છે. જીવનની પૂર્ણતાનું જ્ઞાન મેળવવું એ જીવનની સમીક્ષા કેહવાય. મૂળમાં એ સાહિત્યની જ સમીક્ષા બને છે. સંસ્કૃતિનું મહત્ત્વ ભાષાથી જ સાર્થક બને છે. જે ત્રણ પ્રકારે છે.

(૧) વ્યક્તિની સંસ્કૃતિ

(૨) વર્ગની સંસ્કૃતિ

(૩) સમાજની સંસ્કૃતિ

સાહિત્ય અને સંસ્કૃતિનું મિલન સમાજ જીવનના ફલક પરથી થાય છે. સાહિત્ય વિના જીવન જીવવાની કલા સાર્થક નીવડતી નથી. સાહિત્યની કલાથી જીવન મૂલ્યોનું મૂલ વધી જાય છે. બૌદ્ધિક વિકાસ સાથે વ્યક્તિનો સ્વતંત્ર રીતે પણ શારીરિક-માનસિક રીતે વિકાસ થાય છે. સાહિત્ય એ બ્રહ્માનંદ આપે છે. તે આધ્યાત્મિક આવશ્યકતાઓને પણ સંતોષે છે. સમાજના સંવેદનો અભિવ્યંજ છે. સમાજ સમીક્ષક છે. શબ્દો દ્વારા સમાજનું નિર્માણ થાય છે. મનુષ્યનો યોગ્ય રીતે વિકાસ કરવા કલાકાર સમાજાભિમુખ બનાવે છે. અહીંથી જ વ્યક્તિના જીવનની સંસ્કારિતતા કેળવાય છે, સચવાય છે, પ્રગટ થાય છે. સમાજ અને સાહિત્યકાર પુરક છે. અવિનાભાવી સંબંધથી જોડાયેલા છે. યુગે યુગે જે નૂતન દર્શન થાય છે તેમાં તાત્ત્વિકપણે અને વૈજ્ઞાનિક રીતે નવોન્મેષ સર્જાય છે. આમ, સાહિત્યકારની અભિવ્યક્તિને જે સાર્થક બનાવે તે ભાષા. મનમાં સચવાયેલું, અનુભવેલું, કલ્પેલું, જોયેલું બધું જ ભાષા વડે જો પ્રગટ ન કરે તો એ સાહિત્યકાર શાનો? ભાષા દ્વારા અગાધ અનુભવને એ આનંદિત રીતે કલાકાર અભિવ્યક્તિ આપે છે. મનુષ્ય એ વિચાર + કલ્પના + સંવેદન + અભિવ્યક્તિ = અનુભૂતિ વડે પોતાની કલાની ઓળખ ઊભી કરી શકે છે. પરંતુ જે આવક કે મૂંગો હોય તે મનુષ્ય પણ કલાકાર તો હોય જ છે એમ મારું સૂચન છે. માત્ર કલાકારોએ સ્મૃતિસહાયકોના અથવા ભૌતિક ઉપાદાનનો સહારો લેવો પડે છે. આથી ભાષાના માધ્યમથી જે પ્રાપ્ત થાય છે તે સંસ્કૃતિની દેણ છે. સાહિત્યકાર સાથે આ શક્તિ પૂર્વસંસ્કારથી જોડાયેલી હોય છે. આથી પશ્ચિમી મીમાંસક ટી.એસ.એલિયટ કહે છે કે, " મનુષ્યના એક ખભા પર પરંપરા હોય છે અને બીજા ખભા પર આધુનિકતા રહેલી છે." ભારતીય મીમાંસકોએ પણ સાહિત્યની ગૂઢ સાધના કરી છે. તેનાથી સાહિત્યની કલા ચડિયાતી કલા ગણાય છે. તેનું સ્વરૂપ રસ, ધ્વનિ, અલંકાર, ગુણ, રીતિ, ઔચિત્ય, રમણીયતાથી બંધાય છે. આ સંસ્કાર પૂર્વ રૂપે મળતા ભાષામાં પરિવર્તિત થતા મનુષ્યના વ્યક્તિત્વ અને અસ્તિત્વની ઉદાત્ત ઓળખ થાય છે. ઉદાત્ત ભાવ, વિચાર અને કલ્પના સેવતા અલૌકિક સૃષ્ટિનું દર્શન કરે છે. આથી પશ્ચિમી મીમાંસક મેથ્યુ આર્નોલ્ડ કહે છે કે, " સાહિત્ય એ જીવનની સમીક્ષા છે." સાહિત્યની કલા અમૂર્તમાંથી મૂર્તની પ્રતીતિ કરાવે છે.

આમ મારા સંશોધન પેપરમાં 'ભાષા અને સંસ્કૃતિ' વિષયાંતરે સામાજિક ઓળખ સ્પષ્ટ કરી છે. સાહિત્ય વાસ્તવદર્શી જીવનનો પરિચય આપતી હોવાથી વૈવિધ્યસભર અને સુંદર હોય જ. મનુષ્યની આત્મા અને કર્મ દ્વારા જે આનંદ પ્રયોજાય તે માત્ર સાહિત્ય દ્વારા જ. ભાષાના ઉપકરણ દ્વારા એ સાર્થક થાય છે. મનુષ્યને તે દિવ્યાનુભૂતિ કરાવે છે. આથી જ કહી શકાય કે સાહિત્ય એ સંસ્કૃતિની નીપજ છે. ભાષાના માધ્યમથી આનંદ મેળવી શકાય અને જીવનની સુંદરતા પામી શકાય. નરસિંહ મહેતાના ભાવ

રૂપે ' બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે ' એ સત્ય છે. સાહિત્ય એ સંસ્કૃતિ અને સમાજની ઓળખ કરાવી શુદ્ધ ચારિત્ર્યનું નિર્માણ કરે છે. આ સંસ્કારો ભાષાથી જ સફળ થાય છે. માટે -----"બોલાય, સંભળાય અને સમજાય તે ભાષા." –ડૉ. વિનોદ જોશી. ભારતીય મીમાંસકો કહે છે તેમ, " ભાષા વિનાનો માણસ શિંગડા, પૂંછડા વિનાના પ્રાણી સમાન છે. " અંતમાં સમાજમાં મનુષ્યની જો જીવન જરૂરિયાત હોય તો તે ભાષા અને સાહિત્ય જ છે, તેનાથી મનુષ્ય પોતાની સંસ્કૃતિને ટકાવી રાખશે. વૈશ્વિક પરિબળો અને સ્થિત્યન્તરોથી તે પોતાની ઓળખ ભારતીય રૂપે સાબિત કરી શકશે. સામાજિક, આર્થિક અને રાજકીય અર્થઘટનો વચ્ચે પોતાની વ્યક્તિમત્તા ટકાવી શકશે. આ ભાષાશક્તિ જ તેના હોવાપણાની નિશાની છે. અહીંથી તેને નૂતન દિશાસૂચન પ્રાપ્ત થશે અને તેને દિવ્યતાની અનુભૂતિ થશે.

જિતલ એ. રાઠોડ.

**સંદર્ભ સૂચિ** :

(૧) સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો : બહેચરભાઈ પટેલ

(૨) પશ્ચિમી સાહિત્ય મીમાંસા : બહેચરભાઈ પટેલ

(૩) ભારતીય સાહિત્ય મીમાંસા : બહેચરભાઈ પટેલ

(૪) ગુજરાતી ભાષા ઉદ્ભવ, વિકાસ અને સ્વરૂપ : કે. બી. વ્યાસ

# સમાજ ઘડતરમાં સાહિત્યનો ફાળો.

**નરેન્દ્ર રાવલ**

વિનોબા ભાવેએ એક વાર પંડિત નહેરુને સવાલ કર્યો કે તમે દુનિયાનો ઇતિહાસ લખ્યો તેમાં કહ્યું છે કે, અકબરના જમાનામાં તુલસીદાસ થઈ ગયા. પરન્તુ ખરું જોતાં અકબરના જમાનામાં તુલસીદાસ થઈ ગયા કે પછી તુલસીદાસના જમાનામાં અકબર થયા ? જમાનો અકબરનો કે તુલસીદાસનો ? જે આટલાં વરસેય સમાજ ઉપર પ્રભાવ અકબરનો છે કે તુલસીદાસનો છે ? બંગાળ ઉપર પણ આજે અસર કોઈ રાજા – મહારાજાની છે કે રવીન્દ્રનાથની છે ? આંધ્રમાં તેલુગુ ભક્ત કવિ પોતનાનું ભાગવત જ આજે ઘરે ઘરે ચાલે છે. તમિલનાડુની જનતા આટલા વરસોથી માણિક્કવાચકરનાં ભજનો જ ગાતી આવી છે. સમાજને ઘડ્યો છે સાહિત્યકારોએ ને સંતોએ.

વિનોબાએ સમાજને ઘડનારાં ત્રણ મુખ્ય પરિબળો ગણાવ્યાં છે. વિજ્ઞાન, આત્મજ્ઞાન, અને સાહિત્ય. સાહિત્ય એ શબ્દની શક્તિ છે, મનુષ્યને મળેલું વાક્ શક્તિનું અનેરું વરદાન છે. સાહિત્યની શક્તિ પરમેશ્વરની શક્તિની બરાબર છે. બ્રહ્માંડમાં જે કાંઈ છે, તેને ઇશ્વરની શક્તિ માનવામાં આવે છે. હવે, બ્રહ્માંડમાં જે છે તે બધું તો સાહિત્યકારોની વાણીમાં આવે છે. શશશૃંગ (સસલાનું શિંગડું) ઇશ્વરની સૃષ્ટિમાં નથી. પણ સાહિત્યકારની સૃષ્ટિમાં છે. તેથી જ મમ્મટે કવિની સૃષ્ટિને બ્રહ્માની સૃષ્ટિ કરતાં ચઢિયાતી ગણી છે.

સમાજ અને સાહિત્યનો સીધો સંબંધ મનુષ્યની સાથે છે. સાહિત્યનું સર્જન મનુષ્ય કરે છે. સમાજનું સંગઠન અને યુગનું નિર્માણ પણ મનુષ્ય દ્વારા જ થાય છે. આ દૃષ્ટિથી સમાજ અને સાહિત્યનો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ છે. સાહિત્ય પોતાના મૂલ્યોથી સમાજને પ્રભાવિત કરે છે તો સમાજ પોતાની પરિસ્થિતિઓથી સાહિત્યના નવા આયામોને જન્મ આપે છે. આ રીતે સમાજ અને સાહિત્યને ઘનિષ્ઠ સંબંધ છે. સમાજ અને યુગની પ્રવૃત્તિઓ સાહિત્યમાં કોઇના કોઇ રૂપમાં અવશ્ય પ્રતિબિંબ થાય જ છે. એટલે જ તો યુગ અને સમાજની સાથે સાહિત્ય પણ બદલાતું અને વિકસિત થાય છે. કોઈપણ યુગના સાહિત્યને સમજવા માટે તે યુગના સમાજને સમજવો આવશ્યક થઈ પડે છે.

જે વિશિષ્ટ પ્રવૃત્તિને લઈને જે સમયમાં જે સાહિત્ય લખાય છે તેમાં વિશિષ્ટ પરિસ્થિતિઓનો પ્રભાવ સાહિત્ય ઉપર પડે તે સ્વાભાવિક છે. સમય તો સતત ચાલ્યા કરે છે, પરન્તુ જેમ જેમ સમાજની પરિસ્થિતિઓમાં બદલાવ આવે છે તેમ તેમ સાહિત્યમાં પણ બદલાવ આવે છે. સાહિત્ય ઇતિહાસના લેખક આ બદલાવને વ્યાખ્યાયિત કરવા માટે અથવા સમજવા માટે પ્રવૃત્તિવિશેષના આધાર પર કોઈને કોઈ નામ આપે છે. જેમ કે હિન્દી સાહિત્યમાં આદિકાલ, ભક્તિકાલ, રીતિકાલ, આધુનિકકાલ વગેરે. ગુજરાતી સાહિત્યમાં પ્રાચીનકાળ, મધ્યકાળ, નર્મદયુગ, ગાંધીયુગ, આધુનિકયુગ વગેરે. સંસ્કૃત સાહિત્યમાં વૈદિકકાળ, ઉપનિષદકાળ, રામાયણ અને મહાભારતકાળ, તેમના પછીનો કાળ વગેરે. આવું ભાષા સાહિત્યમાં બને છે એવું નથી પણ સમાજવિદ્યા, વિજ્ઞાન, ટેકનિકલ શિક્ષણ વગેરેની ઐતિહાસિકતાને સમજવા માટે આપણે તેને યુગમાં વિભક્ત કરીએ છીએ. પ્રાચીનકાળથી આધુનિકકાળ સુધી સમાજ અને સાહિત્યની આંતરપ્રક્રિયા પર દૃષ્ટિ નાખવામાં આવે તો યુગ અને સાહિત્યનો અંત:સંબંધ પ્રકાર સમજી શકાય છે.

સમાજની પારિવારિક, આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક વગેરે સમસ્યાઓનું રૂપ સાહિત્યમાં દેખાય છે. સમાજમાં રહેતો માનવ પોતાના હૃદયની અંદર અને બહાર બનતી ઘટનાઓને જુએ છે. તેના યથાર્થ તાણાવાણાથી સાહિત્યની રચના થાય છે. સાહિત્ય સમાજની સ્થિતિઓને જેવી છે તેવી રજૂ નથી કરતો પરન્તુ યોગ્ય સ્થાનો પર પરિવર્તન કરીને સમાજની પરિસ્થિતિઓને સુધરતી રજૂ કરે છે. સાહિત્ય સમાજની ક્રિયાઓનું ઉર્ધ્વીકરણ કરે છે. સામાજિક ભાવોનું ઉદાત્તીકરણ કરે છે. આ પ્રકારે તે સમાજની સાથે સીધા સંબંધમાં આવે છે.

સાહિત્યનો ઉદ્ભવ, વિકાસ અને પરિવર્તન પણ સમાજની પરિસ્થિતિઓ પર નિર્ભર છે. સાહિત્યસર્જન પોતાની ખુલ્લી આંખોથી સમાજના ખૂણે ખૂણામાં જુએ છે. સાહિત્યકાર સમાજમાં જે પણ જુએ છે, અનુભવ કરે છે એ બધી સ્થિતિઓનું સંકલન કરી તેને નિશ્ચિત ક્રમમાં પોતાની રચનાના માધ્યમથી રજૂ કરે છે.

સાહિત્ય સમાજનું એક સાચું ગતિશીલ દર્પણ છે. તે સમાજને પતનના મુખથી બહાર કાઢવા માટે ઉત્થાનની દિશાઓ બતાવે છે. સમાજ કેવળ સાહિત્યને જન્મ નથી આપતું પરન્તુ સાહિત્યના મૂલ્યો અને સાહિત્યની કલાને વિકસિત કરવામાં પણ પોતાનું યોગદાન આપે છે. સાહિત્ય સમાજની કોખમાંથી જન્મ લે છે. સમાજની સ્થિતિઓનો સાહિત્ય પર પ્રભાવ પડે છે.

સમાજ વગર સાહિત્યની કલ્પના અસંભવ છે. સમાજ સાહિત્યથી નવું જીવન, નવી ચેતના પ્રાપ્ત કરે છે. સાથે જ સમાજ તેને મહત્ત્વપૂર્ણ અને ગરિમામય બનાવે છે. સાહિત્ય અને સમાજ બંને એકબીજાના પૂરક છે. સાહિત્ય અને સમાજનો પરસ્પરાવલંબી સંબંધ  છે.

સાહિત્યકારને ત્રીજી આંખ હોય છે. કવિ ક્રાન્તદર્શી હોય છે. તેને પેલી પારનું દર્શન પણ હોય છે. આ પારને જોનારી બે આંખ તો છે જ. તે આપણી સામે સુંદર સૃષ્ટિ રજૂ કરે છે. દુનિયાની રોનક દેખાડે છે. સૃષ્ટિનું સૌંદર્ય આપણે બે આંખો વડે જ ગ્રહણ કરીએ છીએ. પરન્તુ આ બે આંખોથી પર એક ત્રીજી વસ્તુ છે. આ દુનિયા કરતાંય ખૂબ જ સુંદર બીજી દુનિયા છે, જે આપણી આ બે આંખોથી દેખાતી નથી. મનુષ્યની ત્રીજી આંખ ખૂલી જાય છે, ત્યારે તેનાં દર્શન થાય છે. એ દર્શનથી દુનિયાના સર્વસામાન્ય વ્યવહાર પાછળ, તેની અંદર અને તેની સપાટી નીચે જે પરિબળો કામ કરી રહ્યાં છે, તેનાં દર્શન થાય છે. તેમાંથી પછી સાહિત્ય સર્જન થાય છે. ભવભૂતિ ઉત્તરરામચરિતમાં કહે છે, ઋષિઓની વાણી અર્થને અનુસરે છે. लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते। ऋषिणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति।।1/10 (સામાન્ય સાધુપુરુષોની વાણી અર્થને અનુસરે છે પણ આદ્ય ઋષિઓની વાણીને (તો) અર્થ અનુસરે છે.)

'સાહિત્ય' શબ્દ પોતે જ પોતાની વ્યાખ્યા પ્રગટ કરે છે. એ કહે છે કે હું સહિત – સાથે ચાલનારો છું. કોની સાથે ચાલશે ? પાયામાં સત્ય છે, તે જ સત્ય છે. સત્યનો અર્થ જ છે કે તે છે. સત્યની સાથે જે ચાલશે, તે છે સાહિત્ય. સત્ય જેટલું વ્યાપક હશે તેટલું જ સાહિત્ય વ્યાપક હશે.

વાલ્મીકિ સ્નાન માટે જઈ રહ્યા હતા. ત્યાં તેમણે જોયું કે ક્રૌંચયુગલમાંથી એકને શિકારીએ બાણ માર્યું તો 'શોક: શ્લોકત્વમાગત:'– વાલ્મીકિના અંતરમાં જે શોક થયો, તે બહાર શ્લોકરૂપે પ્રગટ થઈ ગયો. એમણે તે દૃશ્ય જોયું તો લાગ્યું કે આ ક્રૂર કાર્ય થયું. એક પ્રેમી બાણથી હણાયો અને બીજો વિહ્વળ થઈ ઉઠ્યો. આ નિઘૃણતા જોઈ એમના અંતરાત્મામાં પુણ્ય પ્રકોપ જાગ્યો અને એમની વાણીથી એક શ્લોક નીકળી પડ્યો. વાલ્મીકિ ત્યારે ક્રૌંચ સાથે એકરૂપ થઇ ગયા. વિશ્વાનુભૂતિ સકલાનુભૂતિ થઈ.

સાહિત્ય, કળા વગેરે બધું જીવન સાથે ઓતપ્રોત હોવું જોઈએ. વિનોબા કહે છે કે જીવન સહિત એ જ સાહિત્ય. સાહિત્ય જીવનની સાથે જ ચાલશે. જીવન એક બાજુ અને સાહિત્ય તેનાથી સાવ જુદી બાજુ એવું ન થઈ શકે. જે જીવનની સહિત છે એ જ સાહિત્ય છે.

સમાજ, સમાજવાદ અને નૈતિકતા ઘનિષ્ઠ રીતે વણાઇ ગયેલાં છે. જાતિહીન સમાજમાં જંગલનો કાનૂન પ્રવર્તતો હોય છે. સમાજમાં નાનામાં નાના એકમને માટે નીતિનું પાલન કડક અને અનિવાર્ય મનાયું છે. આમ થાય તો જ છેવટે સમાજમાં નીતિ અને શિસ્ત પ્રવર્તે. સમાજ વ્યક્તિઓનો બનેલો છે આથી નીતિપાલક, સત્સંગચાહક અને ધર્મપરક નીતિમાન વ્યક્તિઓ ઘડવાની રજૂઆત સાહિત્ય કરે છે. અને એવા સમાજની કલ્પના રજૂકરે છે. નીતિમાન વ્યક્તિઓથી ઘડાયેલા સમાજમાં વ્યક્તિ અને સમાજ બન્ને આદરણીય અને સન્માનનીય બને છે. સંસ્કૃત સાહિત્ય ધર્મ તથા નીતિના સાહિત્ય માટે ઘણું જ પ્રસિદ્ધ છે. અનેક કવિઓએ બહુજન સમાજને ઉપયોગી થાય એવી ઘણી રચનાઓની ભેટ ધરી છે. તે દ્વારા સમાજનું ઘડતર કર્યું છે.

## સંદર્ભ સાહિત્યઃ-

(1) સાહિત્ય - વિનોબા ભાવે, યજ્ઞ પ્રકાશન, વડોદરા.

(2) ભારતીય સમાજ – પ્રો. એ.જી. શાહ અને પ્રો. જે.કે દવે, અનડા પ્રકાશન, અમદાવાદ.

 ISBN : 978-81-938282-0-5

# ગુજરાતી ભાષા અને સમાજનું માળખું

**પ્રા. રૂપેશભારતી ગોસ્વામી**
**આસિ.પ્રોફેસર, ગુજરાતી**
**ગવર્નમેન્ટ આર્ટસ કૉલેજ,અમીરગઢ**
**મો.નં. – ૯૮૯૮૦ ૦૮૧૮૩**

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. ખાવાની, ઊંઘવાની પ્રવૃત્તિ જન્મજાત હોવા છતાં દરેક સમાજની આ પ્રવૃત્તિઓમાં ભિન્નતા જોવા મળે છે. જીવન જીવવાની એકસરખી રીતભાત, વિચારસરણી, માન્યતાઓ, ખ્યાલો, જાતિ, ધર્મ, ભાષા ઇત્યાદિને કારણે એક માનવસમાજ અસ્તિત્વમાં આવે છે. આ માનવસમાજમાં પણ વિવિધ સ્તર કે કક્ષાનું ભિન્નત્વ જણાય છે, જેનું પ્રતિબિંબ તે સમાજમાં બોલાતી ભાષામાં સ્પષ્ટ જોઈ શકાય છે. સમાજમાં થતી સામાજિક પ્રવૃત્તિઓ ભાષાના માધ્યમથી જ થતી હોઈ ભાષા એક સામાજિક ઘટના છે એમ કહેવાય. આ બાબતને ધ્યાને લઈ પ્રસ્તુત શોધપત્રમાં ગુજરાતી ભાષા પર ગુજરાતી સમાજની જીવનરીતિ અને જીવનદૃષ્ટિની કેવી અસર થઈ છે તેની સોદાહરણ ચર્ચા કરવાનો આશય છે. અલબત્ત શોધપત્રની મર્યાદાને ધ્યાનમાં રાખી અહીં સપૂર્ણ છણાવટ શક્ય ન હોવાથી માત્ર કૌટુંબિક સંબંધસૂચક નામો, લિંગચિહ્નો કેટલાંક સર્વનામો અને ‘જી’ પ્રત્યયના ઉદાહરણો દ્વારા ગુજરાતી ભાષા અને ગુજરાતી સમાજનું માળખું કેવું સમાંતર ચાલે છે તે દર્શાવવાનો પ્રયાસ કરેલ છે.

ભાષાનું માળખું જે તે ભાષાસમાજની જીવનરીતિ અને જીવનદૃષ્ટિથી પ્રભાવિત થયેલ હોય છે. આ કારણે જો કોઈ વ્યક્તિ બીજી ભાષાથી પરિચિત હોય પરંતુ તે ભાષા બોલનાર સમાજની જીવનરીતિથી પરિચિત ન હોય તો અર્થનો અનર્થ થઈ જતો હોય છે. જેમ કે, ગુજરાતી સમાજની જીવનરીતિથી અજાણ કોઈ હિન્દી ભાષક ગુજરાતી બોલે તો આ પ્રકારના રમૂજી ગોટાળા થાય. કોઈ હિન્દી ભાષી ગુજરાતી મિત્રના બાળકોને જોઈ એમ પૂછે કે, ‘આ બચ્ચાં તારાં છે?’ ત્યારે તરત ગુજરાતી મિત્ર હસીને કહેશે કે, ‘ભાઈ, બચ્ચાં તો પશુ-પક્ષીનાં હોય માણસના તો બાળકો કહેવાય.’

કૌટુંબિક સંબંધસૂચક નામો

ગુજરાતી સમાજમાં બા, બાપુ, કાકા, મામા, દાદા, સાળો, સાળી, દિયર વગેરે કૌટુંબિક સંબંધસૂચક નામો સંબોધનસૂચક નામો તરીકે પણ વપરાય છે. પરંતુ ગુજરાતી સમાજની જીવનરીતિના સંદર્ભમાં તપાસતા તેમનો અર્થ મર્યાદિત ન રહેતા વ્યાપક અર્થછાયાઓ સૂચવે છે. જેમ કે, કાકા-માસી જેવા સંબોધનો પડોશમાં રહેતા કે અજાણ્યા પુરુષ-સ્ત્રી માટે પણ વપરાય છે. વળી, અપરિચિત પુરુષ માટે તેની ઉંમર પ્રમાણે ભાઈ, કાકા કે દાદા સંબોધન વપરાય છે જ્યારે અપરિચિત સ્ત્રી માટે તેની ઉંમર પ્રમાણે બેન, માસી, કાકી, માજી, બા જેવા સંબોધનો થાય છે. કાકા તથા મામા શબ્દોનો ઉપયોગ તો ક્યારેક શિસ્તમાં રાખનાર કે બિવડાવનાર વ્યક્તિ માટે પણ પ્રયોજાય છે. દા.ત., ‘તારો કાકો જોઈ જશેને તો આવી બનશે’, ‘તારો મામો આવશે ને તો મારશે’.મામો એ સંબોધન મશ્કરી કે મજાકમાં પણ વપરાય છે. જેમ કે, બસમાં અપડાઉન કરતાં વિદ્યાર્થીઓ ટિકિટ ચેકરોને ‘મામા’ કહીને સંબોધતા હોય છે. ગામઠી બોલીમાં ‘મામા’નો અર્થ ઠગ કે ચોર એવો પણ થાય છે. વળી, છેતરાયેલ વ્યક્તિ માટે ‘મામો બનાવ્યો’ એવો પ્રયોગ પણ વપરાય છે.

'બા' અને 'બાપુ' પણ ગુજરાતી સમાજમાં સંબોધન તરીકે વપરાય છે. નોકરો પોતાની શેઠાણીને, ભિખારીઓ સન્નારીઓને અને ફેરિયાઓ સુખી ઘરની સ્ત્રીઓને 'બા' તરીકે સંબોધે છે. તો વળી, દરબાર અને રાજપૂત કોમમાં દીકરીઓના નામની પાછળ માનાર્થે 'બા' લગાવવામાં આવે છે. દા.ત., તેજબા, કંચનબા, હેતલબા. આ ઉપરાંત બનાસકાંઠાના વાવ-થરાદ પંથકમાં દાદા કે મોટી ઉંમરના પુરુષને પણ 'બા' તરીકે સંબોધી માન આપવામાં આવે છે. જ્યારે 'બાપુ' એ મિત્રોમાં એકબીજા માટે વપરાતું સંબોધન છે. જેમ કે, 'વટ છે હોં બાપુ તારો!' દરબાર કે રાજપૂત કોમના પુરુષો માટે પણ માનવાચક સંબોધન તરીકે 'બાપુ' વપરાય છે. ક્યાંક બોલનારની શૈલીના એક ભાગ તરીકે પણ 'બાપુ' કે 'બા' જેવાં નામો વપરાય છે. દા.ત., 'આજે પાર્ટીમાં મજા આવી ગઈ બાપુ!' અથવા 'ના બા, હું નહીં જવું.'

બાબો-બેબી, બેટા-બેટી, છોકરા-છોકરી એ સંબંધસૂચક નામો પણ સંબોધન નામો તરીકે વપરાય છે. ઉજળિયાત કોમનાઆઠ-દસ વર્ષની ઉંમરના છોકરા-છોકરી કે જેનું નામ ખબર ન હોય તેને માટે બાબો કે બેબી સંબોધન થાય છે. દા.ત., 'બાબા, તારા પપ્પાને બોલાવને.' તથા 'બેબી! તારું નામ શું છે?' વળી, જો આ બાળકો કોઈ નજીકનાં સગાનાં અથવા મિત્રના હોય તો તેમને બેટા-બેટી અથવા દીકરા-દીકરી તરીકે પણ સંબોધવામાં આવે છે. પણ જો તે અપરિચિત અને બિનઉજળિયાત કોમના હોય તો તેમને 'એ છોકરા, અહીં આવ.' કે 'એ છોકરી, તારી મા ક્યાં ગઈ?' એમ સંબોધન થાય છે. આ ઉપરાંત નોકર કે કોઈ સામાન્ય કામ માટે કોઈ નાની ઉંમરનો કર્મચારી રાખ્યો હોય તો તેના માટે 'એક છોકરો રાખ્યો છે' એમ 'છોકરો' શબ્દ વપરાય છે. વૃદ્ધ વ્યક્તિઓ પોતાનાથી નાની ઉંમરની વ્યક્તિઓ માટે છોકરો-છોકરી એવાં સંબોધન કરતાં હોય છે.

'બેટા', 'બેટી' એ નામો ક્યારેક ગાળ તરીકે પણ વપરાય છે. જેમ કે, 'મારો બેટો, સમજે છે શું એના મનમાં?' તથા 'મારી બેટી, મને ઉલ્લું બનાવી ગઈ!' 'સાળો', 'સાળી'નું પરિવર્તિત રૂપ 'સાલો', 'સાલી' પણ ગાળ તરીકે વપરાય છે. પણ ગુજરાતી સમાજમાં તે એટલું વ્યાપક રીતે વપરાય છે કે તેની ગાળ તરીકેની ધાર જ બુઠ્ઠી થઈ ગઈ છે. દા.ત., 'સાલા, ઘેર તો આવતો નથી ને ખોટાં વાયદા કરે છે.' એમ એક મિત્ર બીજા મિત્રને કહે તો એમાં ગાળ નહીં પણ વહાલ સૂચવાય છે.'દિયર' શબ્દનું તળપદું રૂપ 'દિયોર' પણ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ગાળ તરીકે વપરાય છે. દા.ત., 'મારાં દિયોર, ચ્યોં જ્યો'તો લ્યા?' સંબંધસૂચક નામ 'વહુ' પણ ક્યારેક ગાળ તરીકે વપરાય છે. જેમ કે, 'તારી વહુ થતી હશે એ' તો ક્યારેક શિક્ષકો આચાર્યને 'ટ્રસ્ટની વહુ' કહીને ઠેકડી ઉડાડતા હોય છે.

'દાદા' સંબંધસૂચક નામ સામાજિક સંદર્ભમાં ગુંડા કે હિંમતવાળા માટે પ્રયોજાય છે. જેમ કે, 'તું આ એરિયાનો દાદા થઈ ગયો છે?' અહીં ગુંડાના સંદર્ભમાં 'દાદા' નામ છે જ્યારે 'દાદાની જેમ તે તો બધાને ભગાડી દીધાં.' ઉક્તિમાં વ્યક્તિની હિંમતને બિરદાવવામાં આવી છે.

ગુજરાતી લિંગ પ્રત્યયોનો વિશિષ્ટ વપરાશ

ગુજરાતી ભાષાની લિંગવ્યવસ્થામાં સજીવ સંજ્ઞાઓને લાગતા લિંગના પ્રત્યયો સામાન્ય રીતે જે તે સજીવનું કુદરતી લિંગ સૂચવે છે. વળી, પુલ્લિંગ સંજ્ઞાઓ મોટાપણું અને સ્ત્રીલિંગ સંજ્ઞાઓ નાનપણ સૂચવે છે. દા.ત., છોકરો-છોકરી, બકરો-બકરી, વાંદરો-વાંદરી, કૂતરો-કૂતરી. પરંતુ નોકરી, વેપાર-ધંધો અને અમુક સામાજિક કામગીરી બજાવતી વ્યક્તિઓને લગતી સંજ્ઞાઓ અમુકલિંગ સૂચવે છે જેનું મુખ્ય કારણ ગુજરાતીની વિશિષ્ટ સામાજિક ભૂમિકા છે. જેમ કે,ઘડિયાળી, ટપાલી, કોઠારી, તેલી, ઢોલી, તંબોળી

જેવી સંજ્ઞાઓ 'ઈ' કારાન્ત હોવા છતાં ગુજરાતી ભાષાની વ્યવસ્થામાં આ સંજ્ઞાઓને પુંલ્લિંગ સંજ્ઞાઓ ગણવામાં આવે છે. કારણ કે, આ પ્રકારના ધંધાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓ સામાન્ય રીતે પુરુષ જ હોય છે. તેવી જ રીતે 'કારભાર' પરથી 'કારભારી' પુંલ્લિંગ સંજ્ઞા બને છે પરંતુ જો સ્ત્રી કારભાર કરતી હોય તો તેને માટે 'કારભારણ' એમ સ્ત્રીલિંગનો 'ણ' પ્રત્યય લગાડીને સ્ત્રીલિંગ સંજ્ઞા બનાવાય છે.

ગુજરાત, પંજાબ, બંગાળ, પડોશ સંજ્ઞાઓ પરથી બનેલ વિશેષણો ગુજરાતી, પંજાબી, બંગાળી, પડોશી વગેરે પુંલ્લિંગસૂચક સંજ્ઞાઓ છે, પરંતુ આવી વ્યક્તિ જો સ્ત્રી હોય તો આ સંજ્ઞાઓને 'ણ' પ્રત્યય લગાડી ગુજરાતણ, પંજાબણ, બંગાળણ, પડોશણ એમ સ્ત્રીલિંગ સંજ્ઞા બનાવાય છે.

ગુજરાતીમાં 'ઉ' પ્રત્યય નપુંસકલિંગ સૂચવે છે. જેમ કે, 'સમજુ', 'ઉતારું' પરંતુ 'ઉ' પ્રત્યય પરથી સધાયેલી સંજ્ઞાઓ '-નો ધંધો કરનાર' એવો અર્થ વ્યક્ત કરે ત્યારે તે માત્ર પુંલ્લિંગમાં જ વપરાય છે. જેમ કે, 'ખેડુ' કે ધાડપાડુ. કેમકે ગુજરાતી ભાષીઓને મન આ પ્રકારનું કામ માત્ર પુરુષો જ કરતા હોય છે.

આમ, સામાન્ય રીતે ગુજરાતણો ગૃહિણી જ હોય તેવી માન્યતા હોવાથી નોકરી કે ધંધા-રોજગાર સાથે સંકળાયેલ 'ઈ' કે 'ઉ' કારાન્ત સંજ્ઞાઓ પુંલ્લિંગમાં જ વપરાય છે. તેથી જ અંગ્રેજીમાંથી સ્વીકારેલ ડ્રાઈવર, ટીચર, કલાર્ક, પ્યૂન, મેનેજર, કંડકટર કે અરબી-ફારસીમાંથી આવેલ મામલતદાર, અમલદાર, ફોજદાર, વકીલ જેવી સંજ્ઞાઓ ધંધા સાથે જોડાયેલ હોવાથી ગુજરાતીમાં પુંલ્લિંગમાં જ વપરાય છે. તેવી જ રીતે અરબી-ફારસીમાંથી સ્વીકારેલ 'મિસ્ત્રી' કે 'મુનશી' તથા અંગ્રેજીમાંથી આવેલ 'સેક્રેટરી' સંજ્ઞા 'ઈ' કારાન્ત હોવા છતાં ધંધા સાથે સંકળાયેલ હોવાથી પુંલ્લિંગમાં વપરાય છે.

ગુજરાતીમાં વસ્તુ કદમાં નાની છે કે મોટી તેને આધારે સ્ત્રીલિંગ કે પુંલ્લિંગ સૂચવાય છે તે તો સમજી શકાય એવી બાબત છે. પરંતુ સારી ને ઉત્તમ વસ્તુને પુંલ્લિંગ તથા નિમ્ન ને અયોગ્ય વસ્તુને સ્ત્રીલિંગ તરીકે ઓળખવામાં ગુજરાતીઓનો 'સ્ત્રી' પ્રત્યેનો અભિગમ વ્યક્ત થાય છે. દા.ત., 'ગુજરાત મેઈલ આવ્યો.' એમ કહેવાય છે ને જો લોકલ પેસેન્જર ટ્રેન હોય તો 'પેસેન્જર ટ્રેન આવી.' તેમ બોલાય છે.

**ગુજરાતી સર્વનામોનો વિશિષ્ટ વપરાશ** :

ગુજરાતી સમાજ પુરુષપ્રધાન છે. આથી ગુજરાતી ભાષાના સર્વનામોને પણ પુંલ્લિંગ જ ગણવામાં આવે છે. પહેલો પુરુષ, બીજો પુરુષ, ત્રીજો પુરુષ એમ. ગુજરાતી ભાષક વ્યાકરણગત માળખું એક બાજુ રાખી સર્વનામોનો પ્રયોગ કરે છે. જેમ કે, 'અમે' પ્રથમ પુરુષ બહુવચન છે, પણ હાસ્યલેખ કે તંત્રીલેખમાં 'અમે માનીએ છીએ' એમ 'હું' માટે પહેલા પુરુષ તરીકે વપરાય છે. તે જ રીતે 'આપણે' પહેલો અને બીજો પુરુષ બહુવચન છે પણ ક્યારેક વક્તા તેની આગવી શૈલીમાં 'આપણે'નો ઉપયોગ પહેલા પુરુષ એકવચન તરીકે પણ કરે છે. દા.ત., 'આપણે તો મોડા જ ઊઠવાના.' ઘણીવાર 'આપણે'નો ઉપયોગ શ્રોતાને સમજાવવા માટે પણ થાય છે. જેમ કે, 'આપણાથી આવું કામ ન કરાય', 'આપણે ગાળ ન બોલવી જોઈએ.'

'તું' સર્વનામ આત્મીયતા અને મૈત્રીનો સંબંધ દર્શાવે છે. પરંતુ ઝઘડો થાય ત્યારે ગુજરાતીઓ 'તું' , 'તારી' પર ઊતરી આવે છે. તેવી રીતે 'તમે' સર્વનામ માન અને આદરસૂચક છે, જ્યારે'તમે' ને સ્થાને માનાર્થે વપરાતું 'આપ' સર્વનામ ખુશામતનો ભાવ વ્યકત કરે છે. ત્રીજા પુરુષ એકવચનમાં 'તે' કે

'તેઓ'ના સ્થાને 'એ' સર્વનામ પણ વપરાય છે. પરંતુ ગુજરાતી સમાજમાં 'એ' સર્વનામનો વિશિષ્ટ પ્રયોગ એ છે કે પત્નીઓ પોતાના પતિનું નામ ન બોલતા પતિ માટે 'એ' સંબોધન વાપરે છે. દા.ત., 'એ હજુ આવ્યા નથી.' કે પછી 'મારા એ તો કોઈનું માને તેવા નથી.'

સમાજમાં જેનો મોભો હોય – માન હોય તેના વિશે વાત કરતી વખતે ગુજરાતીઓ તેના વિશેષણ અને સર્વનામમાં બહુવચનના રૂપોનો ઉપયોગ કરે છે. જેમ કે, ગુજરાતી સમાજ ડૉક્ટરને માન આપે છે, એટલે 'ડૉક્ટર આવ્યા છે.' એમ કહે છે. પણ ધોબીને માન આપતો નથી એટલે 'ધોબી આવ્યા છે' તેમ કોઈ બોલતું નથી. ગુજરાતીઓ જેની સાથે નિકટનો સંબંધ હોય તેના પ્રત્યે વહાલ-સ્નેહ દર્શાવવા સંભાષણમાં એકવચન વાપરે છે પણ જો અલ્પ પરિચિત કે દૂરનો સંબંધ હોય તો સંભાષણમાં બહુવચન વાપરે છે. તેમાંય ઔપચારિક વાતચીત હોય ત્યારે બહુવચનની સાથે 'સાહેબ', 'ભાઈ', 'બહેન', 'મહેમાનશ્રી' જેવા માનવાચક સંબોધનો પણ જોડે છે. દા.ત., 'સાહેબ, મહેશભાઈ આજે આપને મળવા આવવાના છે.'

**'જી' પ્રત્યયનો વિશિષ્ટ વપરાશ** :

હિન્દી અને ગુજરાતી બંને ભાષામાં 'જી' પ્રત્યય માનાર્થે વપરાય છે. પરંતુ હિન્દીમાં વ્યક્તિના નામની પાછળ માનાર્થે વપરાતો 'જી' ગુજરાતીમાં વ્યક્તિવાચક સંજ્ઞાને બદલે જાતિવાચક સંજ્ઞાઓની પાછળ લાગે છે. જેમ કે, હિન્દીમાં વિનોદજી, મહેશજી, સુરેશજી એમ બોલાય છે પરંતુ ગુજરાતી સમાજમાં આ રીતે નામ સાથે લાગેલ 'જી' પ્રત્યય ચોક્કસ સમાજ જૂથ સૂચવે છે. ગુજરાતીમાં વિશેષ કરીને શેઠ, બાપુ, મા જેવી જાતિવાચક સંજ્ઞાઓ સાથે આદરવાચક 'જી' પ્રત્યય વપરાય છે. દા.ત., શેઠજી, બાપુજી, માજી વગેરે.

'જી' પ્રત્યય ગુજરાતી સમાજમાં પોતાના સાસરિયાંવાળાને વધુ માન આપવા વપરાય છે. જેમ કે, 'આ મારાં મામીજી છે.' આ ઉપરાંત ગુજરાતી સમાજમાં ભગવાનના નામો પાછળ પણ 'જી' પ્રત્યય લગાડી માન અપાય છે. દા.ત., રામજી, સીતાજી, હનુમાનજી, કાનજી, રાધાજી વગેરે. 'જી' પ્રત્યયનો ઉપયોગ ક્યાંક મશ્કરી માટે પણ થાય છે. જેમ કે, 'તું તો સાવ પંતુજી છે.'

આમ, ભાષા એ સમાજજીવનનું પ્રભાવક પરિબળ હોવાથી કોઈ પણ ભાષાના ઉચિત ઉપયોગ માટે તે ભાષા બોલતા સમાજની જીવનરીતિ અને જીવનદૃષ્ટિનો અભ્યાસ કરવો આવશ્યક છે. સામાજિક માળખાનો પરિચય મેળવ્યા વિના માત્ર ભાષાના માળખાનો અભ્યાસ કરવામાં આવે તો તે અભ્યાસ અધૂરો રહે છે.

**સંદર્ભગ્રંથ** :

૧. સામાજિક ભાષાવિજ્ઞાન – ડૉ. યોગેન્દ્ર વ્યાસ

૨. અધીત : પર્વ-૪ (લોકસાહિત્ય અને ભાષાવિજ્ઞાનના લેખ) – પાર્શ્વ પબ્લિકેશન

# આધુનિક ગુજરાતીનો પ્રથમ ગદ્ય ગ્રંથ 'વચનામૃત' - એક પરિચય અને વર્તમાન અસર

જી. ડી. મિસ્ત્રી, ME (CAD/CAM),
Lecturer in Mechanical Engineering,
R C technical Institute, Sola, Ahmedabad.

ભગવાન સ્વામિનારાયણ દ્વારા ઈ.સ. ૧૮૧૯ થી ૧૮૨૯ દરમિયાન સંતો અને હરિભક્તો સાથે થયેલા વાર્તાલાપ અને પ્રશ્ન ઉત્તરનો લેખિત દસ્તાવેજ એટલે વચનામૃત. આ ગ્રંથનું સંપાદન કાર્ય તેમના અગ્રગણ્ય શિષ્યો એવા મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામીએ કરેલું છે. મૂળ ગ્રંથની લિપિ દેવનાગરી છે જ્યારે વાંચનભાષા ગુજરાતી છે. ભારતીય ભાષાઓની પ્રગતિયાત્રામાં આ ગ્રંથ ગુજરાતી ભાષાનાં એક વિશિષ્ટ માર્ગચિહ્ન રૂપે બિરાજે છે જ્યારે આધ્યાત્મિક માર્ગદર્શિકા તરીકે સીમાચિહ્ન રૂપે બિરાજે છે. એટલે જ ગુજરાતી ભાષાના કવિ અને આલોચક શ્રી ઉમાશંકર જોશી તેને આધુનિક ગુજરાતી ભાષાનું શીખરસ્થ પ્રથમ ગદ્ય કાર્ય ગણે છે. ગ્રંથનો મુખ્ય વિષય તો અધ્યાત્મચર્ચા છે પરંતુ જેમ યાત્રિકનું લક્ષ્ય તો યાત્રાધામ દર્શનનું હોવા છતાં યાત્રા દરમિયાન પ્રાદેશિક લાક્ષણિકતાઓ અને સૌદર્યને અનાયાસે માણે છે તેમ અધ્યાત્મમંથન દરમ્યાન રાજનિતિ, માનસશાસ્ત્ર, સમાજ અને વ્યક્તિગત પ્રશ્નોનો ઉકેલ, માનવીય સંબંધો, આધુનિક વિજ્ઞાનનાં સિદ્ધાંતો, તત્કાલીન સમાજ વ્યવસ્થા અને રીતરિવાજો જેવા જ્ઞાનરસ બિંદુ સહજ રીતે પ્રાપ્ત થાય છે. પ્રશ્નોત્તરીની રીતથી લખાયેલો આ ગ્રંથ ભગવાન સ્વામિનારાયણનાં હૃદયગત આધ્યાત્મિક સિદ્ધાંત અને તેમના દ્વારા ઈચ્છિત અધ્યાત્મિક સાધનાની રીતને સુપેરે વર્ણવે છે. આ શોધપત્ર દ્વારા વચનામૃત ગ્રંથની વિવિધ દૃષ્ટિકોણથી અદ્વિતીયતા અને આધુનિક સમયમાં જન માનસમાં તેની અસર તથા ઉપયોગિતા પ્રસ્તુત કરવામાં આવી છે.

## 1. ગ્રંથ વક્તાનો પરિચય :

ભગવાન સ્વામિનારાયણનો જન્મ ઉત્તર ભારતનાં અયોધ્યા પાસે છપૈયા ગામમાં તા: ૩-૪-૧૭૮૧ નાં રોજ થયો. માત્ર ૧૧ વર્ષની બાળવયે તેમણે ગૃહત્યાગ કરી ઉત્તર ભારતમાં બદ્રિનાથ, કેદારનાથ, કૈલાસ, માનસરોવર સહિત દક્ષિણમાં કન્યાકુમારી, રામેશ્વરમ વગેરે સ્થાનો પર ખુલ્લા પગે, ખુલ્લા શરીરે માત્ર કૌપીનભર સાત વર્ષ સુધી વિચરતા રહ્યા. આ દરમિયાન તેઓ નીલકંઠવર્ણિ નામે ઓળખાયા. ઈ.સ. ૧૭૯૯ માં તેઓ લોજ (જિ.જૂનાગઢ) ગામે આવી રામાનંદ સ્વામીનાં આશ્રમમાં રહ્યા. રામાનંદ સ્વામીએ તેમને ઈ.સ. ૧૮૦૧ માં પોતાના સંપ્રદાયની જવાબદારી માત્ર ૨૧ વર્ષની ઉંમરનાં ભગવાન સ્વામિનારાયણને સોંપી પોતે સ્વધામ પધાર્યા. ત્યારબાદનો તેઓશ્રીનો કાર્યકાળ બહુધા ગઢડા (જિ. ભાવનગર) માં વિત્યો. પરંતુ તેઓ સમગ્ર ગુજરાતમાં સતત વિચરતા રહ્યા. તેમના ગુજરાત પ્રવેશ બાદનાં ત્રીસ વર્ષનાં જીવનકાળ દરમિયાન તેમણે અંતિમ દસ વર્ષમાં જે ઉપદેશ આપ્યો તેને તે સમયના તેમના વિદ્વાન સંતોમાંના ચાર સંતો, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામીએ ગ્રંથસ્થ કર્યો. એક દિવસનું એક વચનામૃત એમ કુલ ૨૬૨ વચનામૃત સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રચલિત છે. આ ઉપરાંત અન્ય ૧૨ વચનામૃત પણ ઉપલબ્ધ છે. વચનામૃતની લંબાઈ ૯૦ શબ્દોથી લઈને ૩૦૦૦ શબ્દો સુધીની છે. ૨૦૦ વર્ષ પહેલા લખાયેલા આ

વચનામૃતોમાં ભાષાની દ્રષ્ટીએ જોઈએ તો વિશેષ ફરક જણાતો નથી. છતાં એક બે ભેદ નજરે ચઢે છે. જેમાં એક તો વાક્યનાં ઉચ્ચાર પૂર્વે વપરાતા 'કે' ની બદલે 'જે' શબ્દ વપરાયો છે.

જેમ કે, 'પછી દીનાનાથ ભટ્ટે પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! કાળ તો ભગવાનની શક્તિ છે..."
આ ઉપરાંત 'હોવું' ક્રિયાપદનાં ભૂતકાળના રૂપ તરીકે 'હવા' શબ્દનો પ્રયોગ થતો. જે ક્રિયાપદની પછી 'હવા' શબ્દ આવે ત્યાં તે ક્રિયા કરી એવો અર્થ સમજવામાં આવે છે. દા.ત. 'નારદજી ગાનવિદ્યા શીખતા હતા અને ભગવાન આગળ ગાતા હતાં'

**૨. વચનામૃતની વિશેષતા:** આ ગ્રંથની વિશેષતા વર્ણવતા કવિ શ્રી ઉમાશંકર જોષી કહે છે કે, 'વચનામૃત' નો ગ્રંથ ગુજરાતી ગદ્યસિદ્ધિનું એક શિખર છે.2 આ ઉપરાંત ફાર્બસ ગુજરાતી સભામાં તેને શુદ્ધ ગુજરાતી ભાષાનાં આરંભકાળનાં ગદ્યસાહિત્યનો ઉત્તમ નમૂનો ગણવામાં આવ્યો છે2. હવે વચનામૃતની વિશેષતા વિવિધ દ્રષ્ટિકોણથી સમજીએ.

૨.૧ તારીખ સાથેની તવારિખ: પ્રો. જ્હોન કાર્મેન, (ધર્મોનાં તુલનાત્મક અભ્યાસના અધ્યાપક, હાવર્ડ યુનિવર્સિટી , અમેરિકા) કહે છે કે, ભારતના ધાર્મિક ઇતિહાસના વિદ્યાર્થીઓને તેમાં ચોક્કસ તારીખનો અભાવ સતત સતાવે છે. પરંતુ વચનામૃનમાં પ્રત્યેક ઉપદેશની તારીખ ચોકસાઈપૂર્વક નોધવામાં આવી છે, ઇતિહાસના જ્ઞાનની બાબતે ધાર્મિક ઈતિહાસમાં આ પ્રકરણ મધ્યાહ્નને તપતા સૂર્ય સમાન છે. ભારત વિશે પશ્ચિમના લોકોમાં એવી એક ગેરસમજણ છે કે ભારતમાં કોઈને ઇતિહાસની સૂઝ જ નથી. પણ અહીં ઇતિહાસની એક વિશિષ્ટ પ્રકારની સૂઝ છે. કે જે ભારતનાં આસ્તિક- ધાર્મિક લોકો માટે ખૂબ જ મહત્ત્વની બાબત છે.

પ્રત્યેક વચનામૃતની શરૂઆતમાં સંવત, તિથિ, થાય છે. પ્રત્યેક વચનામૃતની શરૂઆતમાં જે તે વચનામૃતની આષાઢી સંવત તેનો મહિનો અને તિથિ અંગે માહિતી આપવામાં આવેલી છે. વધુમાં સવાર, બપોરે, સાંજ કે રાત્રિ એમ સમય પણ દર્શાવવામાં આવ્યો છે. ભગવાન સ્વામિનારાયણ કયા ગામમાં કોનાં ઘરમાં અને ઘરની અંદર કયા સ્થાને અને કઈ દિશામાં બેઠેલા છે તેનું વર્ણન પણ દરેક વચનામૃતમાં આપેલું છે. વળી શ્રીજી મહારાજે ધારણ કરેલા વસ્ત્રો અને ફૂલહાર કે પ્રસંગોચિત પહેરેલા ઘરેણાનું સુંદર વર્ણન વાચકના મનમાં જે તે સમયનું તાદ્રશ્ય ચિત્ર ખડું કરે છે. જેમકે, ગઢડા પ્રથમનાં ૧૭માં વચનામૃતના શરૂઆતનો ફકરો આ રીતે લખાયો છે.

"સ્વામિનારાયણ હરે, 'સંવત ૧૮૭૬ નાં માગશર વદ ૫ પાંચમને દિવસ શ્રીજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરનાં દરબારમાં આથમણે બારણે ઓરડો છે તેમાં કથા વંચાવતા હતા, અને ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી ચાદર ઓઢી હતી તથા ધોળી પાઘ બાંધી હતી અને પીળા પુષ્પોની માળા પહેરી હતી અને પીળા પુષ્પનો તોરો પાઘને વિષે ખોસ્યો હતો અને અતિ પ્રસન્ન થકા વિરાજમાન હતા"3

૨.૨ ઉપદેશની ઔપનિષદિક પ્રશ્નોત્તર શૈલી: પ્રશ્નોત્તર શૈલીની દ્રષ્ટીએ પણ વચનામૃત ગ્રંથ વિશિષ્ટ અને અદ્વિતીય છે. સમગ્ર ગ્રંથમાં ભગવાન સ્વામિનારાયણનાં અમુક કૃપાવચનોને બાદ કરતાં બહુધા તો પ્રશ્નોત્તર રૂપે જ આધ્યાત્મિક ચર્ચા કરવામાં આવી છે. અહીં પૂછાયેલા પ્રશ્નો કેવળ કોરી જિજ્ઞાસાના સંતોષ ખાતર નહિ પરંતુ આત્યંતિક કલ્યાણની શુભ ભાવના અને શુભ ધ્યેયને નજર સમક્ષ રાખીને પૂછાયા છે. વળી, પોતાના આશ્રિતોમાં આંતરખોજની ટેવ પડે, વિચારોની મૌલિકતા ખીલે અને આધ્યાત્મિક જ્ઞાન

વધારે સ્પષ્ટ અને સુદ્રઢ બને, તે માટે ભગવાન સ્વામિનારાયણ આદર્શ કેળવણીકારની અદાથી પરસ્પર પ્રશ્નોત્તર કરાવતા.૪ અહિ આપેલા કેટલાંક ચુનંદા પ્રશ્નો આ ગ્રંથનાં પરિચય તેમજ ગ્રંથની વિશિષ્ટતાને સમજવા ઉપયોગી બનશે.

- ગઢડા પ્રથમ – ૭૦ – ગામ રોજકના હરિભક્ત કાકાભાઈએ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "અંતરને માહીલી કોરે એક કહે છે જે વિષયને ભોગવીએ અને એક તેની ના પાડે છે. તે ના પાડે છે કોણ છે અને હા પાડે છે તે કોણ છે?
- સારંગપુર – ૫ – મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે "વાસનાની નિવૃત્તિ થયાનો એવો શો જબરો ઉપાય છે, જે એક ઉપાયને વિષે સર્વે સાધન આવી જાય?"
- ગઢડા પ્રથમ – ૪૯ – બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનને વિશે વૃત્તિ રાખીએ છીએ તે તો સુધી જોરે કરીને રાખીએ છીએ ત્યારે રહે છે, અને જગતના પદાર્થ સન્મુખ તો એની મેળે જ રહે છે તેનું શું કારણ?

વચનામૃત ગ્રંથમાં પુછાયેલા પ્રશ્નો પ્રકરણ મુજબ નીચેના ટેબલમાં આપેલા છે.૩

| કયાં ગામના વચનામૃત | ગ. પ્ર. | સા રં. | કા રિ. | લો યા | પં ચા. | ગ. મ. | વ ર. | અ મ. | અ શ્લા . | જે ત. | ગ. અ. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભગવાનનાં કૃપવચનો | ૪૦ | ૬ | ૫ | ૩ | ૫ | ૪૫ | ૫ | ૩ | ૧ | ૫ | ૪૪ | ૧૬૨ |
| ભગવાનનાં પ્રશ્ન | ૨૨ | ૪ | ૭ | ૪૭ | ૧ | ૨૯ | ૮ | ૨ | ૦ | ૧ | ૧૭ | ૧૩૮ |
| મુક્તાનંદ સ્વામીના પ્રશ્ન | ૩૨ | ૧૨ | ૫ | ૮ | ૦ | ૧૭ | ૪ | ૧ | ૦ | ૧ | ૧૧ | ૯૧ |
| ગોપાળાનંદ સ્વામીનાં પ્રશ્ન | ૫ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧૧ |
| નિત્યાનંદ સ્વામીના પ્રશ્ન | ૪ | ૪ | ૩ | ૧૧ | ૦ | ૦ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૨૫ |
| શુકાનંદ સ્વામીના પ્રશ્ન | ૩ | ૦ | ૦ | ૩ | ૦ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૧૧ | ૨૧ |
| બ્રહ્માનંદ સ્વામીના પ્રશ્ન | ૮ | ૦ | ૨ | ૩ | ૦ | ૨ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧૭ |
| અન્ય સંતોના પ્રશ્ન | ૪૧ | ૧૫ | ૮ | ૧૫ | ૨ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૯૬ |
| અયોધ્યાપ્રસાદજીમહારાજ ના પ્રશ્ન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ |
| રઘુવીરજી મહારાજના પ્રશ્ન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ |
| હરિભક્તોના પ્રશ્ન | ૧૭ | ૨ | ૨ | ૧ | ૨ | ૩ | ૧૧ | ૭ | ૦ | ૨ | ૬ | ૫૩ |
| કુલ સંખ્યા | ૧૭૨ | ૪૩ | ૩૪ | ૯૩ | ૧૦ | ૧૦૮ | ૩૩ | ૧૫ | ૧ | ૧૦ | ૯૯ | ૬૧૮ |

સ્વામિનારાયણ ભગવાને આપેલા કોઈ પ્રશ્નના ઉત્તરમાં અથવા તો તેમણે કરેલ કોઈ વાતમાં જેને, જયારે, જ્યાં અને જે શંકા થઈ, કે તુરત જ તેમણે સામે પ્રશ્નો પૂછીને કે દલીલો કરીને પણ મનનું

સમાધાન મેળવીને જ જંપ્યા છે, પણ કોઈ વાત એમને એમ માની લીધી નથી. પરસ્પર થયેલ આવા ચર્ચાત્મક સંવાદો તો વચનામૃતમાં ઘણી જગ્યાએ જોવા મળે છે. જેમનો એક સંવાદ જોઈએ.

વચન્મૃત કારિયાણી-૧ માં ચૈતન્યાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે. 'હે મહારાજ! ભગવાન તો મન વાણી થકી પર છે અને ગુણાતીત છે, તેને માયિક એવા જે ઇન્દ્રિયો – અંતઃકરણ તે કેમ પામે? આ પ્રશ્નના ઉત્તરમાં સૌ પ્રથમ પ્રશ્નનું તાત્પર્ય સમજાવીને પછી શ્રીમદ્ ભાગવતના શ્લોકનો આધાર લઈને મુદ્દાસર સમજાવતા શ્રીજીમહારાજ અંતે કહે છે, "એવી રીતે સર્વે પ્રકારે જીવના હિતને અર્થે પ્રવર્ત્યા એવા જે ભગવાન તે જે તે જયારે કૃપા કરીને મનુષ્ય સરખા થાય છે, ત્યારે જે જીવ તે ભગવાનના સંતનો સમાગમ કરે છે, તે જીવના જાણ્યામાં કેમ ન આવે? એ તો આવે જ?"

સ્વામિનારાયણ ભગવાનનો આ ઉત્તર સાંભળીને શાસ્ત્રોના જાણકાર ભજનાનંદ સ્વામી ઉપનિષદની શ્રુતિને આધારે શંકા ઉઠાવે છે, "હે મહારાજ! આ શ્રુતિમાં એમ કહ્યું છે જે, '**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह||**" ત્યારે શ્રીજી મહારાજ પ્રસન્ન થકા બોલ્યા જે, "એનું એમ છે જે, જેમ પૃથ્વી આકાશમાં રહી છે પણ આકાશના ભાવને નથી પામતી, અને જળ આકાશને વિશે રહ્યું છે પણ આકાશના ભાવને નથી પામતું, અને વાયુ આકાશને વિશે રહ્યો છે પણ આકાશના ભાવને નથી પામતો, એમ મન વાણી ભગવાનને નથી પામતા."

શ્રીજીમહારાજના આ ઉત્તરમાં પણ શંકા થતા શાસ્ત્રના જ્ઞાતા એવા વિદ્વાન નિત્યાનંદ સ્વામી પણ શ્રુતિ-સ્મૃતિને આધારે પ્રશ્ન પૂછે છે, "હે મહારાજ! શ્રુતિ-સ્મૃતિમાં એમ કહ્યું છે જે, "**निरज्जनः परमं साम्यमुपैती**", "**बहवो ज्ञानतपसा पूता मद्रभावम् आगताः|**" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "એ તો અમે અભક્તના મન ઇન્દ્રિયોને કહ્યું છે, પણ ભક્તના મન, ઇન્દ્રિયો તો ભગવાનને સાક્ષાત્કારપણે પામે છે." એમ કહીને પછી મહારાજ પ્રલય અને ઈયળ-ભમરીના દ્રષ્ટાંત દ્વારા તર્કબદ્ધ રીતે સમજાવે છે કે, ભગવાનનો ભક્ત પણ એને એ દેહે કરીને ભગવાનને આકારે થઈ જાય છે. (એટલે કે, દિવ્ય થઈ જાય છે.)

આમ, ઉપરોક્ત સંવાદ પરથી ખ્યાલ આવે છે કે, જ્યાં સુધી પ્રશ્નનું કે શંકાનું સમાધાન ન થાય ત્યાં સુધી સંતોએ તર્ક દ્વારા પ્રતિપ્રશ્નો પૂછીને સમાધાન મેળવવા પ્રયત્ન કર્યો છે. પરંતુ કેવળ આંખો મીંચીને અંધશ્રદ્ધાથી ભગવાન સ્વામિનારાયણની એ વાતો મૌન રહીને સ્વીકારી લીધી નથી.

**૨.૩ સંપાદકોનો વિશેષ પરિચય**: આટલી ચર્ચાના આધારે આપણે એટલું જરૂર કહી શકીએ કે, ભગવાન સ્વામિનારાયણના ઉપદેશને ગ્રહણ કરવા વાળો શ્રોતાવર્ગ મૂર્ખ કે મૂઢ ન હતો. પરંતુ એવો સમુદાય હતો જેમાં પરમહંસો, સંતો અને સંસારીઓમાં પણ રાજવીઓ, ગરાસદારો, તાલુકેદારો અને ગામધણી હતા, આ ઉપરાંત આધ્યાત્મિક માર્ગમાં ખૂબ આગળ વધેલા, સમર્પિત, સાંસારિક સુખોથી નિર્લેપ અને વિરક્ત એવા હજારો ગ્રહસ્થ બહેનો અને ભાઈઓ હતા. અહીં વચનામૃત ગ્રંથને લખનારા અથવા તો સંપાદન કરનારા ચાર સંતો મુક્તાનંદસ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામીનો ટૂંકમાં પરિચય મેળવીયે.

1. **મુક્તાનંદ સ્વામી (૧૭૫૮ – ૧૮૩૦)**: તેઓ ભગવાન સ્વામિનારાયણ કરતા ૨૨ વર્ષ મોટા હતા ઉત્તમ કવિ અને લેખક શ્રીજીમહારાજના એ વખતના ૩૦૦૦ હજારથી વધારે સંતોના આદર્શ અને વડીલ હતા. તેમના રચેલા 'ધીર ધુરંધરા શૂર સાચા ખરા' જેવા ભજનો ગાંધીજીની ભજનાવલીમાં

સ્થાન પામેલા, તેમણે પ્રાકૃત ભાષામાં ૨૩ ગ્રંથો રચ્યા હતા અને સંસ્કૃત સાહિત્યમાં (૧) બ્રહ્મસૂત્ર ભાષ્ય (૨) ભાગવત દશમ ભાષાટીકા (૩) નિર્ણય પંચક (૪) સત્સંગી જીવન મહાત્મ્ય વગેરે જેવા સાત ગ્રંથો રચેલા.

અખિલ સ્વામિનારાયણ સંપ્રદાયની આરતી 'જય સદગુરુ સ્વામી....' નાં તેઓ રચયિતા છે.

ભગવાન સ્વામિનારાયણે તેમને આજીવન ગ્રંથ રચવાની આજ્ઞા કરેલી જે વચનામૃત ગઢડા મધ્ય ૫૮ માં નોંધાયેલું છે. જે આ મુજબ છે. "તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી અને પોતાના ઇષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહ પર્યંત કર્યા કરજો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે."

આ ઉપરાંત તેઓની શુદ્ધ મુમુક્ષતા, પ્રભુને પામવાની ઝંખના, ગુરુ આજ્ઞામાં તત્પરતા, ઉત્તમ સાધુતા અને જ્ઞાનની ઉચ્ચ સ્થિતિને કારણે ભગવાન સ્વામિનારાયણ તેમને આદર્શ સંત તરીકેના ઉદાહરણમાં અવારનવાર યાદ કરતા.૫

2. **ગોપાળાનંદ સ્વામી (૧૭૮૧ – ૧૮૫૨)**: મૂળ ગામ શામળાજી પાસેનું ટોરડા (જિ. સાબરકાંઠા) ગામ. બાળપણનું નામ ખુશાલ ભટ્ટ. અને Shamlaji – A holy place of pilgrimage પુસ્તક (Publisher – Yashvantlal Chunilal Butala, Chairmain Shree Shamlaji Vishnu Mandir Trust, Shamlaji, 2nd Edition, 1988 page Number: 47-49) માં નોંધાયા મુજબ આ ખુશાલ ભટ્ટ સાથે શામળિયાજી પોતે રમવા માટે આવતા૭. તેઓએ અષ્ટાંગ યોગસિદ્ધ કરેલો. ભગવાન સ્વામિનારાયણે તેમને અમદાવાદ દેશ અને વરતાલ દેશ એ બંને આચાર્ય ગાદીના મુખ્ય સંત તરીકે જવાબદારી આપેલી (સત્સંગ વાચનમાળા ભાગ – ૩, સ્વામિનારાયણ અક્ષરપીઠ, છઠ્ઠી આવૃત્તિ, માર્ચ-૨૦૦૬, પાન: ૭) વિદ્વતા અને સાધુતાના સમન્વયરૂપ એવા ગોપાળાનંદ સ્વામીએ ઉપનિષદ, બ્રહ્મસૂત્રો, ભાગવત, ગીતા અને વેદસ્તુતિના ગદ્ય ઉપર સંસ્કૃતમાં ભાષ્યો મળીને કુલ ૨૦ થી વધુ પુસ્તકો રચી સાહિત્ય અને તત્ત્વજ્ઞાનની મોટી સેવા કરેલી છે. ૫
3. **નિત્યાનંદ સ્વામી (૧૭૯૩ – ૧૯૦૩)**: સંત દીક્ષા પૂર્વે જ દીનમણી શર્મા તરીકે તેઓએ વેદ આદિક શાસ્ત્રોનો અભ્યાસ પૂર્ણ કરેલો. તેઓ હંમેશાં ભગવદઆનંદથી પૂર્ણ રહેતા, તેથી ભગવાન સ્વામિનારાયણે તેમના વ્યક્તિત્વને અનુરૂપ એવું 'નિત્યાનંદ સ્વામી' નામ પાડેલું વિદ્યા અભ્યાસ એ તેમનો ગમતો વિષય હતો ન્યાય, મીમાંસા વગેરે દર્શન શાસ્ત્રોમાં તેઓ પારંગત બન્યા અને ભગવાન સ્વામિનારાયણના અગ્રગણ્ય સદગુરુઓમાં તેમને આદરપૂર્વક સ્થાન મળેલું શાસ્ત્રાર્થમાં તેઓ પારંગત હતા. વડોદરા, અમદાવાદ અને જૂનાગઢમાં તેમણે શાસ્ત્રાર્થમાં વિજય મેળવેલો. તેમણે પ્રાકૃતમાં ૧૧ ગ્રંથો અને સંસ્કૃતમાં ૪ ગ્રંથોની રચના કરેલી છે. ૬
4. **શુકાનંદ સ્વામી (૧૭૯૯ – ૧૮૬૯)**: મૂળ ડભાણ ગામના અને જગન્નાથ વિપ્ર નામ. ૧૭ વર્ષની યુવાન વયે દીક્ષા લઈ શુકાનંદ સ્વામી નામ ધારણ કર્યું. સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ગ્રંથોના મૂળ લખાણો તેમણે તૈયાર કરેલા. ભગવાન સ્વામિનારાયણનો પત્ર વ્યવહાર તેઓ સંભાળતા. તેમણે ૦૭ સંસ્કૃત ગ્રંથો અને ૧૦ પ્રાકૃત ગ્રંથોની રચના કરેલી છે. ભગવાન સ્વામિનારાયણ તેમના માટે વચનામૃત કારીયાણી – ૩ માં કહે છે કે, 'આ શુકમુનિ બહુ મોટા સાધુ

છે અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી તેમનો ચઢતો ને ચઢતો રંગ છે. તે મંદ પડતો નથી. માટે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.'૭

સંપાદકોના ટૂંકમાં પરિચયની સાથે એ પણ નોંધવું ઘટે કે, મોટે ભાગે ધર્મ ના સ્થાપક કે મુખ્ય વ્યક્તિ પોતે મૃત્યુ પામે ત્યારબાદ તેમના ઉપદેશ ગ્રંથો કે ચરિત્ર ગ્રંથોની રચના થતી હોય છે. પરંતુ વચનામૃત એ ભગવાન સ્વામિનારાયણની હયાતીમાં અતિ વિદ્વાન અને ખૂબ પ્રામાણિક સંપાદકો દ્વારા લખાયેલો ધર્મગ્રંથ છે. જેનું પ્રમાણ વચનામૃત લોયા ૭માં મળે છે. 'સંવત ૧૮૭૭ નાં માગશર સુદ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાખાચરના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા...તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. અને તે સમયમાં વચનામૃતનું પુસ્તક નિત્યાનંદ સ્વામીએ લાવીને શ્રીજીમહારાજને આપ્યું. પછી તે પુસ્તકને જોઈને બહુ રાજી થયા. વળી વચનામૃતમાં સંપાદક સંતો ને જ શ્રીજી મહારાજે કોઈક પ્રશ્ન પૂછ્યો હોય અને ન આવડ્યો હોય કે, પછી આ સંતો ને જ કોઈક ટકોર કરી હોય કે પછી તેમની જ કંઈક ઊણપ દેખાય એવી વાત ભગવાન સ્વામિનારાયણે કરી હોય તે પણ આ સંતોએ નોંધી છે. જો તેઓ ઈચ્છતા હોત તો આ વાતોને રદ કરી શક્યા હોત કે પછી એ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનું પણ ટાળી શક્યા હોત. પરંતુ એને બદલે તેમણે ખૂબજ પ્રમાણિક પણે શ્રીજી મહારાજનાં ઉપદેશનું યથા તથા લેખન કર્યું છે. વચનામૃત ગઢડા મધ્ય – ૬૬, અંત્ય – ૧૧, પ્રથમ – ૭૧, મધ્ય – ૬૬, અંત્ય – ૨૯,વરતાલ – ૩, વરતાલ – ૪ જેવા વચનામૃત વાંચતા સંપાદકોની પ્રમાણિકતા સાબિત થાય છે. આ દૃષ્ટિએ જોતા વચનામૃત એક અત્યંત પ્રમાણભૂત ગ્રંથ બની જાય છે.

**૩.0 વચનામૃત અને વર્તમાન:** સમાજમાં પ્રવર્તમાન રૂઢિઓ, પ્રણાલિકાઓ, રીત-રિવાજો, વ્યવહારિક નિયમો, ઉજવાતા ઉત્સવો કે વ્યવહારિક પ્રસંગો આ તમામનું મૂળ કારણ ગ્રંથો છે. ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા અંત્ય – ૨૭માં કહે છે કે, 'આ સંસારમાં પ્રથમ બાળકપણામાંથી મા-બાપ, વર્ણ, આશ્રમ, નાત, જાત, પશુ, મનુષ્ય, જળ, પૃથ્વી, અગ્નિ, આકાશ ઇત્યાદિક જે જે પદાર્થનો નિશ્ચય થયો છે તે શાસ્ત્રે કરીને થયો છે અને શાસ્ત્ર ન સાંભળ્યા હોય તો લોકમાં જે શબ્દ તે શાસ્ત્રથી જ પ્રવર્ત્યા છે તેણે કરીને તેનો નિશ્ચય કર્યો છે.

આ જ વાતને વધુ સ્પષ્ટતાથી વચનામૃત સારંગપુર – ૧૩માં કહેવામાં આવી છે. અહીં શ્રીજી મહારાજ કહે છે કે 'જેણે શાસ્ત્ર કોઈ દિવસ સાંભળ્યા જ નથી એવા જે અજ્ઞાની જીવ તેમને વિષે પણ માં, બહેન, દીકરી અને સ્ત્રી તેની વિગતીરૂપ જે ધર્મ મર્યાદા તે આજ સુધી ચાલી આવે છે. તેનું કારણ પણ શાસ્ત્ર જ છે. કેમ કે શાસ્ત્રમાંથી કોઈકે પ્રથમ એવી વાત સાંભળી છે તે પરંપરાએ કરીને સર્વે લોકમાં પ્રવર્તી છે.

ભગવાન સ્વામિનારાયણનો હૃદયગત સિદ્ધાંત, તેમની રુચિ અને આધ્યાત્મિક માર્ગની સાધના માટેની તેમના દ્વારા ઈચ્છિત પદ્ધતિ વચનામૃત વાંચતા સહજ રીતે જણાઈ આવે છે. અને આજે સ્વામિનારાયણ સંપ્રદાયના દરેક પંથો કે વિભાગોમાં વચનામૃતને એક સિદ્ધાંતરૂપ અને આધારભૂત ગ્રંથ ગણવામાં આવે છે અને એ અનુસાર જ આ સંપ્રદાયો માં વિવિધ આયોજનો અને પ્રવૃત્તિ થાય છે. પરિણામે એવું કહી શકાય કે, આજે સ્વામિનારાયણ સંપ્રદાયો વડે જે કોઈ જનસેવા કે ધર્મસેવાની પ્રવૃત્તિઓ થાય છે કે પછી જે રીતે આ સંપ્રદાયોનું બંધારણ ઘડાયું હોય છે તેના મૂળમાં વચનામૃત હોય

છે. આ વિષય અંતર્ગત તમામ બાબતોને આવરવી અશક્ય હોય છે છતાં કેટલીક મહત્ત્વની અસરોને સમજીએ.

**૩.૧ પ્રવૃત્તિ એ જ નિવૃત્તિ**: કોઈપણ સાહિત્ય જ્યારે ધર્મગ્રંથ તરીકે સમાજમાં સ્વીકૃત થાય ત્યારે તેની અસર વિસ્તૃત, ચિરકાલીન અને જનમાનસથી લઈને જન જનનાં હૃદય સુધીની હોય છે. અન્ય પ્રકારના ગ્રંથોની સરખામણીમાં ધર્મગ્રંથોનો એક વિશિષ્ટ પ્રભાવ આ વિશ્વ પર રહ્યો છે અને રહેશે.

ભગવાન સ્વામિનારાયણનાં અનુયાયીઓમાં એ ભલે સંત હોય કે ગૃહસ્થ તમામમાં ધર્મ ને આધારિત નિવૃત્તિને બદલે સમાજસેવા, વિદ્યા અભ્યાસ કથા વાર્તા, સત્સંગ અર્થે પ્રવાસ, કાર્ય નિષ્ઠા, કાર્ય કુશળતા, આયોજનની સૂઝ જેવા સદ્દગુણોના દર્શન થાય છે ધર્મને અર્થે અને ગુરુ આજ્ઞા અનુસાર થતી પ્રવૃત્તિ એ નિવૃત્તિ છે અને તે જ ભક્તિ છે. ધર્મ સ્થાપકના આ અર્થના વચનોએ સમાજ પર કેવી અસર કરી છે તે નોંધતા શ્રી. બી.જી.વાઘેલા નોંધે છે કે  ધર્મ એ શું છે? એના જવાબમાં કાર્લ માર્કસે જેને 'લોક સમુદાય માટેના અફીણ' તરીકે ઓળખાવેલ છે. એ ધર્મ વિશેની આવી ગેરસમજની નિપજ આજે પણ જગત જોઈ – અનુભવી રહ્યું છે. સાચો ધર્મ એ અફીણી નશા જેવો નહીં, પણ ઉદ્યમપ્રેરક અને સ્ફૂર્તિદાયક જ હોય એનું પ્રત્યક્ષ નિદર્શન ભગવાન સ્વામિનારાયણે કરી બતાવ્યું.

**આ બાબતને પુષ્ટ કરતા કેટલાક વચનામૃતો જોઈએ.**

- ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે. માટે હરિજનની જે સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે. (વચનામૃત ગઢડા મધ્ય – ૧૧)
- ભગવાન અથવા સંતની સેવા કરે છે તે શ્રેષ્ઠ છે અને નિવૃત્તિને વિષે રહે છે ને કોઈને દુખવતો નથી ને તેથી ભગવાનની તથા સંતની કાંઈ સેવા થતી નથી તેને અસમર્થ સરખો જાણવો. (વચનામૃત ગઢડા પ્રથમ – ૩૧)
- જેવું ઉકાખાચરને સંતની સેવા કરવાનું વ્યસન પડ્યું છે. તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કરવાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણ માત્ર પણ રહેવાય નહિ, તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે. (વચનામૃત ગઢડા મધ્ય – ૨૫)
- અને એ જે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એનું નામ જ ભક્તિ છે. અને એવી પ્રવૃત્તિ વાળા જે ત્યાગી છે તેની બરોબર નિવૃત્તિમાર્ગવાળો જે કેવળ આત્મનિષ્ઠ ત્યાગી તે થઈ શકતો નથી... અને કેવળ આત્મનિષ્ઠાવાળો જે ત્યાગી તે કરતાં તો આ ત્યાગી અતિશય શ્રેષ્ઠ છે ને ભગવાનની કૃપાનું પાત્ર છે. (વચનામૃત ગઢડા ૨. – ૧૮)

૩.૨ સંસ્થાકીય ધાર્મિકતાની હિમાયતઃ કેટલાંક ચિંતકો  'સાંપ્રદાયિકતા મુક્ત ધાર્મિકતા' અથવા તો 'સંસ્થામુક્ત વ્યક્તિગત આધ્યાત્મિકતા' ની વાત કરે છે. પરંતુ વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે સુઆયોજિત સિદ્ધાંત આધારિત સંસ્થા સ્વરૂપે અથવા સંપ્રદાય સ્વરૂપે જ ધાર્મિકતાનો સ્વીકાર કરવાની હિમાયત કરી છે. સિદ્ધાંતના પાયા પર રચાયેલી સંસ્થા દ્વારા એક સમાન વિચારધારા યુક્ત વ્યક્તિઓનો સમુદાય ખૂબ સારી રીતે આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરી શકે છે. વળી સિદ્ધાંત અને દર્શનનું મૂર્તિમાન સ્વરૂપ એ જે-તે સંસ્થાના ધર્મસ્થાનકો હોય છે.  એ ધર્મસ્થાનકો કે જે આશ્રમ કે મંદિર સ્વરૂપે હોય છે તે જ તેના અનુયાયીઓમાં  એક સિદ્ધાંત, એક ઉપાસના અને એક તત્ત્વદર્શનની પરંપરા દીર્ઘકાળ સુધી પૂરી પાડે છે. ધર્મસ્થાનો વ્યક્તિને મનસ્વી સાધના કે, મનસ્વી વિચારો પ્રમાણે થતાં આધ્યાત્મિક

પ્રયત્નોમાં અંતદૃષ્ટિ કરાવે છે અને તેથી જ આજે પ્રત્યેક સ્વામિનારાયણ સંપ્રદાયોમાં શ્રીજીમહારાજની આ રૂચિને અનુસાર દિવ્ય અને ભવ્ય મંદિરોનું નિર્માણ થયું છે. એટલે જ ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્ય ૨૭માં કહે છે કે, "જે અતિશય ત્યાગ રાખે અથવા દયા રાખે તેથી ભગવાનની ભક્તિ થાય નહીં, ત્યારે ઉપાસનાનો ભંગ થાય છે. અને પૂર્વે જે જે અતિશય ત્યાગી થયા છે તેના માર્ગમાં ઉપાસનાનો નાશ થઈ ગયો છે. માટે અમે એમ વિચારીને પરમેશ્વરની ઉપાસના રહેવા સારું ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનનાં મંદિર કરાવ્યા છે. તેમાં જો થોડો ત્યાગ રહેશે તો પણ ઉપાસના રહેશે તો તેણે કરીને ઘણાંક જીવના કલ્યાણ થશે.... માટે જે અતિશય ત્યાગ રાખીને ને અતિશય દયા રાખીને મૂઠી વાળીને બેસી રહે તેણે ભગવાનની ભક્તિ થતી નથી અને જયારે ભક્તિએ રહિત થાય ત્યારે ભગવાનની ઉપાસનાનો નાશ થઈ જાય એટલે પછવાડેથી અંધપરંપરા ચાલે. તે સારૂં અમે મંદિર કરાવ્યા છે તે અખંડ ભગવાનની ઉપાસના રાખ્યા સારૂં કરાવ્યા છે." ૩

આજે સ્વામિનારાયણ સંપ્રદાયમાં દિવ્ય-ભવ્ય અને સંસ્કૃતિનાં આધારસ્તંભ સમાન મંદિરો ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત ઉપાસનાના માર્ગને આજે પણ ફેલાવી રહ્યા છે એટલું જ નહીં અનેક વિધ સમાજ સેવાના કેન્દ્રો બની અનેકનાં જીવનને ઉર્ધ્વગામી બનાવી રહ્યા છે.

૩.૩ પૂર્ણશ્રદ્ધા યુક્ત અને અંધ શ્રદ્ધા મુક્ત સમાજ: જે સંપ્રદાયનો મુખ્ય ગ્રંથ જ જો શ્રદ્ધાપ્રધાન તર્ક વાળો અને પ્રશ્નોત્તર શૈલીમાં હોય તો સ્વાભાવિક રીતે એવા સંપ્રદાયના અનુયાયીઓમાં, સ્વામિનારાયણ ભગવાનનાં પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા સાથે ક્યાંય અંધશ્રદ્ધા પ્રવેશવાનો અવકાશ વ્યક્તિગત કારણો સિવાય રહેતો નથી. શુદ્ધ ભક્તિ, સંયમ, નિયમપાલન, જ્ઞાનની સ્પષ્ટતા, શુદ્ધ વર્તનનો આગ્રહ અને સંસારની ક્ષણ ભંગુરતા છતાં કર્તવ્ય પાલનમાં દૃઢતા અને વાસ્તવિક જીવનની જરૂરિયાતોને અને જવાબદારીઓને નિભાવવામાં નિષ્ઠા એવા સદ્દગુણો યુક્ત જીવન જ જેનો માર્ગ અને મંઝીલ છે એવા અનેક ભગવદ નિષ્ઠ ભક્તો ભગવાન સ્વામિનારાયણની ભક્ત માળામાં શોભે છે. એના મૂળમાં ભગવાન સ્વામિનારાયણના આ શબ્દો આજે પણ જન હૃદય સુધી પહોંચી તેમને જાગૃત રાખી રહ્યા છે.વચનામૃત ગઢડા મધ્ય ૩૮, આ સિદ્ધાંતને કાંઈક આ રીતે વર્ણવે છે.

'પછી શ્રીજી મહારાજ બોલ્યા જે "સંસારી જીવ છે તેને તો કોઈક ધન દેનારો કે દીકરો દેનારો મળે તો ત્યાં તરત પ્રતીતિ આવે અને ભગવાનના ભક્ત હોય તેને તો જંત્ર-મંત્ર, નાટક-ચેટકમાં ક્યાંય પ્રતીતિ આવે જ નહીં અને જે હરિભક્ત હોય ને જંત્ર-મંત્રમાં પ્રતીતિ કરે તે સત્સંગી હોય તે પણ અર્ધો વિમુખ જાણવો.'

આ ઉપરાંત વચનામૃત ગઢડા મધ્ય ૬૬માં આ બાબતનો પ્રશ્ન મુક્તાનંદ સ્વામીએ પૂછ્યો છે. 'પછી શ્રીજી મહારાજ મુક્તાનંદ સ્વામીને પૂછતા હતા જે, "ભગવાનને યથાર્થ જાણ્યા હોય ને ભગવાન તો કાંઈ ચમત્કાર ન દેખાડતા હોય ને બીજા જે જંત્ર-મંત્ર વાળા હોય તે તો પરચો દેખાડતા હોય, તેને દેખીને ભગવાનનો ભક્ત હોય તેનું મન ભગવાનમાંથી કાંઈ ડગે કે ના ડગે? આ પ્રશ્નના જવાબમાં મુક્તાનંદ સ્વામી પણ ગઢડા મધ્ય ૩૮ નાં જેવો જ જવાબ આપે છે કે, 'એને જો બીજે ઠેકાણે પ્રતીતિ આવી તો તેને ભગવાનનો નિશ્ચય જ નથી, એ તો ગુણ બુદ્ધિવાળો હરિભક્ત કહેવાય, પણ યથાર્થ ભગવાનનો ભક્ત ન કહેવાય.'

આ ઉપરાંત વર્તમાન સમયમાં સંત મહિમા. વર્ણાશ્રમ, સાકારવાદ અને જ્ઞાતિ વ્યવસ્થા માનવીય સંબંધો, વિજ્ઞાનના સિદ્ધાંતો જેવા અનેક મુદ્દાઓ પર વચનામૃતના ગ્રંથની અસરો ચર્ચી શકાય તેમ છે. પરંતુ, એકદમ ટૂંકી અને મુદ્દાસર વાત કરવામાં પણ સંશોધન પત્રની લંબાઈના નિયમનું ઉલ્લંઘન કરવું પડે તેમ હોવાથી માત્ર આટલા જ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી છે.

૪.૦ ઉપસંહાર: વિવિધ દ્રષ્ટિએ જોતા વચનામૃત એ સનાતન ધર્મની પરંપરામાં એક અદ્વિતીય ધર્મગ્રંથ તરીકે ઉચ્ચસ્થાન પામે છે. આજે પણ આધ્યાત્મિક માર્ગના અભ્યાસુને એમાંથી અનેરું માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. આનંદની વાત એ છે કે એનો ફેલાવો, ઉપયોગ અને નિત્ય અધ્યયન કરવાવાળા યુવાનોની સંખ્યાને ધ્યાનમાં લેતા BAPS સંસ્થા દ્વારા એક 'Vachanamrut Study App' Application તૈયાર કરવામાં આવી છે.

ધર્મ વિષયના પ્રાધ્યાપક શ્રી મણિલાલ પારેખ વચનામૃતની વિશેષતા વર્ણવતા 'Shri Swaminarayan' માં નોંધે છે કે, આ ગ્રંથમાં શુદ્ધ સિદ્ધાંતોને એટલી સાદી, સરળ છતાં એટલી જ રસાળ શૈલીમાં રજૂ કરવામાં આવ્યા છે કે, અભણને અઘરું ન લાગે અને વિદ્વાનને સહેલું ન લાગે... સમગ્ર પણે જોતાં 'વચનામૃત' હિંદુ શાસ્ત્રનો એક સર્વોત્તમ ગ્રંથ છે. એક આદર્શ આચાર્ય, ઉપદેષ્ટા તરીકે ભગવાન સ્વામિનારાયણને ઓળખવા માટે આ ગ્રંથ એક જ પૂરતો છે.

સંદર્ભ સૂચિ:

1. ભગવાન સ્વામિનારાયણ વિસ્તૃત જીવન ચરિત્ર: લે. હર્ષદરાય દવે.પ્રકાશક: સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ
2. સ્વામિનારાયણ સંત સાહિત્ય, લેખક: રઘુવીર ચૌધરી, પ્રકાશક: સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ
3. ભગવાન સ્વામિનારાયણના વચનામૃત, પ્રકાશક: સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ.
4. વચનામૃત રહસ્ય ભાગ-૧, લે. સાધુ બ્રહ્મદર્શનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ.
5. સત્સંગ વાચનમાળા ભાગ- 3, લે. સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકાશક–સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ
6. સત્સંગ વાચનમાળા ભાગ – ૨, લે. સાધુ ભગવતપ્રિયદાસ, પ્રકાશક-સ્વામિનારાયણ અક્ષરપીઠ, આઠમી આવૃત્તિ – માર્ચ-૨૦૦૭.
7. સત્સંગ વાચનમાળા ભાગ – ૧, લે. સાધુ ઈશ્વરચરણદાસ, પ્રકાશક-સ્વામિનારાયણ અક્ષરપીઠ, આઠમી આવૃત્તિ – માર્ચ-૨૦૦૫.
8. ભગવાન સ્વામિનારાયણનું સમકાલીન લોકજીવન, લે.શ્રી.બી.જી.વાઘેલા, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ.ચતુર્થ આવૃત્તિ- ફેબ્રુઆરી -૨૦૧૧ .
9. Shamlaji – A holy place of pilgrimage પુસ્તક (Publisher – Yashvantlal Chunilal Butala, Chairmain Shree Shamlaji Vishnu Mandir Trust, Shamlaji, 2nd Edition, 1988 page Number: 47-49)

 ISBN : 978-81-938282-0-5

# સમાજ અને સંસ્કૃતિના સંદર્ભમાં ભાષાની ભૂમિકાનો અભ્યાસ

ગાંવિત લાલજીભાઈ ડી.
RESEARCH SCHOLAR IN SOCIOLOGY
DEPARTMENT OF SOCIOLOGY
GUJARAT UNIVERSITY, AHMEDABAD
EMAIL:laljiganvit@gmail.com,Mo. 9727564878

ભાષા એ માનવીનું વિશિષ્ટ લક્ષણ છે. માનવીની સંસ્કૃતિમાં ભાષાનું વિશેષ મહત્ત્વ રહેલું છે ભાષાના માધ્યમથી સંસ્કૃતિ અને સાંસ્કૃતિક તત્ત્વો પ્રસરણ પામે છે. ભાષાના આગમનથી સસ્કૃતિની શરૂઆત થઈ તેમ કહેવામાં જરાય અતિશ્યોક્તિ નથી. આમ ભાષા સંસ્કૃતિની સંવાહક છે અને સમાજના અસ્તિત્વને ટકાવી રાખવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

પ્રસ્તુત સંશોધન પ્રપત્રમાં સમાજ, સંસ્કૃતિ અને ભારતીય ભાષાઓ વિશે ગૌણ માહિતીના સ્રોત આધારિત માહિતીનો અભ્યાસમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. ભાષાનો વૈજ્ઞાનિક અભ્યાસ ભાષાવિજ્ઞાનમાં કરવામાં આવે છે, અને તે મનુષ્યની અત્યંત વિસ્તૃત કાર્યપ્રણાલી છે. ભિન્ન ભિન્ન પ્રકારની ભાષાઓ હોવા છતાં તેની સંરચનાનું સ્વરૂપ લગભગ સરખું હોય છે. પ્રત્યેક પ્રાણી પોતાની બાહ્ય ઇન્દ્રિયો દ્વારા ભાષાનો અનુભવ કરે છે. " જે તે સમુદાય કે ભૌગોલિક વિસ્તાર કે સાંસ્કૃતિક પરંપરાના લોકો માટે સર્વ સામાન્ય હોય તેવું શબ્દભંડોળ અને તેના ઉપયોગની પદ્ધતિઓને ભાષા કહેવાય છે." ભાષા વિકસી તેના પરિણામે સંસ્કૃતિ વિસ્તરણ પામી અને તે સંસ્કૃતિ સમાજનું પ્રતિનિધિત્વ કરતી થઈ. આમ સમાજ, સંસ્કૃતિ અને ભાષા આ ત્રણેય એક બીજા સાથે વિભિન્ન રીતે સંકળાયેલા છે. ભાષાની વિકાસયાત્રામાં સમાજ અને સંસ્કૃતિનો સંદર્ભ જોડાયેલો છે.

**પ્રસ્તાવના :**

ભાષાએ સંસ્કૃતિની સંવાહક છે માનવીની સંસ્કૃતિમાં ભાષાનું મહત્ત્વ અનેરૂં છે. સંસ્કૃતિ અને સંસ્કૃતિના તત્ત્વો ભાષા દ્વારા જ પ્રસરણ પામીને ગતિશીલ બને છે. સમાજ, સંસ્કૃતિ અને ભાષા વચ્ચેના પરસ્પરના સંબંધો વચ્ચે નિકટતા રહેલી છે. પ્રત્યેક પ્રાણીઓ પોતાની બાહ્ય ઇન્દ્રિય દ્વારા અનુભવ કરે છે. જેમ કે આંખ, કાન, નાક ત્વચાથી સ્પર્શ કરે છે, જુએ છે, સાંભળે છે, સુંઘે છે જેના પરિણામે એની અંદર કેટલાક તત્ત્વો પેદા થાય છે. તે માનસિક ભાવ-જ્ઞાન, ઈચ્છા તથા કૃતિના રૂપમાં થાય છે. કોઈ વસ્તુને જોઈને, કોઈ શબ્દને સાંભળીને, કોઇ ગંધને સુંઘીને, કોઈ વસ્તુનો સ્પર્શ કરીને અથવા અડીને આપણે એ પ્રાપ્ત કરવાનો અથવા તેનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરીએ છીએ. અને પોતાની અંદરના ભાવો બીજા સુધી પહોંચાડવા લાગીએ છીએ ત્યારે તેને ભાષા કહેવામાં આવે છે. ભાષા બીજા સુધી પહોંચાડવા સંકેતોનો ઉપયોગ કરીએ છીએ જેને ચેષ્ટાની ભાષા કહેવામાં આવે છે. વાણી દ્વારા આપણે આપણી અંદરના ભાવો બીજા સુધી પહોંચાડીએ છીએ. તેને વાણીની ભાષા કહેવામાં આવે છે. જ્યારથી માનવનો ઇતિહાસ પૃથ્વી પર શરૂ થયો અને અનેક રીતથી પોતાની ઇચ્છાઓ, સંવેદનાઓ, ભાવનાઓ અને આવશ્યકતાઓને મૂર્ત સ્વરૂપમાં જોવાનો પ્રયત્ન કર્યો આ પ્રયત્નમાં તેમણે કેટલાક સંકેતો બનાવ્યા અને

અનેક રીતના હાવભાવની અક નિશ્ચિત પ્રણાલી બનાવી આ સંકેત ચિહ્નોએ સમ્યાંતરે ભાષાનું સ્વરૂપ ધારણ કર્યું.

**સંશોધનના હેતુઓ** :

1). સમાજજીવનમાં માનવીની આંતરક્રિયામાં ભાષાની ભૂમિકા જાણવી.

2). સમાજ અને સંસ્કૃતિ વચ્ચેનો ભાષાસેતુ જાણવો.

3). સમાજના સાંસ્કૃતિક વારસા જાળવવામાં ભાષાની ભૂમિકા તપાસવી.

**વિશ્વની ભાષાઓ અને સમાજજીવન** :

વિશ્વમાં અનેક ભાષાઓ બોલાય છે અને તેની સાથે સમાજજીવન અને સંસ્કૃતિ પણ પરસ્પર જોડાયેલાં હોય છે. કારણ કે આખરે તો ભાષા દ્વારા જ સમાજ અને સંસ્કૃતિનું નિયમન અને સંવર્ધન થાય છે. સંસ્કૃતિ અને સમાજજીવનના સંદર્ભમાં ભાષાએ માનવ વ્યવહારને વ્યવસ્થિત કરી અને માનવીય આંતરક્રિયાને નિયંત્રિત કરે છે. કેટલાક ભાષાકુળો દ્વારા આ બાબતને સમજી શકાય છે. સમાજમાં વ્યક્તિ જે આંતરક્રિયા કરે છે તે સામાજિક સંબંધો રચે છે, આવા સામાજિક સંબંધો એ ભાષાઓ દ્વારા નિયમન અને નિયંત્રણ કરે છે. માનવીય વ્યવહારોને વ્યવસ્થિત કરે છે. ભાષાએ સમગ્ર સમાજ વ્યવસ્થાને ટકાવી રાખવામાં મહત્ત્વની ભૂમિકા રહેલી છે.

- ઇન્ડો યુરોપિયન ભાષાકુળ- વૈદિક, સંસ્કૃત, જર્મન, રશિયન, અંગ્રેજી, લેટીન, ઇરાની, અસ્તેન.
- સેમેટિક ભાષાકુળ- પ્રાચીન અસિરિયા ભાષા હિબ્રુ, અરબી, સીરિયાની ભાષા,સીપિયન ભાષા.
- હેમેટિક ભાષાકુળ- કોટિટક પ્રાચીન ઇજિપ્તની ભાષા, કુલાની ઉત્તર અમેરિકાની બર્બર ભાષાઓ, તુઆરંગ સોમાલી, કબાઇલ.
- યુરેલિક યુરાલીય ભાષાકુળ-લેપ વોગુલ,ઓસ્ટયકૃ, મગ્યાર, ફિનિશ વગેરે.
- ચીની તિબેટી ભાષાકુળ-ચીની બર્મી, તિબેટી, સિયામી.
- આલ્ટઇક ભાષાકુળ- તુર્કી, ઉઝબેલ, મોંગોલિયન વગેરે.
- મલય કે ઇન્ડોનેશિન ભાષાકુળ- મલય, સુનાનીશ, બાલી, જાવઇ.
- બુશમેન ભાષાકુળ- બુશમેન
- કોકેશિબન ભાષાકુળ
- કેલ્ટિક ભાષાકુળ
- અમેરિકન ઇન્ડિયન ભાષાકુળ
- સુમેરિયન ભાષાકુળ
- ઓસ્ટ્રેલિયન ભાષાકુળ

**ભારતીય ભાષાઓ અને સમાજજીવન** :

ભારતમાં અનેક ભાષાઓ અને બોલીઓ જોવા મળે છે. તે પણ સમાજજીવનના વિવિધ પાસાંઓ અને સંસ્કૃતિની ઓળખ કરાવે છે. ભારતમાં લગભગ ૬૦૦ થી વધારે ભાષાઓ અને બોલીઓ બોલાય છે. જેમાં ૨૨ જેટલી ભાષાઓ બંધારણીય રીતે માન્યતા પામી છે. તે પણ વિવિધ ભાષાકુળની જોવા મળે છે. ભારતીય સમાજજીવનના વિવિધતામાં એકતા સર્જતું મહત્ત્વનું પરિબળ ભાષા છે. ભાષા એ સંસ્કૃતિની ઓળખ આપે છે. ભારતીય સમાજ વિભિન્ન જ્ઞાતિઓ, ભાષાઓ, સંસ્કૃતિનો બનેલો છે. જેમાં

 ISBN : 978-81-938282-0-5

વિભિન્ન ભાષાઓ એ દરેક સમુદાયની અલગ ઓળખ રજૂ કરે છે. મિશ્રિત ભાષાઓ પણ સમાજમાં એકતા અને વિવિધતાને પોષે છે સંવર્ધન કરે છે.

- ભારતીય ભાષાકુળ- આર્યો ભારતમાં આવ્યા ત્યારથી આ ભાષાકુળનો પ્રારંભ થયો હોવાનું મનાય છે.આ કુળની ભાષાનો નમુનો ઋગ્વેદની ભાષામાં મળે છે. આ ભાષાકુળમાં કાશ્મીરી, હિન્દી, અંગ્રેજી, ગુજરાતી, મરાઠી વગેરેનો સમાવેશ થાય છે.
- દ્રાવિડા ભાષાકુળ- જેમાં તામિલ, કન્નડ, મલયાલમી, તેલુગુ ભાષાનો શમાવેશ થાય છે.
- ઓસ્ટ્રો એશિયાટિક ભાષાકુળ જે ઉત્તર-પૂર્વીય પર્વતીય અને જંગલ વિસ્તાર ક્ષેત્રમાં બોલાય છે.
- ચિની તિબેટી ભાષાકુળ-જે ભારતના ઉત્તરના રાજ્યોમાં મિઝો,મણિપુરી બોડો, નાગા વગેરે કુળની ભાષાઓ બોલાય છે.

**સમાજજીવનમાં ભાષાનું મહત્ત્વ** :

ભાષાને વ્યક્તિના શ્રેષ્ઠ આભૂષણ તરીકે નવાજીને તેની મહત્તાનો સ્વીકાર થયેલો છે. તેમ છતાં આવશ્યકતા પછી આભૂષણનું સ્થાન આવે છે ભાષાનું મહત્ત્વ તેના વ્યવહારુ આવશ્યકતાના ઉપલક્ષ્યમાં વિશેષ છે. ભાષાની શોધ માનવીના નિત્ય વ્યવહાર માટે અનિવાર્ય છે અને ઉપકારક નીવડી છે. વાણીની કૃપાથી વિચાર, ઇચ્છા, લાગણી વગેરે બધું જ અભિવ્યક્ત થાય છે. માનવીની વિવિધ પ્રવૃતિઓનું આધારબિદું વાણી છે. સંસ્કૃતિના એક ભાગ તરીકે પણ ભાષાના અધ્યયનની અગત્યતા વિચારીએ તોપણ સ્પષ્ટ જણાય કે અન્ય પ્રાણીઓ કરતાં માનવી બે રીતે જુદો પડે છે એક તો માનવી એક માત્ર બોલતું પ્રાણી છે અને બીજું તે વિવિધ સાધનોનો ઉપયોગ કરતું પ્રાણી છે.

**સંદર્ભસાહિત્ય** :


1) ડૉ. ઠક્કર, મીનાક્ષી. 2004. આદિવાસી વિકાસ અને વન. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય, અમદાવાદ.
2) ડૉ.દવે, હર્ષિદા.(2005)માનવશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.
3) ડો.ચંન્દ્રકાંત ઉપાદ્યાય.2009. આદિવાસીઃ પરંપરા અને પરિવર્તન, નવભારત સાહિત્યમંદિર, આશ્રમ રોડ, અમદાવાદ.
4) રમણલાલ વ. દેસાઇ, ભારતીય સંસ્કૃતી.
5) ગામીત મહેશ ,પટેલ, જે.સી.(2013).ટ્રાયબલ ડેવલોપમેન્ટ, પર્સપેક્ટિવ એન્ડ ઈસ્યુઝ
6) www.tribal.nic.in
7) www.trti.gujarat.gov.in

 ISBN : 978-81-938282-0-5

# સંસ્કૃતિ અને ધર્મ

**ડૉ. ઉર્મિલા બી. ભલસોડ,**
**તત્ત્વજ્ઞાન વિભાગ,**
**ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ.**

**પ્રસ્તાવનાઃ-**

ભારતીય સંસ્કૃતિએ સમગ્ર જગતમાં અનોખું સ્થાન પ્રાપ્ત કરેલ છે. ભારતીય સંસ્કૃતિ એક વિશાળ અને ઉદાત્ત ભાવનાનું સર્જન કરે છે. તેના અંતરતમ સ્વરૂપમાં એક ઉન્નત ધ્યેયથી પ્રેરિત, વ્યક્તિગત પૌરુષ અને તેની શક્તિ અને તેની શક્ય પૂર્ણતાના વિશિષ્ટ તેમજ ઉદ્ધારક ધ્યેયાર્થથી પ્રકાશિત, સામાજિક નિર્માણની બહોળી યોજનાની સાથે સંયુક્ત, એવી ભારતની સંસ્કૃતિ માત્ર તેની પ્રબળ તાત્ત્વિક વિચારધારા, બૌદ્ધિક અને કલાત્મક સર્જકતા વડે સમૃદ્ધ હતી, પરંતુ માત્ર આટલાથી તેના આત્માનો અથવા તેની મહાનતાનો પૂરતો ખ્યાલ નહીં આવે. આ દ્રષ્ટિબિંદુથી આપણે ગ્રીસ કે રોમની સભ્યતાનું વર્ણન કરી શકીએ અને તેમ કરવા જતાં ભાગ્યે જ મહત્ત્વનું કંઇ રહી જાય; પરંતુ ભારતીય સભ્યતા માત્ર એક મહાન સાંસ્કૃતિક પ્રણાલિકા ન હતી પણ માનવ આત્માનો એક સુવિશાળ ધાર્મિક પ્રયત્ન હતો.૧

ધર્મ શબ્દ ધૃ ધાતુ પરથી ઊતરી આવ્યો છે. ધર્મનો અર્થ ધારણ કરવો એમ થાય છે. માણસ એક જાતનું પ્રાણી છે, પણ તે અન્ય પ્રાણીઓ કરતાં જુદો છે. સંસ્કૃતના એક શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે “આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર વસ્તુઓ પશુઓ અને માણસોમાં સમાન છે. ધર્મ જ માણસની વિશેષતા છે. ધર્મહીન માણસો તો પશુ જેવા જ છે.”૨ ધાર્મિક જીવન જીવવાનું બીજા પ્રાણીઓ માટે શક્ય જ નથી. માનવજાતિ માટે જ એ શક્ય છે. જે માણસ માનવજાતિની આ વિશેષતાને ધ્યાનમાં લઈને ધાર્મિક જીવન ગાળે છે. તે શરીરધારી મટી જતો નથી અને તેથી ખોરાક, ઊંઘ વગેરેની જરૂરિયાતોમાંથી તે મુક્ત થઈ શકતો નથી, પણ તે ભય અને આક્રમકતાની વૃત્તિમાંથી મુક્ત થઈ શકે છે અને તેને પરિણામે પ્રાણીઓના જીવન કરતાં ક્યાંયે ચડિયાતું એવું જીવન જીવી શકે છે. માણસ સિવાયનાં બીજાં પ્રાણીઓ પાસે ભય અને આક્રમકતામાંથી મુક્ત થવાની કોઈ સગવડ જ નથી. મનુષ્ય જન્મ એટલા માટે દુર્લભ ગણાય છે કે માણસ ધારે તો ધાર્મિક જીવન જીવીને ભય અને આક્રમકતાની વૃત્તિથી સંપૂર્ણ છૂટકારો મેળવી શકે છે. ધર્મ માણસને નિર્ભય બનાવે છે. જે નિર્ભય હોય તેને કોઈનો ભય તો હોતો જ નથી, એટલું જ નહીં પણ ગાંધીજી કહે છે, તેમ તે અહિંસક પણ હોય છે. અર્થાત તેના તરફથી સૌને અભય વચન હોય છે. તે ક્યારેય પણ કોઈના પર કોઈપણ જાતનું આક્રમણ કરતો નથી.૩ હિંસા અને આક્રમણનું મૂળ ભયમાં જ છે. ધાર્મિક જીવન વડે જો માણસ નિર્ભયતાને પામે તો તેના જીવનમાં અહિંસા સત્ય, પ્રેમ, શાંતિ વગેરે ગુણો પ્રકટ થાય છે. એક કાવ્યપંક્તિમાં પણ કહ્યું છે કે “હું માનવી માનવ થાઉં તો ઘણું” એટલે કે માનવી પાસે પશુતાથી ઉપર ઊઠીને ઉચ્ચ જીવન જીવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આના કારણે જ માનવ સંસ્કૃતિમાં ધર્મનું ઘણું જ મહત્ત્વ બની રહે છે. આદિ માનવમાં કે ગમે તેવી પછાત જાતિમાં જેમ ધર્મભાવના જોવા મળે છે તેમ સાંસ્કૃતિક દ્રષ્ટ્રિએ ખૂબ જ આગળ વધેલા માણસ કે રાષ્ટ્રમાં પણ ધર્મભાવનાની હાજરી હોય છે. ધર્મની આ સર્વ વ્યાપકતાની

સમજૂતી મેળવવામાં ડી.એમ.એડવડર્ઝના આ શબ્દો ઉપયોગી છે, 'માણસ એ માણસજાતના અભ્યાસનો સુયોગ્ય વિષય છે' એમ ઘણા જૂના સમયથી કહેવામાં આવ્યું છે. ધર્મના અભ્યાસના અભાવમાં માણસના ઇતિહાસમાં ધર્મના કરતાં વધારે વ્યાપક, પ્રભાવક અને મહત્ત્વપૂર્ણ એવી બીજી કોઇ વસ્તુ નથી. ધર્મ અંગે માણસનો અંગત અભિપ્રાય કે તેનું અંગત વલણ ગમે તે હોય, પરંતુ ધર્મ એ માનવજીવનનું સૌથી વધારે અગત્યનું અને પ્રભાવશાળી પાસુ છે એ વાતનો કોઈપણ માણસે સ્વીકાર કરવો પડે તેમ છે.૪

આપણે સંસ્કૃતિના બે વિભાગ પાડી શકીએ તેમ છીએ એક તો ભારતીય સંસ્કૃતિ અને બીજી છે યુરોપિયન સંસ્કૃતિ, ભારતીય મૂળમાં સભ્યતાનું અંતિમ ધ્યેય આધ્યાત્મિક ધ્યેયમાં રહેલું છે. તેનાં સમૃદ્ધ અને વૈવિધ્યસભર સભ્યતામાં પણ આ ધ્યેયની છાપ અંકિત થયેલ જોવા મળે છે. જેના કારણે તેનું સ્વરૂપ એક નિરાળી વિશિષ્ટતા ધારણ કરે છે. બીજી સંસ્કૃતિઓ સાથે, જ્યાં તેનું સરખાપણું જોવા મળે છે ત્યાં પણ તેની વિશિષ્ટ મૌલિકતા અને એકતાની મહત્તાની છાપ પણ જોવા મળે છે. આ સંસ્કૃતિની નિયામક શક્તિ તેની અધ્યાત્મભાવી અભિલાષા હતી. એજ તેનું વિચારબીજ, એજ તેનો મુખ્ય જુસ્સો હતો.૫ આધ્યાત્મિકતાને તેણે જીવનનું ઉચ્ચતમ ધ્યેય માન્યું હતું, એટલું જ નહિ, પણ માનવજાતિની તે ભૂતકાળની પરિસ્થિતિમાં જેટલે અંશે શક્ય તેટલે અંશે સમગ્ર જીવનને તે પ્રત્યે વાળવાનો તેણે પ્રયત્ન પણ કર્યો હતો. પરંતુ માનવમનમાં ધર્મ એ પ્રથમ સાહજિક અંતઃપ્રેરણા હોય છે, જો કે આધ્યાત્મિકતાનું એ સંપૂર્ણ રૂપ છે; અને તેને કારણે આધ્યાત્મિક વર્ચસ્વ તેમજ જીવનને તેની પકડમાં લેવાના પરિણામે વિચાર અને આચારને ધાર્મિક ઢાળમાં ઢળવાની ફરજ પડે છે.૬

ભારતીય સભ્યતાને સમગ્રલક્ષી દૃષ્ટિથી સમજવું હોય, તો ઉપસક રીતે વિરોધાભાસી જણાતા આ બંને દૃષ્ટિકોણનું સાચું મૂલ્યાંકન કરવું જરૂરી બની જાય છે. આધુનિક સભ્યતા કેટલાં પ્રમાણમાં ભૂતકાળ સાથે વણાયેલું છે અને કેટલા પ્રમાણમાં નવીન છે? 'ભૂતકાળ' શબ્દનો આપણે વાસ્તવમાં શો અર્થ કરીએ છીએ? આ સંદર્ભ ઘણી વખત 'પરંપરા' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. પરંપરા શબ્દ હાર્દની દૃષ્ટિએ સમૃદ્ધ છે, છતાં તેનો પ્રયોગ અત્યંત અનૌપચારિક રીતે થાય છે. ભૂતકાળને વર્તમાન સુધી પહોંચાડવાનો પરંપરા અંગેના આ પ્રશ્ન તપાસવો પડે છે. પૂર્વની સભ્યતાની વિશેષતાઓમાંની એક એ છે કે તેમાં એકાએક કે અચાનક કરવામાં આવેલા પરિવર્તનનું સ્વાગત કરવામાં આવતું નથી. ભૂતકાળ સાથે છેડો તદ્દન ફાડી નાખ્યા વિના ભારતમાં જે નવાં પરિબળો આત્મસાત્ કરવામાં આવ્યા છે તેમના સાતત્યની ભાવના એટલી ઊંડી છે કે, બર્ગસાંની પરિભાષામાં કહીએ તો ભૂતકાળ વર્તમાનનો કોળિયો કરી જાય છે. મેકસમૂલર કહે છે: "આર્યભાષી પ્રાચીન કુટુંબના દક્ષિણ છેડાના ઘર સમા ભારતમાં ભૂતકાળની હાજરી જેટલી તાદ્રશ્યપણે વરતાય છે. તેટલી બીજા કોઈ જ દેશમાં વરતાતી નથી."૭ ભારતીય સંસ્કૃતિનો વિકાસ પીપળાના ઝાડની જેમ થયો છે. નવા મૂળને જન્મ આપીને ફરીથી તેનો પુનર્વિકાસ કર્યો છે. ભારતીય વિચારધારાના ક્રાન્તિકારોએ પણ કદી પોતાના અસ્તિત્વની ઘોષણા કે જાહેરાત કરી નથી. પંરપરાને અનુસરનારાઓ પર વિશ્વાસ મૂકીને તેમનું સન્માન કરાયું છે. જ્યારે નવો ઉપક્રમ કરનાર ને સાશયની દૃષ્ટિથી જોવામાં આવ્યો છે. ભારતનો શાણો પુરૂષ હું તને કહું છું – એમ નહિં કહેતાં મારી અગાઉ જેમણે સાંભળ્યું હતું, તેમની પાસેથી મેં આમ સાંભળ્યું છે. – એમ કહે છે.૮

અનેક દૃષ્ટિથી ભારતીય સભ્યતાના સ્થાપકો ગણી શકાય તેવા વેદકાલીન મનીષિઓએ મૌલિકતાનો અસ્વીકાર કરીને પોતાની તમામ સિદ્ધિઓ તેમના પૂર્વજોના આશીર્વાદને આભારી માની છે.

 ISBN : 978-81-938282-0-5

ભારતીય સંસ્કૃતિમાં અંતર્નિહિત એવી આ પરંપરાની ભાવનાના મહત્ત્વ વિશે ભાગ્યે જ અતિશયોક્તિ થઈ શકે. તેણે સર્જનાત્મક પ્રવાહોને પોષ્યા છે અને ભારતીય પ્રજાના પોતાનાપણાંની એક ભાવના આપી છે. ઘણા પાશ્ચાત્ય દેશો આજે પોતાની અંદર જે આધ્યાત્મિક ખાલીપાનું નિર્માણ કર્યું છે, તેવા ખાલીપાનું નિર્માણ કર્યા વિના તેમ જ સાતત્યને ગુમાવ્યા વિના નવાં તત્ત્વોને આત્મસાત્ કરીને નવી પરિસ્થિતિઓને અનૂકૂળ થઈ જવાની શક્તિ જ ભારતીય સંસ્કૃતિનું બળ છે.૯

ભારતીય સંસ્કૃતિના વિકાસના બધા જ તબક્કાઓમાં અનુકૂલનનો આજ સિદ્ધાંત જોવા મળે છે. હકીકતમાં ભારતીય ચિંતનનો ઇતિહાસ વિસ્મયકારી બૌદ્ધિક અનુકૂલનોની એક શ્રેષ્ઠ રૂપ ગણી શકાય. પોતાની દ્રષ્ટિને અંતર્મુખ કરી દેનાર ઉપનિષદના ઋષિઓ અમુક અંશે તેમના પૂર્વવર્તી ચિંતકોના મુખ્ય હેતુથી અળગા થઈ રહ્યા હતાં. ભારતીય ચિંતનનાં ઝોકમાં બુદ્ધના વ્યક્તિત્વ અને ઉપદેશોએ આણેલા અમૂલ પરિવર્તનને લઇને થોડાક સૈકાઓ બાદ ભારતીય ચિંતનને બીજું અનૂકુલન કરવું પડ્યું હતું. હજાર વર્ષ પછી પણ ભારતની લીલીછમ, ઘટાદાર વૃક્ષ રાજિઓની છાયામાં રણની સૂકી હવા લઈને આવેલા ઇસ્લામનો પ્રવેશ થયો. 19મી સદીમાં ફરીથી એક અનુકૂલન માટેનો સમય પાકી ગયો હતો. આ વખતે બેવડું અનુકૂલન હતું. ભારતીય માનસને ખ્રિસ્તી ધર્મ સાથે તથા વિજ્ઞાન, ઉદારમતવાદ, લોકશાહી તથા વાસ્તવવાદના સાથે મેળ પાડવાનો હતો. આજે ખાસ કરીને ઉદ્યોગીકરણના વિકાસના સંદર્ભમાં જોઈએ તો, તેની વિસ્મયકારી શક્યતાઓ ભયભીત કરી મૂકે તેવા આઘાતજનક ભયસ્થાનો લક્ષ્યમાં લેતા એક નવા પ્રકારનું અનુકૂલન આકાર લઈ રહેલું જણાય છે. આથી જ એ સ્પષ્ટ થાય છે કે પરંપરા તથા ભૂતકાળના વારસા તરફના આદરભાવે ભારતીય સંસ્કૃતિને આગળ વધતા અટકાવ્યું નથી. આ સ્થિતિ સ્થાપકતા તથા અનુકૂલન ક્ષમતા વિના આધુનિક ભારતીય ચિંતકોની સિદ્ધિઓ શક્ય બની શકી જ ના હોત.

**ઉપસંહારઃ-**

ભારતીય સંસ્કૃતિને દર્શાવતો ઇશાવાસ્ય ઉપનિષદના એક શ્લોકના સંદર્ભમાં મહાત્મા ગાંધીએ કહ્યું છે કે જો સમગ્ર ભારતીય સાહિત્ય નષ્ટ થઈ જાય, પરંતુ ઇશાવાસ્ય ઉપનિષદનો પ્રથમ શ્લોક રહી જાય તો હું પુનઃ ભારતીય સંસ્કૃતિને જીવીત કરી શકીશ " તેન ત્યક્તેન ભુંજીથા" એટલે કે ત્યાગ પૂર્વક ભોગ કરો. સંસારમાં એવું કંઈ જ નથી જેને વ્યકિત પોતાની કહી શકે. ભારતીય સંસ્કૃતિ અને ધર્મમાં પણ આ ભાવના જોવા મળે છે. ભોગનો કે ઈચ્છાનો વિરોધ નહીં, પરંતુ ત્યાગ કરીને ભોગવવું એમ કહેવાયું છે તેથી ભારતનું સાંસ્કૃતિક ઉત્થાન ત્યાગના આધ્યાત્મિક મૂલ્યોના વિકાસમાં રહેલ છે. આધ્યાત્મિક કે ત્યાગપરક મૂલ્યોના વિકાસમાં જ જીવન દ્રષ્ટિમાં પરિવર્તન જરૂરી છે. આપણે બધા વિકાસની વાત કરીએ છીએ, તેનો અર્થ એ છે કે આપણે વર્તમાનથી સંતુષ્ટ નથી. દશા બદલવી છે, પરંતુ જયાં સુધી દિશા કે દ્રષ્ટિ નહી બદલાય ત્યાં સુધી દશા બદલાશે નહી. ભોગવાદી કે ભૌતિકવાદી જીવન દ્રષ્ટિ ભારતીય સાંસ્કૃતિ મૂલ્યો ની પ્રતિષ્ઠામાં જ ભારતનો સાંસ્કૃતિક ઉત્થાન કે પ્રગતિ સંભવ છે. જ્યાં સુધી માનવી ભોગવૃતિ, લોભવૃતી, મમત્વવૃતિ, અહંવૃતિ પર નિયત્રંણ પ્રાપ્ત નહીં કરી શકીએ ત્યાં સુધી સાંસ્કૃતિક ઉત્થાન સંભવી શકે તેમ નથી.

**સંદર્ભસૂચિ** :

1. ભારતીય સંસ્કૃતિના પાયા-શ્રી અરવિંદ પાન નં 133
2. જગતના વિર્ધમાન ધર્મો – જયેન્દ્રકુમાર એ. યાજ્ઞિક પાન નં 3
3. જગતના વિર્ધમાન ધર્મો – જયેન્દ્રકુમાર એ. યાજ્ઞિક પાન નં 2
4. જગતના વિર્ધમાન ધર્મો – જયેન્દ્રકુમાર એ. યાજ્ઞિક પાન નં 2
5. ભારતીય વિર્ધમાન ધર્મો – જયેન્દ્રકુમાર એ. યાજ્ઞિક પાન નં 134
6. ભારતીય વિર્ધમાન ધર્મો – જયેન્દ્રકુમાર એ. યાજ્ઞિક પાન નં 135
7. મેકસમૂલર ક્રોમ રામ મોહન ટુ રામ કૃષ્ણ - મેકસમૂલર પાન નં 15
8. આધુનિક ભારતીય ચિંતન – વિશ્વનાથ નરવણે - અનુ. ભાવના ત્રિવેદી પાન નં 10
9. આધુનિક ભારતીય ચિંતન – વિશ્વનાથ નરવણે પાન નં 13
10. આધુનિક ભારતીય ચિંતન – વિશ્વનાથ નરવણે પાન નં 14
11. ભારતીય સંસ્કૃતિના ઉત્થાનમાં આધ્યાત્મિક જીવન દૃષ્ટિ – સાગરમલ જૈન પાન નં 1 & 2

# "ચારણી સાહિત્ય : હસ્તપ્રતમાં સચવાયેલ સાંસ્કૃતિક ધરોહર"

ડૉ. તીર્થંકરદાન રતુદાન રોહડિયા

**વિષય પ્રવેશ :**

ભારત વર્ષ વિવિધ બાબતોને લીધે ક્યારેકને ક્યારેક વિશ્વમાં પંકાયેલ રહ્યું છે. સાહિત્ય તેમાં અગ્રીમ સ્થાન ધરાવે છે. સૌથી જૂનું સાહિત્ય ભારતના વેદ છે. ભગવાન ગણેશને ભારતીય સાહિત્યના પ્રથમ લહિયા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. જો કે વેદ, પુરાણ વગેરે સંસ્કૃતમાં લખાયેલ છે. સંસ્કૃત આપણી દેવ ભાષા છે.(૧) તેમાંથી ધીરે ધીરે વિવિધ ભાષાઓ જન્મી, જે તે પ્રાંતમાં આધિપત્ય જમાવી ત્યાંની ઓળખ બની ગઈ. આમાંની એક ભાષા એટલે ડીંગળી ભાષા. આ ભાષા કોઈ પ્રાંતની નહિ પણ જ્ઞાતિ તથા સાહિત્યની ઓળખ છે. આ સાહિત્ય એટલે ચારણી સાહિત્ય.(૨) ચારણી સાહિત્ય કંઠસ્થ પરંપરામાં જૂજ માત્રામાં અને બહુધા હસ્તપ્રતોમાં સચવાયેલ, લખાયેલ મળી આવે છે. ગુજરાત અને રાજસ્થાનમાં ચારણી સાહિત્યની આગવી ઓળખ અને સ્થાન છે. જ્યારે ભારત વર્ષના અન્ય રાજ્યોમાં આ સાહિત્ય ઓછી માત્રામાં જોવા મળે છે.

અન્ય સાહિત્યની સમાંતર ધારાએ ચારણી સાહિત્ય વહેતું આવ્યું છે. છતાં અન્ય સાહિત્યથી અલગ પોતીકાપણું સાચવીને વહેતું રહ્યું છે. ચારણી સાહિત્યનો મુખ્ય પ્રભાવ મધ્ય યુગના સાહિત્ય અને સમાજ પર ખાસ રહ્યો છે. થોડી ઝાંખપ આવી હશે પણ પોતાનો ચળકાટ અને મહત્ત્વ ઓછું નથી થયું. પોતાની વિશેષતાને લીધે આ સાહિત્ય લોકપ્રિય બની રહ્યું છે. આજ કદાચ ઓછા લોકો ચારણી સાહિત્યથી પરિચિત હશે પરંતુ પ્રાચીન અને મધ્ય યુગમાં આ સાહિત્યનો દબદબો હતો. આ સાહિત્યમાં શસ્ત્રોના ધ્વનિ અને અશ્વોના હણહણાટ સંભળાય છે. પરલોકને જગાડવાની આહલેક પણ સાથે સાંભળવા મળે છે. જીવન સંઘર્ષ, દેશપ્રેમ અને જાતિ ગૌરવથી આ સાહિત્ય ભર્યુંભાદર્યું લાગે છે. ચારણી સાહિત્યએ લોકોને જીવન જીવતા અને મોતને વહાલું કરતા શીખડાવ્યું છે. દેશ, ધર્મ, જીવન મૂલ્ય, અબળા માટે મરી ફીટવાની તમન્ના આ સાહિત્યમાં છે. તેના શ્રેષ્ઠ ઉદાહરણ ચારણી સાહિત્યમાંથી મળી આવે છે. આમ ચારણી સાહિત્ય ભારતીય સાંસ્કૃતિક ધરોહારનો એક મહત્ત્વનો સ્તંભ લાગી રહ્યો છે.

**ચારણ એક પરિચય :**

હિન્દુસ્તાન વિવિધતાથી સભર દેશ છે. અહીં અનેક ધર્મ, અનેક સંપ્રદાય, અનેક સમાજ-જ્ઞાતિ ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધારી રહી છે. એમાંની એક એટલે "ચારણ" જ્ઞાતિ. વેદ, પુરાણ, હિંદુ ધાર્મિક ગ્રંથો અને ઈતિહાસ વદે છે કે ચારણો શિવના ગણ હતા. પૃથુરાજાએ પૃથ્વીના પટ પર સાહિત્ય અને સંસ્કૃતિના જ્ઞાન માટે ભગવાન શિવને વિનંતી કરી. શિવજીએ પોતાના પ્રિય ગણ ચારણને સાહિત્ય અને સંસ્કૃતિ સાચવવા, તેનું જ્ઞાન આપવા પૃથ્વી પર મોકલ્યા.(૩)

ચારણ જાતિ ભારત વર્ષની એક વિશિષ્ટ જાતિ છે. એનો ઈતિહાસ એની પરંપરા હજારો વર્ષ જૂની છે. ચારણો આકાશચારી હતા. ચારણો ઋષિમુનિ કોટિના તપસ્વી અને સિદ્ધિને વરેલા છે. ભારતની વિવિધ જાતિઓ ચારણને પૂજનીય તથા સન્માનનીય માને છે.(૪) ચારણ જ્ઞાતિએ પોતાના સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રદાન વડે દેશ, ધર્મ અને ઇતિહાસની ગણનાપાત્ર સેવા કરી છે. આમ હિંદુ ધર્મમાં દેવ જાતિ સાથે ચારણોની ઉત્પત્તિની કથા છે. ચારણ વિષે જુદા જુદા શબ્દકોશ જેમ કે 'ભગવદ્ ગોમંડળ', 'એ

સંસ્કૃત-ઈંગ્લિસ : ડિક્ષનરી', 'સંસ્કૃત – હિન્દી કોશ', 'સંક્ષિપ્ત હિન્દી શબ્દ સાગર' વગેરેમાં ચારણ અંગે આ મુજબ માહિતી પ્રાપ્ત થાય છે.....

'ભગવદ્ ગોમંડળ'માં ચારણ વિષે આમ કહેવાયું છે "અમુક ઉચ્ચ ધ્યેય અનુસરી જીવન જીવનારા મુનિ તે ચારણ"(૫)

"એ નામની એક જાતિ છે. ચર ધાતુ પરથી ચારણ શબ્દ થયેલો છે. એના ઉપરથી ગતિ આપનાર, કીર્તિ ફેલાવનાર એવો ચારણ શબ્દનો અર્થ છે. આ કોમ પવિત્ર અને ઘણી પુરાણી છે. એનું વર્ણન રામાયણ અને મહાભારતમાં છે. તેઓ પોતાની ઉત્પત્તિ વૈતાલિકોની જેમ દેવતાઓમાંથી થયાનો દાવો કરે છે."(૬)

પાણિનીના વ્યાકરણ સૂત્રમાં ચારણ વિષે કહેવાયું છે કે "ચારણનો અર્થ વેદનાં વિભાગ કે વેદનાં ચરણોને ભણનાર, કવિતા કરનાર ઋષિમુનિ"(૭)

ઝવેરચંદ મેઘાણીના મતે "ચારણો એટલે કુશીલવા ભટકતા નટો એવો અર્થ 'અમરકોશ'માં આપવામાં આવ્યો છે. તેની સામે રાજપૂતાનાનો આખો મધ્ય યુગ ચારણોની કીર્તિ સાગરનું મહાગર્જન સંભળાવતો ઊભો છે. ચારણ એટલે ગઢવી, રાજાઓના ગઢ કિલ્લાઓની ચાવીઓનો તે રખેવાળ હતો. અને દૃષ્ટાંતો એમ પણ મળે છે કે ઘર આંગણે રહેતા રાજપૂતોના બ્રહ્મચર્યનો ચોકીદાર હતો. ચારણો એટલે રાજ્યો – રાજ્યો વચ્ચેના સંધિ વિગ્રાહક. પ્રાણને ભોગે પણ રાજકોલ અને રાજરક્ષાનો હામી."(૮)

આ તો એક બે ઉદાહરણો જ આપ્યા છે. વિવિધ ધર્મ ગ્રંથો, શબ્દકોશો, વિદ્વાનો વગેરેએ ચારણ વિષે પોતાના મત આપ્યા છે. જેમાં બહુતઃ ચારણો સાહિત્ય અને સંસ્કૃતિના પર્યાય અને વાહક સમ ઊભરી આવે છે. ચારણો મૂળ તો કૈલાસવાસી હતા. ત્યાંથી ઊતરી આવ્યા, સમગ્ર ભારતને પોતાનું ઘર બનાવ્યું. આજ ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, મધ્યપ્રદેશ, બંગાળ, પાકિસ્તાન વગેરે જગ્યાએ ચારણો નિવાસ કરી રહ્યા છે. તેમની વિવિધ ૨૩ શાખાઓ છે. જે મુખ્ય ૪ શાખાનો હિસ્સો છે.(૯)

ચારણોને દેવીપુત્ર, ગઢવી તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમની માતાજીની ઉપાસના, સત્યપ્રિયતા, સાહિત્યોપાસના, લોકદેવીનું ચારણ સમાજમાં અવતાર લેવા વગેરેને લીધે આ સમાજની એક અલગ અને માન ભરેલી ઓળખ ઊભી થઈ છે. જે આજે પણ અકબંધ છે. રાજ રજવાડામાં દરેક રાજ્યમાં એક રાજકવિ તરીકે ચારણ સ્થાન શોભાવતો. રાજા અને પ્રજા વચ્ચે સેતુ રૂપ બની રહ્યાના અનેક ઉદાહરણ પ્રાપ્ત થાય છે. સાથે સાંસ્કૃતિક અને સાહિત્યિક ઉપાસના કરતો. આમ ચારણ જાતિ ભારતની એક વિશિષ્ટ જાતિ છે.

ચારણી સાહિત્ય એક પરિચય :

"સાહિત્ય કોઈ દેશ યા જાતિના સમય વિશેષના વિચારો અને ભાવોનું પ્રતિબિંબ હોય છે." આ વાત ચારણી સાહિત્યને પણ લાગુ પડે છે. સામન્યતઃ એવી માન્યતા પ્રવર્તી રહી છે કે આદિકાળથી સરસ્વતીની ઉપાસના કરતા ચારણોએ કૈલાસમાંથી પૃથ્વી પર આવીને પોતાની આ પરંપરા અખંડ રાખી છે. ચારણ સર્જકો દ્વારા રચાયેલ સાહિત્ય એ ચારણી સાહિત્ય. આ સાહિત્યના મહત્તમ સર્જકો ચારણ રહ્યા છે. સાથે આ સાહિત્યના કર્તા તરીકે ક્ષત્રિય, બારોટ, બ્રાહ્મણ, રાવળ, હરીજન, મીર વગેરેનું પણ ઉલ્લેખનીય યોગદાન રહેલું છે. પરંતુ ચારણ સર્જકોનું પ્રદાન સુખ્યાત છે.

આદિકાળથી ચારણી સાહિત્ય પ્રાપ્ત થાય છે, તેના ઉદાહરણ રૂપ "સિદ્ધહેમ શબ્દાનુશાસન", "કુમારપાળ પ્રતિબોધ", "પ્રબંધ ચિંતામણિ"(૧૦) વગેરેમાં ચારણી સાહિત્યના દુહાઓ પ્રાપ્ત થાય છે. ચારણી સાહિત્ય આદિકાળથી દેશની સ્વતંત્રતા સુધી રાજ દરબારમાં અને લોક હૈયામાં માન-સન્માન પામતું રહ્યું છે. લોક ડાયરાથી રાજ દરબાર સુધી તે ઝીલાતું આવ્યું. આજ પણ આ સાહિત્ય ઝીલાતું રહ્યું છે. જેના ઉત્તમ ઉદાહરણ આપણે ત્યાં થતા લોક ડાયરાઓ છે.

ચારણોનું મહત્ત્વ એક જાતિ તરીકે નહીં પણ સંસ્કાર ગંગોત્રી લેખે છે. એટલે જ્યાં જ્યાં ચારણો ગયા ત્યાંની વાત ચારણી સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. એનો અર્થ કે ચારણી સાહિત્ય ગુજરાત હોય કે રાજસ્થાન, વનવગડો હોય કે રાજ દરબાર સર્વત્ર રચાતું ને ઝીલાતું આવ્યું છે આમ ચારણી સાહિત્યનો વ્યાપ વિશાળ છે. ચારણી સાહિત્યએ માનવ હૈયાની ભૂમિમાં સંસ્કાર જળનું સિંચન કર્યું છે.

ચારણી સાહિત્યનુ પ્રેરક બળ વીરતા, મધ્ય યુગીન રાજકીય સ્થિતિ છે. તો પોષક બળ તરીકે રાજ્યાશ્રય, લોકાશ્રય, માન સન્માન સ્થાન ધરાવે છે. ચારણી સાહિત્યનુ છંદ શાસ્ત્ર અલગ છે, ૧૨૦ પ્રકારના ગીત નામે એના આગવા છંદ છે. તેમાં ૮૪ ગીતો મુખ્ય મનાયા છે. ચારણી અલંકારોમાં વયણસગાઈ એ ચારણી સાહિત્યનો પોતાનો અલંકાર છે(૧૧). જથાઓ જે એક અલંકાર વિશેષ છે તે જુદા જુદા ૧૭ થી ૨૧ પ્રકારની છે જે ચારણી સાહિત્યની વિશેષતા છે. વ્રજ અને સંસ્કૃતના ૧૧ પ્રકારના કાવ્ય દોષો ચારણી સાહિત્યના અભ્યાસીઓએ તારવ્યા છે. જેમ કે છબકલા, અન્ય, હીણ, નીનંગ, પાંગળો, જાતિ વિરુદ્ધ, અપસ, નાળછેદ, પખતૂટ, બહરા અને અમંગળ(૧૨)

ચારણી સાહિત્ય એટલે ચારણ કવિઓએ જન્માવેલ સાંસ્કૃતિક પરંપરા, પરંતુ ચારણ ન હોય તેવા કવિઓએ પણ ચારણી શૈલીના સાહિત્યમાં રચના કરી છે. ચારણી સાહિત્યમાં ડીંગળીનું પ્રમાણ વધારે છે. ગુજરાતને ચારણી સાહિત્યની જન્મભૂમિ માનવામાં આવે છે. આજ તો ગુજરાત રાજસ્થાનના ચારણી સાહિત્યના કાવ્યજળ એકાકાર થઇ ગયા છે.

આમ ચારણી સાહિત્યનો ઉદ્ભવ વિક્રમની દસમી સદીનો માની શકાય.(૧૩) ચારણી સાહિત્યનો મુખ્ય રસ વીરરસ છે. વિરોપાસક શૈલીનું સાહિત્ય છે. એમાં ભાષાના વાઘા કાળાન્તરે ભાષા સાથે બદલાતા રહે પણ આત્મા એજ છે. આ સાહિત્ય એક શૈલી વિશેષનું સાહિત્ય છે. ચારણી સાહિત્ય એટલે ચારણ કવિઓએ જન્માવેલ સાંસ્કૃતિક પરંપરા.

ચારણી સાહિત્યના હસ્તપ્રત ભંડાર :

ભારત વર્ષમાં વિવિધ હસ્તપ્રત ભંડારો પ્રાપ્ત થાય છે. કોઈ સરકારશ્રીના હસ્તગત છે, તો કોઈ સમાજના છે, તો કોઈ સંસ્થાના છે. જેના પર સંશોધકો સંશોધન કરી રહ્યા છે. હસ્તપ્રતમાં સચવાય રહેલ ઈતિહાસ, સાહિત્ય, દસ્તાવેજ વગેરે સંશોધનના વિષય બન્યા છે.

ચારણી સાહિત્ય હસ્તપ્રતમાં સચવાયેલ સાહિત્ય છે. આદિકાળથી કંઠસ્થ પરમ્પરામાં સચવાયેલ સહિત્ય તે લોક સાહિત્ય અને હસ્તપ્રતમાં સચવાયેલ સાહિત્ય તે ચારણી સાહિત્ય. જોકે થોડું કંઠસ્થ પરંપરામાં પણ ચારણી સાહિત્ય સચવાયેલ મળી આવ્યું છે. ચારણી સાહિત્યની આ હસ્તપ્રતો ચારણોને ત્યાં, કેટલાક મંદિરોમાં, બારોટને ત્યાંથી પ્રાપ્ત થાય છે. આ સાહિત્ય મહત્તમ ચારણ દ્વારા રચાયેલ હોય ચારણો પાસેથી ચારણી સાહિત્યની હસ્તપ્રતો વિપુલ માત્રામાં પ્રાપ્ત થાય છે. જે સહજ છે. અહીં જ્યારે આપણે ચારણી સાહિત્યની વાત કરીએ ત્યારે તેના હસ્તપ્રત ભંડાર વિષે અવગત થવું જોઈએ. ચારણી

સાહિત્યની છૂટક હસ્તપ્રતો આજ પણ અનેક જગ્યાએથી મળી આવે છે. ચારણી સાહિત્ય ક્ષેત્રે ધૂળધોયાનું અભૂતપૂર્વ કાર્ય કરનાર રતુદાન રોહડિયા છે. તેમના અથાગ પ્રયત્ન, ચારણી સાહિત્ય પ્રત્યેની ધગશને કારણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે આજ વિશ્વનો અવલ્લ નંબરનો ચારણી સાહિત્યનો હસ્તપ્રત ભંડાર આવેલ છે. આ હસ્તપ્રત ભંડાર માટે રતુદાન રોહાડિયાએ આજથી ૫૦ વર્ષ પહેલા શરૂઆત કરી સમગ્ર ભારત વર્ષમાં ફરી ફરીને ચારણોના ઘરે જઈ, મંદિરોમાં જઈ જ્યાં જ્યાં હસ્તપ્રતો મળવાની શક્યતાઓ હોય ત્યાં જઈને ઈ.સ. ૧૯૯૭માં નિવૃત્ત થયા ત્યાં સુધીમાં ૨૨૦૦૦ ચારણી સાહિત્યની હસ્તપ્રતો એકઠી કરી. આ હસ્તપ્રતોના દાતા ચારણો, બારોટો, ક્ષત્રિયો, કોઈ મંદિર વગેરે રહ્યા છે. આ હસ્તપ્રત ભંડારને "રતુદાન રોહડિયા ચારણી સાહિત્ય હસ્તપ્રત ભંડાર" નામાભિધાન કરવામાં આવ્યું છે. રાજસ્થાનના અજમેરમાં ચારણી સાહિત્ય શોધ સંસ્થાન છે ત્યાં ચારણી સાહિત્યની ૧૫૦૦ આસપાસ હસ્તપ્રતો પ્રાપ્ત થાય છે.

ચારણી સાહિત્યનાં સર્જકો :

આપણે જોયું કે ચારણી સાહિત્ય આદિકાળથી એટલે કે નવમી-દસમી સદીથી હસ્તપ્રતોમાં મળી આવે છે. બાકી કંઠસ્થ પરંપરામાં તો કેટલાક વિદ્વાનો પાંચમી સદી સુધી ચારણી સાહિત્યને લઈ જાય છે. આમ નવમી સદીથી આજ સુધી ચારણી સાહિત્યની ધારાને વહેતી રાખનાર અનેક નામી અનામી, નાનાં-મોટા સર્જકો થયા. જેમાં ચારણી સાહિત્યની ધારા અમૃત જળની જેમ વહેતી રહી. લોક સમાજે તેમને પોષી, પ્રેરી તેમાંથી પ્રેરણાનાં પીયુષ પીધા 'ને અમર પણ થયા.

આ મહામૂલા સાહિત્યના કૃતિ અને હસ્તપ્રતના આધારે આપણને પ્રથમ સર્જક સતનાથ ભાટ મળે છે. જે દસમી સદીમાં પ્રાપ્ત થાય છે. તેમની નાગાજણ જેઠવાના માથાના દાનની કથાની હસ્તપ્રત સૌ. યુનિના 'ર. રો. ચા. સા. હ. ભં.'માં સચવાયેલ છે(૧૪). જેમાં સતનાથ ભાટ કનોજના હોવાની વિગત મળે છે. ત્યારબાદ બીજા સર્જક માવલ વરસડા છે, જે કચ્છના રા'લાખા ફૂલાણીના રાજકવિ હતા(૧૫) બાલવાણ ભાટ, આણંદ કરમાણંદ જે સોલકી યુગના ચારણ કવિ હતા. મૂળ તેઓ પાકિસ્તાનના થરપારકરના વતની હતા. તેમની અનેક કૃતિઓ, દુહાઓ સુખ્યાત છે. માણવલ્લી નામના કવયિત્રી, તેમના ૫૦ કવિત અને ૮ દુહાઓ પ્રાપ્ત થાય છે. હોલબાઈ ઉધાસ, વાંકાનેર તાલુકાના હોલમઢ – જાલસીકા ગામના આ કવયિત્રી લોકદેવી તરીકે પણ પૂજાય છે. લુણપાળ મહેડું જેમણે ઢોલા મારુની સુખ્યાત કથા રચી છે. વિઝાણંદ ભાચળીયો(૧૬), શેણી વિઝાણંદની કથાનું પાત્ર. આ પ્રાચીન યુગનાં ચારણી સાહિત્યના સર્જકોની યાદી માંથી થોડાજ નામોલ્લેખ છે.

મધ્યયુગીન સર્જકોએ ચારણી સાહિત્યનાં આ પ્રવાહને વધારે તેજસ્વી અને મોટા પટમાં વહેવડાવ્યો મતલબ કે પ્રાચીન યુગ કરતા મધ્યયુગમાં ચારણી સાહિત્યના સર્જકો વધુ થયા છે, પ્રાપ્ત થાય છે. જેમકે લુપા રોહડિયા, આશાજી રોહડિયા લક્ષ્મણજીના અનન્ય ભક્ત, ઇસરદાસજી રોહડિયા તેઓ જામનગર રાજ્યના રાજકવિ હતા. તેમની ૪૦ આસપાસ કૃતિઓ પ્રાપ્ત થાય છે. જેમકે હરિરસ, દેવીયાણ, નિંદાસ્તુતિ, હાલા ઝાલા રા' કુંડળિયા વગેરે. માંડણ વરસડા, હરદાસ મિશણ તેઓ ચારણી આખ્યાનના જનક છે.. ભૃંગી પુરાણ, જાલંધર પુરાણ, સભાપર્વ જેવી કૃતિના સર્જક છે. સાંયાજી ઝૂલા ઈડરના રાજકવિ હતા. સુજા દેથા કચ્છના રાજકવિ હતા. ઘેલા ખડિયા. ગોદડ મહેડુ તેમની ૩૦ આસપાસ રચનાઓ પ્રાપ્ત થાય છે. પ્રતાપ વાચા છોટા ઉદેપુરના રાજકવિ હતા. અમરસંગ બારોટ.

કરસનદાસ બાલિયા તેમની ૧૦ જેટલી કૃતિઓ પ્રાપ્ત થાય છે. જેઠાભાઈ ઉધાસ પોરબંદરના રાજકવિ હતા, તેમની ૧૨ જેટલી કૃતિઓ પ્રાપ્ત થાય છે. રામચંદ્ર મોડ તેમની ૧૪ રચનાઓ મળી આવે છે. લાંગીદાસ મહેડુ તેમના ૫ સુખ્યાત ગ્રંથો પ્રાપ્ત થાય છે. ઓખાહરણ, સત સ્મરણ, વગેરે. કાનદાસ મહેડું સ્વતંત્ર સેનાની હતા. ભારતીયોમાં પોતાની કાવ્ય બાનીથી અંગ્રેજો વિરુદ્ધ જોમ જુસ્સો પૂરનાર કવિ. એમની ૧૫ આસપાસ રચનાઓ મળી આવે છે(૧૭). આ થયા મધ્યયુગીન સર્જકો જેમની રચનાઓ હસ્તપ્રતોમાં સચવાયેલ છે.

આધુનિક યુગનું ચારણી સાહિત્ય વાંઝિયું નથી. મધ્યયુગની જેમ જ આજનું ચારણી સાહિત્ય એટલું જ બળુકું છે. જેના સર્જકો પદ્મશ્રી દુલા ભાયા કાગ, પીંગળશીભાઈ નરેલા, મેરુભા લીલા, પીંગળશીભાઈ પાયક, પાલરવ પાલીયા, કવિ દાદ, આપાભાઈ બળદા, ભગુભાઈ રોહડિયા, તખતદાન રોહડિયા, ભરત કવિ, પ્રદીપભાઈ ઈશ્રાણી, જોગીદાન ગઢવી વગેરે છે.

આમ ચારણી સાહિત્યના આ સર્જકોની માત્ર નદીમાંથી આચમન જેટલી ટૂંકી યાદી છે. ઉપરોક્ત સર્વે અને અન્ય કવિઓના ગુણવત્તા સભર સર્જનથી ચારણી સાહિત્ય આજ પણ એટલું જ પ્રસ્તુત છે. લોક સમાજમાં, લોક હૃદયમાં સ્થાન પામી શક્યું છે. આ સાહિત્ય પોતાની બળુકી વાણીથી રાજ દરબારથી લોક ડાયરા સુધી સહુને પોષતું, પ્રેરતું આવ્યું છે.

ચારણી સાહિત્યમાં વિષય વૈવિધ્ય :

ચારણી સાહિત્યના વિષય સંદર્ભે વિવિધ હસ્તપ્રતોમાંથી અઢળક કૃત્તિઓ મળી આવે છે. જેમાં વિષયનું વૈવિધ્ય વિપુલ માત્રામાં છે. ચારણી સાહિત્યની વિશાળતા અને વૈવિધ્ય પૂર્ણતાના જ્ઞાનની પરખ તેના વિષય વૈવિધ્ય વડે થઈ શકે. ઈતિહાસ તો ચારણી સાહિત્યમાં ભરપૂર માત્રામાં મળી આવે છે. સાથે સાથે અન્ય વિષયો પણ ચારણી સાહિત્યમાં જોવા મળે છે. ગુણવત્તા અને સમૃદ્ધિ બંનેમાં ગુજરાતી સાહિત્યથી જરા પણ ઊતરતું જણાતું નથી. આમ ચારણી સાહિત્યએ ગુજરાતને ગુજરાતના સાહિત્યને પોતાના પ્રદાન વડે ગૌરવવંતુ બનાવ્યું છે.

ચારણી સાહિત્યમાં વિષય વૈવિધ્ય વિપુલ પ્રમાણમાં જોવા મળે છે જે આ મુજબ છે. (૧) દેવી ભક્તિ : દેવિયાણ, શક્તિ દેશાટણ, દેવી સ્તુતિ વગેરે. (૨) કૃષ્ણ ભક્તિ : હરિરસ, નાગદમણ, વગેરે, (૩) રામ ભક્તિ : વિપુલ માત્રામાં રામ વિષયક ગીતો હસ્તપ્રતોમાં સચવાયેલ છે. (૪) શિવ ભક્તિ : હરરસ, ભીમનાથ સ્તવન વગેરે. (૫) ગ્રામ દેવતા સ્તવન : રામદેવ પીર, પાબુજી, હનુમાન, સતીઓ, ખોડિયાર, બહુચરાજી, આવળ, ખેતરપાળ, સૂર્ય વગેરે વિષયક રચનાઓ મળે છે. (૬) ઐતિહાસિક : વખત બલંદ, રાજ સગણ, વિભા વિલાસ વગેરે. (૭) પૌરાણિક : બ્રહ્મવેલી, બાળલીલા, અંગદ વિષ્ટિ, રાધા નિશાણી, છાંયા ભગવત વગેરે (૮) આધ્યાત્મિક રચનાઓ : ગુણ નિરંજન પુરાણ, સત સ્મરણ વગેરે. (૯) જ્યોતિષ : જ્યોતિષ જાદવ, ગણ સામુદ્રીકાંગ વગેરે. (૧૦) છંદ શાસ્ત્ર : રૂપક રાઉ ચંદ્રશેણ રા, લખપત પિંગળ, હરીજાશ પિંગળ વગેરે. (૧૧) શબ્દ કોશ : હરીજસ નામમાળા, અભિધાન કોશ(૧૮) વગેરે.

અહીં જાણકારી માટે થોડા નામોનો ઉલ્લેખ કરેલ છે. "ર. રો. ચા. સા. હ. ભં."માં રહેલી હસ્તપ્રતોના વિષય અંગે "ચારણી સાહિત્ય પ્રદીપ" ભા. ૧ -૨, સં. રતુદાન રોહડિયા. જોઈ જવા વિનંતી. આમ ચારણી સાહિત્યમાં ઉપરોક્ત વિષય સાથે આશ્રય દાતાની બિરદાવલી, પ્રેમનાં વાર્તા પ્રબંધો, અસ્ત્ર-

 ISBN : 978-81-938282-0-5

શસ્ત્રના વર્ણનો, મરશિયા, મુક્તક, ઊર્મિ કાવ્ય, દુષ્કાળ-તીડ-રેલના વર્ણનો, પ્રકૃતિ વર્ણનો, તિથિ કાવ્યો, વાર અને પહોરના દુહાઓ આ બધું વિષય તરીકે આવે છે.

એમ કહી શકાય કે ચારણી સાહિત્યના સર્જકો સદા જાગ્રત રહ્યા છે. વાસ્તવમાં ચારણી સાહિત્ય એ જીવન નિષ્ઠ સહિત્ય છે. જીવનના વાસ્ત્વિક રંગો, વીરો અને વીરાંગનાની વીરતા, સંસાર વહેવારના ડહાપણ વગેરેને ચારણી સાહિત્યએ ઝીલ્યા છે. આમ વિષયના સંદર્ભમાં ચારણી સાહિત્ય ભર્યુંભાદર્યું છે.

**ઉપસંહાર** :

ચારણી સાહિત્યની હસ્તપ્રતોમાં સચવાયેલ આ સાંસ્કૃતિક ધરોહર ભારતનું અમૂલખ આભરણ છે. સંસ્કાર અને સાંસ્કૃતિક સંદર્ભમાં ચારણી સાહિત્યની હસ્તપ્રતો આજ પણ સંશોધકોની રાહ જુએ છે. અનેક શોધાર્થીએ "ર. રો. ચા. સા. હ. ભં." ના આધારે પોતાની એમ.ફિલ. અને પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. ગુજરાત રાજસ્થાનના ઈતિહાસ અને સંસ્કૃતિને તપાસવા ચારણી સાહિત્યની હસ્તપ્રતોને મૂલવવાથી આપણે ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યિક પરંપરાનું ગૌરવ લઈ શકીએ.

સંદર્ભ યાદી :

(૧) રૂબરૂ મુલાકાત, કિકાણી ભૂપતભાઈ એફ., જેતપુર, તા. ૨૫/૯/૨૦૧૭.

(૨) રતુદાન રોહડિયાની અંગત નોંધપોથીમાંથી.

(૩) ટેલિફોનિક ચર્ચા, શ્રી યશવંત ભાઈ લાંબા, જાંબુડા, તા. ૨૬/૯/૨૦૧૭

(૪) પુ. આઇશ્રી સોનબાઈમા સ્મારક ગ્રંથ પુષ્પ, પૃ. ૬.

(૫) ભગવદ્ ગોમંડળ, ઠા, શ્રી ભગવત સિંહજી, પૃ. ૩૧-૩૭.

(૬) એજન

(૭) અતીતની આંખે, મોહનપુરી ગોસ્વામી, પૃ. ૧૩૧-૧૩૨.

(૮) ચારણો અને ચારણી સાહિત્ય, ઝવેરચંદ મેઘાણી, પૃ. ૨૦.

(૯) ચારણ જાતિની શાખા પ્રશાખા, પિંગળશીભાઈ પાયક, પૃ. ૧૨૦.

(૧૦) ચારણી સાહિત્ય : સૌંદર્ય અને સત્વ, રતુદાન રોહડિયા, પૃ. ૯.

(૧૧) ગુજરાતના ચારણી સાહિત્યનો ઈતિહાસ, રતુદાન રોહડિયા, પૃ. ૨૦.

(૧૨) એજન પૃ. ૨૩.

(૧૩) સાહિત્યાભિમુખ, ડૉ. અંબાદાન રોહડિયા.પૃ. ૭.

(૧૪) સૌ. યુનિ. ર.રો.ચા.સા.હ.ભં., ચોપડાનં. ૧૧, હસ્તપ્રત નં.૩૮૧.

(૧૫) કચ્છ દર્શન, શંભુદાન ગઢવી, પ્રથમ આવૃત્તિ-૧૯૭૮, પૃ. ૨.

(૧૬) ગુજરાતના ચારણી સાહિત્યનો ઇતિહાસ, રતુદાન રોહડિયા, પૃ. ૪૫-૯૦.

(૧૭) એજન પૃ. ૨૩૧ -૩૯૯.

(૧૮) એજન પૃ. ૨૩૧ – ૩૯૯.

 ISBN : 978-81-938282-0-5

# "સાહિત્ય, સંસ્કૃતિ અને અભિનયકલાનો પારસ્પરિક સંબંધ "
## (નાટ્યકલાના વિશેષ સંદર્ભે)

**ડૉ. રાજેશ્વરી પટેલ**
**આસિ. પ્રોફેસર, અનુસ્નાતક ગુજરાતી વિભાગ,**
**સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.**

સાહિત્ય સ્વયં એક કલા છે. સાહિત્ય આપણા માનસપટ પર સાદ્યંત જીવંત દૃશ્યોની હારમાળા રચી સમગ્ર કથાનકને સાદૃશ્ય બનાવે છે. ભારતીય સંસ્કૃતિની ધરોહરને આદિકાળથી આજ સુધી જાળવી રાખવા, વિકસાવવા, ભિન્ન સંસ્કૃતિને પોતાનામાં સમાવીને અનન્ય ઓળખ બનાવી રાખવામાં સૌથી મોટી ભૂમિકા સાહિત્યની રહેલી છે. વેદ, પુરાણ, ઉપનિષદ, મહાકાવ્ય- જેવા પુરાકાલીન સાહિત્યના કારણે પ્રાચીન સંસ્કૃતિથી આપણે જોડાયેલા રહ્યાં છીએ.

આદિ કવિ વાલ્મીકિએ રઘુકુળની નીતિ-રીતિ, પરંપરા, ધર્માચરણ, અનિષ્ટનાશ, પ્રજાકલ્યાણ, આજ્ઞાપાલન, ભાર્તૃપ્રેમ, માનવપ્રેમની ભારતીય માનવ સંસ્કૃતિને 'રામાયણ' મહાકાવ્યમાં કંડારીને, સમયના અનંતપટ પર એને જીવંત કરી દીધી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ- જીવનના ચાર સ્તંભને 'મહાભારત'માં આલેખી મહર્ષિ વેદવ્યાસે જીવન સમગ્રનું પરિપૂર્ણ વિસ્તૃત નિરૂપણ કર્યું છે. આ બંને મહાકાવ્યો વિશ્વ સાહિત્ય અને સંસ્કૃતિમાં ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ બની રહ્યાં છે. 'મહાભારત' એ ભારતીય જીવન અને સંસ્કૃતિની ગતિવિધિનો જીવંત દસ્તાવેજ છે. સાહિત્યના શબ્દ- કથાનક, ભાવોર્મિને રંગમંચ પર જીવંત કરે છે- અભિનયકલા (Performing Arts).

નૃત્ય, નાટક, સંગીત અને અન્ય પ્રસ્તુતિકરણની કલાઓ પોતાની સંસ્કૃતિને પ્રસ્તુત કરે છે. દૃશ્ય-શ્રાવ્યકલાની જીવંત પ્રસ્તુતિ એ મનોરંજનનું એક સ્વરૂપ છે. જે વિશ્વ સંસ્કૃતિનું આગવું પરિચાયક બની ગયું છે. આ ક્ષેત્રમાં audio- video recording technology-નો વિકાસ થતાં એ માનવજીવનનું મહત્ત્વપૂર્ણ અને અભિન્ન અંગ બની ગયું છે.

નૃત્યકલામાં આંગિક અભિનયનું પ્રાધાન્ય રહે છે. અંગલીલા- અંગમુદ્રા કાવ્યના અર્થ અને સૌંદર્યને પ્રગટ કરે છે. નૃત્યપ્રસ્તુતિમાં વાચિક અભિનય ગાન રૂપે પ્રયોજાય છે. ગીતને સંગીતકાર સ્વરનિયોજન કરી, કાવ્યભાવને આરોહ-અવરોહ બક્ષે છે. સાહિત્ય, સંગીત અને નૃત્યની સંગતિ રચાય છે. ભરતનાટ્યમ, કુચીપુડી, કથકલી, ઓડિસી, ભાંગડા કે રાસ-ગરબા – જે નૃત્યના માધ્યમે ભાવોર્મિ કે કથાનકને રજૂ કરે છે. નૃત્ય એ દરેક પ્રદેશની સંસ્કૃતિની આગવી ઓળખ છે.

નૃત્ય-નાટ્ય, ગીતિનાટ્ય કે પદ્યનાટ્ય એ સાહિત્ય, નૃત્ય, સંગીત અને નાટકનો અનેરો સમન્વય છે. બધી કલાઓ મળીને નવ્ય કલારૂપ પ્રગટ કરે છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને ગુજરાતી સાહિત્યમાં ઉમાશંકર જોશી જેવા મૂર્ધન્ય કવિઓએ આ સ્વરૂપમાં રચના કરી છે. નૃત્યનાટ્યમાં કોઈ કથાનકની પ્રસ્તુતિ નૃત્યસદૃશ ભાવભંગિયુક્ત, તાલ-લયાશ્રિત, રીતિબદ્ધ અંગસંચાલન થતા હોય છે. પશ્ચિમમાં બેલે કે ઓપેરા આ પ્રકારના સ્વરૂપો જોવા મળે છે. શેક્સપિયરે પણ એમની ટ્રેજેડી રચનાઓમાં સંગીત-નાટ્ય પ્રયોજ્યા છે. પ્રાચીન સંસ્કૃતમાં નૃત્ય-નાટ્ય (Dance-Drama) સ્વરૂપ જોવા મળે છે. સાંપ્રત

સમયમાં ફિલ્મ અભિનેત્રી હેમા માલિની આ નૃત્ય-નાટ્યના પ્રયોગો બખૂબી ભજવે છે. મહિષાસુરમર્દિની કે કૃષ્ણલીલાની કથાભૂમિ પર તેઓ આ કલા પ્રસ્તુત કરે છે.

નાટ્યકલાનું પ્રાચીનરૂપ સંસ્કૃતકાળમાં જોવા મળે છે. આ સમયમાં નાટ્ય સ્વરૂપ ખૂબ વિકસિત બન્યું. પ્રાચીનવિશ્વમાં અભિનયકલાને નિરૂપતો સૌથી મોટો આધારભૂત ગ્રંથ છે-ભરતમુનિનું 'નાટ્યશાસ્ત્ર'. રંગમંચની કલાને સંપૂર્ણ અને વિષદ રૂપે નિરૂપતો વિશ્વનો અનન્ય ગ્રંથ. જેને નાટ્યવેદ તરીકે ઓળખવામાં આવે છે. ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં અભિનયની પરિભાષા 'નિ' –તરફ દોરી જવું , સન્મુખ લાવવું, મુખ્ય અર્થ તરફ પ્રસ્તુતિકરણથી લઈ જવું- એવો થાય છે. ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયમાં કહ્યું છે કે, એવું કોઈ શાસ્ત્ર નથી, એવું કોઈ શિલ્પ નથી, વિદ્યા, કલા, યોગ કે કર્મ નથી, જે નાટકમાં ન હોય. લોક સ્વભાવ અને જીવનના સુખ-દુ:ખમાંથી જાગતી સંવેદનાનો સમન્વય છે- નાટક.

ન તજ્જ્ઞાનમ્ ન તચ્છિલ્પમ્ ન સા વિદ્યા ન સા કલા ।
નાસૌ યોગો ન તત્કર્મ નાટ્યેડસ્મિન્ યન્ન દૃશ્યતે ।। 1- 115 ।। 1
યોડયમ્ સ્વભાવો લોકસ્ય સુખદુ:ખસમન્વિત: ।
સોડગ઼દ્યભિનયોપેતો નાટ્યમિત્યભિધીયતે ।। 1- 116 ।। 2

નાટક દ્દશ્ય- શ્રાવ્ય કલા છે, તેથી અભિનય તેનું મુખ્ય અંગ છે. નટ પોતાની વાણી અને અંગલીલા, વેશભૂષા, રંગભૂષા, સંન્નિવેશ, પ્રકાશ આયોજનથી તેમજ વાદ્ય-કંઠ્ય સંગીતના સહયોગથી લિખિત પ્રતને દર્શકો સમક્ષ તાદૃશ કરે છે અને Feeling of character – નટની પાત્રમાં માનસ પ્રવેશ કરવાની કળા, સાહિત્યને રંગભૂમિ પર પૂર્ણત: જીવંત કરે છે.

જશવંત શેખડીવાળા 'બૃહદ નાટ્યલોક'માં કહે છે કે, "જીવન અને જગતનું તે દર્પણ છે; તેમ જીવન અને જગતના નવીન રૂપોનું તેમાં દર્શન થાય છે. સર્જક પક્ષે નાટક, અન્ય સાહિત્ય સ્વરૂપોની અપેક્ષાએ, વિશેષ કલાસાધ્ય કલાપ્રકાર હોવાં છતાં ભાવકપક્ષે આનંદપ્રાપ્તિનું સૌથી સુલભ સુગમ અને સચોટ સાધન છે. તેમાં કથા અને અભિનય નૃત્ય સંગીત ચિત્ર સ્થાપત્ય આદિ વિભિન્ન કલાઓનો વિનિયોગ સહજ સ્વાભાવિક રીતે સધાય છે. તે સમૂહજન્ય તેમ સમૂહભોગ્ય કલાકૃતિ છે."3

ભારતીય સાહિત્યના મહાન કવિ કાલિદાસે 'કાવ્યેશુ નાટકમ્ રમ્ય' કહ્યું છે. 'અભિજ્ઞાનશાકુન્તલ', 'વિક્રમોર્વશીય' અને 'માલવિકાગ્નિમિત્ર' જેવા પ્રખ્યાત નાટકોની ભેટ એમણે આપી છે. નાટક જનસંસ્કૃતિ- જનજીવન અને સંવેદનાઓ સાથે ગાઢપણે જોડાયેલું સ્વરૂપ છે. સંસ્કૃતકાળના નાટકો મોટાભાગે પુરાણ- મહાકાવ્યોના રાજવંશોના કથાનકો-પાત્રોની પટભૂમિ પર રચાયેલા જોવા મળે છે.

મહાભારતના આદિપર્વમાં આવતા એક નાનકડા પ્રસંગને લઈ રવીન્દ્રનાથ ટાગોર 'ચિત્રાંગદા' ગીતિનાટ્ય લખે છે. પુત્રીરૂપે જન્મેલી ચિત્રાંગદા યુવરાજની માફક યુદ્ધકૌશલ્ય શીખે છે અને પુત્ર સમાન જીવન જીવી રહી છીએ. એ પોતે પુરુષ હોવાનું જ માનતી રહી છે. પરંતુ અર્જુનની પ્રથમ નજરનો સંસ્પર્શ એને એના નારીરૂપનું તીવ્ર અભિજ્ઞાન કરાવે છે. ચિત્રાંગદા- નાટ્યથી રવીન્દ્રનાથે નારીના મનોભાવોની સુંદર અભિવ્યક્તિ કરી છે. આ નૃત્યનાટ્યને ભરતનાટ્યમ્, મણિપુરી, કથકલી જેવા ભારતીય પરંપરિત ક્લાસિકલ નૃત્યના માધ્યમે રંગમંચ પર રજૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત

રવીન્દ્રનાથ ટાગોરે 'શ્યામા', 'ચંડાલિકા', 'વાલ્મીકિ પ્રતિભા', 'માયાર ખેલા', 'વિદાય અભિશાપ' જેવા નાટકોમાં પૌરાણિક અને બૌદ્ધકાલીન કથાનકની પદ્દભૂમિ પર શાશ્વત માનવ સંવેદનોને અભિવ્યક્ત કર્યા છે.

"શ્રી ગિરીશ કર્નાડ રંગભૂમિ પરનો જીવતોજાગતો માણસ છે. અર્વાચીન સંવેદનાને વ્યક્ત કરતા તેમનાં ત્રણ નાટકો- 'યયાતિ' 'તઘલખ' અને 'હયવદન'- એમાંના નૂતન અભિગમ અને રંગમંચીય સૂઝને કારણે આપણું ખાસ ધ્યાન ખેંચે છે."4 તેમજ 'અગ્નિ અને વરસાદ' જેવા ગિરીશ કર્નાડના નાટકો ભારતીય રંગભૂમિ નવી દિશા પૂરી પાડે છે. તો હિન્દી સાહિત્યના સુખ્યાત નાટ્યકાર મોહન રાકેશ કાલિદાસના જીવન સાથે જોડાયેલા કથાનક પરથી 'આષાઢ કા એક દિન' અને બુદ્ધકથા પરથી 'લહેરોં કે રાજહંસ' જેવા નાટકો લખે છે. 'અંધાયુગ' ધર્મવીર ભારતી, 'હસ્તિનાપુર' નંદકિશોર આચાર્ય, 'કોમલગાંધાર' અને 'એક ઔર દ્રોણાચાર્ય' શંકર શેષ, , 'માધવી' ભીષ્મ સાહની, 'કૌંતેય' વિ. વા. શિરવાડકર, 'તપસ્વી અને તરંગિણી' બુદ્ધદેવ બસુ વગેરે ભારતીય ભાષાના સર્જકોએ ભારતીય પૌરાણિક, બૌદ્ધકાલીન, ઐતિહાસિક અને સાંપ્રતકાલીન સંસ્કૃતિને અભિનય કલાના માધ્યમે પ્રસ્તુત કરી છે.

ગુજરાતી સાહિત્યમાં મધ્યકાલીનયુગમાં આખ્યાન પ્રસ્તુતિકરણનું ઉત્તમ માધ્યમ બની રહ્યું. પ્રેમાનંદ સમા રસકવિઓએ 'કુંવરબાઈનું મામેરું' આખ્યાન દ્વારા આપણા સમાજ, સંસ્કૃતિ, રીતરિવાજ, પરંપરા, લોક વ્યવહારને સુપેરે પ્રગટ કર્યાં છે. ગુજરાતી રંગભૂમિ અર્વાચીન અને આધુનિકયુગમાં પશ્ચિમી અને ભારતીય સંસ્કાર સાથે વિકસતી રહી. ઉમાશંકર જોશી, કનૈયાલાલ મુનશી, ચં.ચી. મહેતા, લાભશંકર ઠાકર, ચિનુ મોદી, મધુ રાય, હસમુખ બારાડી, સતીશ વ્યાસ જેવા નાટ્યકારના નાટકો દ્વારા રંગભૂમિ જીવંત બની રહી છે.

"All the world's a stage, and all the men and women merely players. They have their exits and their entrances; and one man in his time plays many parts." શેક્સપિયર તો આખા વિશ્વને જ રંગભૂમિ કહી આ વિધાન કરે છે. અભિનય કલા સમાજ અને સંસ્કૃતિનું પ્રતિરૂપ પ્રગટ કરે છે. નાટકો એ આપણી સંસ્કૃતિનું દર્પણ છે. એ પ્રતિઘોષ કરે છે આપણી જીવન રીતિનો, કલા અને સંસ્કૃતિનો. નાટક એ નૃત્ય, સંગીત, ભાષા- સાહિત્ય, વેશભૂષા, વાતાવરણ, જનસાધારણથી માંડી વ્યક્તિ વિશેષ, આંતરસંવેદનો, રાગ-વિરાગ, રંગ-રૂપ, રસ-ભાવ સર્વને પોતાનામાં સંમ્મિલિત કરી નવ્યરૂપે પ્રગટ કરે છે.

**સંદર્ભસૂચિ** :

1. નાટ્યશાસ્ત્ર, ભરતમુનિ, ઈ-બુક(દેવનાગરી લિપિ), અધ્યાય-1, શ્લોક- 115.
2. નાટ્યશાસ્ત્ર, ભરતમુનિ, ઈ-બુક(દેવનાગરી લિપિ), અધ્યાય-1, શ્લોક- 115.
3. બૃહદ નાટ્યલોક, જશવંત શેખડીવાળા, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન- અમદાવાદ, 2009. પૃ.1
4. રંગભૂમિ કૅનવાસે, લવકુમાર મ. દેસાઈ, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન- અમદાવાદ, 1998. પૃ. 151

**સંદર્ભગ્રંથ સૂચિ** :

1. ગુજરાતી થિયેટરનો ઇતિહાસ, હસમુખ બારાડી, પ્ર. નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા, નવી દિલ્હી, પ્ર. આ. 1997.

2. ગુજરાતી નાટ્યસાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ, ડૉ. મહેશ ચોક્સી, પ્ર. ગુજરાત સંગીત-નાટક અકાદમી, પ્ર. આ. 1965.
3. બૃહદ નાટ્યલોક, ડૉ. મહેશ ચોક્સી, પ્ર. ગુજરાત સંગીત-નાટક અકાદમી, પ્ર. આ. 1965.
4. બૃહદ નાટ્યલોક, જશવંત શેખડીવાળા, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન- અમદાવાદ, પ્ર. આ. 2009.
5. રંગભૂમિ કૅનવાસે, લવકુમાર મ. દેસાઈ, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન- અમદાવાદ, પ્ર. આ. 1998.
6. રંગવિહાર, કૃષ્ણવીર દીક્ષિત, પ્ર, રન્નાદે પ્રકાશન- અમદાવાદ, પ્ર. આ. 1989.
7. રંગદ્વાર, ડૉ. મહેશ ચંપકલાલ, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન- અમદાવાદ, પ્ર. આ. 2002.
8. રંગશીર્ષ, ડૉ. મહેશ ચંપકલાલ, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન- અમદાવાદ, પ્ર. આ. 2009.
9. રંગમંચનો રોમાંચ, દેવેન શાહ , પ્ર. સ્વપ્રકાશિત, પ્ર. આ. 1999.
10. રૂપક્તિ, ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા, ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા ટ્રસ્ટ- અમદાવાદ, બીજી આ. 2004.
11. નાટકમાં મિથ:, ધ્વનિલ પારેખ, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન- અમદાવાદ, પ્ર. આ. 2007.
12. ભરત નાટ્યશાસ્ત્ર : અભિનય, ડૉ. મહેશ ચંપકલાલ, પ્ર. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય - અમદાવાદ, પ્ર. આ. 1994.

# અર્થશાસ્ત્રના સાહિત્યમાં ગાંધીજીના વિચારો

**ડૉ. પ્રભાવંતી જી. શેરઠીયા**

**શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ**

**એમ.એચ. ગુરુ કોમર્સ કોલેજ, ઉંઝા**

**અર્થશાત્ર વિભાગ**

સૌરાષ્ટ્રના પોરબંદરમાં જન્મેલા મોહનદાસ કરમચંદ ગાંધી કે જેઓ "મહાત્મા ગાંધી " નામની વ્યક્તિ તરીકે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં મોખરાનું સ્થાન ધરાવે છે. કારણ કે તેમનાં વિચારો રાજકીય, સામાજિક, ધાર્મિક, નૈતિક, સાંસ્કૃતિક, સાહિત્ય જેવાં ક્ષેત્રો પૂરતાં સીમિત ન રહેતા, તેમનાં વિચારોનું અર્થશાસ્ત્રનાં સાહિત્યમાં પણ ખૂબ મોટું પ્રદાન છે. તેમણે વિશ્વ સામે એક નવું અહિંસા અને સત્ય નામનું શસ્ત્ર મૂક્યું અને તેનાં દ્વારા ભારતીય અર્થતંત્રને ગાંધીજીએ બ્રિટિશ શાસનની ગુલામી અને શોષણમાંથી મુક્તિ અપાવી. તેમને સ્વતંત્ર ભારતનાં " રાષ્ટ્રપિતા" તરીકેનું બિરૂદ પ્રાપ્ત થયેલ છે.

ગાંધીજીનાં વિચારોનો પ્રભાવ 1920 થી 1948 સુધી એવો હતો કે તે સમયને કેટલાક વિદ્વાનો "ગાંધીયુગ" કહે છે, તો અર્થશાસ્ત્રનાં સાહિત્યમાં કેટલાક વિદ્વાનો તેને "ગાંધીવાદ" તરીકે ઓળખાવે છે, પરંતુ તેઓ પશ્ચિમનાં અર્થશાસ્ત્રીઓની જેમ કોઈ અર્થશાસ્ત્રી ન હતા. તેઓ ખુદ કહેતા કે, " મારા વિચારો માત્ર અહિંસા અને સત્યનાં પ્રયોગોમાંથી તેમજ સ્વાતંત્ર્ય ચળવળનાં કાર્યક્રમમાંથી ફલિત થતાં પરિણામો માત્ર છે. જે કોઈ નવા આર્થિક નિયમો નથી પરંતુ ગુલામ પ્રજાને સ્વતંત્ર કરીને તેનું કલ્યાણ કરવાનો એટલે કે ઉત્ત્થાન  કરવાનો વ્યવહારું કાર્યક્રમ છે." માટે તેને કોઈ  "વાદ કે નીતિ" કહેવાને બદલે "ગાંધીવાદી આર્થિક દૃષ્ટિકોણ" એમ કહેવાનું વધુ યોગ્ય ગણી શકાય.

ગાંધીજીને અંગ્રેજ, રશિયન અને ભારતીય જુદા જુદા ધર્મગ્રંથો અને ધર્મગુરૂઓનાં જીવનમાંથી અને વિચારોમાંથી આર્થિક વિચારો સાંપડ્યા હતાં, તેનાં જીવનમાં તેઓ રસ્કિનનું પુસ્તક Unto this Last થી ખૂબ આકર્ષાયા હતાં તેમ છતાં તેમનાં વિચારોમાં અસંખ્ય વિદ્વાનોની અસર થયેલ છે. છતાં પણ તેઓ મૌલિક ચિંતનકાર અને તેને અમલમાં મૂકનાર પ્રયોગવીર હતાં.

આપણે સૌ જાણીએ છીએ કે પ્રાચીન ભારતમાં કોઈ પ્રશ્નો ન હતાં પરંતુ અંગ્રેજોનાં આગમન પછી મુશ્કેલીઓની શરૂઆત થઈ અને સમય જતાં ભારત દેશ અંગ્રેજોનાં શાસનકાળ દરમિયાન બરબાદી તરફ પ્રયાણ કરતો ગયો, જેમાં મુખ્યત્વે દેશનાં આર્થિક જીવનમાં અનેક પરિવર્તનો આવ્યા. ગ્રામીણ ઉદ્યોગો તૂટવા લાગ્યા તેનાં મુખ્ય કારણોમાં પશ્ચિમનાં યંત્ર ઉદ્યોગની હરીફાઈ, મુક્તવ્યાપારની નીતિ, મધ્યસ્થીઓનો ઉદ્ભવ  અને કાચા માલની નિકાસ વગેરે હતાં. જેનાં પરિણામે દેશમાં મોટા પાયામાં કારીગરો બેકાર થયાં તેમની ખરીદ શક્તિ ઘટી અને ખેતી પર દબાણ વધ્યું જેનું પરિણામ એ આવ્યું કે ખેડૂત વધુ ગરીબ બન્યો અને તેનાં પર દેવાનો બોજો વધી ગયો. આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થયું પરિણામે ધનિકો દ્વારા ગરીબોનું શોષણ કરવાનો છૂટો દોર મળી ગયો.

આમ ગાંધીજીએ જ્યારે સ્વાતંત્ર્યની ચળવળ શરૂ કરી ત્યારે ગરીબી, ભૂખમરો, બેકારી, આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ, અસમાનતા વગેરે મુખ્ય સમસ્યાઓ દેશમાં પ્રવર્તતી હતી. જેમાંથી ભારતીય અર્થતંત્રને બહાર કાઢવા માટે ગાંધીજીએ અપનાવેલ માર્ગ માટે તેમનાં આર્થિક વિચારોનો ઇતિહાસ મહત્ત્વનો સાબિત થયેલ છે.

**ગાંધીજીનાં આર્થિક વિચારોઃ-**

ગાંધીજીને નેતા તરીકે સૌ કોઈ જાણે જ છે પરંતુ તેમનું અર્થશાસ્ત્રનાં સાહિત્યમાં પણ ખૂબ મોટું પ્રદાન છે. ભલે તે કોઈ અર્થશાસ્ત્રી ન હતાં તેથી તેને અર્થશાસ્ત્રનું કોઈ સળંગ પુસ્તક લખ્યું નથી. તેમનાં આર્થિક વિચારો ક્રમબદ્ધ સ્વરૂપે મળતાં નથી. તેમ છતાં તે એક મૌલિક વિચારસરણી છે. માટે તે આર્થિક સિદ્ધાંતોનું તર્કબદ્ધ માળખું ન હોય તો પણ વિશિષ્ટ પરિસ્થિતમાં સમસ્યાઓનો ઉકેલ છે. તેમનાં વિચારોમાં કેટલીક પાયાની ધારણાઓ રહેલી છે. પટ્ટાભી સીતારામૈયાના શબ્દોમાં " તે જીવનનાં કેટલાંક પ્રશ્નો પ્રત્યેનો નવો દૃષ્ટિકોણ અને અભિગમ છે. આધુનિક સમસ્યાઓનું નવુ નિરાકરણ છે."

ગાંધીજીએ અર્થતંત્ર માટે કેટલીક ધારણાઓ કરેલી છે, જે અન્ય વિચારધારાઓથી જુદી પડે છે. આ ધારણાઓને આધારે ગાંધીજીએ નવી અને આદર્શ સમાજ વ્યવસ્થા માટે જે આર્થિક વિચારો આપ્યા છે. જેમાનાં મુખ્ય વિચારો નીચે પ્રમાણે છે.

**(1) કલ્યાણલક્ષી અભિગમ:**

ગાંધીજીનાં વિચારોમાં સંપત્તિ કરતાં વ્યક્તિનું સ્થાન મહત્ત્વનું છે. ગાધીજીનાં મતે બધી અર્થવ્યવસ્થામાં માનવ મૂલ્યોનો ખ્યાલ સમાયેલો હોય છે પરંતુ તે વાસ્તવિક રીતે શક્ય બનતો નથી. કારણ કે વ્યક્તિઓ વચ્ચેનાં સબંધનો પાયો માત્ર પ્રેમ અને સદ્દભાવના પર હોતો નથી. આર્થિક સંબંધો સ્વાર્થ કે ધન પ્રાપ્તિ પૂરતાં મર્યાદિત હોવા જોઈએ નહીં. ગાંધીજીનાં શબ્દોમાં "રાષ્ટ્રની સાચી સંપત્તિ ભવ્ય મકાનો અને મોટા કારખાનાં નથી પરંતુ પ્રામાણિક, સુસંસ્કૃત અને નિઃસ્વાર્થી વ્યક્તિઓ છે." ગાંધીજી કહે છે કે " જે અર્થશાસ્ત્ર નૈતિક અને ભાવાત્મક મૂલ્યની ઉપેક્ષા કરે છે તે મધપૂડા જેવું છે. તેમાં જીવન હોવા છતાં જીવંતાનો અભાવ લાગે છે. " તેમનાં મતે સાચું અર્થશાસ્ત્ર કદી નૈતિક ધોરણોથી વિરુદ્ધ હોય શકે નહીં. તે નબળામાં નબળી વ્યક્તિનું કલ્યાણ કરવા પ્રયત્ન કરે છે. આમ, ગાંધીજીનું અર્થશાસ્ત્ર સ્વરૂપ અને ભાવનાની દૃષ્ટિએ કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર છે.

**(2) સર્વોદયઃ**

ગાંધીજી માનવતાને ધર્મ તરીકે સ્વીકારે છે અને આ માનવતાનાં આચરણ માટે ઊંચી નીતિમતાનાં આચરણ ઉપર ભાર મૂકેલ છે. સર્વોદયનું અર્થઘટન કરતાં ગાંધીજી જણાવે છે કે મૂડીવાદીઓએ સંપત્તિને પ્રાધાન્ય આપી તેને આર્થિક વિકાસનું લક્ષ બનાવેલ છે અને આ સંપત્તિનું સર્જન જેના માટે કરવામાં આવે છે તે માનવીનો સંપત્તિનાં સર્જક સાધન તરીકે ઉપયોગ કર્યો છે જે માનવતાનાં દૃષ્ટિકોણથી બિલકુલ ઊચિત નથી. આર્થિક વિકાસનું લક્ષ સંપતિ નહીં પણ માનવ કલ્યાણ હોવું જોઈએ જેનાં માટે ગાંધિજીએ સર્વોદયનો ખ્યાલ રજૂ કર્યો છે.

સર્વોદયનો મુખ્ય ઉદેશ વિષમતાનું નિરાકરણ કરવાનો અને પ્રાકૃતિક વિષમતાને ઘટાડવાનો છે અને તેનાં દ્વારા જીવમાત્ર, પ્રાણીમાત્ર માટે સહાનુભૂતિ તથા સમઆદરનું નિર્માણ કરવાનો છે. ડાર્વિન બીજા ઉપર જીવવાની વાત કરે છે. હક્સલે જીઓ અને જીવવા દો ની વાત કરે છે. પરંતુ ગાંધીજી સર્વોદયના ખ્યાલ દ્વારા "બીજા માટે જીવો, બીજાને જીવવા માટે જીવો. " નો નવો વિચાર રજૂ કરે છે. આ ખ્યાલ વર્ગવિહીન, જાતિવિહીન, અપમાન વિહિન અને શોષણ વિહિન સમાજ વ્યવસ્થાની સ્થાપનાં માટે સમાજની પૂનઃરચનાનું નિર્માણ કરી શકે તેમ છે. આમ, ગાંધીજીનો સર્વોદયનો ખ્યાલ એ વસુધૈવ કુટુંબકમની વિશાળ ભાવનાને વરેલો છે.

**(3) જરૂરિયાતોની વૃદ્ધિ પર અંકુશઃ**

પશ્ચિમી અર્થશાસ્ત્ર જરૂરિયાતોનાં મહત્તમ સંતોષમાં માને છે. જ્યારે ગાંધીજી જરૂરિયાતોને મર્યાદિત રાખવાનાં હિમાયતી છે. તેમનાં મતે વધારે જરૂરિયાતો માનવ જીવનનો આદર્શ નથી. સાદું જીવન અને ઉચ્ચ વિચારો એ જ માનવ જીવનનો આદર્શ છે. આજના યુગનાં વ્યક્તિનો અજંપો, અશાંતિ, યાતના અને દુઃખ અમર્યાદિત જરૂરિયાતો સંતોષવાની નિષ્ફળ દોડનું પરિણામ છે. વ્યક્તિ અને સમાજ જેટલી જરૂરિયાત વધારે તેટલી અશાંતિ વધે છે અને સ્વાર્થ માટે સંઘર્ષ વધે છે. એક બાજુ વધારે હોવાનું દુઃખ છે તો બીજી બાજુ ગરીબાઈનું દુઃખ છે. બંને દુઃખમાંથી સમાજને મુક્ત કરવો હોય તો જરૂરિયાતો ઉપર અંકુશ રાખવો પડશે. આમ છતાં તેઓનો જીવન ધોરણનાં વધારા સામે વિરોધ નથી. આમજનતાનું જીવન ધોરણ સુધરે તેવી અર્થવ્યવસ્થાનાં તેઓ હિમાયતી હતાં. યંત્રોથી વસ્તુની વિપુલતા વધી છે. પરંતુ તેમાં જીવન જરૂરિયાતની વસ્તુઓમાં વધુ વધારો થાય તેનાં તેઓ આગ્રહી હતાં.

**(4) સ્વદેશીઃ**

સ્વાવલંબી આર્થિક સમાજ માટે ગાંધીજી સ્વદેશીને વધારે મહત્ત્વ આપે છે. વિદેશી આયાતો સામે દેશની કલા, કારીગરી અને કૌશલ્યને રક્ષણ આપવું જોઈએ તેમજ મોટા કારખાનાઓની સામે ગામડાંનાં ઉદ્યોગોને પણ રક્ષણ આપવું જોઈએ તેમ તેઓ સ્પષ્ટ પણે માનતા હતાં. તેઓ કહેતાં કે સ્વદેશી આજનો યુગ ધર્મ છે. મુડીવાદમાં યંત્રોને લીધે ઉત્પાદન વધ્યું છે જેથી વિશાળ બજારો શોધવાની હરિફાઈ ચાલી છે. જો આ હરીફાઈ અને વિનાશમાંથી બચવું હોય તો સ્વદેશીને મહત્ત્વ આપવું પડશે. વિકેન્દ્રિત આર્થિક સમાજની રચના કરવી પડશે. આમ છતાં તેઓ આંતરરાષ્ટ્રીય વ્યાપારનાં વિરોધી ન હતાં. જે વસ્તુ દેશમાં બનાવવા માટે ખૂબ જ મહેનત કરવી પડે તેમ હોય તે વસ્તુ વિદેશમાંથી મંગાવવાનાં તેઓ હિમાયતી હતાં.

**(5) ગ્રામ સ્વરાજ્યઃ**

ગ્રામ સ્વરાજ્ય એ ગ્રામ વિકાસ અને ગ્રામોદ્ધાર માટેનો વિચાર છે. ગ્રામ સ્વરાજ ગ્રામ સમૂહનું બનેલું હોય તેવી ગાંધીજીની કલ્પના હતી. તેમાં ગામડાંનું સુખદ અને એકસૂત્રી સહઅસ્તિત્વ હોય છે. જો રાજ્ય શોષણ અટકાવવા માટે પ્રયાસ કરે તો તેથી વ્યક્તિના વ્યક્તિત્વ સામે જોખમ ઊભું થાય જો આમ બને તો સાચા અર્થમાં પ્રગતિ ન થાય. માનવીનો વિકાસ કેન્દ્ર સ્થાને હોવાને કારણે ગાંધીજી વિકેન્દ્રિત વ્યવસ્થાની તરફેણ કરતાં હતાં. ગ્રામ સ્વરાજ દ્વારા તેઓ રાજકીય તથા આર્થિક સત્તાનું વિકેન્દ્રીકરણ કરવા માંગતા હતાં.

**(6) શ્રમનું ગૌરવઃ**

શ્રમ એ ઉત્પાદનનું મહત્ત્વનું સાધન છે. તેનાં ઉપયોગ માટે પૂરતી તક મળી રહે તે જરૂરી છે. જેમની પાસે શ્રમશક્તિ છે તેમને ગૌરવપૂર્ણ જીવવાની તક મળવી જોઈએ. ગાંધીજી માનતા કે મોટાપાયાનાં ઉદ્યોગોના વિકાસને કારણે ગામડાંનું શોષણ થાય છે. ઉદ્યોગીકરણને લીધે હરિફાઈ અને વેચાણની સમસ્યાઓ ઉદ્ભવે છે. લોકોએ ગ્રામ ઉદ્યોગનાં વિકાસ માટે સક્રિય બનવું જોઈએ રેંટિયાના ઉપયોગ દ્વારા કાપડ તૈયાર કરી સ્વાવલંબન પ્રાપ્ત કરવું જઈએ. તેઓ શારિરીક શ્રમ પર વધુ ભાર મૂકતા. કામ પ્રત્યેની સૂગ દૂર થાય અને શ્રમનું ગૌરવ વધે તેવા પ્રયાસો કરવાનું કહેતા હતાં. કોઈપણ

કામ હલકું નથી, વ્યક્તિએ દરેક કામ કરવા સ્વેચ્છાએ તૈયાર થવું જોઈએ. આમ, કરવાથી સમાજનું ગૌરવ વધે છે. લોકો શ્રમ અને શ્રમિક પ્રત્યે માનથી જોવા લાગે છે.

**(7) સત્તાનું વિકેન્દ્રીકરણઃ**

ગાંધીજીના મતે વિકેન્દ્રીકરણ એ આર્થિક અને રાજકીય લોકશાહીનો પાયો છે. દેશની અર્થ વ્યવસ્થા પાયાનાં નાનામાં નાના માણસને ધ્યાનમાં રાખીને ગોઠવવી જોઈએ. અર્થવ્યવસ્થાનું ક્ષેત્ર વિસ્તૃત થાય તેની સામે ગાંધીજીને વાંધો છે. આજે મૂડીવાદી અર્થવ્યવસ્થા થોડા મૂડીપતિઓ અને સટોડિયાઓનાં હાથમાં છે, જ્યારે સમાજવાદી અર્થવ્યવસ્થા સરકારી અમલદારોનાં હાથમાં છે. આજનાં અર્થતંત્રની અસમતુલા આ કેન્દ્રીકરણનું પરિણામ છે. માટે ગાંધીજી કહે છે કે આર્થિક સંગઠનો નાનાં, સાદા અને સરળ હોવા જોઈએ. આ ઉપરાંત દુનિયામાંથી આપખુદી, ભય અને અસલામતી દૂર કરવી હોય તો લોકોને આત્મનિર્ભરતા, સ્વાતંત્ર્ય, વિકેન્દ્રીકરણ અને સ્વાલંબન સ્વીકારવા પડશે. ગાંધીજી નોંધે છે કે વિકેન્દ્રીકરણ એ પાયાનું સ્વાવલંબન અને આત્મનિર્ભરતા માટે વ્યક્તિગત અને સામૂહિક ચાવીરૂપ છે.

ટૂંકમાં ગાંધીજીનાં વિકેન્દ્રીકરણનો ખ્યાલ નીચે પ્રમાણે છે.

(1) એક ગામ કે ભૌગોલિક વિસ્તારને આર્થિક ઘટક ગણવું તેમાં પરસ્પર પોષક હોય તેવી આર્થિક પ્રવૃતિઓ જેવી કે ખેતી, પશુપાલન, ગ્રામ ઉદ્યોગ, ખાદી વગેરે ચલાવવી.

(2) ઉત્પાદનનાં સાધનોની માલિકી વ્યક્તિગત કુટુંબની રહે. દરેક કુટુંબ પોતાની કુટુંબની કે ગામની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ઉત્પાદન કરે નહીં કે બજારને.

(3) દરેક ગામ પોતાની જરૂરિયાતનું આયોજન કરે અને જરૂરી વસ્તુનું ઉત્પાદન ગામમાં જ થાય તેવાં પ્રયત્ન કરવાં છતાં કોઈ વસ્તુનું ઉત્પાદન ન થાય તો તે વસ્તુ પાડોશી ગામ પાસેથી મેળવે.

આમ, ગાંધીજીનાં વિચાર પ્રમાણે વિકેન્દ્રીકરણનો પાયો એ સ્વાયત ગામડાંઓ જ બની શકે.

**(8) યંત્રોની મર્યાદાઃ**

ગાંધીજી યંત્રોનાં વિરોધી હતાં તેવી માન્યતા ભૂલ ભરેલી છે. કારણ કે તેને યંત્રોનાં દુરૂપયોગ સામે વાંધો હતો. તેઓ માનતા હતા કે યંત્રો માણસ માટે છે માણસ યંત્રો માટે નથી પરંતુ આજે તો યંત્રો માણસ પર વર્ચસ્વ ધરાવે છે અને એટલે જ ગાંધીજીએ યંત્રો પર મર્યાદા મૂકવાની હિમાયત કરી છે. મૂડીવાદની બે મુશ્કેલી અતિ ઉત્પાદન અને બેરોજગારી યંત્રોનાં દુરૂપયોગનું જ પરિણામ છે. યંત્રો માનવીના શ્રમ અને સમય બચાવે તે જરૂરી છે પરંતુ તેની રોજગારી ઝૂંટવી લે તે યોગ્ય નથી, જેમકે, ઊંચી બિલ્ડિંગ બનાવવા માટે યંત્રો વાપરવા જોઈએ.પરંતુ જે કામ માણસ આસાનીથી કરી શકે તેમ હોય તે કામ માટે યંત્રો લાવીને લોકોને બેકારી, ગરીબી અને ભૂખમરા સિવાય બીજું કંઈ મળી શકે નહીં. આધુનિક યુગમાં યંત્રો શોષણ અને હિંસાનાં સાધનો બન્યા છે. ભારત જેવાં પુષ્કળ વસ્તી ધરાવતાં દેશ માટે તો ખરેખર યંત્રોનો સૂઝબૂઝથી ઉપયોગ કરવો જોઈએ.

**(9) ગ્રામઉદ્યોગ અને સ્વાવલંબનઃ**

ગાંધીજી ગ્રામીણ ઉદ્યોગો તેમજ સ્વાલંબનનાં અતિ આગ્રહી હતાં. કારણ કે તેઓ દેશનાં લોકો સારી ગુણવત્તાવાળું જીવનધોરણ જીવી શકે તેવું ઇચ્છતા હતાં. તેના માટે તેઓ દરેક ગામમાં સારી સગવડતાવાળા અને પૂરતાં હવાઉજાશ વાળા મકાનો હોય, સારા રસ્તા અને શાળાઓ હોય, આવશ્યક

વસ્તુઓ પૂરતાં પ્રમાણમાં વાજબી ભાવે મળી શકે તે માટે ગ્રામ ઉદ્યોગની હિમાયત કરે છે. મોટા ઉદ્યોગોથી તે શક્ય નથી. તેવી જ રીતે દરેક વ્યક્તિ પોતે પોતાની જરૂરિયાતો પૂરી કરવાની સ્વતંત્રતા ધરાવતો હોય અને તે માટે તે સ્વાવલંબી જીવન જીવી શકે તે હેતુથી દરેક ગામમાં સ્થાનિક કક્ષાએ નાનાં ઉદ્યોગો કે હસ્તકલા કારીગરી ઉદ્યોગોનો વ્યવસ્થિત વિકાસ થયેલ હોવો જોઈએ તેમ ગાંધીજી માનતા હતા. તેઓ શ્રમ પ્રચુર ઉત્પાદન પદ્ધતિનાં હિમાયતી હતાં. જેમાં, ગામડાંઓની કુદરતી સંપત્તિનો ઉપયોગ કરવો, ગામડાંને શહેરનાં શોષણમાંથી મુક્ત કરી સ્વતંત્રતા અને સ્વાયતતા તેમજ સ્વાવલંબન અપાવવું, ઓછામાં ઓછી મૂડી અને જ્ઞાન દ્વારા ઉત્પાદન કરવું, બેકાર અને અર્ધબેકાર માણસનો સ્થાનિક કક્ષાએ ઉપયોગ કરવો અને પરંપરાગત ગામડાંની કારીગરી, કલા અને કૌશલ્યનો વિકાસ કરીને લોકોને સ્વાવલંબી બનાવીને તેનાં માનસિક અને નૈતિક કલ્યાણમાં વધારો કરવા માટે ગાંધીજી સ્વાવલંબન અને ગ્રામ ઉદ્યોગને વધુ પ્રાધાન્ય આપતા હતા.

**(10) આર્થિક સમાનતા અને સ્વતંત્રતાઃ**

ગાંધીજીએ આર્થિક સમાનતા અને સ્વતંત્રતાને મહત્ત્વ આપ્યું છે. તેઓ સમાનતા માટે સમાન કે ન્યાય વહેંચણી એમ સ્વીકારે છે. તેઓ આર્થિક સમાનતાનો એવો અર્થ કરતા હતાં કે દરેક માનવી પાસે તેની કુદરતી આવશ્યકતાઓ પૂરી કરવા પૂરતાં સાધનો હોવા જોઈએ. કોઈ વ્યક્તિ અન્ન તેમજ વસ્ત્રના અભાવથી પીડાવો જોઈએ નહીં. આ માટે તેઓ સંપત્તિની સમાન વહેંચણીનો આદર્શ સ્વીકારતાં હતાં. તેઓ કહેતાં કે સ્વરાજનો અર્થ ગરીબો માટેનું સ્વરાજ તેવો થાય છે. દેશનાં ઉત્પાદનનો જે હિસ્સો ધનિકો મેળવે છે તે ગરીબોને પણ મળવો જોઈએ પણ સાથો સાથ સમાનતા આર્થિક સ્વતંત્રતાની વિરોધી બનવી જોઈએ નહીં. સ્વરાજનો અનુભવ આર્થિક સ્વતંત્રતા દ્વારા જ કરી શકાય. જો દરેક વ્યક્તિ અહિંસા અને શોષણ વિહિનતાના પાયા પર પોતાની પ્રવૃતિ કરે તો આ બંને ધ્યેયો એક સાથે પાર પાડી શકાય.

**(11) વાલીપણાનો સિદ્ધાંત** :

ગાંધીજીના આર્થિક વિચારોમાં વાલીપણાનો સિદ્ધાંત અગ્રસ્થાને છે. જેનાં દ્વારા ગાંધીજી ધનિકોને સંપત્તિનાં ટ્રસ્ટી કે વાલી બનવાં માટેનો નિર્દેશ કરે છે. આ સિદ્ધાંત પ્રમાણે સંપત્તિ સમાજની છે. આથી ધનિકો પોતાનાં પાડોશી કરતાં થોડું ઘણું પણ વધારે રાખવાનાં અધિકારી નથી, પણ તેનો અર્થ એવો ન કરી શકાય કે ધનિકો પાસેથી સંપત્તિ છીનવી લેવી. કારણ કે જો એમ કરવામાં આવે તો દ્રવ્ય કમાવવાની શક્તિ ધરાવતા માણસનો લાભ સમાજને મળે નહીં. માટે ધનિકોએ પોતાની આવકનો જરૂરિયાત પૂરતો પોતાની પાસે રાખી બાકીની સંપત્તિ પ્રજાની છે તેમ માની ટ્રસ્ટી તરીકે વહીવટ કરે તો તેને તથા સમાજને બંનેને ફાયદો થાય, સંપત્તિનો સદ્‌ઉપયોગ થાય. તે સમાજ માટે કમાય છે. સમાજનો સેવક છે. એમ માને તો તેની કમાણીમાં શુદ્ધતા અને સાહસમાં અહિંસા આવે અને ત્યારે સમાજમાં સંઘર્ષ વગરની સમાજ પરિવર્તનની પ્રક્રિયા શરૂ થાય છે.

આમ, ગાંધીજી મૂડીવાદનાં વિકલ્પ તરીકે વાલીપણાનો સિદ્ધાંત રજૂ કરે છે. જો આ સિદ્ધાંત પ્રમાણે કામગીરી થાય તો મૂડીવાદ અને સમાજવાદનાં દોષો નિવારી શકાય. ગાંધીજીનાં વાલીપણાનાં સિદ્ધાંત પ્રમાણેનાં વિચારો નીચે પ્રમાણે છે.

 ISBN : 978-81-938282-0-5

(1) આ સિદ્ધાંત મૂડીવાદી પ્રથાની ખાનગી માલિકીનાં મૂળમાં પ્રહાર કરે છે. સામાજિક માલિકી સ્વીકારે છે, પરંતુ માલિકો માટે તેનાં હક્ક કરતાં ફરજો પર વધુ ભાર મૂકે છે. માટે સંપત્તિ સમાજની માલિકીની છે તેમ માનીને જ સંપત્તિનો ઉપયોગ સમાજનાં હિત માટે જ થવો જોઈએ.

(2) આ સિદ્ધાંતમાં મનુષ્યનું સારાપણું મહત્ત્વનું છે. તે ધનિકોનાં નાશને બદલે પરિવર્તનની તક આપે છે. તેઓને શોષક મટી સમાનતાનાં પાયા પર સમાજનાં આવશ્યક અંગ બનવાનો અનુરોધ કરે છે.

(3) માલિકોને ટ્રસ્ટી બનાવવા હિંસાને બદલે શાંત અસહકાર, જાગૃત લોકમત જેવાં અહિંસક સાધનો વાપરી શકાય.

(4) માલિકોને ટ્રસ્ટીપણાની કામગીરી માટે યોગ્ય અને ન્યાયી વળતર આપવું. જોકે માલિક અને મજૂર બંનેનાં વળતરમાં ખાસ તફાવત હોવો જોઈએ નહીં.

(5) ટ્રસ્ટીઓ સંપત્તિઓનો ઉપયોગ સમાજનાં હિતમાં કરે. તેનાં ઉત્પાદનનાં નિર્ણયોમાં સમાજની જરૂરિયાતો અને કામદારોની ઇચ્છાનું પ્રતિબિંબ પડે તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઇએ.

આમ, ગાંધીજીએ વાલીપણાનાં સિદ્ધાંત દ્વારા ધનિકોને સમાજમાં માનભર્યું સ્થાન અપાવી અને તેને અનુરૂપ કામગીરી અને વળતર મળે તેવી વ્યવસ્થા કરી છે. જેનાં કારણે સમાજમાં સંપત્તિની ન્યાયી વહેંચણી થઈ શકે અને સમાનતા લાવી શકાય.

**(12) જાતમહેનતઃ**

આજનાં યુગમાં શ્રમ કરનાર લોકોને નીચાં ગણવામાં આવે છે. સમાજમાં શ્રમની પ્રતિષ્ઠા ઘટી છે. દરેક માણસ શ્રમથી બચવાની કોશિશ કરે છે. દરેકને મહેનત વગર કમાવું છે. પરંતુ ગાંધીજીનાં મત પ્રમાણે જીવન માટે જરૂરિયાત પૂરતી વસ્તુઓ મેળવવા માટે દરેક માણસ જાત મહેનત કરે તો આજનાં ઘણાં સામાજિક અને આર્થિક કોયડાઓનો આપમેળે ઉકેલ આવી જાય. ગાંધીજી એમ કહે છે કે શ્રમ વિનાં આજીવિકા મેળવવી તે શોષણ છે. એક પ્રકારની ચોરી છે. બાઈબલનું એક વિધાન છે કે, "તું તારે કપાળેથી પરસેવો પાડી તારો રોટલો કમાજે." ગાંધીજી જાત મહેનતને ફક્ત ઉત્પાદનનું સાધન માનતા ન હતાં પણ નૈતિક ઉન્નતિનો માર્ગ માનતા હતાં. તેમનાં મતે દરેક વ્યક્તિ આવશ્યક શ્રમ કરે તો બીજાનાં શ્રમનો ગેરલાભ ન ઉઠાવે.

આમ ઉપરોક્ત જુદા જુદા મુખ્ય અને મહત્ત્વનાં ભારતીય અર્થતંત્રને લગતા આર્થિક વિચારો ગાંધીજીએ રજૂ કર્યા છે, કે જેનાં દ્વારા આજે પણ ભારતીય અર્થતંત્ર માટે ગાંધીજીનાં આ વિચારો એટલું જ મહત્ત્વ ધરાવે છે જેટલું જે તે સમયે હતું. આમ ગાંધીજીએ અર્થશાસ્ત્રનાં સાહિત્યમાં દીર્ઘદૃષ્ટિનાં અને પારદર્શક વિચારો રજૂ કર્યા છે. જેનાં માટે અર્થશાસ્ત્રનું સાહિત્ય કદાચ સદૈવ તેનું ઋણી રહેશે, તેમ કહીશ તો પણ અતિશયોક્તિ નહીં લેખાય.

**સંદર્ભઃ**

(1) આર્થિક વિચારોનો ઇતિહાસ - બી.ડી. પરમાર, તથા અન્ય લેખકો
પ્રકાશનઃ સી. જમનાદાસની કંપની, અમદાવાદ, વર્ષ 1980-81 (પ્રથમ આવૃતિ)

(2) આર્થિક વિચારોનો ઇતિહાસ - ડો. બી.ડી. પરમાર, તથા અન્ય લેખકો
પ્રકાશનઃ સી. જમનાદાસની કંપની, અમદાવાદ, વર્ષ 2004-05 (પ્રથમ આવૃતિ)

(3) ગાંધીજી - ઉષા મહેતા
પ્રકાશનઃ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ. વર્ષ 1987 (પ્રથમ આવૃતિ)

(4) ગાંધી વિચાર દર્શન, ધર્મ, રાજનીતિ ઔર અર્થનીતિ - રામજીસિંહ
પ્રકાશનઃ માનક પબ્લિકેશન્સ પ્રા. લિ., દિલ્હી. વર્ષ 1995 (પ્રથમ આવૃતિ)

# "ભાષા સાહિત્ય અને સમાજ દ્વારા આદર્શ વ્યક્તિત્વનું નિર્માણ"

ડૉ. નયના કે. પરમાર
આસિ.પ્રોફેસર
કૉલેજ - સરકારી વિનયન કૉલેજ, બેચરાજી, જિ. મહેસાણા
મો. ૮૦૦૦૦૯૭૯૩૭, E-mail-myselfnayana@yahoo.in

દરેક ભાષાની પ્રકૃતિ અને તેનું વ્યક્તિત્વ અલગ –અલગ હોય છે. જેવી રીતે માણસની પ્રકૃતિ અને તેનું વ્યક્તિત્વ. માણસ સમાજમાંથી આવે છે. ભાષાએ આથી સંસ્કાર-પરંપરા અને સાંસ્કૃતિક ધારાને પચાવેલી હોય છે. એ ભાષામાં આખી સાંસ્કૃતિક પરંપરા પ્રગટ થાય છે. તેનો મુખ્ય સ્રોત સમાજ છે. એ ભાષામાં જ્ઞાનવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, સાહિત્ય વગેરે ભાવોની અનેકવિધ સૃષ્ટિ પ્રગટ થઈ હોય છે. તેનો વારસો વંશપરંપરાગત રીતે સમાજ દ્વારા બાળકને મળે છે. દરેક માણસના જીવનમાં બનતા પ્રસંગો કે ઘટનાઓ એકસરખા નથી હોતા, તેમ કોઈ પ્રસંગ કે ઘટનાની અસર પણ વ્યક્તિએ- વ્યક્તિએ જુદી-જુદી હોય છે. ભાષામાં મનુષ્યના ભાવો, વિચારો , ચિંતન ઉત્તમ અને અસરકારક રીતે પ્રગટ કરવા સાહિત્યકાર સાહિત્યનો સહારો લે છે. ભાષા દ્વારા સર્જાતું સાહિત્ય મનુષ્યના ભાવકોષને કઈ રીતે સમૃદ્ધ કરે છે, તેની સાચી સમજ ભાવક સુધી પહોંચીએ છીએ ત્યારે ખબર પડે છે.

બ.ક. ઠાકોર કહે છે કે " કર્તા અને કૃતિ બંનેની ખરી જનેતા સામાજિક પરિસ્થિતિ છે." સાહિત્યકાર પોતાના વ્યક્તવ્યને ભાષામાં વર્ગ કે સમાજને ઉદ્દેશીને તે લખે છે- તે વર્ગ કે સમાજ સમજી શકે એવા પ્રસંગો યા ઘટના યોજે છે. એ વર્ગની જ એક વ્યક્તિ સાહિત્યકાર છે, એટલે લખતી વખતે પોતાને જ લક્ષમાં રાખી પોતાની આજુબાજુની કાર્યક્ષમ સામાજિક જીવન કૃતિના કેન્દ્રમાં સ્થાયી તેને સમજવાના કે સમજાવવાના જ એક માત્ર ઈરાદાથી કવિના જીવનની અથવા તો સમકાલીન જીવનની પર્યેષણામાં સાહિત્યકાર પડે છે. સમાજ જીવનમાં આવતા અંશો સાહિત્યકારને એના સર્જન વ્યાપારમાં પ્રેરક- પ્રોત્સાહક કે ઉપાદાન રૂપ અથવા તો વિરોધક અને વિઘાતક નિવડે છે. તેજ તપાસનો વિષય હોઈ શકે.

સાહિત્યકાર પણ સમાજમાંથી આવે છે માટે સાહિત્યકાર પોતાને સર્જક ભાષાની બહુવિધ શક્તિઓનો પૂરેપૂરો લાભ લઈ અને સમાજને નિરૂપતો હોય છે. હવે ર.વ.દેસાઈની એક નવલકથા દિવ્યચક્ષુનું ઉદાહરણ લઈએ તો - ગાંધીજીના આગમન પછી શરૂ થયેલી અહિંસક લડત અને અન્ય સામાજિક પ્રવૃતિઓનું એમાં ચિત્રણ થયું છે. એમાં આવતા પાત્રો આ પ્રવૃતિઓના નિદર્શન માટે જ આવે છે. નાયક અરુણે એક વર્ષ માટે લીધેલા અહિંસાવ્રતની કસોટી માટે યોજાતા પ્રસંગોની સાથે-સાથે અસ્પૃશ્યતા નિવારણની તે સમયની સામાજિક ભાવના પણ નિરૂપાતી જાય છે. ધનો ભગત અને કિશન અસ્પૃશ્યતા નિવારણ નિમિત્તે આવે છે. ધનસુખલાલ જેવા વૈષ્ણવના મેડા પર પાછળથી નવી નિસરણી મૂકી કિશનને ઠાકોરજીના દર્શન કરાવવા માટે થતી બેહૂદી યોજના પણ "હરીજન મંદિર પ્રવેશ" ની ભાવના માટે થયેલી છે. સુશીલાનું નિરૂપણ વિધવા-વિવાહના પ્રશ્નને સ્પર્શે છે. જો આ નવલકથામાંથી આવા સામાજિક સંદર્ભો ઉપાડી લેવામાં આવે તો પાત્રો સાવ વ્યક્તિત્વ વિહોણા થઈ જાય આવી

નવલકથાને સમાજલક્ષી કૃતિ કહી શકાય. આ પ્રકારની કૃતિઓમાં પ્રસંગ કે પાત્ર નહીં પણ સમાજ કેન્દ્રમાં હોય છે. પાત્રોની જનમનાળ સમાજના મૂલ્યો સાથે જોડાયેલી હોય છે. સમાજના કોઈને કોઈ અંશને કે મૂલ્યને પ્રગટ કરવા માટે જ એમને જન્મ આપવામાં આવ્યો હોય છે. આ પ્રકારની નવલકથાઓમાં પ્રસંગો પણ ઘણું કરીને સામાજિક સંદર્ભોને પ્રકટ કરવા માટે યોજાતા હોય છે. લેખક પાત્ર પ્રસંગોના નિરુપણ દ્વારા સમાજ ચિત્રણ, સમાજ મીમાંસા કે સમાજના ઉત્કર્ષનું લક્ષ સાધવાનો ઈરાદો સેવતો હોય છે.

સાહિત્યકાર પોતાની કલ્પનાશક્તિ દ્વારા સાહિત્યકૃતિ નિમિત્તે પોતાની આસપાસનું જીવન, જગત અને ઈતિહાસને નિરૂપે છે. કેટલીક સાહિત્યકૃતિ એવી છે જે ઈતિહાસની સાથે સાથે સમાજશાસ્ત્રના અભ્યાસ માટે સંશોધકને પૂરેપૂરી સામગ્રી અને દ્રષ્ટિકોણ પૂરાં પાડે છે જાણીતી સાહિત્યકૃતિ " સરસ્વતીચંદ્ર" માં ૧૯મી સદીના આરંભના ગુજરાતી સમાજ જીવનનું ચિત્ર આપે છે. તો તેના દ્વારા સમાજજીવન સંસ્કૃતિ કે ઈતિહાસ વિષયક પૂરતી માહિતી ભાવકને જરૂરથી મળી રહે છે. દરેક જમાનાનું સાહિત્ય પોતાના જમાનાની વસ્તુસ્થિતિ રજૂ કરે છે અને તેના સત્વને હ્રદયગમ્ય કરે છે.

ભાષા એ સામાજીક અકસ્માત છે. શબ્દ એ સમાજે દીધેલું માધ્યમ છે. ભાષા સમાજ વિના ટકી શકતી નથી. સમાજ ન હોય તો ભાષા નથી, અને તેથી સામાજિક સંદર્ભ દ્વારા આત્યંતિક સમાજદર્શન આપણને કલા કે સાહિત્યમાં જોવા મળતું નથી. કવિતા, કળા મનુષ્યની સર્જનાત્મક પ્રવૃતિ, જીવનને જોવાની, માણવાની જે દષ્ટિ આપે છે તેનું જો મહત્ત્વ સ્વીકારીએ તો સાહિત્ય અને કલાના વધુને વધુ આસ્વાદને માટેનું છે. જેમની પાસે સાહિત્ય તથા કળાને માણવાની દ્રષ્ટિ છે તેમનો વધુને વધુ ઉપયોગ સમાજે કરવો જોઈએ. આખા સમાજની રુચિના ઘડતરનો આધાર સાહિત્યકારના સાહિત્ય સર્જન પર નિર્ભર છે. સામાજિક પરિસ્થિતિથી અસંતુષ્ટ આજના સર્જકની સમજ એવી છે કે તેની પ્રતિષ્ઠા હવે સમાજની હતી તેવી રહી નથી, ઘટી છે. સમાજને ઘડનારા અન્ય પરિબળો આજે કદાચ વધારે વગવાળાં બન્યાં છે. સાહિત્યમાં જેવું સર્જન થવું જોઈએ તેવું આજકાલ થતું નથી. વિદ્વતા માણસમાં માયકાંગલી બની ગઈ છે. આજના સર્જકને સાહિત્ય કરતા પોતાની વધારે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવી છે.

સાહિત્ય એ માનવમનની સરજત છે માનવમન સામાજિક વાતાવરણમાં અસ્તિત્વ ધરાવે છે, એટલે કોઈપણ સાહિત્યકૃતિમાં કે સાહિત્યકારના સંવેદનમાં સમાજ ભૂમિકા રૂપે રહેલો હોવાનો જ. સાચી સાહિત્યકૃતિ અંતે સૂક્ષ્મ અર્થમાં સમાજનિષ્ઠ- સમાજને કંઈક સંદેશો આપી જનારી હોવાની, કેમ કે સમાજને પોતાની ઓળખ કરાવી એના મૂલ્યોને ઘડવામાં – બદલવામાં સાહિત્ય જાણ્યે- અજાણ્યે ફાળો આપતું હોય છે. જેમ કે પન્નાલાલ પટેલની કૃતિ 'મળેલા જીવ' ને જોઈએ તો , એમાં પ્રેમ છે, પરાક્રમ પણ છે અને તેમ છતાં એ પ્રસંગ પ્રધાન નવલકથા નથી. એમાં ગામજીવનનો, ગામસમાજનો વાસ્તવિક પરિચય મળી રહેતો હોવા છતાં એવો પરિચય આપવા માટે સમાજ ત્યાં પશ્ચાત-ભૂમિ રૂપે આવે છે અને સમાજનું ચોક્કસ ચિત્ર આપે છે.

સાહિત્યનું અધ્યયન કરનાર સમાજશાસ્ત્રી જોન હૉલને મતે કેટલાક દેખીતા લાભો થાય છે. એક તો એ સમાજ અને એની પ્રજાના કાર્યોને જોતા થાય છે. કલ્પનાની પ્રક્રિયામાંથી પ્રસાર થતાં એને ચરિત્રોના વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓનો- સંવેદનાઓનો ખ્યાલ આવે છે. આમ, સમાજને

 ISBN : 978-81-938282-0-5

સમજવામાં સાહિત્યકૃતિ ઉપયોગી છે, તેવી જ રીતે સાહિત્યકૃતિને સમજવા માટે સમાજ પણ એટલો જ ઉપયોગી છે. સાહિત્ય માણસને સાંકડી સીમામાંથી વિશાળતા તરફ ખેંચી જાય છે. માનવનું જીવન ગમે તેવું, ગમે તેટલું વિશાળ અને વ્યાપક હોય પણ સાહિત્યને આંબી શકે નહિ એ સાહિત્યને જીવનઘડતરની ચાવી તરીકે ઓળખવામાં આવે છે.

ભાષા, સાહિત્ય અને સાહિત્યકાર ત્રણેયનું સમાજમાં શું સ્થાન છે? એ પ્રશ્ન ઘણો મહત્ત્વનો છે. ભાષાની વિવિધતાને પરિણામે સમાજ રચના બને છે. દરેક સાહિત્યકાર પોતાના જમાનાની વસ્તુસ્થિતિ અને સમાજના સત્ત્વને રજૂ કરવા માટે ભાષા નામના ઓજારનો ઉપયોગ કરીને સાહિત્યના સૌંદર્યને સ્ફુટ કરી અને જીવંત રાખે છે. આમ, ભાષા સાહિત્ય અને સમાજના ઘડતર દ્વારા મનુષ્યના વ્યક્તિ તરીકેનાં આદર્શ વ્યક્તિત્વનું નિર્માણ થાય છે.

ISBN : 978-81-938282-0-5

# ઇતિહાસમાં ભાષાની ભૂમિકા

**ડૉ. મનીષકુમાર એન. પંડયા**
**સિનિયર લેકચરર**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.**

**પ્રસ્તાવના :-**


ભાષાનો ઉદ્ભવ અને વિકાસ સજીવોની ઉત્પત્તિ જેટલો જ જૂનો છે. દરેક સજીવોએ સહ-અસ્તિત્વ ટકાવી રાખવા માટે અન્ય સજીવોને પણ સમજવા જરૂરી છે. આ સમજ વિકસાવવામાં ભાષા સેતુની ભૂમિકા અદા કરે છે. જો ભાષાનું અસ્તિત્વ જ ન હોય તો અનેક પ્રશ્નો ઉદ્ભવી શકે છે. સૌ સજીવો માટે ભાષા એ એક એવું માધ્યમ છે કે જેના આધારે અરસપરસ એક-બીજાને સમજવામાં ખૂબ જ અનુકૂળતા રહે છે. ભાષા શાબ્દિક કે અશાબ્દિક એમ બંને પ્રકારની હોઈ શકે છે. એક સજીવે રજૂ કરેલ વિચાર કે લાગણીને અન્ય સજીવ તેના મૂળ સ્વરૂપમાં સમજે અને તે મુજબની જ યોગ્ય પ્રતિક્રિયા આપે તે ભાષાનું મૂળભૂત ધ્યેય છે. માનવેત્તર પ્રાણીઓમાં ભાષા સંઘર્ષ ટાળવાનું અને અસ્તિત્વ ટકાવી રાખવાનું કામ કરે છે. જ્યારે માનવીમાં ભાષા જોડવાના અને તોડવાના એમ બંને પ્રકારના કાર્યો કરે છે.

**ઇતિહાસમાં ભાષાની ભૂમિકા :-**

ઇતિહાસ એટલે ખરેખર તો વર્તમાનમાં વાગોળવામાં આવતો ભૂતકાળ. આપણે ઈતિહાસ વિષે જાણી શકીએ છીએ કારણ કે આપણી પાસે ભાષા છે. જો ભાષા જ ન હોત તો આ બાબત ક્યારેય શક્ય ન બની શકે. દરેક સજીવ, દરેક બાબત, દરેક વિચારને પોતાનો ઈતિહાસ હોય જ છે. આ ઈતિહાસ કોઈક ને કોઈક ભાષામાં જ રજૂ થાય છે. ભાષાને પણ પોતાનો ઈતિહાસ છે. જે પણ ભાષા વડે જ રજૂ કરી શકાય છે. આપણો હાલનો સમય ભવિષ્યમાં ઈતિહાસ તરીકે જ ઓળખાશે. તે ઇતિહાસની નોંધ પણ ભાષાના માધ્યમ દ્વારા જ શક્ય બનશે. માનવ સમાજ ભવિષ્ય માટેના આયોજનો બનાવે છે. આ તમામ આયોજન ભાષાને લીધે જ શક્ય બને છે. ટૂંકમાં ભાષા છે તો જ ઈતિહાસ છે અને તો જ ભવિષ્ય છે. ભાષા વગર ઈતિહાસ કે ભવિષ્ય સંભવી શકે જ નહીં. હવે પછીના લખાણમાં ઉદાહરણ સાથે તેની વિગતવાર ચર્ચા કરવામાં આવશે.

**આકૃતિ : ૧**


**જુદી જુદી ભાષાઓનો ઉદ્ભવ અને વિકાસ દર્શાવતી આકૃતિ**



ઉપર રજૂ કરેલ આકૃતિ ભાષાના ઉદ્ભવ અને વિકાસ તથા એક ભાષામાંથી બીજી ભાષાના પ્રાદુર્ભાવને સ્પષ્ટ રીતે રજૂ કરે છે. ભાષા ક્યારેય એકાએક નથી બની જતી. ભાષા બનવામાં પેઢીઓ બદલાય જાય છે. ખૂબ જ લાંબા સમયે એકાદ ભાષા માંડમાંડ સમૃદ્ધ બની શકે છે. માનવેત્તર પ્રાણીઓના જીવન વ્યવહારમાં પણ ભાષાનું આગવું મહત્ત્વ રહેલું છે. તેઓની ભાષા શાબ્દિક સ્વરૂપની નથી, પરંતુ અશાબ્દિક અથવા અવાજો કે ચેષ્ટાત્મક સ્વરૂપની છે. જે તેનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે અત્યંત આવશ્યક છે. સમગ્ર વિશ્વમાં માનવ જાતે અનેક ભાષાઓ વિકસાવી છે. જેણે નીચેના નકશાની મદદથી વધારે સારી રીતે સમજી શકાશે.

**નકશો : ૧**

**વિશ્વમાં બોલાતી જુદી જુદી ભાષાઓનો નકશો**




માનવી શાબ્દિક અને અશાબ્દિક એમ બંને પ્રકારના ભાષાના માધ્યમોનો ઉપયોગ કરે છે. માનવીએ પોતાના ક્રમિક વિકાસ સાથે જ ભાષાનો પણ વિકાસ કર્યો છે અને ક્રમશઃ સરળથી સંકૂલ ભાષા તરફ પ્રયાણ કર્યું છે. મનુષ્યે પોતાના ઉદ્ભવ સાથે જ અશાબ્દિક ભાષા દ્વારા પ્રત્યાયન કર્યું હતું, જયારે હવેના સમયમાં તેના મોટાભાગના જીવન વ્યવહારોનો આધાર શાબ્દિક ભાષા પર જ રહેલો છે.

આમ ભાષા પરાપૂર્વથી ચાલતી આવે છે. દરેક ભાષાનો ઈતિહાસ પણ સજીવોની ઉત્પત્તિ જેટલો જ જૂનો છે. ભાષાને લીધે જ આપણે આપણા ઈતિહાસને જાણી, સમજી અને મૂલવી શકીએ છીએ. ભાષા એ બાબતે વિશેષ મહત્ત્વ ધરાવે છે કે જો ભાષા જ ન હોત તો આજે આપણે જે કહેવાતી પ્રગતિ કરી છે, ત્યાં સુધી પહોંચ્યા જ ન હોત. તમામ સજીવોના વિકાસાત્મક આવર્તનોમાં ભાષા કેન્દ્રસ્થાને રહેલી છે. શાબ્દિક કે અશાબ્દિક ભાષાના ઉપયોગ સિવાય કોઈ પણ જાતનું પ્રત્યાયન શક્ય જ નથી.

માનવેત્તર પ્રાણીઓમાં ભાષા :-

આધુનિક ભાષા વિજ્ઞાન અશાબ્દિક ચેષ્ટાઓ અથવા અર્થહીન અવાજો કે ચેષ્ટાત્મક અંગમરોડને ભાષા માનતું નથી. પરંતુ ખૂબ વિશાળ પરિપ્રેક્ષ્યમાં ઇતિહાસમાં ભાષાની ભૂમિકા વિષે વાત કરવાની

હોય ત્યારે માનવેત્તર પ્રાણીઓની અશાબ્દિક ભાષાનો ઉલ્લેખ ન કરાય તો ચર્ચા અધૂરી ગણાય. કારણ કે તેઓનું અસ્તિત્વ પણ તેમની "આગવી ભાષા"ને જ આભારી છે.

માનવેત્તર પ્રાણીઓએ ખાસ કરીને પોતાના વિસ્તારની રક્ષા, ચેતવણી, અન્ય સાથીદારોને બોલાવવા, મદદની જરૂરિયાત વગેરે જેવી અત્યંત જરૂરી અને જીવનરક્ષક બાબતો માટે ખાસ ભાષા વિકસાવી છે. મનુષ્યેત્તર કોઈ પણ પશુ, પક્ષી, કીટક, સરીસૃપ કે સસ્તન સજીવોએ પોતાની આગવી ભાષા અને પોતાનું આગવું તંત્ર ઊભું કર્યું છે. જે તેના અસ્તિત્વને ટકાવી રાખે છે.

હાઉલર (વાનરની એક જાત) દરરોજ સવારે અને સાંજે જોરશોરથી અવાજો કરીને પોતાના વિસ્તારની જાહેરાત કરે છે. હાઉલરનો અવાજ ચાર કિ.મી. દૂર સુધી સાંભળી શકાય છે. જેથી તેની પ્રજાતિના અન્ય હાઉલર તેના વિસ્તારથી દૂર રહે અને ખોરાક, માદા કે પોતાના બચ્ચાના ઉછેરના બિનજરૂરી સંઘર્ષને ટાળી શકાય.

પ્રકૃતિએ સજીવસૃષ્ટિમાં ચોક્કસ પ્રકારનો તાલમેલ બેસાડવા માટે અમુક સજીવોને દીવાચર જ્યારે અમુકને નિશાચર બનાવ્યા છે. મનુષ્યને બાદ કરતાં દરેક સજીવો પોતાની જૈવ-ઘડિયાળ (Biological Clock)ને અનુસરીને પોતાનો જીવનક્રમ ચલાવે છે.

આગિયા ચોક્કસ અંતરાલે અને ચોક્કસ આવૃત્તિમાં પ્રકાશના ઝબકારા કરીને માદાને આકર્ષે છે અને પોતાનો વંશવેલો આગળ વધારે છે. વર્ષાવનોમાં એક ખાસ પ્રકારની ફૂગ થાય છે. જે અંધારામાં ચમકે છે. આ ચમક દ્વારા તે નિશાચર કીટકોને આકર્ષે છે. જો કીટકો આવી રોશનીથી અંજાઈને કે ભૂલથી પણ આવી ફૂગ પર આવી જાય તો ફૂગ પોતાની રજ આવા કીટકોના પગ અને પંખો પર લગાવી દે છે. ત્યાર પછી એ કીટક જ્યાં જાય ત્યાં ફૂગના અવશેષો લેતું જાય છે. આમ સ્વયં પ્રકાશિત થઈને ફૂગ પોતાનો વંશવેલો આગળ વધારે છે.

હાથી પોતાના કાન ઝડપભેર હલાવીને ભય અને ચેતવણીની સૂચના આપે છે. તેનો 'ગડગડાટ' જેવો અવાજ અને 'ચીંધાડ'નો એક ચોક્કસ અર્થ છે. જે તેની પોતાની આગવી ભાષા છે. હાથી પગ પછાડીને જમીનમાં ચોક્કસ પ્રકારના તરંગો વહેતા કરે છે. જે હાથીના અન્ય ટોળાઓને કોઈ ચોક્કસ જગ્યાએ પાણી કે ઘાસ હોવાનું સૂચવે છે. હાથીની આ ખાસ જાતની ભાષા તેનું અને તેના અન્ય 'જ્ઞાતિબંધુઓ'નું અસ્તિત્વ ટકાવી રાખવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે.

ભારતીય સંસ્કૃત શાસ્ત્રોમાં લખ્યા મુજબ आकृति गुणानु कथयति એ ન્યાયે મનુષ્ય કે અન્ય પ્રાણીઓને જોતા જ તેના અમુક ગુણ-લક્ષણો ખબર પડી જાય છે. પરસ્પરના સહવાસથી મનુષ્ય અને પ્રાણીઓ પણ અરસપરસની શાબ્દિક કે અશાબ્દિક ભાષા સમજતા થઈ ગયા છે. દા.ત. કૂતરો પૂંછડી પટપટાવીને કે ચાંટીને પોતાનો પ્રેમ કે આનંદ વ્યક્ત કરે છે. જ્યારે પૂંછડી ઊંચી કરીને 'સજ્જતા' દર્શાવે છે અને પાછલાં બે પગ વચ્ચે દબાવીને ભય વ્યક્ત કરે છે. કૂતરાના ભસવામાં પણ ભૂખ, દર્દ, વિસ્તારની રક્ષા અને અણધારી પરિસ્થિતિ મુજબ 'ટોન' અલગ અલગ હોય છે. કૂતરાની આ વિશિષ્ટ ભાષાએ તેને જંગલી અવસ્થાથી લઈને પાલતું અવસ્થા સુધીની લાંબી સફરમાં ટકાવી રાખ્યા છે.

ગોરિલા જુદીજુદી પરિસ્થિતિમાં જુદાજુદા અઢાર પ્રકારના અવાજો કાઢીને પોતાની ટોળીને સલામતી કે ભયના સંદેશાઓ આપે છે. મધમાખી નૃત્ય દ્વારા પોતાના સાથીદારોને ફૂલોની દિશા અને અંતર ચીંધી બતાવે છે. 'રેવન' જાતના પહાડી કાગડાઓમાં મળેલ ખોરાકની જાણ ન કરનાર અને

એકલા જ ખાનાર કાગડાને સજા કરવામાં આવે છે. ડોલ્ફિન અને વ્હેલ જેવા સસ્તન છતાં જળચર જીવો સીટી વગાડીને પોતાનો સંદેશા વ્યવહાર ચલાવે છે. ચામાચીડિયા કુદરતી 'સોનાર સિસ્ટમ'નો ઉપયોગ કરીને પોતાનો ખોરાક મેળવે છે. દેડકા બહુ ઊંચી આવૃત્તિ સાથેનો 'ડ્રાઉં' અવાજ કરીને અંધારામાં પણ પોતાની હાજરી છતી કરી માદાને આકર્ષે છે. જો તેઓ આ ભાષા ન વિકસાવી શક્યા હોત તો ક્યારના નામશેષ થઇ ગયા હોત. ઈમ્પાલા જાતિના હરણને શિકારી આવ્યાની જાણ થાય તરત જ તે લાંબા અને ઊંચા કૂદકા મારવા લાગે છે. તે શિકારી પ્રાણીને એવું સામેથી બતાવે છે કે પોતે ચુસ્ત-દુરસ્ત છે. તેથી શિકારીના હાથમાં નહીં આવે. દુનિયાના સૌથી સુસ્ત પ્રાણી નર સ્લોથને માદા ચોક્કસ પ્રકારના અવાજો કરીને બોલાવે છે. માત્ર એ વખતે જ નર સ્લોથ ઝડપી કામગીરી કરે છે. વર્ષાવનના અમુક પક્ષીઓ શાનદાર માળો બનાવીને, આકર્ષક નૃત્ય કરીને, પોતાનો દમખમ બતાવીને કે પછી ચમકીલા રંગો બતાવીને માદાને આકર્ષે છે. બિલાડી કૂળના સિંહની ત્રાડ, વાઘની ગુર્રાહટ કે મીંદડીના મ્યાઉંનો પણ એક ચોક્કસ અર્થ હોય છે. આ દરેક પ્રકારના ચોક્કસ અવાજો, પ્રકાશ કે અંગમરોડ દ્વારા દરેક સજીવો શિકારી કે શિકાર, સ્વીકાર કે ધુત્કાર, આધિપત્ય કે શરણાગતિ, ચેતવણી કે મદદ, લડાઈ કે પીછેહઠ વગેરે બાબતો પોતાની આગવી રીતે વિશિષ્ટ ભાષામાં રજૂ કરે છે. દરેક સજીવો પોતપોતાની રીતે વિશિષ્ટ ભાષા વિકસાવી શક્યા છે, તેથી જ તેઓનું અસ્તિત્વ સંઘર્ષ કરીને પણ ટકી રહ્યું છે.

આહાર શૃંખલામાં સૌથી ઉપરનું સ્થાન ધરાવતા શિકારી પશુઓનું કામ મર્યાદિત અવાજો અને અંગ વિન્યાસની ભાષાથી ચાલી જાય છે. જ્યારે બીજી હરોળના મર્યાદિત શક્તિ ધરાવતા શિકાર પ્રાણીઓ અવાજો અને અંગભંગીમાની ખાસ ભાષાની બાબતમાં ખાસ્સું વૈવિધ્ય ધરાવે છે.

**માનવીમાં ભાષા :-**

સૌથી વધારે બુદ્ધિશાળી જીવ તરીકે માનવીએ ખૂબ જ પ્રગતિ કરી છે. આ પ્રગતિના પાયામાં ભાષા અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. હિંદુ પૌરાણિક માન્યતા મુજબ ભગવાન શંકરે વગાડેલા ડમરુંમાંથી 'નાદ' ઉત્પન્ન થયો. આ અવાજને ઋષિમુનિઓએ લિપિબદ્ધ કર્યો. પાણિનિએ તેનું વ્યાકરણ લખ્યું. આમ દેવભાષા સંસ્કૃત અસ્તિત્વમાં આવી. ત્યારબાદ તેમાંથી પ્રાકૃત અને અન્ય ભાષાઓ ઉદ્ભવી.

ભાષાવિદોએ ખૂબ અભ્યાસ અને સંશોધનના અંતે ભાષાનો ઈતિહાસ લખ્યો, તેમાં એવું કહેવાયું છે કે આદિમાનવની ઉત્પત્તિ આફ્રિકા ખંડમાં થઈ અને તેની સાથે જ પ્રાથમિક કક્ષાની ભાષાની શરૂઆત પણ આફ્રિકા ખંડથી જ થઈ. આદિમાનવની શરુઆતની ભાષામાં પ્રાણીઓના અવાજની નકલનો સવિશેષ પ્રભાવ હતો. ત્યાર પછી જુદી જુદી વસ્તુઓની ઓળખ તરીકેના શબ્દોને સ્થાન મળ્યું, પણ કોઈ લિપિને સ્થાન ન મળ્યું.

આદિમાનવ ગુફાવાસી બન્યો, આગની શોધ થઈ, પૈડાંની શોધ થઈ, જુદાં જુદાં ઓજારો અને હથિયારો શોધાયા પછી આદિમાનવનું જીવન પ્રમાણમાં સુધર્યું. ફાજલ સમય પણ મળતો થયો. જેના કારણે ગુફાની દીવાલો પર ચિત્રોના માધ્યમથી આદિમાનવે પોતાના વિચારોને રજૂ કર્યા. આ ચિત્રલિપિને મનુષ્યની પ્રથમ ભાષા કહી શકાય.

ક્રમશઃ માનવવસ્તી વધતા જુદી જુદી ટોળીઓ અસ્તિત્વમાં આવી. એક-બીજા સાથેનો સંઘર્ષ ટાળવા તેઓ ચારે તરફ ફેલાયા અને લાંબા સમયે તેની મૂળ પ્રજાતિ કરતાં સાવ જ બદલાઈ ગયા. આ દરેક ટોળીઓએ પોતાની જરૂરિયાત અને આવડત મુજબ જુદી જુદી ભાષાઓ બનાવી, વિકસાવી અને

પોતાની આવનારી પેઢીઓને વારસામાં પણ આપી. આમ ક્રમશઃ જુદી જુદી ભાષાઓનો વિકાસ થતો રહ્યો.

વર્તમાન સમયમાં વિશ્વમાં ૬૯૦૯ ભાષાઓ બોલાય છે. હાલમાં ભારતમાં ૨૨ ભાષાઓ બોલાય છે. ક્યારેક બે ભાષાઓના સમન્વયથી ત્રીજી જ ભાષા ઉદ્ભવે છે. આવું મોટાભાગે સરહદી વિસ્તારોમાં થતું જોવા મળે છે. દા.ત. ગુજરાત અને રાજસ્થાન રાજ્યની સરહદ પરની બંને બાજુના ગામડાંઓમાં ગુજરાતી અને મારવાડી કે મેવાડી ભાષાની મિશ્ર છાંટવાળી ભાષા બોલાય છે. આમ ભાષા પણ અતિક્રમણ કરે છે. આ અતિક્રમણને લીધે આજ સુધીમાં દુનિયામાંથી અને ભારતમાંથી ઘણી લુપ્ત થઈ ગઈ છે. યુનેસ્કોએ ૨૪૭૩ મૃત:પ્રાય ભાષાઓની યાદી બનાવી છે. તેના કહેવા મુજબ દર ચૌદ દિવસે એક ભાષા મૃત્યુ પામે છે. વર્ષો પહેલાં કાકાસાહેબ કાલેલકરે કહેલું કે "ભાષા જાય તો સંસ્કૃતિ જાય." એ ન્યાયે લુપ્ત થતી ભાષા સાથે જ અનેક સંસ્કૃતિઓ પણ લુપ્ત થાય છે. જેની સીધી અસર ઐતિહાસિક ધરોહર, વર્તમાન અને ભવિષ્ય પર પડે છે.

કોઈ મૂળભૂત ભાષામાં થોડો બદલાવ કરીને રમૂજ કે ગુપ્તતા માટે પણ થોડી તોડ-મરોડ કરવામાં આવે છે. દા.ત. સૌરાષ્ટ્રના ગામડાંઓમાં 'ચ' અને 'આસ'ને સામાન્ય સ્વરૂપે લઈને નીચે મુજબની ભાષાનો પ્રયોગ કરવામાં આવે છે. 'ચઆચજે ચહું ચતચમાચરી ચસાચમે ચમાચરું ચપેચપચર ચરચજૂ ચકચરી ચરચહ્યો ચછું.' 'આસઆઆસજે આસહું આસતઆસમાઆસરી આસસાઆસમે આસમાઆસરું આસપેઆસપઆસર આસરઆસજૂ આસકઆસરી આસરઆસહ્યો આસછું.' આ પ્રકારની બોલી સમજવામાં અને બોલવામાં મગજને ખાસ્સી કસરત કરવી પડે છે.

માનવીએ પોતાની જરૂરિયાત મુજબ સરળથી સંકૂલ એમ અનેક ભાષાઓ રચી છે. જેણે ક્યારેક ઈતિહાસ બદલી નાખ્યો છે. યુદ્ધના સમયે દુશ્મન દેશોના સંદેશાઓ આંતરીને યુદ્ધની વ્યૂહરચના જાણવાની રીત ઘણી જૂની છે. ત્યાર પછી આ સંદેશાઓને સાંકેતિક ભાષામાં ફેરવી દેવાની રીત અમલમાં મૂકવામાં આવી. સામે પક્ષે આવા સાંકેતિક સંદેશાઓને ઉકેલી નાખવા માટેની ટુકડીઓ પણ તૈયાર કરવામાં આવી. દ્વિતીય વિશ્વયુદ્ધ સમયે નાઝી જર્મનીએ બનાવેલું એનીગ્મા યંત્ર તેનું સચોટ ઉદાહરણ છે. એનીગ્મા સાદી ભાષાને પોતાની 'સાઈફર કી'ની ગોઠવણના આધારે જટિલ સાંકેતિક ભાષામાં ફેરવી નાખતું હતું. સામે પક્ષે અન્ય સૈન્ય ટુકડી એજ 'સાઈફર કી'નો ઉપયોગ કરીને

**ચિત્ર : ૧**

**એનીગ્મા યંત્રનું ચિત્ર**



 ISBN : 978-81-938282-0-5

સાંકેતિક સંદેશાઓને સાદી ભાષામાં ફેરવી આપતું હતું. જર્મની છડેચોક સંદેશા વ્યવહાર ચલાવતું હતું. દુશ્મન દેશો તેના સંદેશા ઝીલતાં હતાં. સાંકેતિક ભાષા ઉકેલનારી ટુકડીઓ પણ ખૂબ જ મહેનત કરતી હતી. તેમ છતાં કશું જ હાથ લાગતું ન હતું. કારણ કે- જર્મનો એનીગ્મા યંત્રની 'સાઈફર કી'ની ગોઠવણ રોજેરોજ બદલી નાખતા હતાં. એનીગ્મા યંત્રના (બીજા શબ્દોમાં કહીએ તો ભાષાના) જોરે જર્મનીએ લશ્કરની ત્રણેય પાંખમાં લાગલગાટ ત્રણ વર્ષ સુધી યુદ્ધભૂમિ પર દબદબો ભોગવ્યો.

દ્વિતીય વિશ્વ યુદ્ધ સમયનો જ બીજો દાખલો જોઈએ તો અમેરિકાએ ઉપરોક્ત બંને બાબતોથી બચવા ત્યાંની સ્થાનિક આદિવાસી જાતિના 'રેડ ઇન્ડિયન' લોકોને સંદેશા વ્યવહાર ચલાવવા બંને તરફ રાખ્યા અને ખુલ્લે આમ સંદેશા વ્યવહાર ચલાવ્યો. દુશ્મન દેશોએ તેના સંદેશાઓ આંતર્યા પણ ખરા અને સાંકેતિક ભાષા ઉકેલનારી ટુકડીએ પણ બહુ જહેમત ઉઠાવી, તેમ છતાં તેઓ રેડ ઇન્ડિયન આદિવાસીઓની ભાષા અને તેનો અર્થ સમજી શક્યા નહીં. પરિણામે તેઓને ઘણું ભોગવવાનું થયું. અમેરિકાએ પણ ભાષાના જોરે તેના શત્રુઓને મ્હાત આપી. તેમ કહીએ તો ખોટું નહીં કહેવાય.

હવે ભારતની વાત કરીએ તો આસામના જંગલોમાં સ્થાયી નિવાસ કરતાં ત્યાંના લોકો એકબીજાથી દૂરદૂર વસે છે. જંગલ અને પર્વતોને લીધે ઘાંટા પાડીને બોલવાનો કોઈ અર્થ નથી. કારણકે મનુષ્યની સ્વરપેટીની પણ અમુક મર્યાદાઓ છે. આ મર્યાદાનું તેમણે જરા જૂદી રીતે નિરાકરણ લાવી દીધું છે. તેઓ પોતાના મોં દ્વારા સીટી વગાડીને એકબીજા સાથે 'વાતો' કરે છે. સીટીની તીવ્ર આવૃત્તિનો અવાજ દૂર સુધી પહોંચે છે અને તેના આરોહ-અવરોહને લીધે એક ચોક્કસ લય બને છે. જોકે હવે આ ભાષાના જાણકારો માત્ર આંગળીના વેઢે ગણી શકાય એટલા જ બચ્યા છે. પણ સીટી દ્વારા તેઓએ સદીઓ સુધી પોતાનો વ્યવહાર ચલાવ્યો અને પોતાના અસ્તિત્વને ટકાવી રાખ્યું એ હકીકત છે.

**ઉપસંહાર :-**

ઉપરોક્ત તમામ ચર્ચાના આધારે એવું કહી શકાય કે ભાષા વિકાસને કારણે જ મનુષ્ય અને મનુષ્યેત્તર પ્રાણીઓમાં પ્રત્યાયન શક્ય બન્યું છે તેમ જ તેમનું અસ્તિત્વ ટકી રહ્યું છે અને ટકી રહેશે. જયારે કોઇપણ ભાષા લુપ્ત થશે ત્યારે તે ભાષા સાથે જોડાયેલી સંસ્કૃતિ પણ લુપ્ત થશે. ભાષા છે તો જ ઈતિહાસ (ભૂતકાળ), વર્તમાન અને ભવિષ્ય છે.

સંદર્ભસૂચિ :-


- https://www.education.rec.ri.cmu.edu/fire/naclo/pages/Ling/Fact/num-languages.html
- https://www.justlanded.com/english/India/India-Guide/Language/Languages-in-India
- ડિસ્કવરી, નેશનલ જ્યોગ્રાફી, એનિમલ પ્લાનેટ, સોની બીબીસી અર્થ, હિસ્ટ્રી ટીવી 18 વગેરે ચેનલ્સ પર રજૂ થતાં જુદા જુદા એપિસોડ

# સંસ્કૃત સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિ – **अतिथि देवो भव ।**


**ડૉ. કાલિન્દી હરિકૃષ્ણ પાઠક, એસોસિયેટ પ્રોફેસર**

**એસ.વી . આર્ટ્સ કૉલેજ**

**Kalindis1@gmail.com**


1. વેદો પ્રાચીનતમ ભારતીય સાહિત્ય છે. એમાંય ઋગ્વેદ તો સમગ્ર વિશ્વનો પ્રાચીનતમ સાહિત્યિક દસ્તાવેજ છે. પ્રથમ દૃષ્ટિએ એમાં ઈન્દ્ર, અગ્નિ , વરુણ વગેરે વિવિધ દેવતાઓની સ્તુતિઓ છે એમ જણાય છે પરન્તુ, એમાં અનેક દેવતાવાદમાં ગર્ભિત રીતે એક પરમતત્ત્વની ઉપાસના જ છે. આ ઉપરાન્ત એમાં સૃષ્ટિની ઉત્પત્તિવિષયક ઉત્તમ દાર્શનિક વિચારો વર્ણવાયેલા છે. એમાં આચરણીય અને વ્યાવહારિક નીતિબોધ પણ જોવા મળે છે. વેદોમાં તેમજ તેને અનુસરીને રચાયેલ સ્મૃતિગ્રંથોમાં નિત્ય, નૈમિત્તિક આચાર અને વ્યવહાર અંગે વ્યવસ્થિત માર્ગદર્શન આપવામાં આવ્યું છે. નિત્ય-નૈમિત્તિક કર્મને યજ્ઞતુલ્ય મહત્ત્વ આપ્યું છે. જેના આચરણથી દાન, ત્યાગ, અપરિગ્રહ જેવા શાશ્વતમૂલ્યો જીવનશૈલીમાં જ વણાઈ જાય. અહીં સામ્મનસ્યની ભાવના , દાનનું મહત્ત્વ, આતિથ્યસત્કાર જેવા ઉદાત્ત વિચારો વર્ણવાયેલા જોવા મળે છે. જે અદ્યાવધિ ભારતીય સંસ્કૃતિની આગવી વિશેષતાઓ છે. આ સાંસ્કૃતિક મૂલ્યો પૈકી આતિથ્યસત્કારનો મૂળ સ્રોત, તેનું વાસ્તવિક સ્વરૂપ અને તેની સામાજિક અસરોની ચર્ચા અથર્વવેદ અને પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના સંદર્ભમાં કરવી એ પ્રસ્તુત શોધપત્રનો પ્રતિપાદિત વિષય છે.

2. વૈદિક સમયમાં વેદાજ્ઞાથી ધર્મના માધ્યમ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવામાં આવતું હતું, આ રીતે સામાજિક સંવેદના ઉજાગર રહેતી હતી. પરંતુ, વર્તમાન સમયમાં જીવનશૈલી સંપૂર્ણ બદલાઈ ગઈ છે. યજ્ઞનું કોઈ પ્રતીતિકર પ્રયોજન રહ્યું નથી. યજ્ઞસંસ્થાનું મહત્ત્વ ઘટી ગયું છે. જેને પરિણામે ભારતીય સંસ્કૃતિની મહનીય વિશેષતારૂપ આતિથ્યભાવનાનો વ્યવહારમાં હ્રાસ વર્તાય છે.

3. સાહિત્ય સમાજનું પ્રતિબિંબ છે. એ ન્યાયે વિશ્વના કોઈપણ પ્રદેશની સભ્યતા, સંસ્કૃતિ, ધર્મ અને સમાજજીવન તથા આર્થિક સ્થિતિનું પ્રતિબિમ્બ એના સાહિત્યમાં જોવા મળે છે. ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ વેદોના પાયા પર નિર્માણ પામેલી છે. આથી, ભારતીય સંસ્કૃતિને જાણવા માટે વેદોનું જ્ઞાન અનિવાર્ય છે. ભારતીય સંસ્કૃતિના ગૌરવગાનરૂપ આતિથ્યસત્કારની ભવ્ય ભાવનાનો મૂળસ્રોત વેદોમાં નિહિત છે. જે પરવર્તી સંસ્કૃત સાહિત્યમાં ઝીલાતો રહ્યો છે. સાહિત્ય સાંસ્કૃતિક મૂલ્યોને પ્રતિબિંબિત કરવા સાથે તેને ટકાવી રાખવાનું અને દ્રઢમૂળ કરવાનું કાર્ય પણ કરે છે. એ રીતે સ્વસ્થ સમાજના નિર્માણ અને સંવર્ધનનું કાર્ય પણ કરે છે. એ દૃષ્ટિએ વેદોમાં નિરૂપાયેલ જીવનશૈલી અને પરવર્તી સંસ્કૃત કૃતિઓમાં તેના પ્રતિઘોષનું અધ્યયન વર્તમાન સમયમાં અત્યંત પ્રસ્તુત છે. પ્રસ્તુત સંશોધનલેખનો હેતુ ભારતીય સંસ્કૃતિના હ્રાસોન્મુખ મહનીય મૂલ્યને અને સામાજિક સંવેદનાને ઉજાગર કરવાનો છે.

4. અથર્વવેદના આતિથ્યમાહાત્મ્યના સૂક્તોનો અભ્યાસ કરતા પહેલાં પુરાણોનો અભ્યાસ આવશ્યક છે. એનું કારણ એ છે કે વેદોના જ સિદ્ધાન્તોનો પુરાણોમાં કથાઓ દ્વારા વિસ્તાર કરવામાં આવ્યો છે. આથી, ઈતિહાસ અને પુરાણોમાંથી વેદનું ઉપબૃંહણ કરવું. "इतिहासपुराणाभ्याम् वेद समुपबृंहयेत्" એ દૃષ્ટિએ પુરાણમાં આપેલ અતિથિમાહાત્મ્ય સમજતા પહેલાં અતિથિની વ્યાખ્યા જાણવી જરૂરી છે.

માર્કંડેયપુરાણમાં જણાવ્યું છે કે –

न मित्रमतिथि कुर्यान्नेकग्रामनिवासिनम् ।अज्ञातकुलनामानं तत्कालसमुपस्थितम् ।। 26.28

बुभुक्षुमागतं श्रान्तं याचमानमकिंचनम् ब्राह्मणं प्राहुरतिथिं स पूज्यः शक्तितो बुधैः ।।26.29
અર્થાત્,ગામમાં રહેતા મિત્રને અતિથિ ન કહેવાય પણ, જેનું કુળ અને નામ ખબર ન હોય, અચાનક જ આવી ચડ્યો હોય તેને અતિથિ કહેવાય. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે 'મિત્ર, ભાઈ અને ગુરુ અતિથિ ન કહેવાય.(પણ અભ્યાગત કહેવાય20.)'.આનો સાર એ છે કે જેને ખરેખર ભોજન, પાણી અને વિશ્રામની જરૂર હોય તેને તે વસ્તુ મળી રહે તેવી સમાજવ્યવસ્થા હતી. સાવ અજાણ્યો થાકેલો, ભૂખ્યો માણસ પણ કોઈ પણ ઘરને આંગણે આવીને કોઈ ક્ષોભ વગર ઊભો રહી શકે તેવી આદર્શ જીવનશૈલી હતી. સમાજમાં આ જીવનશૈલીને ટકાવી રાખવા જ એને "अतिथि - न विद्यते तिथिर्यस्य सोऽतिथिरुच्यते ।" એવી વિશેષ ઓળખ આપવા સાથે એના સત્કારના કાર્યને યજ્ઞકાર્ય મનાતું હતું. અથર્વવેદના આતિથ્યમાહાત્મ્યના સૂક્તો આ પ્રાચીન સંસ્કૃતિના યશોગાનનો પ્રાચીનતમ પુરાવો છે.

5. અથર્વવેદમાં નવમાં કાંડમાં છ સૂક્તોમાં અતિથિસત્કારના કર્મને યજ્ઞનું રૂપક આપવામાં આવ્યું છે. જેને સાયણે અતિથિમાહાત્મ્યના સૂક્તો કહ્યાં છે. રાજા-મહારાજાઓ સત્રયજ્ઞ, અગ્નિષ્ટોમયજ્ઞ કરીને જે ચક્રવર્તીપદ, સ્વર્ગ જેવા ફળ ભોગવતા હતા તે ફળ આંગણે આવેલ અતિથિનો સત્કાર કરવાથી જ મળી જાય છે. એવું દર્શાવીને ગૃહસ્થને21 એના નિત્યકર્મથી જ યજ્ઞનું પુણ્યફળ પ્રાપ્ત કરવા પ્રેરણા આપવામાં આવી છે. અથર્વવેદના નવમાં કાંડમાં અતિથિસત્કારમાં કરાતી વિધિ અને યજ્ઞની વિધિઓ તૂલ્ય છે એમ વર્ણવ્યું છે.

5.1.1 જે યજમાન અતિથિને જુએ છે તે દેવયજનને જ જુએ છે. "यद् वा अतिथिपतिरतिथीन् प्रतिपश्यति देवयजनं प्रेक्षते"। 9.15.3 આંગણે આવેલ અતિથિને પ્રત્યક્ષ દેવ જ માનવાનો છે. યજ્ઞમાં પુરોહિત યજમાનને મન્ત્રોચ્ચારથી દીક્ષા આપીને પછી યજ્ઞ માટે જળ લાવે છે. જ્યારે, આતિથ્યકર્મમાં અતિથિને જોતાં જ તેને આવકાર આપીને પીવાનું પાણી આપીએ છીએ. ઋષિનું દર્શન છે કે અતિથિ સાથે સંવાદ કરવો તે યજ્ઞ માટેની દીક્ષાના મન્ત્રોચ્ચારતૂલ્ય છે. તેને જળ આપવું એ યજ્ઞક્રિયા માટે લઈ જવાતું જળ છે22.

5.1.2. અતિથિ પધારે ત્યારે તેને તર્પણ (પ્રેમપૂર્વક પીરસેલી ખાદ્યસામગ્રી)આપવામાં આવે છે. જ્યારે યજ્ઞમાં યૂપ સાથે પશુ બાંધવામાં આવે છે.અતિથિને કરાયેલ તર્પણ એ યજ્ઞક્રિયામાં અગ્નિષોમીય પશુ બાંધવા તુલ્ય છે23. એ પછી તેને બેસવા માટેનું જે સ્થાન વિચારાય છે તે યજ્ઞની સામગ્રી રાખવાનું ગાડું કે સોમ આદિ હવનીય પદાર્થો રાખવાનું પાત્ર છે. જે અતિથિને બેસવાના સ્થાનને શુદ્ધ કરે છે, અથવા બાજોઠ (કે પાટલો)આપે છે તે યજ્ઞમાં દેવોની સ્થાપના માટે પુરોહિત દ્વારા બનાવાતું બર્હિનું

---

[20] न ब्राह्मणस्य त्वतिथिर् गृहे राजन्य उच्यते ।वैश्यशूद्रौ सखा चैव ज्ञातयो गुरुरेव च' ।।3.110 म.स्मृ.

[21] विद्यार्थी ब्रह्मचारी स्यात् सर्वेषां पालने गृही । वानप्रस्थःसन्दमने संन्यासी मोक्षसाधने ।।

शुक्रनीतिः4.4.2

अध्यापनं ब्रह्मयज्ञःपितृयज्ञस् तु तर्पणम् ।होमो दैवो बलिर् भौतो नृयज्ञोSतिथिपूजनम् ।।मनुस्मृतिः3.70

[22] यदभिवदति दीक्षामुपैति यदुदकं याचत्यपःप्रणयति । या एव यज्ञ आपः प्रणीयन्ते ता एव ताः" । 9.5.4,5 अ.वे

[23] यत् तर्पणमाहरन्ति य एवाग्निषोमीयः पशुर्बध्यते स एव सः । 9.5.6 अ.वे

 ISBN : 978-81-938282-0-5

આસન છે. એમાંય જે આસન પર બિછાનું પાથરી આપે છે તે તો પોતાની માટે સ્વર્ગના દરવાજા જ ખોલે છે24. આવું આતિથ્ય કરવાથી સ્વર્ગ મળે એમ કહી સમાજમાં આ કાર્યને ભાવપૂર્વક કરવાની પ્રેરણા આપી છે. અતિથિને સ્નાન માટેનું ઉબટન અને તે પછી આંખે લગાવાનું આંજણ આપવું તે યજ્ઞમાં હોમવા માટેના ઘી બરાબર છે25.

5.1.3. અતિથિ સ્નાન કરી લે પછી તેને પીરસવાનું શરુ કર્યા પહેલા જે સુસંસ્કૃત અન્ન લાવીને મૂકવામાં આવે તે પુરોડાશ છે. પુરોડાશ એ અન્વર્થ સંજ્ઞા છે. "पुरः दाश्यते दीयत इति पुरोडाशः"। એ અર્થ મુજબ યજ્ઞમાં બલિ માટે જે પશુ શણગારીને લાવવામાં આવે છે તેને યજ્ઞનો પુરોડાશ કહેવાય છે. पशुर्वै पुरोडाशः। અતિથિ માટે રાંધેલા અન્નને યજ્ઞના પુરોડાશતૂલ્ય કહ્યું છે. પીરસવાની સામગ્રી તૈયાર કરી લીધા પછી તેને ભોજન માટે બોલાવવો તે યજ્ઞમાં હવિ હોમવા માટે પુરોહિતે યજમાનને કરેલું આહ્વાન કર્યા તૂલ્ય છે. અતિથિ માટે રાંધેલાં જવ વગેરે ધાન્ય દેવોને પ્રાતઃ,માધ્યંદિન અને સાયંસવનમાં અપાતો સોમ છે. રાંધતી વખતે વપરાતા ખાંડણી-દસ્તો એ સોમનો રસ કાઢવા માટે પીસવાના પત્થરો છે26. સોમ એ દેવોને અત્યંત પ્રિય છે.સોમના અધિકારી હોવું એ વૈદિકયુગમાં વિશિષ્ટ સન્માન ગણાતું હતું. સુસંસ્કૃત ભોજનની સોમ સાથે તુલના કરીને ઋષિ સૂચવે છે કે 'અતિથિને ભોજનથી ખુશ કરવો યજ્ઞથી દેવોને પ્રસન્ન કર્યા બરાબર છે'.

5.1.4. આ ઉપરાન્ત પાકક્રિયાને અને પાકસામગ્રીને પણ સોમરસ નીચોવવાની ક્રિયા અને તેમાં વપરાતી સામગ્રીતુલ્ય ગણી છે. જેમકે, ભોજનમાં અનાજને ખાંડીને શુદ્ધ કરી સૂપ બનાવાય છે તે સોમરસ છે. જે ફોતરા બચે છે તે સોમરસને ગાળીને વધેલું જાડું ચાળણ છે અને રસોઈમાં વપરાતું જળ એ સોમરસ નીચોવતી વખતે તેમાં મિશ્રણ કરવા યોગ્ય 'વસતીવરી' નામની જળધારા છે27.

5.1.5. રસોઈમાં વપરાતા સાધનોને પણ યજ્ઞક્રિયામાં ઉપયોગમાં લેવાતા સાધનોનું રૂપક આપ્યું છે. રસોઈમાં વપરાતી દર્વી (ભાત ઉતારવાનું સાધન) જ યજ્ઞમાં હવિના હોમ માટે વપરાતી સ્રવા છે. ઓદન (ભાત)ને પાણીમાં ભેગા કરવા માટેનો કાષ્ઠદંડ જ સોમરસને તૈયાર કરવાનો દંડ છે. રસોઈ માટેના કળશ જ યજ્ઞના દ્રોણકલશ(યજ્ઞમાં સોમ રાખવાનું પાત્ર) છે અને અતિથિનું ભોજનનું પાત્ર (વાયવ્યપાત્ર-દેવતાઓનું સોમપાત્ર)યજ્ઞમાં વપરાતું કૃષ્ણમૃગનું ચામડું છે28.જે ગૃહપતિ યજમાન બ્રાહ્મણને-અતિથિને ભોજન પીરસીને એને જમવાનું કહે છે. જે યજ્ઞની જેમ અતિથિના પ્રાણ-આયુષ્યને જ વધારે છે29.5.1.6 અતિથિ દ્વારા અન્ન આરોગવાની ક્રિયાને યજ્ઞની હોમક્રિયા સાથે તુલના કરી છે. જેમ યજ્ઞમાં યૂપ સ્થાપેલો

---

[24] यदावसथान् कल्पयन्ति सदोहर्विधानान्येव तत् कल्पयन्ति । यदुपस्तृणन्ति बर्हिरेव तत् । यदुपरिशयनमाहरन्ति स्वर्गमेव तेन लोकमवरुन्द्धे । 9.5.7-9 अ.वे

[25] यदाञ्जनाभ्यञ्जनमाहरन्त्याज्यमेव ।9.6.11 अ.वे

[26] यत् पुरा परिवेषात् खादमाहरन्ति पुरोडाशावैव तौ।।12 यदशनकृतं ह्वयन्ति हविष्कृतमेव तद्ध्वयन्ति ।।13 ये व्रीहयो यवा निरूप्यन्तेंशव एव ते ।।14यान्युलूखलमुसलानि ग्रावाण एव ते ।।15 9.5 अ.वे

[27] शूर्पं पवित्रं तुषा ऋजीषाभिषवणीरापः ।। 9.5.16 अ.वे

[28] स्रुग् दर्विनेक्षणमायवनं द्रोणकलशाः कुम्भ्योSवायव्यानि पात्राणीयमेव कृष्माजिनम् ।।9.5.17 अ.वे

[29] यजमानंब्राह्मणं वा एतदतिथिपतिः कुरुते यदाहार्याणि प्रेक्षत इदं भूपा३मिति ।। यदाह भूय उद्धरेति प्राणमेव तेन वर्षीयांसं कुरुते ।।उपहरति हविष्यां सादयति ।। 9.6.1-3 अ.वे

હોય છે. યજ્ઞમાં સ્રુક વડે વષટ્કાર સાથે ઈન્દ્રદેવને ઉદ્દેશીને સોમ અર્પણ કરાય છે. તેમ અતિથિ જે હાથ વડે આરોગે છે તે યજ્ઞની સ્રુક્ ( કડછી )છે. તેના પ્રાણ એ યજ્ઞનો યૂપ છે. સબડકારૂપ વષટ્કારથી અતિથિ ભોજનને પોતાના જ આત્મામાં અર્પણ કરે છે30. વેદનો ઋષિ કોઈના જઠરાગ્નિને તૃપ્ત કરવો એ પણ એક પ્રકારનો યજ્ઞ જ છે એવું માને છે.

5.1.7. જે વ્યક્તિ હંમેશાં અતિથિને અન્ન આપે છે તે એવા વ્યક્તિને સમોવડિયો છે કે જેના યજ્ઞમાં સોમરસને પીસનારા ગ્રાવાઓ(ઉલુખલ-મૂસલ) આર્દ્રપવિત્ર રહે છે. અતિથિને બલિ –અન્ન આપવું તે પ્રાજાપત્ય યજ્ઞ છે. જે અતિથિસત્કાર કરે છે તે પ્રજાપતિના પગલાં પર ચાલે છે. प्राजापत्यो वा एतस्य यज्ञो विततो य उपहरति ।। 9.6.11 प्रजापतेर्वा एष विक्रमाननुविक्रमते य उपहरति ।। 9.6.12 શતપથબ્રાહ્મણમાં કહ્યું છે કે 'कतमो प्रजापतिरिति,यज्ञ इति । પ્રજાપતિ કોણ છે ? પ્રજાપતિ યજ્ઞ છે.' અતિથિને અન્ન આપવું તે પ્રજાપતિની ઉપાસના છે, યજન છે. અથવા પ્રજાપતિના પગલાં પર ચાલવાની બાબતનું અન્ય એવું અર્થઘટન પણ કરી શકાય કે મનુ પ્રજાપતિને અનુસરીને રચાયેલ ધર્મશાસ્ત્રોમાં ઉપદેશેલ પંચયજ્ઞોમાંનો એક નૃયજ્ઞ31 કે જેનું મૂળ ખૂબ સ્પષ્ટ રીતે અથર્વવેદના આ બે મંત્રોમાં છે.

5.1.8. આતિથ્ય માટે વપરાતી સામગ્રી અને તેની વિધિને યજ્ઞની સામગ્રી અને યજ્ઞની વિધિ જેવી દર્શાવવાનો હેતુ જ આ કાર્યને નૃયજ્ઞનો દરજ્જો આપે છે. એટલે જ અતિથિને આવકાર આપવો (આહવાન)તે આહવનીય અગ્નિ છે. ઘરમાં હોય તે ગાર્હપત્ય અગ્નિ છે અને જેમાં અતિથિ માટે રંધાય છે તે દક્ષિણાગ્નિ છે32.

5.2. આતિથ્યસત્કારને યજ્ઞતુલ્ય ગણાવીને સમાજને આ નિત્યકર્મ અવશ્યપણે કરવા માટે પ્રેરણા આપવામાં આવી છે. જે આ મહત્તા ન સમજે તેવા મનુષ્યોને માટે ધર્મભીતિ (દંડનીતિ દ્વારા ) ઊભી કરીને તેમને આતિથ્યસત્કારને નિત્યકર્મ તરીકે કરવાની પ્રેરણા આપવામાં આવી છે.

5.2.1 હંમેશાં કોઈ અતિથિને ભોજન કરાવ્યા પછી જ યજમાને ભોજન કરવું જોઈએ. एष वा अतिथिर्यच्छ्रोत्रियस्तस्मात् पूर्वो नाश्नीयात् । 9.7.7 એમ ન કરવાથી કેવા કેવા અનિષ્ટો આવી પડે છે. જેમકે, "જે અતિથિ પહેલાં જમી લે છે તે વેદોક્ત યજ્ઞોના અને સ્મૃતિગ્રંથોકત યજ્ઞોના (જેવા કે વાવડી, કૂવા, તળાવ ખોદાવવા જેવાં) ફળનો નાશ કરે છે. તેના ઘરના રસ-કસ(ઘી-ગૂધ)નો,બળ-વૃદ્ધિનો, વંશનો, વ્યવસાય (પશુઓ)નો,શ્રીનો અને સંપનો નાશ થાય છે33."આવું જે સમજે છે તે અતિથિ પહેલાં ક્યારેય ગાયનું દૂધ કે માંસ જેવી સ્વાદિષ્ટ વસ્તુઓનું ક્યારેય ભક્ષણ કરતો નથી. સઘળા ઐહિક સુખો માત્ર અતિથિને રોજ પહેલા જમાડવાથી મળે છે એવું આ પરથી ફલિત થાય છે.

---

30 तेषामासन्नानामतिथिरात्मन् जुहोति ।।स्रुचा हस्तेन प्राणे युपे स्रुक्कारेण वषट्कारेण ।।9.6.4,5 अ.वे.

31 ऋषियज्ञं देवयज्ञं भूतयज्ञं च सर्वदा । नृयज्ञं पितृयज्ञं च यथाशक्ति न हापयेत् ।। 4.21 मनुस्मृतिः

32 योतिथीनां स आहवनीयो यो वेश्मनि स गार्हपत्यो यस्मिन् पचन्ति स दक्षिणाग्निः ।।9.6.13 अ.वे.

33 इष्टं च वा एष पूर्तं च गृहाणामश्नाति यः पूर्वोतिथेरश्नाति ।।पयश्च वा एष रसं च ।.ऊर्जां च वा एष स्फातिं च ।।प्रजां च वा एष पशूंश्च ।।कीर्तिं च वा एष यशश्च ।। श्रियं च वा एष संविदं च गृहाणमस्नाति यः पूर्वोतिथेरश्नाति ।। 9.7.1-6 अ.वेद

5.3. ઐહિક ઉપરાંત પારલૌકિક સુખની પ્રાપ્તિ પણ આ નિત્યકર્મથી પ્રાપ્ત થાય છે એમ દર્શાવી (દામનીતિ દ્વારા) આતિથ્યકર્મની પ્રેરણા આપવામાં આવી છે.

5.3.1. જેમકે, "જે દૂધ રેડેલા ભક્ષ્ય પદાર્થોને અતિથિ માટે લાવે તેને અગ્નિષ્ટોમયજ્ઞની જેમ સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે. જે આજ્યયુક્ત (ઘીવાળા) ભક્ષ્ય પદાર્થો અતિથિ માટે લાવે તેને અતિરાત્ર યજ્ઞ કરવાથી સ્વર્ગમાં જે અધિકારો મળે તે બધા જ પ્રાપ્ત થાય છે. જે મધવાળુ ભોજન અતિથિને જમાડે તેને સુસમૃદ્ધ સત્રયજ્ઞની જેમ અનેક સ્વર્ગો પ્રાપ્ત થાય છે. જે અતિથિને માંસનું ભોજન જમાડે છે તેને સુસમૃદ્ધ બારવર્ષ સુધી ચાલનારા યજ્ઞ જેટલું ફળ મળે છે. જે માત્ર જળયુક્ત ભોજન જમે તે સંતતિસુખ પ્રાપ્ત કરે છે, સમાજમાં લોકપ્રિય થાય છે અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે.34"

5.3.2 જે અતિથિઓનો સત્કાર અને પ્રશંસા કરે છે. અતિથિએ ભોજન કરી લીધા પછી વધેલું અન્ન ખાય છે તેનાં માટે પ્રજા આનંદથી હિંકાર ( જયકાર ) કરે છે.તેના સંતાન, પશુઓ અને સમૃદ્ધિ વધે છે35. ત્વષ્ટા તે ગૃહપતિને પુષ્ટિ આપે છે. સૂર્ય તેની પ્રશંસા કરે છે ઋષિ એવી કલ્પના કરી છે કે 'વાદળાંની ગર્જના તેના સત્કર્મનો જયકાર છે36.यज्ञात् भवति पर्जन्यः –જેમ યજ્ઞથી વરસાદ થાય તેમ નૃયજ્ઞથી પણ વૃષ્ટિ થાય છે'. આનો ગર્ભિતાર્થ એ છે કે 'પૃથ્વી પર થતા સત્કર્મથી જ જળચક્ર ચાલતુ રહે છે'. જલચક્ર થકી જ આ સૃષ્ટિચક્ર ગતિશીલ છે. સૃષ્ટિચક્ર પણ માનવીય સત્કર્મો પર અવલંબે છે એવો મહાન ખ્યાલ વેદમાં આપ્યો છે.

5.4 મનુષ્ય તેના ઐહિક સુખો ત્યારે જ ભોગવી શકે જ્યારે તે ત્રિવિધ દુઃખોથી મુક્ત રહે. ત્રિવિધ દુઃખોના નાશ માટે નક્ષત્રકલ્પમાં અથર્વવેદનાવિવિધ મંત્રો દ્વારા શાન્તિકર્મ દર્શાવ્યા છે.

અતિથિનું આહ્વાન ગૃહપતિની આફતોનો નાશ કરનાર (ક્ષત્તા) છે37. તેથી આ આહ્વાન મન્ત્રો વડે શાન્તિકર્મ કરવા બરાબર છે. ગૃહપતિ હાથમાં પાત્ર લઈને પીરસવા ફરે છે તે યજ્ઞના પુરોહિત ઋત્વિજે હાથમાં પકડેલ સોમપાત્ર છે. પીરસીને ઘરમાં પાછો ફરે તે યજ્ઞને અન્તે યજમાન દ્વારા કરાતું પવિત્ર અવભૃથ સ્નાન છે. પ્રત્યેક અતિથિને અપાતી પૃથક પૃથક દક્ષિણા ઉત્તમ રક્ષણ છે38.

5.5. આતિથ્યસત્કારથી મનુષ્ય ઇહલોકમાં બધા તરફથી આદર મેળવે છે,પરલોકમાં પણ આદર મેળવે છે અંતે તે જ્યોતિર્મયલોક અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરે છે39. અતિથિસત્કારથી જ યજ્ઞથી મેળવી શકાય

---

[34]स य एवं विद्वान क्षीरमुपसिच्योपहरति।।1 यावदग्निष्टोमेनेष्ट्वा सुसमृद्देनावरुन्धे तावदेनेनाव रुन्द्धे ।।2 स य एवं विद्वान्त्सर्पिरुपसिच्योपहरति ।। 3 यावदतिरात्रेणेष्टा।। 4 स य एवं विद्वान् मधूपसिच्योपहरति ।। 5 यावत्सत्त्रसद्येनेष्टा ।। 6 स य एवं विद्वान् मांसमुपसिच्योपहरति।। 7 यावद् द्वादशाहेनेष्टा सुसमृद्देनावरुन्द्धे तावदेनेनाव रुन्द्धे ।। 8 स य एवं विद्वानुदकमुपसिच्योपहरति ।।9 प्रजानां प्रजननाय गच्छति प्रतिष्ठां प्रियः प्रजानां भवति य एवं विद्वानुदकमुपसिच्योपहरति ।।10 9.8. अ.वेद,

[35] अतिथीन् प्रति पश्यति हिङ्कृणोत्यभि वदति प्र स्तौत्युदकं याचत्युद्गायति ।। उपहरति प्रति हरत्युच्छिष्टं निधनम् ।। निधनं भूत्याः प्रजायाः पशूनां भवति य एवं वेद ।। 9.9.8-10 अ.वेद

[36] तस्मा अभ्रो भवन् हिङ्कृणोति स्तनयन् प्र स्तौति ।। 9.9.6 अ.वे

[37] यत् क्षत्तारं ह्वयत्या श्रावयत्येव तत् ।। 9.10.1 अ.वे

[38] यत् परिवेष्टारःपात्रहस्ताः पूर्वे चापरे च प्रपद्यन्ते चमसाध्वर्यव एव ते ।।तेशां न कश्चनहोता ।।यद् वा अतिथिपतिरतिथीन् परिष्वज्य गृहानुपोदैत्यवभृथमेव तदुपावैति ।। 9.10.3-5 अ.वे

[39] स उपहूतो लोकेषु भक्षयत्युपहूतस्तस्मिन् यल्लोकेषु विश्वरूपम् ।। स उपहूत उपहूतः ।।आप्नोतीमं लोकमाप्नोत्यमुम् ।।ज्योतिष्मतो लोकान् जयति य एवं वेद ।। 9.10.11-14 अ.वे

તેવા બધા જ ઐહિક સુખ અને સ્વર્ગલોક પ્રાપ્ત થાય છે. તેમજ, મૃત્યુ પછી આ લોકમાં જીવંત રાખે તેવા યશની પ્રાપ્તિ થાય છે. એમ જણાવી ઋષિ સમાજના વિવિધ વર્ગના મનુષ્યોને આ કાર્ય કરવાની પ્રેરણા આપે છે. આતિથ્યસત્કારની ઉદાત્ત ભાવનાનો પાયો વેદે આપેલ આ દૃષ્ટિકોણમાં છે.

6. વેદના આ અભિગમને આધારે જ બૃહદારણ્યક ઉપનિષદમાં ગુરુ સ્નાતક શિષ્યને હસ્થજીવનમાં આચરણીય કર્તવ્યકર્મનો ઉપદેશ આપતા કહે છે કે **अतिथि देवो भव ।** ઉપનિષદોના આ ગુરુસમ્મિત બોધને લીધે અનેક પેઢીઓ સુધી ભારતીય સંસ્કૃતિની આ ઉદાત્ત ભાવના દૃઢમૂળ થતી રહી છે.

7. પુરાણોમાં વેદના જ ધર્મ અને દર્શનને સર્વજનસાધારણને સમજાય એવી સરળ રીતે સમજાવાયું છે. દા.ત.,માર્કંડેયપુરાણમાં જણાવ્યું છે કે ‘દરેકે યથાશક્તિ અતિથિપૂજન કરવું જોઈએ’.**पितृदेवातिथिज्ञाति भुक्तशेषं स्वयं नरः।।** 25.22 **अतिथिं तत्र संप्राप्तमन्नाद्येनोदकेन च। संपूजयेद्यथाशक्ति गंधपुष्पादिभिस्तथा** ।।26.26 અતિથિપૂજન ન કરવાથી પ્રાપ્ત નરકગતિ પણ પુરાણોમાં વર્ણવાઈ છે. જ્યારે આતિથ્યથી સ્વર્ગપ્રાપ્તિ પણ દર્શાવાઈ છે. અગ્નિપુરાણમાં કહ્યું છે કે- **आतिथ्यं वैश्वदेवं च प्राहुरिष्टं च नाकदम्** ।।209.3b મનુસ્મૃતિમાં કહ્યું છે કે ‘ગૃહસ્થધર્મની સાધના કરનાર સજ્જનોના ઘરમાં બીજું કંઈ જ ના હોય તો પણ શયન માટે તૃણ, બેસવાનું આસન, જળ તથા સત્ય અને મધુરવાણી આટલી વસ્તુઓ તો ક્યારેય ખૂટતી નથી’[40]. મધુર વાણી એ ભાવપૂર્ણ સત્કારની મહત્તા દર્શાવે છે. અહીં શાસ્ત્રકારોએ એ ધ્યાન પણ રાખ્યું છે કે આ ભાવનાનો દુરુપયોગ પણ ન થવો જોઈએ એટલે એમણે જણાવ્યું છે કે ‘જે બ્રાહ્મણ ભોજનની લાલચથી બીજે ગામ જઈ પરિપક્વ અન્નનો ભોગ કરે તે જેનો ગેરલાભ લે છે તેને ત્યાં પશુ બની જન્મે છે[41]’.

8. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના સમર્થ નાટ્યકાર ભાસે તેમની સર્વશ્રેષ્ઠ નાટ્યકૃતિ સ્વપ્નવાસવદત્તમ્માં આતિથ્યનો મહિમા રજૂ કર્યો છે. પ્રથમ અંકમાં તપોવનમાં રહેલી તાપસી એક અજાણ્યા બ્રહ્મચારીનું સ્વાગત કરતા કહે છે કે ‘ **तपोवनानि नाम अतिथिजनस्य स्वगेहम् ।**’ તપોવન એ તો અતિથિનું પોતાનું જ ઘર છે. આ વિધાન પરથી જણાય છે કે ‘વૈદિક અને પૌરાણિક કાળમાં આતિથ્યપૂજન ગૃહસ્થના ધર્મરૂપે દર્શાવાયું છે. જ્યારે પરવર્તી કાળમાં પ્રત્યેક નગરના છેડે રહેલ આશ્રમોમાં પણ આતિથ્ય થતું . કોઈપણ વર્ણની વ્યક્તિ પોતાના ઘરની જેમ નિઃસંકોચપણે આશ્રમમાં પ્રવેશી શકતી હતી. સાહિત્યકૃતિઓમાં કથાની સાથે ગૂંથાયેલ આવી સૂક્તિઓએ ભારતીય સંસ્કૃતિની આ ભાવનાને પોષવાનું કામ કર્યું છે.

9 મહાકવિ કાલિદાસકૃત વિશ્વપ્રસિદ્ધ નાટક અભિજ્ઞાનશાકુન્તલમ્ માં દુષ્યન્તના વિચારોમાં ખોવાયેલી કણ્વની પાલકપુત્રી શકુન્તલા આતિથ્યસત્કાર કરવામાં બેધ્યાન બને છે. જેને લીધે દુર્વાસા ક્રોધિત થાય છે કે आः **कथमतिथिं मां परिभवसि ?** આ કારણે તેને શાપ આપે છે. જેને લીધે રાજા દુષ્યન્ત તેને ભૂલી જાય છે. આતિથ્ય ન કરવાના દુષ્પરિણામો જે વેદો અને પુરાણોમાં દર્શાવાયાં છે તેનો કાલિદાસે કથાવિકાસ અને નાયકના પાત્રના ઉર્ધ્વીકરણ માટે ઉપયોગ કર્યો છે. જે સૂચવે છે કે આતિથ્ય આપણી

[40] तृणानि भूमिरुदकं वाक् चतुर्थी च सुनृता ।एतान्यपि सतां गेहे नोच्छिद्यन्ते कदाचन ।।3.101 म.स्मृ.

[41] उपासते ये गृहस्थाःपरपाकमबृद्धयः।तेन ते प्रेत्य पशुतां व्रजन्त्यन्नादिदायिनाम् ।।3.104 म.स्मृ.

સંસ્કૃતિની દૃઢમૂલ ધર્મભાવના છે. આવી કથાઓએ આ ભાવનાને સમયે સમયે ધર્મભીતિ દર્શાવીને પણ જનમાનસમાં ઉજાગર રાખી છે.

10. પ્રાચીન કાળમાં જ્યારે સામાન્ય મનુષ્યો પગપાળા જ પ્રવાસ કરતા હતા.ત્યારે થાકેલી, ભૂખી વ્યક્તિને આરામ અને ભોજન-પાણી અને જરુર પડ્યે રાતવાસો મળી રહે તે જરુરિયાતોને ધ્યાનમાં રાખીને આતિથ્યસત્કારને નિત્યકર્મ તરીકે વેદોમાં ઉપદેશ્યું છે. ધર્મકાર્ય રૂપે કરવાનું હોવાથી આતિથ્યકર્મ બોજારૂપ ન લાગે. તેનું પ્રતિદિન આચરણ કરતા કરતા સમાજમાં પરસ્પર નિસ્બત અનુભવાય. પરિણામરૂપે સંવેદનશીલ સમાજનું નિર્માણ થાય. વેદોથી શરુ કરીને પ્રશિષ્ટસંસ્કૃત સાહિત્યની કૃતિઓએ આ ધર્મભાવનાને 1. સામથી એટલે કે એને યજ્ઞ ગણીને કરવાની રીતે 2. દામથી એટલે કે એનાથી પ્રાપ્ત વિવિધ ઐહિક અને પારલૌકિક સુખો દર્શાવીને 3. દંડથી એટલે કે એ ન કરવાથી પ્રાપ્ત અનિષ્ટો વર્ણવીને સતત પોષી છે,દૃઢમૂળ કરી છે. જે ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વનું અભિન્ન અંગ છે.

11. સંસ્કૃતસાહિત્યની કૃતિઓ દ્વારા સમયે સમયે સુચારુ રૂપે પોષાયેલ આ વૈદિક સંસ્કૃતિનું મહિમાગાન ગુજરાતી ભાષામાં કવિ દુલા ભાયા કાગની વાણીમાં અભિવ્યંજિત થયું છે કે “હે જી તારા આંગણિયા પૂછીને કોઈ આવે રે આવકારો મીઠો આપજે રે”, અહીં આ ગુજરાતી પંક્તિ એ વાતનો પુરાવો છે કે આ ગૌરવવન્તી સંસ્કૃતિને અનેક પેઢીઓ સુધી સાચવી રાખવામાં સંસ્કૃતસાહિત્યનું પ્રદાન બહુ મહત્ત્વનું છે.

જીવનના ઉદાત્ત સાંસ્કૃતિક મૂલ્યોનું મહિમાગાન હોય તેવી સંસ્કૃત કૃતિઓનો વર્તમાન સમયમાં પ્રચાર, પ્રસાર સતત થવો જોઈએ. તેને અભ્યાસક્રમમાં દાખલ કરવી જોઈએ,તેનું વ્યાવહારિક ઉપયોગિતાની દૃષ્ટિએ સંશોધન થવું જોઈએ. આ કાલજયી સંસ્કૃત કૃતિઓ ભવ્ય સાંસ્કૃતિક વારસાનું સંવર્ધન કરવા સક્ષમ છે.

------------------------------------------------------------

**સંદર્ભ ગ્રંથો** :

1 अग्निमहापुराणम् ।
अनुवादक एवं सम्पादक-डो.सुरकान्त झा
प्रकाशक-चौखम्बा संस्कृत सीरिझ,वाराणसी,2011

2 अथर्ववेदसंहिता । (भाग-5)सायणाचार्यकृतभाष्यसंवलिता
सम्पादकःपं.रामस्वरूपशर्मा गौडः
प्रकाशकः- चौखम्बा प्रकाशन,वाराणसी,2007

3 अभिज्ञानशाकुन्तलम् ।
सम्पादक- डो.वेदप्रकाश शास्त्री
प्रकाशक- चौखम्बा विद्याभवन,वाराणसी,

4 बृहदारण्यकोपनिषद । शाङ्करभाष्यसहितम्
ગીતા પ્રેસ,ગોરખપુર

4 मनुस्मृतिः ।
सम्पादकः –शिवराज आचार्य कौण्डिन्नायनः

प्रकाशक- चौखम्बा विद्याभवन,वाराणसी,2008

5 मार्कण्डेयपुराणम् ।

प्रकाशक –खेमराज श्रीकृष्णदास,बम्बई ,2016

6 वैदिक कोश ।

पं.चन्द्रशेखर उपाध्याय एवं श्री अनिलकुमार उपाध्याय ।

नाग प्रकाशक । दिल्ली । 1995

7 वैदिक कोषः ।(विमर्शटीकया सहितः)प्रथमो भागः।

सम्पादकः राजवीरः शास्त्री ।

प्रकाशकः-श्रीमद्दयानन्द वेदार्ष महाविद्यालय न्यास ।नई दिल्ली ।2009

8 स्वप्नवासवदत्तम् ।

( महाकवि भास-एक अध्ययन ।)

सम्पादक- आचार्य बलदेव उपाध्याय

प्रकाशक-चौखम्बा विद्याभवन, वाराणसी । 1995

9 शुक्रनीतिः।

सम्पादकः डो. जगदीशचन्द्र मिश्र

चौखम्बा सुरभारती प्रकाशन,वाराणसी,2009

 ISBN : 978-81-938282-0-5

# સાહિત્યના વિકાસમાં ગાંધીજીનુ બહુમૂલ્ય પ્રદાન (Valuable contribution of Gandhiji in development of literature.)

**ડૉ. જયા બારેવડીયા :** એસોસિયેટ પ્રોફેસર (College Librarian) SPTMC, સુરત.

**૧. પ્રાસ્તાવિક** : -

ગાંધીજીના આગમન સાથે ભારતીય પ્રજા અને ચેતનાનો નવો પ્રાણ સંચાર થયો. રાજકીય સ્વાતંત્ર્ય સાથે કોમી રમખાણો અને સત્ય-અંહિસાની સાથે ભ્રષ્ટાચારનો મિશ્રરંગ સ્વાતંત્ર્યોતર ભારતની સાથે સાથે ગુજરાતની પ્રજાના જીવનમાં પણ રેલાયો જેનું પ્રતિબિંબ સાહિત્યમાં પણ ઝિલાયુ. પરંપરા તૂટીને નવા પ્રયોગો થયા. પહેલાં સત્ય અને પછી સૌન્દર્યનો સંદેશ આ સમયના સર્જકોએ આપ્યો. આમ્ સાહિત્યના ઇતિહાસમાં ગાંધીજી તેમજ તેમના યુગનું મહત્તવ ઘણું છે. સાહિત્ય ક્ષેત્રે ઘણા લેખકો કે જેઓ જમાના બળોને ઝીલતા ઝીલતા જમાનાને ઘડે છે, તો કોઈ સમકાલીન જમાનાના સંતાનરૂપ હોય છે. પરંતુ ખૂબ ઓછા એવા હોય કે જેમનું સાહિત્ય એક નહીં અનેક પેઢીઓનું ઘડતર કરીને ચિરંજીવ બને, જેનું વ્યક્તિત્વ જમાનાનાં બળો અને પ્રાદેશિક ભાષા સાહિત્યની પાર જઈને સમગ્ર દેશના જીવન અને સાહિત્યમાં નવો યુગ પ્રવર્તાવે. ગાંધીજી એવી વિભૂતિ હતા.

**૨. ગાંધી વિચાર અને વ્યક્તિત્વમાં સાહિત્ય** :

તેમના વિચાર અને વ્યક્તિત્વની અસર ગુજરાતી સાહિત્ય પર ઘણી પડી હતી. ગાંધીજીએ પ્રગટાવેલા સત્ય અને અંહિસા જેવા મૂલ્યો પ્રજાને સત્ય, પ્રેમ અને કલ્યાણનો માર્ગ ચીંધ્યા કરે છે. ફકત ભારતમાં જ નહિ પણ દુનિયામાં જેમ જેમ હિંસા , આંતક અને સ્વાર્થ સત્તા લોલુપ પરિબળોનો ત્રાસ વધતો ગયો, તેમ તેમ પશ્ચિમી દેશોમાં પણ ગાંધીજીએ અપનાવેલ નીતિરીતિની પ્રસ્તુતા સમજાતી ગઈ. વીસમી સદીના છેલ્લા બે દાયકામાં યુરોપ, અમેરિકા અને આફ્રિકામાં ભારત કરતા પણ વિશેષ ગાંધીજીના સિદ્ધાંતોનો અભ્યાસ અને પ્રચાર થઈ રહ્યો હતો. તેમણે રાજકારણ, અર્થકારણ, સમાજ ક્ષેત્રે, આરોગ્યક્ષેત્રે અને સાહિત્યક્ષેત્રે પણ પોતાના વિચારો પ્રકાશિત કરી , દેશભરના સાહિત્ય ક્ષેત્ર પર યુગસ્વામી તરીકે અસર પાડી છે.

પોરબંદરમાં પુતળીબાઈ અને કબા ગાંધીના ત્યાં ૨ જી ઓક્ટોબર ૧૮૬૯ માં જન્મ લઈ ૧૨ વર્ષની વયે કસ્તુરબાઈ સાથે લગ્ન કરી, ૧૮૮૭ માં મેટ્રિક પછી ૧૮૮૮ માં ભાવનગર શામળદાસ કૉલેજમાં ૧ સત્ર બાદ બેરિસ્ટર થવા ઈંગ્લેન્ડ ગયા. બાળપણમાં "શ્રવણાખ્યાન, હરિશ્ચંદ્ર નાટક, શામળના છપ્પા અને તુલસીકૃત" રામાયણના આચારવિચારોનું તેમના ઘડતરમાં સિંચન થયું હતું.પ્રમાણિક માન્યતાથી પ્રેરાઈને તેમણે માંસાહાર્ કરેલો તેમજ ચોરીની કબૂલાત પિતાને ચિઠ્ઠી લખીને આત્મ જાગૃતિ બતાવેલી. જે તેમના સત્યના પ્રયોગોમાં જાણી શકાય છે. ૧૮૯૧માં ઈંગ્લેન્ડથી બેરિસ્ટર થયા. પરત ફર્યા પછી ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકા જઈ ત્યાં ૨૦ વર્ષ રોકાયા જ્યાં તેમણે સત્યાગ્રહનો પ્રયોગ કર્યો.

૧૯૧૫ માં ભારત આવ્યા ત્યારે દેશની રાજકીય સ્થિતિ ડામાડોળ હતી. અમદાવાદ કોચરબ આશ્રમ(૧૯૧૫) બાદ સાબરમતી આશ્રમ ખાતે ૧૯૨૦માં રાષ્ટ્રીય શિક્ષણના ઉદ્દેશથી ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી ત્યારબાદ જુદાજુદા આંદોલનોએ ગાંધીજીના અદ્દભુત વ્યક્તિત્વ દ્વારા નવયુગનું સર્જન કર્યુ.

**"ગુજરાત વિદ્યાપીઠ"ની** સ્થાપના એ સાહિત્ય અને સંસ્કૃતિની દ્રષ્ટિએ મહત્તવની ગણાય, કારણ કે ગુજરાત વિદ્યાપીઠમાં શિક્ષણ અને શ્રમયુકત તાલીમ સાથે અનેક નવા કવિઓ અને લેખકોનું ઘડતર પણ થયું. સુન્દરમ, ઉમાંશંકર ઉપરાંત કાલેલકર, મશરૂવાળા, મહાદેવ દેસાઇ, નરહરી પરીખ, મગનભાઇ દેસાઇ વગેરે લેખકોની ગુજરાત વિદ્યાપીઠમાંથી પરંપરા ઉભી થઈ. ગુજરાત વિદ્યાપીઠમાંથી " સાબરમતી" દ્વિમાસિક ચલાવીને ધર્મ, સંસ્કૃત અને સંશોધનોને લગતા સુંદર પ્રકાશનો ઉપરાંત ગુજરાતી ભાષાનો "જોડણીકોશ" જે ગાંધીજીની પ્રેરણાથી ચિરસ્મરણીય સાહિત્ય સેવા છે. આમ તેમણે ગુજરાતી જ નહિ પણ ભારતની તમામ ભાષાઓના સાહિત્યને પ્રેર્યું છે.

**૩. ગાંધીજીના ધાર્મિક જીવનમાં દેશ-વિદેશના લેખકોના પુસ્તકોનો પ્રભાવ:**

ગાંધીજીના જીવનમાં અન્ય દેશના લેખકોના પુસ્તકોની ધર્મભાવના પર ઘણી અસર હતી. લંડનમાં થિયોસોફિસ્ટ મિત્રોના સંસર્ગથી શ્રીમદ્ ભાગવત ગીતાનો ધ્યાનથી અભ્યાસ કર્યો, ઉપરાંત એડવિન આર્નલ્ડનું ' લાઇટ ઓફ એશિયા' કાવ્ય વાંચ્યુ. રશિયન લેખક ટોલ્સ્ટોયનુ " The kingdom of god is within you " ( વૈકુંઠ તારા હૃદયમાં છે) પુસ્તક વાંચીને ગાંધીજીએ નવી આધ્યાત્મિક દૃષ્ટિ મેળવી. ૧૯૦૪ માં રસ્કિનનું ' અન ટુ ધિસ લાસ્ટ " પુસ્તક વાંચવામાં આવતા સર્વોજનોના સરખા સુખનો વિચાર સ્ફુર્યો. જેને તેમણે 'સર્વોદય નો વિચાર ગણાવ્યો અને તેથી જ તેમણે ફિનિકસ આશ્રમ સ્થાપ્યો. આમ ટોલ્સ્ટોયના વિચારોએ તેમને વિશ્વપ્રેમ ભણી વાળ્યા. જેમાં ભારતીય આધ્યાત્મિકતા ભળતા અહિંસાની ભાવના વિકસી. અમેરિકન લેખક સોલ્ટરનું "એથિકલ રિલિજિયન" પુસ્તક વાંચતા તેનો નીતિધર્મ શીર્ષકથી અનુવાદ 'ઇન્ડિયન ઓપીનિયન" માં પ્રગટ કર્યો.

નર્મદથી મણિલાલ અને આનંદશંકર સુધીના લેખકોએ ધર્મ તત્તવનો વિચાર આપ્યો, પરંતુ ગાંધીજીએ તો પોતાના સત્ય-અહિંસાના શુદ્ધ આચરણ વડે જીવી બતાવ્યો. આમ પરમાત્માનું દર્શન સત્ય અહિંસાના આચરણ દ્વારા બતાવ્યું. ધર્મનો, રાજકારણ, અર્થકારણ અને સમાજકારણમાં તેમનો ફાળો (વિનિયોગ) અભુતપૂર્વ હતો. ભારતની પ્રજાને પરદેશી શાસકોની સામે માથું ઉંચકવાનું બળ આપ્યું અને આઝાદી હાંસલ કરી આપી એટલું જ નહીં, સમગ્ર માનવજાતિને અણુયુગનાં ભયાનક શસ્ત્રો સામે ટકી રહેવાનો સધિયારો આપ્યો.

ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે અર્વાચીન યુગમા જૂની પરંપરાની ધર્મશ્રદ્ધા લુપ્ત થતી જતી. પશ્ચિમનો સુધારો તેમને મન કુધારો હતો. ધર્મના નામે ચાલતા પાખંડ અને વહેમોનો ગાંધીજીએ વિરોધ કરી ધર્મભાવનાનો સાચો માર્ગ બતાવ્યો. બાળ લગ્નો, બાળ વિધવા, દેવદાસીઓ, પ્રાણીવધ વગેરે કુરિવાજો દૂર કરવા પ્રયત્ન કર્યા હતા.

**૪. ગાંધીજીનું સાહિત્ય સર્જન અને સાહિત્ય નિષ્ઠા : -**

ગાંધીજીનું સાહિત્ય વિપુલ છે. સાહિત્ય સર્જન માટે નહિ પણ લોકશિક્ષણ અર્થે તેમની લેખનપ્રવૃતિ હતી. તેમના સમગ્ર જીવનકાર્યનો અર્ક તેમના સાહિત્યમાં ઊતરેલો છે. તેમના મોટાભાગના વિચારોનું વહન નિબંધ બનેલ છે. ભાષણો, વ્યાખ્યાનો અને વાર્તાલાપો પણ નિબંધાકારી છે. આત્માકથા, ઇતિહાસ અને ચરિત્રના સાહિત્યો પણ તેમણે આપ્યા છે. પત્રોનું સાહિત્ય તો વિપુલ છે.

સત્યના પ્રયોગો અથવા આત્મકથા, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, આશ્રમજીવન, મંગળ પ્રભાત, ધર્મમંથન , ગીતાબોધ, નીતિનાશને માર્ગે , હિંદસ્વરાજ, સત્યાગ્રહાશ્રમનો ઇતિહાસ ,

પાયાની કેળવણી, બાપુના પત્રો , મારો જેલનો અનુભવ, યરવડાનો અનુભવ, આરોગ્યની ચાવી અને ગાંધીજીનો 'સરકાર સાથેનો પત્રવ્યવહાર' તેમના મુખ્ય ગ્રંથો છે. ગાંધીજીના અક્ષરદેહમાં તેમના ગુજરાતી લખાણોના ૮૦ જેટલા ગ્રંથો પ્રગટ થયા છે એટલુ જ નહિ પણ અંગ્રેજી લખાણો 'કલેકટેડ વકર્સ ઓફ મહાત્મા ગાંધી' શીર્ષકથી ૯૦ ગ્રથોમાં પ્રગટ થયેલા છે.

**૪.૨ સાહિત્ય નિષ્ઠા અને ભાષા પ્રભુત્વ** :

ગાંધીજીએ પોતાને કદી સાહિત્યકાર તરીકે ઓળખાવ્યા નથી પરંતુ ગુજરાતી ભાષા અને સાહિત્ય ઉપર તેમને અપાર પ્રેમ હતો. તેઓ જ્યારે દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે મુંબઈમાં તેમના સત્કાર અર્થે સભા થયેલી. તેમાં કનૈયાલાલ મુનશી અને મહમદઅલી ઝીણાના અંગ્રેજી પ્રવચનો પછી, સૌના આશ્ચર્ય વચ્ચે ગાંધીજીએ ગુજરાતીમાં પ્રવચન કરી માતૃભાષા ગુજરાતી અને રાષ્ટ્રભાષા હિન્દીનો સાચો મહિમા પ્રજાને સમજાવેલો, જોકે ૧૯૧૮ માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદ માટે ડૉ. હરીપ્રસાદ દેસાઇએ ગાંધીજીનું નામ સુચવેલુ ત્યારે ગાંધીજીએ આ વાત હસી કાઢીને રમણભાઈ નીલકંઠને પ્રમુખપદે ચૂંટ્યા, પછી ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનમાં ગાંધીજીની વિનંતીથી રવીન્દ્રનાથ ઠાકુર પધારેલા અને તેમણે આપેલા અંગ્રેજી વ્યાખ્યાનનો ગુજરાતી અનુવાદ માટે કોઈ લેખક ઊભા ન થયા ત્યારે તેજ વખતે મંડપમાં ગાંધીજી આવતા તુરંત તેમણે તદ્દન સહજ ભાવે સરળ ભાષામાં જનમેદનીને રવીન્દ્રનાથની પ્રેરક વાણીનો મર્મ સમજાવેલ. આમ તેમનું અદભુત ભાષા પ્રભુત્વ હતુ, જે સાક્ષરો માટે અશક્ય હતું તે ગાંધીજી માટે સહજ હતું. (એકવાર ગાંધીજીના રાજકીય ગુરુ ગોપાલ કૃષ્ણ ગોખલેના લેખોના ગુજરાતી અનુવાદ પ્રગટ કરવાની ઇચ્છા થઈ અને ગુજરાતના એક જાણીતા લેખકે ગોખલેના કેળવણી વિષયક લખાણનો અનુવાદ કરવાની ઇચ્છા બતાવી જે તૈયાર થતા ગાંધીજીએ અનુવાદ વાંચીને નાપસંદ કર્યો. તેમણે આ પુસ્તક રદ કરી તેની બધી જ નકલો બળાવી નાંખી. તેમની સાહિત્ય નિષ્ઠા આવી ઉંચા પ્રકારની હતી. સાહિત્ય તેમને મન સાધ્ય ન હતું પરંતુ સત્યની શોધમાં સાધનરૂપ હતું.

**૫. ગાંધીજીની લેખન પ્રવૃતિ અને પત્રકારત્વ** :

ગાંધીજી પત્રકારી સ્વાતંત્ર્યના પણ હિમાયતી હતા છતાં પત્રકારની કલમ હંમેશાં સંયમી હોવી જોઈએ એમ તેઓ માનતા. તેમના મોટાભાગના લખાણો પત્ર સ્વરૂપમાં છે. તેમની પત્રકાર તરીકેની મોટી સિદ્ધ હતી. સત્યભક્તિ, નીડરતા , નિયમિતતા, ઉદારતા અને વિશાળ જનહિતભાવનાએ તેમના પત્રકાર તરીકેના બીજા ગુણો હતા.

તેઓ દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે ત્યાંની હિન્દી કોમની જાગૃતિના ઉદ્દેશથી તેમણે 'ઈન્ડીયન ઓપિનિયન' નામનું સાપ્તાહિક શરૂ કરેલું જે ૧૯૦૩ થી ૧૯૧૪ સુધી ચાલેલુ. જે ગોરા શાસન સામે ચલાવેલ સત્યાગ્રહની લડતનું સંચાલન પણ તેમણે આ પત્ર દ્વારા કરેલ તેમાં અંગ્રેજી સાથે ગુજરાતી વિભાગ પણ રાખેલો. ઉપરાંત 'ઇન્ડિયન ઓપિનિયન'માં તેમણે રાજારામ મોહનરાય, સર ટી માધવરાય, બહરૂદીન તૈયબજી જેવા હિન્દીઓ તથા મેક્સિમ ગોર્કી, જોસેફ મેઝિની, અબ્રાહિમ લિંકન, જ્યોર્જવોશિગ્ટન, નેલ્સન જેવાના લઘુ ચરિત્રો (પરિચય ચિત્રો) આપીને હિન્દી કોમને સાહસ, હિંમત અને સ્વદેશભકિત, કર્તવ્યનિષ્ઠા અને સેવા આપવાના ઉપદેશ આપતા હતા.

તેમણે ૧૯૦૮ના જેલવાસ દરમિયાન સોક્રેટીસની કથા વાંચેલી તેને પણ તેમના 'સત્યવીરની કથા' શીર્ષકથી આ સાપ્તાહિકમાં ગુજરાતી અનુવાદ કરેલો. ભારતમાં આવ્યા બાદ 'નવજીવન' હરિજન બંધુ'

ગુજરાતી,'હરિજનસેવક" હિન્દી અને 'હરિજન' અંગ્રેજી એમ ત્રણ ભાષાઓ ઉપરાંત યંગ ઇન્ડિયા સાપ્તાહિકના પણ તેઓ તંત્રી હતા. આમ ગાંધીજીની પત્રકારત્વ પ્રવૃતિ ફક્ત ગુજરાતમાં જ નહિ પરંતુ સમગ્ર ભારતના પત્રકારત્વના ઇતિહાસમાં ઉજ્જવલ અને શ્રેષ્ઠ ગણાતી હતી.

**૬. ગાંધીજીનું પ્રખ્યાત્ પ્રકાશિત સાહિત્ય:**

**૬.૧ હિંદસ્વરાજ:**

લંડનથી દક્ષિણ આફ્રિકા જતા એકી બેઠકે સને ૧૯૦૮ માં આગબોટમાં હિન્દીઓના હિંસાવાદી સંપ્રદાયોને અને દક્ષિણ આફ્રિકામાં તેને મળતા વિચાર ધરાવનારા વર્ગને જવાબરૂપે હિન્દસ્વરાજ લખાયું હતું. ભારતને કેવું સ્વરાજ ખપે અને તે કેવી રીતે પ્રાપ્ત કરવું તેની ચર્ચા ઉપરાંત સત્ય અને અંહિસાના સિદ્ધાંતોના સ્વીકારમાંથી અંતે શું શું ફલિત થાય છે તેનો ચિતાર આ પુસ્તકમાં આપ્યો છે. ઉપરાંત આ પુસ્તકમાં આધુનિક સુધારાની સખત જાટકણી કાઢી છે. ગાંધીજીના મતે આ પુસ્તક બાળકના હાથમાં પણ મૂકી શકાય. તે દ્વેષધર્મની જગ્યાએ પ્રેમધર્મ શીખવે છે, હિંસાને સ્થાને આપભોગને મૂકે છે.પશુબળની સામે ટકકર ઝીલવા આત્મબળને ખડું કરે છે. હિંદસ્વરાજમાં ગાંધીજી જણાવે છે કે "મારો વાંધો યંત્રો સામે નહિ પણ યંત્રની ઘેલછા સામે છે. શ્રમનો બચાવ કરવાની લોકોને ઘેલછા લાગી છે, પણ તેથી લાખો લોકો કામ વિનાના થઇ ભૂખે મરશે, શ્રમ અને સમયનો બચાવ હું પણ ઇચ્છુ છું પણ તે અમુક વર્ગનો નહિ , આખી માનવજાતિનો થોડા ગણ્યા ગાઠ્યા લોકો પાસે સંપત્તિનો સંચય થાય એમ નહિ" તેથી તેઓ કહે છે "હું સિંગરના સીવવાના સંચાને વધાવી લઉ છું કારણ કે તેની શોધ પાછળ અદ્દભુત ઇતિહાસ છે. સિંગરે પોતાની સ્ત્રીને સીવવાના કંટાળા ભરેલું કામથી મુકત કરવાના ઇરાદાથી તેની શોધ કરી હતી. જેમાં પત્ની પ્રત્યેના પ્રેમે તેમને આ યંત્ર શોધવા પ્રેર્યા. જેથી તેની પત્ની ઉપરાંત અન્ય લોકોને હાથે સીવવાના કંટાળા ભરેલા કામથી મુક્ત કર્યા છે. આ પુસ્તક મૂળ ગુજરાતીમાં લખાયું હતું અને ઇન્ડિયન ઓપિનિયનમાં સાપ્તાહિકમાં એ લેખમાળા પ્રસિદ્ધ થઈ હતી. ત્યારપછી પુસ્તક રૂપે છપાયા બાદ ગાંધીજીએ મિસ્ટર્ કેલન બેંક માટે આ પુસ્તક્નો અંગ્રેજીમાં અનુવાદ કરેલો.

**૬.૨ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ:**

દક્ષિણ આફ્રીકાનો ૨૦ વર્ષનો વસવાટ ગાંધીજી માટે કિંમતી અનુભવ છે. જેની સ્મૃતિરૂપ સ્વાનુભવનું રોમાંચક વર્ણન તેમણે ૧૯૨૩માં તેઓ યરવડા જેલમાં હતા ત્યારે લખવાનો પ્રારંભ કર્યો હતો. તેમાં અંગ્રેજી શાસનની સામે પોતે વાપરેલ "સત્યાગ્રહ"ના શસ્ત્રની વાત, ઉપરાંત તેઓ ૧૮૮૬ માં ભારતથી કુટુંબ લઈને દક્ષિણ આફ્રિકા પાછા ફર્યા ત્યારે તેમના અહેવાલથી ઉશ્કેરાયેલા ગોરાઓએ ૨૩ દિવસ સુધી તેમને વહાણમાંથી ઊતરવા ન દીધા, બાદમાં તેમના પર હુમલો કર્યો, છતાં કોઈને પણ દોષિત ગણ્યા વગર કોમને સંગઠિત કરીને ઉગ્ર લડત આપી હતી. જે આજે પણ વાચકને રોમાંચિત કરે તેવું આ પુસ્તક છે. દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓની સત્યાગ્રહની લડત આઠ વર્ષ ચાલી " સત્યાગ્રહ" શબ્દ તે લડતને અંગે શોધાયો હતો.

**૬.3 સત્યના પ્રયોગો:**

ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' નવજીવનપ્રેસ દ્વારા ૧૯૨૫માં પ્રકાશિત થઈ હતી. જેમાં તેમના વ્યક્તિત્વની ઝાંખી પ્રગટ થાય છે. જેમ સોનું ભઠ્ઠીમાં ગાળીને શુદ્ધ થાય તેમ તેમના જીવનનું સત્ય આ પુસ્તકમાં પ્રકાશિત થયેલું છે. તેમાં ખરેખર જીવનના સત્યના પ્રયોગો થયેલા છે. ગુજરાત કે ભારતમાં જ

નહિ પૂરા વિશ્વમાં તેમની આત્મકથા શ્રેષ્ઠ ગણાય છે. ચોરીનું ઉદાહરણ, માંસ ખાવાનું, શારીરિક સેક્સ પ્રત્યેનું ખેંચાણ કે કસ્તુરબાને પરેશાન કરવાનાં ઉદાહરણોનો ઉલ્લેખ ખૂબ સંયમ અને આત્મમંથન માંગી લે તેવા છે. તેમના મતે "વિદ્વાન શાસ્ત્રી જેમ પોતાના પ્રયોગો અતિશય નિયમસર, વિચારપૂર્વક અને ઝીણવટથી કરે છે છતાં તેમાંથી નિપજાવેલા પરિણામને છેવટના ગણાવતો નથી. તેવો જ મારા પ્રયોગોને વિષે મારો દાવો છે."

**૬.૪ બાપુના પત્રો:**

સૌથી વધુ સાહિત્ય સ્વરૂપમાં તેમના પત્રો છે. તેમના જેટલા પત્રો સમગ્ર સાહિત્યની દુનિયામાં કોઈ લેખકે નથી લખ્યા. સાપ્તાહિક પત્ર દ્વારા તેમણે સમાજ અને દેશની જનતાનો સંપર્ક ચાલુ રાખ્યો હતો. તથા પત્રલેખન દ્વારા દેશપરદેશની અસંખ્ય વ્યક્તિઓને અંગત માર્ગદર્શન પૂરું પાડ્યુ હતુ. જેમાં રાજકારણ, ધર્મ, આરોગ્ય, કુદરતી ઉપચાર, ખોરાક, લગ્ન, કરકસર, ખાદી, ગૃહઉદ્યોગ જેવી દરેક બાબતો પર તેઓ પત્ર લખનારને પોતાના વિચારો દ્વારા માર્ગદર્શન આપતા. લોકોને પોતાના દુ:ખ પર તેમના શબ્દ મલમ પટ્ટાની ગરજ સારતા પછી ભલે તે પરદેશના જર્મન, બ્રિટીશ કે જાપાની નાગરિક હોય દરેક પત્રમાં તેમના સ્વભાવની ઉષ્મા ઊતરતી.

**૬.૫ દિલ્હી ડાયરી:**

દેશના ભાગલા થયા બાદ સર્વત્ર કોમી ભેદભાવ ફેલાતા રોકવા તેમની જિંદગીના છેલ્લા સાડાચાર માસ દરમિયાન ગાંધીજીએ હિન્દુસ્તાનમાં આપેલા ૧૩૯ પ્રાર્થના પ્રવચનોનો આ ગુજરાતી છાયાનુવાદ છે. જે પ્રાર્થનાનું એક અંગ ગણાય. તેનો ઉપયોગ દેશમાં જ્યારે ચારેય બાજુ હિંસા અને વેરઝેરનો દાવાનળ સળગી રહ્યો હતો ત્યારે આ પ્રવચનો પ્રેમ અને શાંતિની અમૃતવર્ષા કરી રહ્યા હતા.

**૭. ગાંધીજીની સાહિત્ય પર અસર /સારાંશ:**

સાહિત્યકારના સંવેદનશીલ માનસ પર ઉદાર ભાવનાની વધુ અસર થાય છે. નવીન પેઢીના કવિઓમાંથી કેટલાક તો ગાંધીજીના પ્રત્યક્ષ ઉદબોધનનો લાભ પામ્યા હતા એટલે ગાંધીજીના વ્યક્તિત્વ ઉપરાંત વિચારો અને સિદ્ધાંતોની ગુજરાતી સાહિત્ય પર વ્યાપક અસર થઈ હતી. ગાંધીજીના વિચારોએ સમગ્ર દેશના જીવન પર અસર કરી હતી. ધર્મ, અર્થ, સમાજ, શિક્ષણ, રાજકારણ અને સાહિત્ય એમ દરેક ક્ષેત્રે તેની અસર હતી.

જીવનના કેન્દ્રમાં સત્ય, પ્રેમ, બંધુતા અને માનવતાની સ્થાપના તેમણે કરી હતી. દંભ, છલ, શોષણ, દ્વેષ, અસત્ય અને હિંસા સામે તેમણે સત્ય અને અંહિસાની નીતિ આપી હતી. વાણી સાથે આચાર-વિચારની શુદ્ધિના તેઓ આગ્રહી હતા. તેમના સત્યાગ્રહના પ્રયોગે દેશની પ્રજાને આત્મશ્રદ્ધા પૂરી પાડી હતી. તેમના ગ્રામોદ્ધાર, અસ્પૃશ્યતા નિવારણ અને અસહકારના આંદોલનોએ નવો યુગ સ્થાપ્યો હતો. વિશ્વશાંતિ, વિશ્વપ્રેમ અને વિશ્વકલ્યાણની ભાવના દ્વારા આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે ચોક્કસ પડઘા પડ્યા હતા. અનેક કવિઓના હૃદય તેણે જીતી લીધા હતા. ગાંધીજીના આ યુગ સંદેશનો મંગળ ટહુકાર ઉમાશંકર જોશીના "વિશ્વશાંતિ" કાવ્યમાં થયો, જ્યારે મુનશીની "સ્વપ્ન દ્રષ્ટા", ધૂમકેતુની "પોસ્ટ ઓફિસ" અને "ભૈયાદાદા " જેવી વાર્તાઓમાં તથા મેઘમાલિની, મધુબંસરી, જેવા વિભાકરના નાટકોમાં પણ અસર જોવા મળે છે.

તેમણે ગ્રામીણ , શ્રમજીવી અને અસ્પૃશ્ય ગણાતા વર્ગની શિષ્ટ સમાજ તરીકે સ્થાપના કરી. તેમના જીવનની સમસ્યાઓ અને પ્રસંગોને રોજિંદીભાષામાં નિરૂપાવા લાગ્યા.

દા.ત. ગંગોત્રી, કાવ્યમંગલા, કોડિયા, વસુધા, યુગવંદના વગેરે કાવ્યસંગ્રહમાં તેમજ રમણલાલ દેસાઇના કોકીલા, દિવ્ય ચક્ષુ, ગ્રામલક્ષ્મી અને ભારેલો અગ્નિ જેવી નવલકથાઓ તથા ઉમાશંકર જોશીના ' સાપના ભારા' એકાંકીમાં આંદોલનનો વાસ્તવિક જીવનનો અનુભવ બની અભિવ્યક્તિ થયા હતા.

આમ, ગાંધીજીએ પોતાના જીવન અને કાર્યમાં અદભુત મેળ સાધી બતાવ્યો હતો. જેની અસર સાહિત્ય પર થઈ છે જે નીચેની કાવ્ય પંક્તિઓ તેની સુચક છે.

**" વ્યક્તિ મટીને બનું વિશ્વ માનવી, માથે ધરૂં ધુળ વસુધરાની, "**

**૮. સંદર્ભ:**

૧. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ- ગાંધીજી નવજીવન પ્રકાશન- અમદાવાદ ૧૯૨૪ (પુન: મુદ્રણ ૧૯૬૦) પાના નં ૩ થી ૧૦.

૨. "હિંદ સ્વરાજ " મોહનદાસ કરમચંદ ગાંધી- નવજીવન, અમદાવાદ, ૧૯૬૩ પાના નં. ૩ થી ૧૪

૩. સત્યના પ્રયોગો " આત્મકથા" ગાંધીજી નવજીવન, ૧૯૨૦

૪. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા: ધીરૂભાઇ ઠાકર ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ ૧૯૯૪ પાનાનં. ૧ થી ૨૨

૫. બાપુની ઝાંખી : કાકા કાલેલકર

૬. ગાંધીવિચાર દોહન: કિશોરલાલ મશરૂવાળા

૭. ગાંધીજીની સાહિત્ય સાધના અને બીજા લેખો, ચી.ના પટેલ.

 ISBN : 978-81-938282-0-5

# "પુસ્તક વાંચન સાહિત્યની દુનિયાને જોવાની બારી" (Book reading is window to see the world of literature)

## ડૉ. જયા બારેવડીયા: એસોસિયેટ પ્રોફેસર (College Librarian) SPTMC,સુરત.

**૧. પ્રસ્તાવના** :

એકવિસમી સદીમાં માહિતી અને ટેક્નોલોજી એ સમાજના દરેક ક્ષેત્રમાં ફેરફારો લાવી દીધી છે. તો તેમાંથી સાહિત્યક્ષેત્ર કેમ બાકાત રહે ? ઇન્ફર્મેશન ટેકનોલોજીનાં સાધનો વડે સાહિત્યએ નવું જ રૂપ ધારણ કર્યું છે. જો કે વિશ્વમાં ઉદભવતી બધી જ માહિતી પ્રાપ્ત કરવી અને ઉપયોગ લક્ષી બનાવવી એ મુશ્કેલ કામ છે. પરંતુ કહેવત છે કે હિંમતે મર્દા તો મદદે ખુદા અથવા સફળતા તેને મળે જે પરસેવે ન્હાય અને એટલે જ આપણે હંમેશાં સાહિત્યમાં સારી સેવા આપવા સતત નવું વિચારીને તેને અમલમાં મૂકવાનો પરિશ્રમ કરવાનો છે. આમ ૨૧મી સદીમાં ડિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરી અને ઝડપથી વિકસતી દુનિયા સાથે કદમ મેળવવાના છે. આજે લોકોને ફેસબુક કે વોટ્સઅપ વિના એક સેકન્ડ પણ ચાલતું નથી ત્યારે[ "Sky is the limit" માની કામ પ્રત્યેનો અભિગમ બદલવાનો છે .

**૨. પુસ્તકની શરૂઆત**:

માનવીના વિચારો અને મંતવ્યોને લિપિ દ્વારા મૂર્તિ અને સ્થાયી સ્વરૂપ સાપડ્યું. પુસ્તકની શરૂઆત તામ્રપત્ર, વૃક્ષની છાલ કે ચામડા પરથી થઈ હતી. પ્રથમ ગુજરાતી પુસ્તકની શરૂઆત ૧૮૦૫માં અંગ્રેજી ડૉ. રોબર્ટ ડ્મન્ડે કરેલી "ઈલેસ્ટ્રેશન ઓફ ધ ગ્રામેટીકલ પાટર્સ ઓફ ગુજરાતી, મરાઠી એન્ડ ઇંગ્લિશ લેન્ગવેજીસ" જે અંગ્રેજી, મરાઠી ઉપરાંત ગુજરાતી વ્યાકરણની સમજ, કહેવતો અને શબ્દ સંગ્રહ સાથેનું ૧૨૫ પાનાનું ૧૨ ઈંચ લાંબુ ૮ ઈંચ પહોળું પુસ્તક હતું.

**3. મહાન વ્યક્તિઓના જીવન પર પુસ્તકોનો પ્રભાવ**:

એક વાસ્તવિકતા છે કે કોઈ પણ વ્યકિત, સમાજ કે દેશના ઘડતરમાં પુસ્તકનું આગવું સ્થાન હોય છે. રસ્કિનનું પુસ્તક 'અન ટુ ધીસ લાસ્ટ' ગાંધીજીના જીવનમાં પરિવર્તન લાવ્યું હોય કે પછી અબ્રાહમ લિંકનના જીવનમાં પ્રભાવ પાડનાર "અંકલ ટોમ્સ કેબિન" હોય. આમ ગાંધી, સરદાર, અબ્રાહમ લિંકન, કેનેડી, નેહરૂ, વિવેકાનંદ, સુભાષચંદ્ર બોઝ, આઈનસ્ટાઈન વગેરેના જીવનમાં કોઈના કોઈ પુસ્તકોનો પ્રભાવ રહેલો છે. તેથી તેમની વિચારશકિત વિશિષ્ટ પ્રકારની રચાઈ છે. માન.નરેન્દ્રભાઈ મોદીના જીવનમાં પણ વાંચનનું અનેરૂ મહત્તવ હોઈ આજે દેશ-દુનિયામાં તેઓ ખ્યાતિ પામી રહ્યા છે. કહેવાય છે કે તમે જ્યારે કઈપણ વાંચતા હોય ત્યારે તમે બધું જ ભૂલીને શબ્દોમાં ખોવાઈ જાવ છો. એક નવી જ દુનિયા તમારી સામે ખૂલતી હોય છે. ઘણાને પ્રશ્ન હોય છે કે વાંચે છે પણ યાદ નથી રહેતું પણ તેની ચિંતા કર્યા વગર વાંચનને એન્જોય કરો. વાંચન આપણામાં ક્યાંક રોપાઈ જતું હોય છે. ક્યારેક સારા વિચારો, સારું વર્તન એ બધી સમજ એક સારા પુસ્તકના વાંચનની અસર હોય છે અને જેમ જેમ વાંચન વધે તેમ તેમ સારા વિચારો આવશે. તેથી જ જે ગમે તે વાંચો પણ વાંચતા રહો. જિંદગી જીવાય છે તેવું ફીલ કરવા માટે પુસ્તક વાંચન શ્રેષ્ઠ છે. પુસ્તક જ સરવાળે તમને તમારી સાચી ઓળખ આપશે. કોઈ પણ પુસ્તકને એકાગ્ર ચિતથી જયારે આપણે વાંચીએ છીએ ત્યારે એ અક્ષરો બોલતા સંભળાય છે. શબ્દો

આપણી સાથે વાતો કરે છે. જો કે સમાજના બધા જ લોકો પુસ્તકો વાંચતા નથી પણ પુસ્તકોના વાંચનાર બધા લોકો સમાજ ઘડતરમાં ઓછો વધતો ફાળો જરૂર આપે છે. તેથી જ કહેવાય છે કે પુસ્તકો ક્યાં,કોના પર, કેવી અસર કરશે અને તેના વાંચનનું શું પરિણામ આવશે તે કહેવાનું શક્ય નથી.

**૪. માન.નરેન્દ્રભાઈ મોદીના જીવનમાં વાંચનનું મહત્વ :**

મા.નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે 'વાંચે ગુજરાત' નામથી અભિયાન શરૂ કરેલું ત્યારે તેમની એક જ તીવ્ર ઈચ્છા હતી કે ગુજરાતીઓને વાંચનની આદત હોવી જોઈએ. તેઓ તો ત્યાં સુધી કહેતા કે કશું પણ વાંચો, તમને જે ઠીક લાગે તે વાંચો પછી તે કોમીક્બુક હોય, બાયોગ્રાફી હોય કે સ્ટોરીબુક હોય. વાંચવાની આદત થઈ જશે, પછી યોગ્ય સાહિત્ય વાંચવાની આદત લાગી જશે પરંતુ જો વાંચવાની આદત જ નહિ હોય તો પછી તમારી સામે કેટલા પણ સુંદર પુસ્તકો હશે છતાં હાથ લગાવવાનું મન નહિ થાય.

તેમના બાળપણની વાત કરીએ તો માનનીય નરેન્દ્રભાઈ મોદીને નાનપણથી વાંચવાનો ખુબ શોખ હતો. બધો ફાજલ સમય લાઈબ્રેરીમાં જ ગાળતા. ગામમાં એક એવી છાપ હતી કે નરેન્દ્રભાઈને શોધવા હોય તો લાઈબ્રેરીમાં જવું. એમનું વાંચન વિશાળ હતું, વડનગરની બાળકો માટેની લાયબ્રેરીમાં આવતા બધા મેગેઝિન એ હોંશે હોંશે નિયમિત વાંચતા. સ્વામી વિવેકાનંદના લગભગ બધા જ લખાણો એમણે વાંચ્યા હશે, જેથી તેમની દેશભક્તિની વાતોથી નરેન્દ્ર મોદી ઘણા જ પ્રભાવિત હતા. વિવેકાનંદના પુસ્તકો જ્યાંથી પણ મળે ત્યાંથી માંગીને વાંચતા, એટલું જ નહિ પણ ભારતના સંતો શૂરવીરોના જીવનચરિત્ર,વેદો,પુરાણો , ધર્મગ્રંથોની વાર્તાઓ નાનપણથી જ એમણે વાંચી હોય તેમનું મનોબળ આટલું મક્કમ છે. પુસ્તકો ખરીદવા પૈસા બચાવવાની આદત પણ એમને નાનપણથી જ પડી હતી અને પોતાની નાની લાઈબ્રેરી માટે તેઓ ગર્વ અનુભવતા. તેઓ જયારે ૧૮ વર્ષની ઉંમરે કોલકાતા બેલૂરમઠમાં ગયા ત્યારે નાની અમથી બેગમાં એક જોડી કપડાં ઉપરાંત કેટલાક પુસ્તકો પણ સાથે હતા અને એટલે જ આ બધા વાંચનની નરેન્દ્રભાઈના વિચારો પર જરૂર અસર પડી હતી.

**૫. માન.નરેન્દ્રભાઈ મોદીનો મહામંત્ર 'વાચે ગુજરાત'.**

"વાંચે ગુજરાત" એક ખૂબ મોટું અભિયાન હતું, પૂરો સમાજ તેનાથી જોડાયેલો હતો. માનનીય નરેન્દ્રભાઈ મોદી પણ 'વાંચે ગુજરાત' કાર્યક્રમમાં લાઈબ્રેરી ચાલ્યા જતા ત્યાં જઈને વાંચવા બેસી જતા. અત્યારે તેઓ અફસોસ સાથે કહે છે કે 'હું સીએમ હતો ત્યારે મને વાંચવાની તક મળતી હતી અને હું ખૂબ વાંચતો હતો મને મજા આવતી પરંતુ પીએમ બનતા હવે ફાઈલો વાંચું છુ. જેને હું એક પ્રકારનું વ્યક્તિગત નુકસાન માનું છુ.પરંતુ આપણને તેઓ આગ્રહ કરે છે કે વાંચવાનો પ્રયત્ન કરો . બાળકો સ્કૂલ/કૉલેજોની લાઈબ્રેરીમાં નિશ્ચિત સમયમાં જાય, કાળખંડમાં કેટલા વધારે પુસ્તકો વાંચે છે. કેટલી સ્પીડથી વાંચે છે, તેની સ્પર્ધા કરવાની, બાળકોને સવાલ જવાબ કરવાના, ક્યું પુસ્તક વાંચ્યું ? કેવી રીતે વાંચ્યું ? આમ એક સપ્તાહ દરમિયાન નવી નવી બુક્સ વાંચવાથી અને સાત દિવસ પછી તેનો વાયવા અથવા બુક રિવ્યુ, ક્યું પુસ્તક, કોણે વાંચ્યુ ? દરેક જગ્યાએ એક વાંચન ઉત્સવ લાગતો આ રીતે કરોડો કલાકનુ વાંચન થયું હતું.

**૬. સાહિત્યનું બદલાયેલું સ્વરૂપ:**

વિજ્ઞાન અને ટેકનોલોજીના પરિણામે દુનિયા ઝડપભેર બદલાઈ રહી છે. તેથી પુસ્તકોનું સ્વરૂપ પણ પલટાઈ રહ્યું છે. લોકો વાંચતા નથી તેથી પુસ્તકોનું મહત્તવ ઘટી ગયું છે તેવી કાગરોળ અજ્ઞાનતાનું પરિણામ છે. પુસ્તક વગર સમાજને કદી ચાલવાનું નથી. ભલે પુસ્તકોનું સ્વરૂપ બદલાય પણ તેનો આત્મા એટલે કે તેમાં સમાયેલા અનુભવો અને લાગણીઓ કદી નાશ પામવાની નથી (તેથી જ કેહવાય છે પુસ્તક તેના લેખકનું વિચાર શરીર છે) લેખકના અનભવો, તેનું જીવન દર્શન તે જમાનાની પરિસ્થિતિની સચોટ રજૂઆત જે તે પુસ્તકમાં થઈ હોય સદીઓ અને યુગો સુધી પુસ્તક તેના લેખકને જીવતો રાખે છે અને વાચકને જૂની દુનિયાના ઇતિહાસમાં લઈ જાય છે. તેથી જ ક્હેવાય છે કે માણસ અને પશુમાં સૌથી મહત્તવનો તફાવત એ છે કે પશુઓ બીજાના અનુભવ કે જ્ઞાનનો લાભ લઈ શકતા નથી, જ્યારે માણસ આખા વિશ્વના વિચારો, અનુભવો, લાગણીઓ અને શોધખોળનો લાભ લઈ નવી ટેક્નોલોજી અને નવા સાધનો વાપરી શકે છે.

જો કોઈ પણ આપણને પ્રશ્ન કરે કે તમે છેલ્લું ક્યું પુસ્તક વાંચ્યું? ત્યારે મોટાભાગના લોકોનો પ્રત્યુતર હોય છે યાર, વાંચવાનું મન તો બહુ થાય છે પણ સાલ્લો સમય જ નથી મળતો, શિડ્યુલ એવું ટાઇટ હોય છે કે લાઇફમાં શ્વાસ લેવાની ફુરસદ નથી મળતી. તો મિત્રો આ તો એક બહાનું છે.

" જેને નાચવું છે તેને આંગણું મળી રહે છે"

જેને વાંચવું છે તેને સમય મળી રહે છે"

અને જેને વાંચવું નથી તેને બહાના પણ મળી રહે છે"

જે લોકો નિયમિત વાંચે છે. એ તો વાંચે જ છે પણ બાકીના લોકો માટે પુસ્તક વાંચવાની પરંપરા લુપ્ત થતી જાય છે. એક સમય હતો કે જયારે તમે બસ, ટ્રેન કે પ્લેનમાં મુસાફરી કરતા હોય તો તમને એવા ઘણા લોકો જોવા મળતા જે પુસ્તકો વાંચતા હોય, આજે હવે દ્રશ્યો બદલાઈ ગયા છે બધાના હાથમાં મોબઈલ ચોક્કસ હોય છે જોકે તેનો પણ વાંધો નથી તમે ઈચ્છો તો મોબાઈલમાં પણ પુસ્તક વાંચી શકો. જો તમારી દાનત વાંચવાની હોય તો. ટેકનોલોજી બદલાય છે પણ પુસ્તકો તો આજે પણ એટલા જ વેચાય છે અને વંચાય છે. આજે ઓનલાઈન પુસ્તકો વાંચનારો પણ બહુ મોટો વર્ગ છે. એક સમયે વજનદાર પુસ્તકો ઊંચકીને લાવવા લઈ જવા પડતા, આજે આંગળીના ટેરવે મોબાઈલ, ટેબલેટમાં વાંચી શકો છો.

**૭. નવી વિચારશક્તિ વાંચન દ્વારા:/ સાહિત્યનું વાંચન એ સમયનો સદ્ઉપયોગ:**

સમય તમારો છે તમારે તેનો કેવી રીતે ઉપયોગ કરવો એની આઝાદી પણ તમને જ છે પણ સમય આપ્યા પછી તેનો કોઈ ફાયદો થયો કે નહિ ? કઈ નવું શીખવા, જાણવા મળ્યું? તે અચૂક વિચારો. કોઈ પણ જ્ઞાન તમને તમારા અનુભવ, સંસ્કાર કે વાંચનથી જ મળવાના છે અને જ્યારે તમે કોઈ મુશ્કેલીમાં હશો, પડકારભર્યા સમયનો સામનો કરવાનો હશે ત્યારે આ જ્ઞાન જ કામે લાગતું હોય છે. એ સમયે જે નિર્ણય કે વર્તન થાય તે અંદરથી જ આવતું હોય છે. વિલિયમ શેકસપિયરનુ એક જાણીતું અવતરણ છે "વિચાર વિના શબ્દો કદી ઊંચે જઈ શકતા નથી " આમ વિચાર એ પુસ્તકોનું પરિણામ છે.

પુસ્તકો એ માહિતી અને જ્ઞાનનો સાગર છે તેમાં ડૂબકી લગાવવાથી માહિતી, જ્ઞાન મેળવી શકાય છે. ઉપરાંત પુસ્તકના ચિંતન અને મનન દ્વારા તમારી વિચાર શક્તિ પરિપક્વ બને છે. પુસ્તક વાંચનથી શબ્દભંડોળની સાથે વૈચારિક સમૃદ્ધિમાં પણ વધારો થાય છે, ઘણીવાર કહેવાય છે કે પુસ્તકો આપના

વફાદારમિત્રો છે, વાસ્તવમાં પુસ્તકો સાથેની મૈત્રી થયા બાદ દુનિયાને જોવાની આપણી નજર બદલાઈ જાય છે. સાહિત્યનો સંગ જીવનમાં નૈતિક મૂલ્યો શીખવે છે, વિકસાવે છે અને ધ્યેય પ્રદાન કરે છે, પુખ્તતા લાવી એકાગ્રતા શીખવે છે. એકલતાને એકાંતમાં ફેરવવાની ક્ષમતા પણ પુસ્તકમાં રહેલી છે. એકલતા કનડે પણ એકાંત વાગોળવાનું મન થાય. લોકમાન્ય તિલકનું ઉદાહરણ લઈએ તો તેઓએ ઓપરેશન માટે ક્લોરોફોમને બદલે ગીતાનું પુસ્તક વાંચવા માટે ડૉકટરોને વિનંતી કરી અને સાચે જ ડૉકટરો જ્યારે ઓપરેશન કરતા હતા ત્યારે હલ્યા વિના પૂરો સમય તેઓ ગીતાનો અભ્યાસ કરતા હતા.

**૮. ડિજિટલ યુગમાં સાહિત્યનું વાંચન:**

વર્તમાન ઈ-યુગમાં ઈન્ટરનેટ દ્વારા પુસ્તકો ભૌતિક સીમાંડાઓને પાર કરી સમગ્ર દુનિયા ખૂણે ખાચરે ઉપલબ્ધ થઈ શકે છે. આંગળીના ટેરવે આખી દુનિયા હાજર જેવી સ્થિતિ છે ત્યારે ઈ-રીડર, ઈ-બુક્સ અને ઓનલાઈન દ્વારા પુસ્તકો એક મિનિટમાં ઉપલબ્ધ થાય અને અદ્યતન યુનિવર્સલ ફોન્ટને કારણે સહેલાઇથી સ્થાનિક ભાષાને કમ્પ્યૂટર, મોબાઇલ વગેરેમાં વાંચી પણ શકાય છે. જો કે સારા પુસ્તકોનું પદ્ધતિસરનું વાંચન થવું જોઈએ, સારા પુસ્તકો વિષે ચર્ચા અને સવાંદ કરવાથી ફાયદો થાય છે , તેથી જ કેહવાય છે વાંચતા રહો, વિચારતા રહો અને વંચાવતા રહો. ઘણીવાર પ્રશ્ન થાય કે નવી પેઢીને પુસ્તક પ્રેમ જગાડે કોણ? જવાબ સીધો છે, ઘરમાં મા-બાપ પણ વાંચતા હોય, શાળા – કૉલેજમાં શિક્ષકો પુસ્તક પ્રેમી હોય અને સમાજમાં પાણીની પરબ જેટલા જ પુસ્તકાલયો હોય તો પૂરતું છે. જાણીતા શિક્ષણવિદ ભદ્રાયુ વછરાજાની એટલે જ તો કહે છે કે ૨૩ એપ્રિલ "વિશ્વ પુસ્તક દિવસ" છે જે લેખકોનો, પુસ્તકોનો અને વાંચકો માટેનો ઉત્સવ છે. આ શુભ દિવસે મહાન નાટ્યકાર કવિ અને અભિનેતા શેક્સપિયરનો જન્મદિન તેમજ મૃત્યુદિન પણ છે જે સમગ્ર વિશ્વમાં પુસ્તક દિન તરીકે ઓળખાય છે

પુસ્તક વાંચનની આદત ધરાવતા લોકોને જ્યારે ફુરસદ મળે ત્યારે વાંચવા બેસી જતા જોયા છે કોઈ જગ્યાએ વેઈટિંગમાં હોય ત્યારે ખુશ થઈ પોતાનું વાંચન શરૂ કરી દે છે . જોકે દરેક જગ્યાએ બુક સાથે રાખવી નથી ફાવતું પરંતુ આજે ઈ-બુક આવતા આ સમસ્યા હલ થઈ ગઈ છે 'કિન્ડલ' જેવાં કેટલાંક બુક રીડિંગ ઉપકરણોને કારણે હવે દરેક સ્થળે હાર્ડ કોપી સાથે લઈને નથી ફરવું પડતું પણ PDFમાં જ આખી બુક સમાઈ જાય છે.

વાંચન શોખીનો તો ઈ-બુક નિયમિત ખરીદી રાખતા હોય છે. તેમજ મિત્રો કે સગા-સંબધીઓ સાથે પુસ્તકોની અદલા-બદલી કરી વાંચનરસ જાળવી રાખે છે.

**૯. ઈ-બુકસ : / ઇ-લિટરેચર**

શરૂઆતમાં ઈ-બુકસ કે PDF મોંઘા પડતા, જે આજે તો ઘણી બુકસ ફ્રીમાં મળતી થઈ ગઈ છે.દા.ત.www.pdfdrive.net ફ્રીમાં લાખો બુક ટાઇટલ કે ઓથરનાં નામથી શોધતા મળી રહે છે. "www.pdfdrive.com" નામની વેબસાઈટ માર્ચ-૨૦૧૭ સુધીમાં ૨૩, ૦૬, ૨૫,૧૩૨ એટલે કે ૨૩ કરોડથી વધુ PDF (પીડીએફ) બુક ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ છે, જેમાં દરેક સેકન્ડે વધારો થતો રહે છે અને કોઈ શરત કે મર્યાદા વગર ગમે તેટલી PDF બુક ડાઉનલોડ કરી શકાય છે. ડાઉનલોડ કરતા પહેલા તેને ચેક કરવા પ્રિવ્યૂની સુવિધા પણ છે. આવી ઈ-બુકમાં 'વન મિનિટ મેનેજર' "સેવન હેબિટસ

ઓફ હાઈલી ઈફેકિટવ પીપલ" "હુ મૂવ્ડ માય ચીઝ" અથવા ચેતન ભગતની નોવેલ્સ, અમિષ ત્રિપાઠીની "ઈમમોર્ટલ્સ ઓફ મેલૂહા' કે રોબીન શર્માની બુકસ વિગેરેનો સમાવેશ થાય છે.

**૧૦. ઓડિયો વીડીયો સ્વરૂપે સાહિત્ય /પુસ્તકોનું ઓડિયો વીડીયો સ્વરૂપ** :

ક્યારેક વાંચનનો શોખ હોવા છતાં ટ્રાવેલિંગ કે અન્ય કારણસર વાંચનનો કંટાળો આવે તો હવે મ્યુઝિકની જેમ મનગમતું પુસ્તક પણ હેન્ડસ ફ્રી લગાવીને સાંભળી શકાય, આ માટે "એડોલ પીડીએફ' નામના સોફટવેર દ્વારા જે તે પ્રસંગની સ્પિચ એન્જિન દ્વારા સાંભળી શકાય છે.

છેલ્લા થોડા સમયથી ઓડિયો બુક પણ મળવા લાગી છે. જેમાં પુસ્તકના શીર્ષકથી અંત સુધી અક્ષરશઃ બોલવામાં આવે તેને ઓડિયોબુક કહેવાય છે. આવા જ એક વિચારથી પ્રેરાઈને ઓડિયો બુકની અનોખી લાઈબ્રેરી નીધિ અરોરાએ પ્રજ્ઞાચક્ષુઓ માટે ૨૦૦૫ માં બનાવી. જેમાં “ઈશા” (એન. જી ઓ) ની સ્થાપના કરી, પીપલ ફોર બ્લાઇન્ડ્ બનાવ્યું જેમાં આજે ૧૭ જેટલી ભારતીય ભાષાઓ સાથે કુલ ૫૩૮૨ ફાઈલ્સ ઓનલાઈન ઉપલબ્ધ છે. જેનો લાભ અંધ બાળકો ઉપરાંત અભણ ગામડાના લોકોને પણ મળે છે.

અંગ્રેજી વાંચનના શોખીનો માટે ઓડિયોબુક સાંભળવાના અનેક વિકલ્પો પણ છે જેમ કે www.loyalbooks.com વેબ સાઈટ પણ ચિલ્ડ્રન, ફિકશન, લિટરેચર, ફિલોસોફી, શોર્ટસ્ટોરીઝ, સાયન્સ ફિકશન જેવા પ્રકારોમાં હજારો ઓડિયોબુકસ વિનામૂલ્યે ઉપલબ્ધ છે. દા.ત. 'એડવેન્ચર્સ ઓફ હકલબરી' એડવેન્ચર્સ ઓફ ટોમ 'સાયર' ઉપરાંત 'એલિસ', ઈલિયોતોર પોર્ટરની 'પોલીએન' તેમજ એચ.જી.વેલ્સ જૂલેવર્ન, આર્થર કોનન ડોયલ, રૂડયાર્ડ કિપલિંગ, ઓ હેન્રી જેવા લેખકોની ઓડિયોબુક પણ ઉપલબ્ધ છે, જેના પર કિલક કર્યા બાદ ટેબ બટન દબાવતા જ તે સાંભળી શકાય છે. ડાઉનલોડ પર રાઈટ ક્લિક કરતા અલગ અલગ ઓપસન્સ ખૂલે છે. તેમાંથી સેવએઝ જે તે જગ્યાએ ફોલ્ડર બનાવી એકે એક પ્રકરણ ડાઉનલોડ કરી શકાય છે.

**૧૧. સોશિયલ મીડિયા દ્વારા મળતી માહિતી** :

અંગ્રેજી ભાષાઓમાં પણ ઉપલબ્ધ ઓડિયોબુક સર્ચ કરવાથી મળી શકે છે. આ સિવાય શેક્સપિયરથી માંડીને મિલ્ટન સુધીના નાટયકારો, કવિઓના સર્જનો પણ હવે ઓડિયો બુક સ્વરૂપે સાંભળવા મળી શકે છે. આ માટે યુ-ટ્યુબ પર પણ ઘણી ચેનલો ઉપલબ્ધ છે.

અંગ્રેજી સિવાય હિન્દી કે અન્ય ભાષાઓમાં પણ ઉપલબ્ધ ઓડિયોબુક સર્ચ કરવાથી મળી શકે છે. આજે તો મોટા ભાગના ન્યૂઝ પેપરો/ વર્તમાનપત્રો અને મેગેઝિન પણ હવે તો ઈ-પેપર કે PDF સ્વરૂપે મુકાય છે. વ્હોટસએપ પર પણ હવે તો "ભારતીય સમાચાર વિશ્વ" નામનાં ગ્રુપે તેમના અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભાષાના વર્તમાનપત્રો તથા મેંગેજીન રોજે રોજ મૂકવાનું ચાલુ કર્યા છે.

**સારાંશ**

માનવ જીવનમાં શ્રવણ, વાંચન, લેખન અને કથન એ ભાષાના ચાર કૌશલ્યો ગણાય. માનવતાને શોભે તેવા ગુણો સંપન્ન કરવા માટે ઉત્તમ પુસ્તકોનું યોગ્ય વ્યક્તિ દ્વારા યોગ્ય સમયએ વાંચન થાય તો "ગ્રંથ બતાવે પંથ" યોગ્ય ઠરે. વાંચન વગર માનવી અધૂરા છે. કોઈપણ વ્યક્તિને આ વિશ્વની વૈવિધતા સભર સમયની સંસ્કૃતિની મહાનતામાં પોતાના અસ્તિત્વનો આનંદ માણવો હોય તો વાંચન જરુરી છે. સાથે સાથે શું વાંચવુ, કેટલુ વાંચવુ અને કેવુ વાંચવુ આ અંગે માર્ગદર્શન પણ જરુરી છે.

“ગાંધીજીના મતે "વાંચનમાં રસ-રુચિ ધરાવનાર વ્યક્તિ સદા સુખ – શાંતિ અને પ્રસન્ન ધરાવે છે”.
“બર્નાર્ડ શોના મતે શું વાચંવુ તે વાંચવા કરતા મહત્તવની બાબત છે, માટે જેની વાચંનક્ષમતા ઉત્તમ તે ઉત્તમ વ્યક્તિ તરીકે હંમેશાં ઊભરી આવે છે”. એટલા માટે જ કહેવાય છે મિત્રો કે માણસ પૃથ્વી પરનું એક જ પ્રાણી એવું છે જેને ભગવાને વાંચવાનું વરદાન આપ્યું છે. વાંચવાથી માણસની હિંમત વિકસિત થઈ વિચારવાની શક્તિ કે કલ્પના શક્તિ વધે છે. વાચકે ક્યારેય પર્સનાલિટી ડેવલપમેન્ટના ક્લાસમાં જવાની જરૂર પડતી નથી. બિલગેટસ, માર્ક ઝુકરબર્ગ સહિતના ધનવાન લોકો સૌથી પહેલા વાચક હતા. આમ વાંચનથી જિંદગીના નાના નાના પ્રશ્નોનો ઉકેલ મળી જશે અને જિંદગી સરળ બની જશે.

આજે અદ્યતન ટેકનોલોજીના યુગમાં પણ વાંચન જરૂરી છે જો આજની પેઢી વાંચનના માધ્યમ દ્વારા પોતાને ઉપયોગી કે જરૂરી માહિતીથી અપડેટ નહીં રહે તો મેળવેલું શિક્ષણ કે માહિતી દરેક પળે જૂની સાબિત થશે માટે જ જીવનના દરેક ક્ષેત્રે, સ્તરે વાંચન, મનન, પુન: વાંચન જે મનની પ્રક્રિયા નિરંતર છે. સાહિત્ય એ તો આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિચાર વારસાનું આધારભૂત માધ્યમ છે. જેમાં ચોકસાઈ અને વિશ્વસનિયતા છે. સારા વિચારો સાથે જ્ઞાન, અને અનુભવનું ઉત્તમ ભાથું વાંચનની દેન છે. જો રાજય, સમાજ અને કુંટુબો પોતાની નવી પેઢીને પુસ્તક વાંચતી નહિ કરી શકે તો "ઇન્ફર્મેશન ટેકનોલોજી' ભસ્માસુર બની રહેશે. વાંચન દ્વારા દરેક વ્યકિત અન્ય વિદ્વાનોના વિચારો જાણી શકે છે. વાંચનની અસર જે તે વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસ ઉપર થતી હોય છે વાંચન દ્વારા નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે માટે જ કહેવાય છે. વાંચવું અટલે કંઈક નવીન જાણવું.

**" વાંચવું એટલે આંગળી પર, અક્ષર લઈ આંખમાં આંજવું.**
**આંજતે આંજણ અક્ષરી, અંતર ચક્ષુએ જાગતા રાખવુ,**
**ભલે પોઢે અન્ય નિંદરમાં , ભાવકે વાંચવા જાગવું,**
**વિસરી જવાય ભલે થોડું, થોડુંક તો યાદ રાખવું,**
**વાંચવું એ તો મનથી જ , નવી ઉગેલ પાંખમાં પાંખવું,**
**એ પછી ઊડવું આભમાં “**

**સંદર્ભ** :

૧. અનાવ્રત, જય વસાવડા, શતદલ પૂર્તિ, ગુજરાત સમાચાર, પાન. ન. ૧૨ તા.૨૧.૦૫૦.૨૦૧૪.
૨. ’અપરાજિતા’ SPTMC એન્યૂઅલ મેગેઝિન, vol-XIII, ૨૦૧૭, પાન. ન. ૬૯.
૩. ’ચાલો, પુસ્તક દિવસ નિમિત્તે એકાદ પુસ્તક વાંચીએ’, દિવ્ય ભાસ્કર, ૨૩/૦૪/૨૦૧૭.
૪. ’પોકેટ લાઈબ્રેરી’ મીડિયા મીટર, મનીષ પારેખ, ગુજરાત ગાર્ડિયન.
૫. ‘યુથ એન્ડ વિંમેન’, સિટી ભાસ્કર, ૨૫/૦૪/૨૦૧૭, પાના ન્. 2.
૬. ’વિવિધા’, ભવેન કચ્છી, શતદલ પૂર્તિ, ગુજરાત સમાચાર, પાન. ન. ૧, તા.૨૧.૦૫૦.૨૦૧૪.

# ગાંધીજીનાં સર્વોદય વિચારો

**ડૉ. દિવ્યા પટેલ**
**શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ**
**એમ.એચ. ગુરુ કોમર્સ કોલેજ, ઉંઝા**
**પોલીટીકલ સાયન્સ વિભાગ**

"સર્વોદય" શબ્દ જૈન સાહિત્યમાં સૌ પ્રથમ વપરાયેલો જોવા મળે છે. વેદ, ઉપનિષદ, શાસ્ત્રો, પુરાણોમાં ક્યાંય તેનો પ્રયોગ થયેલો જોવા મળતો નથી. પરંતુ સર્વોદય શબ્દ જે ભાવને પ્રબોધે છે તે માનવજાત જેટલો જૂનો છે. સર્વોદયનો અર્થ બધાનો ઉદ્ધાર અને વિકાસ છે. પ્રાચીન કાળનાં ઋષિઓએ સર્વોદય શબ્દ વાપર્યા વિના એનો ભાવ આપણને ઘૂંટીને પાયો છે. "લોકા સમસ્તા સુખિનો ભવંતુ" માત્ર આ એક લોક માનવ લોક જ નહીં પણ ત્રણેય લોક - સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં વસતા દેવ, માનવ, દાનવ, બધા જ સુખી થાવ એવો ભાવ બતાવ્યો છે.

ઋષિ કવિ, ક્રાંત દ્રષ્ટાઓને માત્ર ભારત વર્ષ એ જ સ્વદેશ એમ નહોતું. શંકરાચાર્યની ભાષામાં એ તો કહેતા ત્રણેય ભુવન મારો સ્વદેશ. તેમને ક્યાંય પર-દેશ પર-ભાવ લાગતો જ નથી. આ પૃથ્વી તો એમને પક્ષીનાં માળા ઘોસલા જેટલી નાની અમસ્તી લાગતી.

આજનો યુગ વિજ્ઞાન અને ટેકનોલોજીનો હોવાને કારણે બ્રહ્માંડનું, પૃથ્વીનું અને બીજા ગ્રહોનું કેટલુંય જ્ઞાન આપણી પાસે છે એવો આપણને વહેમ છે. નિર્મળ હૃદયનાં એ ઋષિઓએ પોતોનામાં જ ડૂબકી મારીને "યથા પિન્ડે તથા બ્રહ્માંડે" નો સિદ્ધાંત શોધીને અનંતતાનું, વ્યાપક્તાનું દર્શન પામ્યા હતાં. તે કહેતાં "ભૂમામાં સુખ છે અલ્પમાં નહીં" તેની સરખામણીએ 21મી સદીમાં પણ ? નાત, જાત, કોમ ધર્મ, વેશ ભાષા, વર્ણ, લિંગ, દેશ વદેશમાં વિભક્ત એવી વિચારસરણી જોવા મળે છે. ગાંધીજી તેને સર્વોદય વિચાર દ્વારા દૂર કરવા માંગે છે. તેમની ઉદારતા જુઓ મારા તમારાનો ભેદ તો નાના માણસો કરે બાકી જે ઉદાર મનવાળું છે. તેનાં માટે આખું વિશ્વ કુટુંબ સમાન છે. તેમણે કુટુંબ નહીં પણ "કુટુંબક્મ્ " શબ્દ વાપર્યો છે.

આપણાં વિશ્વ કવિ ઉમાશંકર જોશી પણ એ જ ઋષિકુળનાં વંશજ છે એટલે તો એમણે લખ્યું છે કે

" વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પો - વનોની છે વનસ્પતિ"

આનું નામ ભૂમાનો કવિ. કુદરતે આ જગત કેવળ માનવ માટે જ પેદા નથી કર્યું.

દુનિયાની મહાસત્તાઓ તેમનાં પ્યાદા સરમુખત્યારો એ સૌના પણ હરીફ-ધર્મનાં આતંકવાદીઓ પોતાની આણ્વિક શક્તિના મદમાં પાગલ બની દુનિયા આખીને તોબા તોબા પોકારાવી રહ્યા છે. ક્યાં આ ધન સત્તા અને વિજ્ઞાનનાં ઘમંડી આજનાં સંકુચિત વિચાર વાળા હકૂમતો અને ક્યાં પ્રાચીન કાળનાં સર્વનાં ઉદય માટે પ્રાર્થનાં કરનાર ઉમદા વિચાર.

" સર્વથા સૌ સુખી થાઓ, સમતા સહુ સમાચરો.
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. "

આવી આ સર્વનાં સુખની, સર્વનાં ઉદયની વાત ક્યારે સિદ્ધ થાય જ્યારે સર્વ સ્થળે શાંતિ પ્રવર્તતી હોય.

પ્રાચીન દ્રષ્ટાઓએ સર્વનાં ઉદયનો બતાવેલ રાજમાર્ગ છોડીને વીસ વીસ સદીથી અંધારામાં અથડાઈએ છીએ. ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને યોગ માર્ગ શીખવ્યો હતો. તેમ રાજાશાહી, મૂડીવાદ, સામ્યવાદ કહેવાતી લોકશાહી આ બધી વિચારધારાથી માનવ જાતનાં દૃ:ખ દૂર નથી થતાં ત્યારે મહાત્મા ગાંધીજી લોક નીતિમૂલક સર્વોદયનું દર્શન સમગ્ર માનવજાતનું જ નહીં પણ જીવનમાત્રનો ઉદય થાય એવું એ સર્વતોભદ્ર દર્શન આપણને આપી ગયા છે.

સર્વોદયી દર્શન ભારતીય સંસ્કૃતિનો આત્મા છે. દુનિયાભરનાં દરેક દેશમાં, દરેક કોમમાં, દરેક કાળમાં પયગંબર કે મસીહા છે જેમણે શાંતિ, સેવા અને શાણપણનાં પાઠ શીખવ્યા છે. થોરો, સોક્રેટિસ, રસ્કિન, ટોલ્સ્ટોય વગેરેની વાતો સર્વોદયની શીખ આપે છે. ભગવાન બુદ્ધ અને મહાવીર સ્વામી પણ સર્વોદયનાં જ સંદેશ વાહક હતાં. વૈદિક ધર્મમાં કહ્યું છે કે દરેક દિશામાંથી આવતાં શુભ વિચારોનું સ્વાગત છે. સત્ય, અહિંસા, પ્રેમ, કરૂણા, શાંતિ, સેવા સર્વકાલિન અને સર્વદેશીય હોય છે. ખરેખર આવા સદ્દગુણો એજ સંસ્કૃતિ છે, જે આપણને પશુમાંથી દ્વિજ બનાવવાનાં સંસ્કાર આપે છે.

ગાંધીજીને મળેલ વારસો, વાતાવરણ, શિક્ષણ, સંસ્કાર, ધર્મ આ સૌએ મળી એમને જે ઘાટ આપ્યો હતો તેમાં એકલાપણું કે સંકુચિતતા ન હતી વળી એમનો પોતાનો જે સ્વભાવ હતો તે પણ સત્ય, સેવા અને ક્ષમા જેવા દૈવી ગુણોથી સંપન્ન હતો.

ધરતી ફળદ્રુપ હતી. ખેડ, ખાતર અને પાણી પણ બરાબર મળતા હતાં જરૂર હતી એમાં એક ઉત્તમ બીજ વાવવાની અને આ કામ રસ્કિને કર્યું એમનાં પુસ્તક "Unto this last" થી.

ગાંધીજીની એક ખાસ ખાસિયત હતી કે જે ગમ્યું તેને તરત અમલમાં મૂકવું તેમાં થોડોય વિલંબ કરતાં નહીં. "Unto this last" વાંચ્યા પછી એમનો નવો અવતાર થયો. તેમણે સહજતાથી પોતાનો જીવન વ્યવહાર બદલી નાખ્યો.

"સૌના ભલામાં મારું ભલું" એ પ્રમાણે વર્તતા હતાં. બીજીવાત વકીલ અને વાણંદને આજીવિકા માટે સમાન વળતર આ વાત તેમને સ્પર્શી ગઇ. ત્રીજી વાત ખેડૂતો, મજૂર, શ્રમજીવીનું પરિશ્રમી જીવન એજ ખરું જીવન. સર્વનો ઉદય એ કેવળ પોતાનાં માટે જ રાખી ન મૂકતા સમાજ માટે જેની પાસે તે નથી તેને માટે તે વાપરે તો સર્વોદય થાય. કાકા સાહેબ સમજાવતાં કે અંત્યોદય વિના સર્વોદય ન થાય એટલે સહુના ઉદયની શરૂઆત છેલ્લાથી કરવી જોઈએ. ભૂખ્યાને પહેલાં ખાવાનું મળવું જોઇએ, વસ્ત્ર વિનાનાને વસ્ત્ર મળવા જોઈએ આ છે સર્વોદય નીતિ. સર્વોદય એ મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ જેવો વાદ નથી પણ એક વિચાર છે. પૂર્ણ સમગ્રતાનું દર્શન છે. વાદ હંમેશાં એકાંગી હોય છે. દા.ત. મૂડીવાદમાં મૂડીવાદીઓનું એક જ લક્ષ્ય મૂડી વધાર્યે જવી. તેનાં માટે માણસ અને પ્રકૃતિ તેનાં શોષણનાં સાધન છે. સમાજવાદનું મહોરૂં લોકશાહી. કલ્યાણ રાજ્યનું પણ ઉત્પાદનનાં સાધનોની માલિકી રાજ્યની.

આમ આ બધા એકાંગી છે. એમણે પ્રકૃતિને પોતાનાં ઉપભોગનું સાધન માન્યું છે અને માણસને મશીન. સમાજવાદ, સામ્યવાદ સમૂહ કલ્યાણને નામે એનો ભોગ લે. લોકશાહી વિચાર પણ અધૂરો છે. તેનો સિદ્ધાંત છે Greatest good of the greatest number. વધારેમાં વધારે લોકોનું ભલું તેમાં 51નું ભલું થાય પછી 49નું ન થાય તો તેની ચિંતા નહીં. ત્યારે સર્વોદય જ એક એવું દર્શન છે કે જે સર્વનાં ઉદયની વાત કરે છે. જે છેવાડે છે તે પણ છૂટી જવો ન જોઈએ એ એનું લક્ષ્ય છે.

આજે તો આ એક સ્વપ્નું છે. પણ દરેક સિદ્ધિ તેનાં આરંભમાં એક સ્વપ્નું નથી હોતી. સર્વોદય માટે આક્ષેપ છે કે તે કેવળ આદર્શની વાતો કરે છે. તે બિહામણી વાસ્તવિકતા છે પણ હકીકત કંઈક જુદી છે. સર્વોદયનો જન્મ જે સમસ્યાઓ માનવજાતને સદીઓથી પીડા આપી રહી છે. તેનાં ઉકેલ માટે તો થયો છે. આર્થિક ક્ષેત્રે સૌથી મોટી સમસ્યા બેરોજગારી, કેન્દ્રીકરણવાદી, મૂડીવાદ અને સમાજવાદ એવું માને છે કે મશીન આવે એટલે માણસ બેકાર બને તો બંને કેન્દ્રીકરણ ઘણી સમસ્યા સર્જે છે.

જ્યારે આની સામે સર્વોદય વિકેન્દ્રીકરણનો વિચાર મૂકે છે જેમાં જ્યાં કાચો માલ પેદા થાય ત્યાં જ તે વિસ્તારમાં જ તેનો પાકો માલ નાના નાના મશીનોની મદદથી થાય એવી આ યોજના છે. સર્વોદય યંત્રોનો વિરોધ કરે છે એ એક ભ્રમ છે. માણસની કાર્યક્ષમતા વધારે, મજૂરીમાંથી ઉગારે અને પ્રદૂષણ ન કરે તેવાં યંત્રોને આવકારે છે. આમાં વ્યાપક રોજગારી ઊભી થાય.

**આર્થિક વિચારઃ**

સર્વોદયનાં આર્થિક આયોજન મુજબ વ્યવસ્થા ગોઠવાય તો આજે આપણને આંજી નાંખતા મહાલયો, મોલ, પંચતારક પ્રતિ મિનિટ ઊડતાં હવાઇ જહાજ જોવા ન મળે. પણ ઇજ્જતની રોટી અને સ્વમાનની જિંદગી જીવવા તો મળે. સત્તા પર આવતી સરકાર ખેતી, પશુપાલન, મજૂર, મહિલાઓ વગેરે માટે સ્વરોજગારીની આર્થિક નીતિ નહીં ઘડે ત્યાં સુધી એમની સ્થિતિ ડામાડોળ રહેવાની.

ભારતનાં બંધારણમાં મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે, પરંતુ તેમાં મહત્ત્વનો અધિકાર છૂટી જાય છે તે "Right to Work" કામનો અધિકાર. લોકશાહીમાં દરેકને કામ મળવું જોઈએ અને તેનાં કામનું પોષણક્ષમ વળતર પણ મળવું જોઈએ. સ્વતંત્રતા આપી છે પણ ભૂખે મરવાની સ્વતંત્રતા. જ્યાં સુધી કામ નથી મળતું ત્યાં સુધી મતદારને આર્થિક સ્વતંત્રતા મળી છે તેમ ન કહી શકાય.

ગાંધીજીએ ખાદી ગ્રામ ઉદ્યોગ સ્વદેશી વગેરે શબ્દો વાપરતાં આપણે એને જૂનવાણી પ્રગતિનાં કાંટાને પાછા ફેરવનાર વિચારો ગણતાં હતાં. દરેકને કામ મળે એવી વ્યવસ્થા ગોઠવાય મોટા તોતિંગ યંત્રોથી કામ નહીં થાય પરંતુ નાના યંત્રોથી જાજા હાથને કામ આપીને જ થઈ શકશે. સર્વોદયે એક નવો વિચાર ટ્રસ્ટશિપનો આપ્યો છે. જેની પાસે છે તે માત્ર તેનું પોતાનું જ નથી એમાં સૌનો ભાગ છે. ગાંધીજીએ તેને ટ્રસ્ટશિપનો સિદ્ધાંત કહ્યો. વિનોબાજી દાનની પરિભાષા સમજાવતાં કહે છે કે દાન એ ગરીબની દયા ખાય, કટકો આપવો એવો નથી, પરંતુ દાનનો અર્થ સરખી વહેંચણી માત્ર વહેંચવુ એમ નહીં, સરખા ભાગે વિભાજન કરવું.

સર્વોદય એક નવો સંસ્કાર આપવા માંગે છે. આમ તો એ નવો સંસ્કાર નથી જૂનો છે. ઇશોપનિષદ શીખવે છે કે જે બધું ઇશથી ભરેલું છે તેને ભોગવો પણ ભોગવવા માટેની રીત તેને ત્યાગીને ભોગવો, આપીને ખાઓ. મારી પાસે જે છે તે મારી કમાણીનું નથી અનેકની મહેનતનું ફળ છે. તેનો હું ભોગ કરીશ પરંતુ તે બીજાને આપીને. આ છે ટ્રસ્ટશિપ સર્વોદયનું આર્થિક દર્શન. સર્વોદય માથાવાઢ આર્થિક સમાનતામાં માનતો નથી તે પાંચ આંગળાની સમાનતામાં માને છે. સર્વોદય કહે છે કે ડુંગર અને ખીણ જેટલી અસમાનતા ન હોવી જોઈએ. પાંચ આંગળા જેટલી અસમાનતા સહ્ય બનશે. આર્થિક ન્યાય એ છે કે દરેકને આવડત મુજબ કામ અને જરૂરિયાત મુજબ દામ મળવા જોઈએ. કુટુંબનો ન્યાય શું છે? બાળકો, માંદા અને વૃદ્ધો કામ ન કરે તો પણ તેમને પહેલાં ફળ અને દૂધ વગેરે બરાબર

મળે. સુખ અને શાંતિનો રસ્તો વિનોબાજીએ બતાવ્યો છે કે "સમાજને કુટુંબ કરી માનજે ઓ ભાઈ મારા ગામને કુટુંબ કરી માનજે" આવો વિચાર સર્વોદયનું આર્થિક દર્શન છે.

**સામાજિક સમાનતાઃ**

સામાજિક સમાનતામાં સર્વોદય માને છે. નાત, જાત, કોમ, ધર્મ, દેશ, પરદેશ, ભાષા, વર્ણ, લિંગ, શિક્ષિત, અશિક્ષિત, ગરીબ, તવંગર, આવા કઈ ભેદ સર્વોદયને મંજુર નથી. બ્રાહ્મણ હોય કે ભંગી બધા જ સામાજિક દ્રષ્ટીએ સરખા છે. માનવ માત્ર સમાન છે. સર્વોદયનું સામાજિક દર્શન છે. આપણાં સંસ્કાર અને ઉછેર દોષને લઈને બાળપણથી આપણાં ચિત ગંઠાઈ જાય છે. આપણાં કુળનું, જાતનું, ધર્મનું ખોટું અભિમાન લઈને ફરતાં હોઈએ છીએ પરંતુ સૌથી મોટી પદવી માનવીની છે. તેથી તેનો તિરસ્કાર કરવો, હડધૂત કરવા, મારવા યોગ્ય નથી. જો મનમાં એકવાર વસી જાય કે "સાબાર ઉપરે માનુષ તાહાર ઉપરે નાહિ" તો બધી જ સમસ્યા સમાપ્ત થઈ જાય. સર્વોદય સામાજિક આદર્શ છે.

**રાજકીય સમાનતાઃ**

સામાન્ય છાપ પ્રમાણે સર્વોદય વાળા રાજકારણથી આભડછેટ રાખે છે. તે તેમની ગેરસમજ છે. ગાંધીજીએ સર્વોદયના પ્રથમ પુરૂષ સર્વોદય આંદોલનમાં આજીવન રાજકારણમાં જ હતા. તેમનું સ્વપ્ન રાજકારણમાં જ આધ્યાત્મીકરણ કરવાનું હતું. જે રાજકારણમાં ધર્મ નથી તે રાજકારણ ગંધાતુ મડદું છે. રાજકારણ એટલે બહુમતીની બોલબાલા. પણ સર્વોદયની દ્રષ્ટીએ બધા સમીકરણ ભૂલ ભરેલાં છે. સર્વોદયની દ્રષ્ટીએ પ્રજાકરણ એમ સર્વોદય માને છે. આર્થિક ક્ષેત્રની જેમ રાજકીય ક્ષેત્રે પણ વિકેન્દ્રીકરણ હોવું જોઈએ. સૌથી વધુ સત્તા કેન્દ્ર પાસે નહીં પણ ગામ પાસે હોવી જઈએ. ગાંધીજી ઇચ્છતાં હતાં કે Every Village is a republic. ભારત પાંચ પચ્ચીસ રાજ્યનો સંઘ નહીં પણ ગામોનો મહાસંઘ હોય એવું ગાંધીજીનું એક સ્વપ્ન છે. એ ભલે આજે ને આજે સિદ્ધ ન થાય પણ આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજનૈતિક ક્ષેત્રે ગામડાં આત્મનિર્ભર બને એવું સર્વોદયનું લક્ષ્ય છે.

**સ્વરાજય દર્શનઃ**

સ્વરાજ એટલે ગ્રામ વ્યવસ્થા. લોક સ્વરાજ્ય એ સર્વોદયની રાજનીતિ છે. જેને વિનોબાજી લોકનીતિ કહેતાં. સત્તાનું મૂળ કેન્દ્ર લોકો છે. પ્રવર્તમાન સમયમાં મત આપવા સિવાય કઈ સત્તા તેની પાસે નથી. રચનાત્મક કામો સ્વરાજ્યની એક પાંખ છે. એક પાંખથી ઊડી ન શકાય. સ્વરાજ્યની બીજી પાંખ છે સત્યાગ્રહ. આપણામાં રહેલાં અહમને દૂર કરવા માટે પહેલો સત્યાગ્રહ પંડની સામે કરવો. તેથી આપણી નબળાઈથી ઉપર ઊઠી શકીએ. સત્યાગ્રહ કરવા માટે સૌથી પહેલી જરૂર આત્મ શુદ્ધિની છે.

**ધાર્મિક આદર્શઃ**

ધાર્મિક ક્ષેત્રે સર્વોદયનો આદર્શ છે સર્વધર્મ સમભાવ. સર્વોદય નાસ્તિકતાવાદી દર્શન નથી. બધા જ ધર્મો સત્યનાં મુકામે જતાં વિવિધ રસ્તાઓ છે. દરેક પોતાનાં સંસ્કાર, રસ, રુચિ પ્રમાણે રસ્તો પસંદ હોય તે રસ્તે ચાલે. માનવ સ્વભાવ જોતાં દુનિયામાંથી આસ્થા ક્યારેય સમાપ્ત નહીં થાય. સ્વધર્મનું પાલન કરતાં પણ જે પરધર્મ છે માનવ ધર્મને કદી ભૂલવો જોઈએ નહીં. આજે માનવ જાત પોતપોતાના સંપ્રદાયને ધર્મ સમજી ધર્મ પ્રત્યે અસહિષ્ણુ બને છે. પરંતુ દરેક દેશ કાળ અને ધર્મમાં એવા લોકો પણ હોય છે કે જે પોતાનાં સાંપ્રદાયિક ધર્મથી એક કદમ ઉપર ઉઠ્યા છે. એનું નામ આધ્યાત્મ મનુષ્યની

યાત્રાનો આ અંતિમ મુકામ છે. બધાએ ત્યાં પહોંચવાનું છે. એ બધા ત્યાં પહોંચે ત્યારે સાચા અર્થમાં સર્વોદયનો ઉદય થાય.

**સર્વોદયનો પ્રાણ સાધન શુદ્ધિઃ**

સાધ્યની જેમ સાધન પણ શુદ્ધ હોવું જોઈએ. ગાંધીજી કહેતા કે હિંદનું સ્વરાજ જેવું ઊંચુ સાધ્ય મારે સિદ્ધ કરવું છે. પણ તેની પ્રાપ્તિ માટે જુઠાણું હિંસા જેવાં અશુદ્ધ સાધન વાપરવાથી સાધ્ય પ્રાપ્ત થતું હોય તો તેવું મને ન ખપે. સત્ય અહિંસાના માર્ગે આવેલું સ્વરાજ પ્રાપ્ત કરવું છે. સાધ્ય શુદ્ધ હોય તે પૂરતું નથી. તેનાં સાધન પણ શુદ્ધ હોવા જોઈએ.

ગાંધીજીનાં સર્વોદય દર્શનનું લક્ષ્ય હતું અહિંસક સમાજની રચના, શોષણ મુક્ત શાસન વિહિન સહકાર મુલક સમાજ. જે સમાજ પ્રત્યેક વ્યક્તિને તેનામાં રહેલી આંતરિક શક્તિઓને ખીલવીને સંપૂર્ણ માનવી બનવાનો અવસર પ્રદાન કરે.

**સંદર્ભ સૂચિઃ**

(1) મોહનદાસ કરમચંદ ગાંધી - સર્વોદય - નવજીવન પ્રકાશન.

(2) ગોવિંદભાઈ રાવલ - સર્વોદય વિચાર – ગૂજરાત વિદ્યાપીઠ.

(3) *Unto This Last* by Ruskin, Hendon *Publishing* Co Ltd

 ISBN : 978-81-938282-0-5

# શ્રી અરવિંદ કૃત 'સાવિત્રી' મહાકાવ્યમાં નિરુપિત અધ્યાત્મ

**ડૉ. દિપક પંડયા**

**(H.O.D. Gujarati)**

**સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,સેક્ટર -28**

**ગાંધીનગર -382028**

૮૧૬ પાનાનો 'સાવિત્રી' મહાકાવ્યનો ગ્રંથ શ્રી અરવિંદનું સૌથી ઉત્તમ કાવ્ય સર્જન છે. અપદ્યાગદ્યમાં લખાયેલા ચોવીસ હજાર લીટીઓમાં કંડારાયેલા આ મહાકાવ્યનું મહાભારતની એક પુરાણ કથા ઉપર નિર્માણ થયું છે, જેને શ્રી અરવિંદે માનવની આત્માની ખોજ અને તેના ભાગ્યને એક પ્રતીકના રૂપમાં ફેરવી નાખી રજૂ કરેલું છે. અહીં માનવ આત્મા સત્યવાન રૂપે વર્ણવેલ છે. આ બંધનમાં પડેલા આત્માને તેના અજ્ઞાન અને મૃત્યુના મુખમાંથી સાવિત્રી રૂપે પૃથ્વી પર અવતરેલ મા ભગવતી પોતાના પ્રેમ અને શક્તિ વડે મુક્ત કરે છે.

શ્રી અરવિંદે આ કાવ્ય પાછળ લગભગ પચાસ વર્ષ સુધી કાર્ય કર્યું છે. 'સાવિત્રી' વિશેના લખાયેલા એક પત્રમાં એમણે પોતે જ કહ્યું છે કે, " મેં સાવિત્રીના માધ્યમ દ્વારા મારી સાધનાનું આરોહણ સાધ્યું છે. શરૂઆતમાં તો મેં એને માનસિક સ્તરે શરૂ કર્યું હતું, પરંતુ જેમ જેમ મારું આરોહણ ઉચ્ચતર સ્તરે ચઢતું ગયું તેમ તેમ તે ઊંચાઈના સ્તર ઉપરથી તેને ફરીવાર લખ્યું છે...... હકીકતમાં હું 'સાવિત્રી' ને એક કાવ્ય ગણતો નથી જેને એક વાર લખી નાખી અને સદાને માટે લખાઈ ગઈ હોય...... પરંતુ હું એને એક પ્રયોગ-ક્ષેત્ર ગણું છું. જ્યાં કવિતા કવિની યૌગિક ચેતનામાંથી જન્મ પામે અને વિકાસની ગતિએ સર્જન પામે."

શ્રી અરવિંદ સાહિત્યનું ઉચ્ચતમ ગૌરીશંકર શિખર 'સાવિત્રી' મહાકાવ્યમાં દ્રષ્ટિગોચર થાય છે. સત્યવાન-સાવિત્રીની પુરાણ પ્રસિદ્ધ કથા મહાભારતના આરણ્યક પર્વમાં ૨૪૮મા અધ્યાયથી શરુ થાય છે. મદ્ર દેશનો રાજા અશ્વપતિ નિ:સંતાન હતો. એની અઢાર વર્ષની તપશ્ચર્યાને અંતે યજ્ઞની વેદીમાંથી પ્રત્યક્ષ થઈને સાવિત્રી દેવીએ એને જણાવ્યું કે બ્રહ્મા એને પુત્ર આપશે અને પોતાના વિશિષ્ટ પ્રસાદ તરીકે એક પુત્રી જન્મશે. રાજાએ સાવિત્રી દેવીની કૃપાથી જન્મેલ એ પુત્રીનું નામ સાવિત્રી પાડ્યું. સુંદર, સુવર્ણરંગી, દેવકન્યા જેવા જાજરમાન વ્યક્તિવાળી સાવિત્રી માટે કોઈ રાજકુમારે એની સાથે લગ્ન કરવાની માગણી કરી નહિ એટલે અશ્વપતિએ સાવિત્રીને દેશાટન કરીને પોતાના જીવનસાથીની પસંદગી કરવાનું કહ્યું. બે વર્ષથી પણ વધારે સમયના પરિભ્રમણ બાદ અંધાપાને લીધે દુશ્મનો દ્વારા પદભ્રષ્ટ થયેલ શાલ્વ દેશના દ્યુમત્સેન રાજા કે જે તપોવનમાં આશ્રમ કરીને રહેતા હતાં તેમના પુત્ર સત્યવાનની જીવનસાથી તરીકે સાવિત્રી પસંદગી કરે છે અને પોતાના પિતાના રાજ્યમાં પાછી ફરીને, જ્યારે માતાપિતા સમક્ષ પોતાની પસંદગી જાહેર કરે છે તે વખતે, દેવર્ષિ નારદ ત્યાં ઉપસ્થિત હતા અને એમને ભવિષ્ય ભાખતાં જણાવ્યું હતું કે સત્યવાન બધી રીતે લાયક યુવાન હોવા છતાં, એનું બાકીનું આયુષ્ય માત્ર એક જ વર્ષનું છે. આવી કઠોર અને અમંગલ ભવિષ્યવાણી છતાં અને માતાની આગ્રહભરી સમજાવટ છતાં, સાવિત્રી પોતાના સંકલ્પમાં દ્રઢ રહે છે અને એનું લગ્ન સત્યવાન સાથે થઈ જાય છે. સાવિત્રી સુખી લગ્નજીવન ગાળતી હોવા છતાં દેવર્ષિ નારદની ભવિષ્યવાણી પ્રત્યે કોઈને પણ તેની જાણ કર્યા વિના સંપૂર્ણ રીતે સજાગ હતી. ભાવિનું અજ્ઞાન એક વરદાન છે અને ભાવિને જાણવું સામાન્ય

માનવને માટે અભિશાપ રૂપ બની જાય છે. પણ સાવિત્રી કોઈ જુદી જ માટીની બનેલી હતી. તેણે સત્યવાનને સુદ્ધા આ વાતનો અણસાર આવવા દીધો નહોતો. મહાન આત્માઓ પોતાના દુઃખદર્દ બીજાઓને જણાવતા હોતા નથી. માત્ર પામર જીવો જ તેમની દર્દનાક કહાનીઓ કહેતા ફરે છે. વર્ષના છેલ્લા ત્રણ દિવસ એક પગ પર ઉભા રહીને તથા ઉપવાસ કરીને ગુજાર્યા બાદ મોતની આગાહીના દિવસે સાવિત્રી સત્યવાનની સાથે જાય છે. જંગલમાં સમિધ કાપતાં કાપતાં સત્યવાનને ભયંકર શિરદર્દ ઊપડે છે અને સાવિત્રીના ખોળામાં માથું મૂકી આરામ થવાની રાહ જોતો સૂતો હોય છે ને અચેતન થઈ જાય છે. ત્યાં સાવિત્રી યમરાજને પોતાની સામે ઊભેલા જુએ છે. સત્યવાનના આત્માને પોતાના પાશમાં લઈને ચાલવા માંડેલા યમરાજની પાછળ પાછળ સાવિત્રી પણ ચાલવા માંડે છે. યમરાજની ઘણીયે સમજાવટ છતાં સાવિત્રી પાછી ફરવાનો ઇન્કાર કરે છે અને સંવાદ તથા પ્રશ્નોત્તરી બાદ યમરાજ પ્રસન્ન થઈ સાવિત્રીને સાત વરદાનો આપે છે, જેમાનું છેલ્લું સત્યવાનના જીવન માટેના દાનનું વરદાન હોય છે. આમ નિયતિ અને મૃત્યુ ઉપર વિજય મેળવીને સાવિત્રી અને સત્યવાન તપોવનમાં પાછાં ફરે છે. સત્યવાન પોતાના પિતાનું રાજ્ય પાછું મેળવે છે અને નિર્વિઘ્ને રાજ ચલાવે છે. આ રીતે મહાભારતમાં વાર્તા છે.

**મૂળ**ની આ વાર્તા 'સાવિત્રી' મહાકાવ્યમાં લગભગ જેવી ને તેવી જ કાયમ રાખી શ્રી અરવિંદે એની કથાવસ્તુનું એક જીવંત પ્રતીકમાં રૂપાંતર કરી નાખ્યું છે. પ્રથમ પર્વના પ્રથમ સર્ગમાં અને ત્રીજા, ચોથા અને પાંચમાં સર્ગમાં શ્રી અરવિંદ જગતની ઉત્પત્તિ વિષે તથા અશ્વપતિના પાત્ર વિષે અનુભવની નવી જ ભૂમિકા રજૂ કરે છે. આ મહાકાવ્યમાં અશ્વપતિ એક નિઃસંતાન રાજા મટીને પૃથ્વી પર માનવતામાં અવતરેલ કોઈ દિવ્ય સત્વ રૂપે રજૂ થાય છે જે આત્મજ્ઞાન અને વિશ્વજ્ઞાન મેળવવા માટે માનવ જાતિના પ્રતિનિધિ રૂપે તપશ્ચર્યા કરે છે.

બીજા પર્વમાં અશ્વપતિ જુદા જુદા વિશ્વોની યાત્રા કરે છે અને સ્થૂળ પાર્થિવ ભૂમિકામાંથી આરોહણ કરીને જુદા જુદા લોકો વટાવીને છેવટે વિશ્વ ચેતના સુધી પહોંચી, ત્યાંથી જે અપ્રગટ લોકો પૃથ્વી ઉપર પ્રગટ થઈ શકે તેવા છે પરંતુ જે હજી સુધી પ્રગટ્યા નથી તેમનું એ દર્શન કરે છે.

ત્રીજા પર્વમાં અશ્વપતિ પ્રગટ વિશ્વથી પર ભૂમિકાઓમાં પ્રવેશ કરે છે અને ત્યાં સમગ્ર વિશ્વનું સર્જન કરનાર આદ્યશક્તિ પાસે પહોંચી સમગ્ર માનવ જાતિની દર્દભરી આરજૂ રજૂ કરે છે અને અજ્ઞાન અને મૃત્યુ પર વિજય મેળવવા તેમની સહાય યાચે છે. પરાશક્તિના પ્રતિનિધિ રૂપ કોઈ માનવ અવતાર ન લે ત્યાં સુધી આ વિકટ પ્રશ્નનો કદી ઉકેલ લાવી શકાય તેમ નથી એમ જાણી અશ્વપતિ પરાશક્તિના અવતાર માટે પ્રાર્થના કરે છે. આના જવાબમાં જગદંબાના વરદાન રૂપે સાવિત્રીનો જન્મ થાય છે. પહેલાં પર્વના બીજા સર્ગમાં કવિ કહે છે કે "આખા જગતની કામનાએ સાવિત્રીને જન્મ લેવાની ફરજ પાડી." કવિનું આ કથન એક રીતે સાચું ઠરે છે અને સાવિત્રી કેવળ એક રાજકુમારી ન રહેતા મહાશક્તિના આવિર્ભાવ રૂપે તથા કૃપા રૂપે માનવ જાતિના દુઃખદર્દો, અજ્ઞાન વગેરેનો ભાર વહેવા માટે અને અજ્ઞાનના અંધકાર ઉપર વિજય મેળવવાને જન્મેલ છે તેવું સ્પષ્ટ થાય છે.

ચોથા પર્વમાં સાવિત્રીના બાલ્યકાળ, શિક્ષણ, વિકાસ ઈત્યાદિનું વર્ણન આવે છે. આ પર્વના ચોથા સર્ગમાં અશ્વપતિને સાવિત્રીની દિવ્યતાનો અનુભવ થાય છે અને પોતાનો જીવનસાથી શોધવાની તે સાવિત્રીને સૂચના આપે છે. પાંચમાં પર્વમાં સત્યવાનની પસંદગી કરીને સાવિત્રી પછી ફરે છે અને છઠ્ઠા

પર્વમાં પોતાની પસંદગી પોતાના માતાપિતા તથા દેવર્ષિ નારદ સમક્ષ જાહેર કરે છે. દેવર્ષિ નારદની દિવ્ય દ્રષ્ટિ સાવિત્રીને એક મહાન સત્વ તરીકે જોઈ શકે છે અને એક વર્ષ બાદ સત્યવાનના મૃત્યુ અંગેનું ભાવિ ભાખે છે. આ પર્વમાં માનવ જીવન સાથે જડાયેલો દુ:ખનો પ્રશ્ન બે સર્ગોમાં વિસ્તાર પૂર્વક કાવ્ય સાહિત્યનું શિખર સર કરતી રીતે ચર્ચાયો છે.

સાતમાં પર્વમાં આશ્રમવાસી સાવિત્રી યોગ સાધના કરે છે અને યમરાજનો સામનો કરવાની તૈયારી કરે છે. આ મહાકાવ્યમાં અશ્વપતિનો યોગ અને સાવિત્રીનો યોગ એવી એક જ ઉદ્દેશ્ય સાધતી બે યોગ પદ્ધતિઓ આપણને જોવા મળે છે. આ પ્રમાણે સાધનાથી સજ્જ થયેલી સાવિત્રી જંગલમાં સત્યવાન સાથે જાય છે અને ત્યાં સત્યવાન મૃત્યુ પામે છે.

નવ, દશ અને અગિયારમાં પર્વમાં મૃત્યુ પછીની સ્થિતિનું વર્ણન તથા યમરાજ સાથેની સાવિત્રીની ચર્ચા આવે છે. સત્યવાનના મૃત શરીરમાંથી જીવાત્માને યમરાજ લઈને ચાલવા માંડે છે એટલે એ બંનેની પાછળ સાવિત્રી શરૂઆતમાં સશરીરે અને ઉર્ધ્વ લોકોમાં પોતાના આત્મા રૂપે ચાલવા માંડે છે જ્યાં મર્ત્ય માનવી કદી પણ જઈ જ ન શકે. દશમાં અને અગિયારમાં પર્વમાં સમગ્ર માનવ જીવન વ્યાપી પ્રશ્નો અને તેના રજૂ થયેલ ઉકેલો અને તે બધાની અપૂર્ણતા યમરાજ રજૂ કરે છે. સાવિત્રી પૂર્ણતાની શરતો અને માનવ પ્રકૃતિમાં ખૂટતા તત્તવોનો નિર્દેશ કરે છે. આખરે ઈશ્વરના સંકલ્પાનુસાર જગતમાં કાર્ય કરી રહેલ યમરાજ પાર્થિવ ભૂમિકામાં પ્રગટેલ ઈશ્વરના દર્શન કરવાની અને તેની આજ્ઞા પાળવાની તત્પરતા દર્શાવે છે ત્યારે સાવિત્રી પોતાનું દિવ્ય સ્વરૂપ પ્રગટ કરે છે અને યમરાજ તેમાં લય પામી જાય છે. પછીથી સત્યવાન અને સાવિત્રી સત્યલોકમાં આરોહણ કરે છે અને ત્યાંથી જગતમાં દિવ્યતાનું સામ્રાજ્ય સ્થાપન કરવા પ્રયત્ન કરે છે.

મહાભારતની મૂળ કથામાંના દેવર્ષિ નારદના પ્રસંગને કાવ્યમાં શ્રી અરવિંદે ખૂબ સુંદર રીતે પોતાના પ્રતીકને વધારે સ્પષ્ટપણે ઉપસાવવાનો સફળ પ્રયત્ન કર્યો છે. સમગ્ર માનવજાતિમાં વ્યાપક દુ:ખ, શોક, અસત્ય, આપત્તિ વગેરે અનિષ્ટ તત્તવો શા માટે અસ્તિત્વમાં છે અને ઈશ્વરના કૃપાળુ સ્વરૂપ સાથે એ કેવી રીતે બંધબેસતા છે એ બધા પ્રશ્નો આ મહાકાવ્યના અવિભાજ્ય અંગો તરીકે સ્થાન પામે છે. સાવિત્રી અહીં અવતાર તરીકેની પોતાની ભવ્યતા અને દિવ્યતા જાળવી રાખે છે. મહાભારતમાં સત્યવાનના મરણ પછી થયેલો સાવિત્રી અને યમરાજનો સંવાદ પ્રચલિત પરંપરા અને કેટલાક સામાજિક મૂલ્યોનું નિવેદન માત્ર છે જ્યારે 'સાવિત્રી' મહાકાવ્યમાં આ આખો યે સંવાદ ઘણો જ વિસ્તૃત અને આધ્યાત્મિક પ્રેરણાની અત્યુચ્ચ ભૂમિકા પર ચાલે છે. એટલું જ નહિ પરંતુ સાવિત્રી જગદંબાનો અવતાર હોવાથી યમરાજ કરતા પણ વધારે સમર્થ છે એ વાત સ્પષ્ટ રીતે તરી આવે છે. આ મહાકાવ્યમાં યમરાજે સત્યવાનને મુક્ત કરવાની શરત રૂપે સાવિત્રી જો કોઈ અવતારી મહાશક્તિ હોય તો તેના દર્શન કરાવવાની માંગણી કરી હતી. સાવિત્રી ત્યારે જ પોતાનું મહાશક્તિ સ્વરૂપ પ્રગટ કરે છે. નવયુગના આગમનની આલબેલ પોકારતો આ સંવાદ ચીલાચાલુ પરંપરાગત ધર્મો, ફિલસૂફીઓ વગેરેને વટાવીને નવયુગના એંધાણ સ્વરૂપની યોગિક અનુભૂતિઓથી સભર દિશા સૂચનો કરે છે, જે વિશ્વ સાહિત્ય, ફિલસૂફી તથા યોગમાં શ્રી અરવિંદનું આગવું અને અજોડ પ્રદાન છે. આ રસ તો કવિના મૂળ કાવ્યમાંથી જ માણવો રહ્યો. હકીકતમાં યમરાજની શક્તિ જેમ પરશુરામની શક્તિ રામમાં સમાઈ ગયેલી તેમ રૂપાંતરિત થઈને સાવિત્રીમાં સમાઈ જાય છે. સાવિત્રી-સત્યવાનનું જીવન-કાર્ય મૂળ કથામાં

મહાભારતમાં છે તેના કરતા અહીં જુદું પડે છે. પરમ સત્યમાં સ્થાપિત થઈને પૃથ્વી ઉપર સત્યલોકની જ્ઞાન જ્યોતિ, અમોઘ શક્તિ અને સ્વાભાવિક સંવાદિતા સ્થાપિત કરવાને તેઓ પ્રયત્ન કરે છે અને આમ આખી કથા આ મહાકાવ્યમાં પૂર્ણ રૂપાંતર પામી જાય છે અને અચિત (જડત્વ), અજ્ઞાન અને મૃત્યુ પરના વિજયનું એક જીવંત પ્રતીક બની રહે છે. પરાત્પર પરબ્રહ્મના જડતત્તવમાં ભૂસકો મારીને ઉત્ક્રાંતિ મારફત પુન: પોતાના સનાતન સચ્ચિદાનંદ સ્વરૂપને પ્રાપ્ત કરી લેવાની આ આનંદયાત્રા અહીં સમાપ્ત થાય છે.

મૃત્યુ પરનો વિજય કે અમરત્વનો અર્થ શારીરિક ખોળીયાના કેદખાનામાં એક જ અવતારમાં બંધાઈ જવું એવો નથી. એનો અર્થ આપણી ચેતના તથા આપણો આત્મા જે અમર છે તેને પામવાનો છે અને માત્ર સપાટી પરના જીવનને જ વળગી રહેવાનું નથી. આપણો આ અંતરાત્મા ને ચેતના ઉત્ક્રાંતિમાં વિકસિત થતાં થતાં જન્મજન્માંતરમાં આપણી સાથે યાત્રા કરે છે, જેનો હૃદયના ઊંડાણમાં તથા ઊર્ધ્વમાં સ્પર્શ થતા જન્મ, જરા, રોગ, સડો તથા મૃત્યુ પોતાના દુ:ખ ખોઈ બેસે છે. આ જ ખરું અમરત્વ છે, મૃત્યુને મારવાનો કીમિયો છે.

બારમાં પર્વમાં સાવિત્રી અને સત્યવાન પૃથ્વી પર પાછા ફરે છે ત્યારે સાવિત્રી સત્યવાનને કહે છે કે આપણે પ્રભુના દર્શન કર્યા છે, તેમની સાથે તાદાત્મ્ય સાધ્યું છે અને આપણા મર્ત્ય જીવનમાં પ્રભુનો શો ઉદ્દેશ્ય છે તે આપણે જાણ્યો છે અને છતાં માનવ પ્રેમના આનંદમાંથી કશું ઓછું થયું નથી. દિવ્યતાનો સ્પર્શ પૃથ્વીની વસ્તુઓની ન્યૂનતા પૂરીને તેમને તેમનું સત્ય બહાર લાવી ચરિતાર્થ કરે છે, તેમનો ઈન્કાર કરતો નથી. જીવન પ્રભુ માટે લીલાનું અને રહેવાનું સ્થાન છે. એ પ્રભુ પશુ, પંખી અને માનવમાં પોતાની જાતને સંતાડે છે, જેથી કરીને પ્રેમ વડે ફરીથી તેઓ પ્રભુને શોધી કાઢે. સાવિત્રી સત્યવાનને આખરે જણાવે છે કે તેમણે માણસને સત્ય પ્રત્યે, પ્રભુ પ્રત્યે દોરવા માટે જન્મ લીધો છે. દ્યુમત્સેન પાછા ફરેલા સત્યવાન તથા સાવિત્રીને સત્કારતા જણાવે છે "દેવતાઓ મારા પર પ્રસન્ન થયા છે. મને દ્રષ્ટિ પુન: પ્રાપ્ત થઈ છે અને રાજ્ય મને શોધતું પાછું આવી મળ્યું છે." સત્કારવા આવેલ જૂથમાંથી ઋષિ જેવા એક પુરોહિતે સાવિત્રીને પ્રશ્ન કર્યો "સાવિત્રી, તારામાં એવો ક્યો પ્રકાશ આવ્યો છે, એવી કઈ શક્તિ પ્રગટ થઈ છે, જે અમારે માટે એક વધારે સુખી નવયુગનો આરંભ કરે છે?"

સાવિત્રી જવાબ આપે છે

> "Awakened to the meaning of my heart,
> That to feel love and oneness is to live
> And this the magic of our golden change
> Is all the truth I know or seek, O sage."

"મારા હૃદયનો અર્થ મારામાં જાગ્રત થયો ત્યારથી મને જ્ઞાન થયું છે કે પ્રેમ અને એકતાનો અનુભવ કરવો એ જ જીવન છે; આપણા સુવર્ણમય રૂપાંતરનો એ જાદુ છે. એટલામાં હે ઋષિ, હું જાણું છું કે શોધું છું તે બધું સત્ય સમાઈ જાય છે."

સાવિત્રીને આત્માની ખોજ કરવાની પોતાની યોગસાધનામાં સૌ પ્રથમ અવચેતન જગતનો અનુભવ થાય છે જ્યાં સર્વ કાંઈ અસ્તવ્યસ્ત અને ગેરવ્યવસ્થામાં ડૂબેલું છે. આ માર્ગે આગળ વધતાં સાવિત્રીને રોકવા માટે ફૂંફાડા મારતો સાપ સામે આવે છે, જે સાવિત્રીને ત્યાંથી ચાલ્યા જવાનું સૂચવે છે. પરંતુ સાવિત્રી પોતાની યોગશક્તિના બળ વડે આગળ વધે છે અને રૂપો અને સંવેદનોની દુનિયામાં

પ્રવેશે છે. ત્યાંથી આગળ વધતાં સાવિત્રી અનેક આવેગો, વિચારો, વમળોના પ્રવાહોમાં આવી પહોંચે છે. આ વિસ્તારને અતિક્રમીને તે સ્થિર પ્રદેશમાં પહોંચે છે જ્યાં મન કાર્ય કરી રહ્યું હોય છે. અહીં મન પ્રાણના આવેગો પર કાબૂ સ્થાપી રહેલ જણાય છે.

સાવિત્રી અહીં થોડા પ્રજ્ઞાવાન પુરુષોને મળે છે અને આત્માની ખોજ બાબતમાં પ્રશ્નો પૂછે છે, પરંતુ જવાબ ન મળતા આગળ ચાલતી થાય છે અને વિશ્વના ઉદ્દગમ સ્થાન સુધી ઊંડે ઊતરીને કોઈ પરમ શાંતિ પ્રાપ્ત કર્યા બાદ જોવાથી તેને એક અગ્નિશિખા આત્માના ઊંડાણમાં જલતી દેખાય છે.

અંતરાત્મા તરફના આરોહણ વખતે સાવિત્રીને પ્રથમ કરુણાની દેવીનો પરિચય થાય છે. સર્વ પ્રકારના શોકની એ માતાએ સાવિત્રીને કહ્યું કે, "હું તારો અંતરાત્મા છું અને જગતના દુઃખોમાં ભાગ લેવા આવી છું." પણ સાવિત્રીએ જોયું કે એ દેવી તો માત્ર થોડા લોકોને જ મદદ કરી શકે એમ છે અને એ રીતે અપૂર્ણ છે એટલે તે પોતાની આગળની યાત્રા ચાલુ રાખે છે.

આગળ ચાલતાં સાવિત્રીને સામર્થ્યની દેવી મળે છેઃ તેણે પણ કહ્યું "સાવિત્રી, હું તારો ગૂઢ અંતરાત્મા છું. માનવજીવનમાં અંધકારની શક્તિઓ, જુલ્મો અને અન્યાયો સામે હું લડું છું." પરંતુ સાવિત્રીએ જોયું કે આ દેવી સામર્થ્ય આપી શકે છે પણ પ્રજ્ઞા આપી શકે તેમ નથી. એ રીતે એ પણ અપૂર્ણ છે. એટલે સાવિત્રી આંતરખોજની યાત્રા ચાલુ રાખે છે.

આગળ ચાલતાં સાવિત્રી ને શાંતિની દેવી મળે છે : "તું જેની શોધ કરે છે તે તારો અંતરાત્મા હું જ છું. હું શાંતિ, દયા અને દાનની દેવી છું અને લોકોના દુઃખદર્દો મિટાવું છું," સાવિત્રીએ આ દેવીના કાર્યમાં પણ અપૂર્ણતા અને મર્યાદાના દર્શન કર્યા અને જાણ્યું કે એ દેવી માનસિક બુદ્ધિ વગેરે બાહ્ય રૂપોને ઘડી શકે છે, પરંતુ અંતરાત્માને કે રૂપોની પાછળ રહેલા અરૂપી સત્યને જાણી શકતી નથી કે મદદ કરી શકતી નથી એટલે અપૂર્ણ છે. એટલે એમને પણ છોડીને સાવિત્રી પોતાની વધારે અંદર જઈને દિવ્યતા માટેની સાધના યાત્રા ચાલુ રાખે છે અને પોતાના આત્માને પ્રાપ્ત કરે છે. સાવિત્રીનો યોગ અહીં પૂરો થાય છે.

શ્રી અરવિંદ સાવિત્રીના જીવન અને મનની ક્રિયાઓને ઉત્ક્રાંતિ પામતી, ઊર્ધ્વમાં આરોહણ કરતી અને સાક્ષાત્કારો કરતી વર્ણવે છે. આ સાધના આમ તો અ-વર્ણનીય છે. છતાં શ્રી અરવિંદે તેણે મનના વિવિધ ચઢતા ઊતરતા પગલાંમાં – ઉચ્ચતર મન, પ્રકાશિત મન, સહજજ્ઞાન, અધિમનસ તથા અતિમનસ – અનુભવો લઈને વિકાસ પામતી વર્ણવી છે ને એ અનુભૂતિઓમાંથી પસાર થયા બાદ જ સાવિત્રીને પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે અને તે મુક્તિનો સાચો સંતોષ અનુભવે છે.

સાવિત્રી જ્યારે બધું શાંત પડી જાય છે ત્યારે એ શાંત દેશ અને કાળમાં પોતાના નીરવ આત્માને સર્વત્ર ફેલાયેલો અનુભવે છે. પરચેતના હવે સાવિત્રી માટે સહજ બની ગઈ હતી અને અનંતતા સાવિત્રીની ગતિની સ્વાભાવિક ક્રિયા બની ગઈ હતી. સાવિત્રી અજ્ઞાનથી મુક્ત થઈ પોતાના અંતરાત્માને પામી ચૂકી હતી, તે દેશ અને કાળથી પર થઈ ગઈ હતી.

અશ્વપતિની તપશ્ચર્યા એ માનવજાતિના પ્રતિનિધિ તરીકેની તપશ્ચર્યા છે. ઈશ્વરની પરમ સત્તા અને કરુણામય સહાય વિના માનવજાતિનો મૌલિક પ્રશ્ન ઉકેલી શકે તેમ નથી એવો અશ્વપતિને અનુભવ થાય છે.

પાર્થિવ કાળ સત્યવાનના મરણને લીધે બંધ પડે છે. વળી યમરાજ સામે થઈને સાવિત્રી વિજય પામે છે ત્યારે પણ બીજી રીતે કાળ નથી એમ કહી શકાય કારણ કે મૃત્યુ પર વિજય મેળવીને સત્યવાન તથા સાવિત્રી સત્યલોકની ઊર્ધ્વ ભૂમિકામાં આરોહણ કરે છે. અહીં સનાતન કાળ છે, પરંતુ માનવકાળ બંધ પડેલ છે અને શાશ્વત દિવસ પ્રવર્તે છે. એટલે બારમાં પર્વમાં જ્યારે સત્યવાન અને સાવિત્રી પોતાનું જીવન કાર્ય શરૂ કરવાને પૃથ્વી પર પાછા ફરે છે ત્યારે પ્રથમ પર્વના પ્રથમ સર્ગનો દિવસ ભાગ્યે જ પૂરો થયો હોય છે !

દેવર્ષિ નારદ કેવળ ક્રાંતદ્રષ્ટિથી નહિ પરંતુ દિવ્ય દ્રષ્ટિથી સાવિત્રીને જુએ છે ત્યારે દેવતાની દ્રષ્ટિને સાવિત્રી કેવી દેખાય છે તેનું વર્ણન કાવ્ય સાહિત્યમાં અને સૌંદર્યના નિરૂપણમાં એક ઊંચામાં ઊંચું શિખર સર કરે છે. સૌંદર્યની અનુભૂતિ કેટલી બિનઅંગત, તટસ્થ અને છતાં કેટલી તીવ્ર સંવેદનવાળી અને પાર્થિવ રંગોથી ભરચક બની શકે છે તે આ મહાકાવ્યમાં સાવિત્રી વિશેના દેવર્ષિ નારદના ઉદગારોમાં આપણને જોવા મળે છે.

શ્રી અરવિંદ જણાવે છે કે, 'સાવિત્રી સૌથી દૂર રહેવા છતાં તે સમગ્ર જગતને પોતાનામાં ધારણ કરતી હતી. વિશ્વજનનીનો વિરાટ પ્રેમ સાવિત્રીના અંતરમાં હતો.'

આધ્યાત્મિક વિકાસ કરતાં સાવિત્રીને બે પ્રકારના નકારાત્મક અર્થાત્ અભાવાત્મક કે નિષેધાત્મક અનુભવો પણ થાય છે. એકમાં વ્યક્તિત્વ નાશવંત હોવાથી મિથ્યા છે અને નિરપેક્ષ અનંત બ્રહ્મ એ જ કેવળ સત્ય છે એવી અનુભૂતિ હતી. આમાં વ્યક્તિત્વનો ઇન્કાર ટકવાનો પ્રયત્ન કરતો હતો. બીજો અભાવાત્મક અનુભવ સમષ્ટિ જ સત્ય છે અને વ્યક્તિ એ સમષ્ટિમાં કેવળ ગૌણ અને તેથી મિથ્યા છે એવી દલીલ કરીને અજ્ઞાનની શક્તિઓ માનવજીવનની અસારતા સિદ્ધ કરવાનો પ્રયત્ન કરતી હોય છે. પરાત્પર પ્રભુની ચેતના સાવિત્રીના અંતરાત્મામાં જાગૃત થતાં તે વ્યક્તિ અને સમષ્ટિ એમ બંનેની સાચી વાસ્તવિકતા રજૂ કરે છે. પરાત્પર પોતે વ્યક્તિમાં અને સમષ્ટિમાં પ્રગટે છે એ સત્ય સાવિત્રીને પરાત્પરની વાણી સમજાવે છે. ત્યાર પછી સાવિત્રીને જગત ઈશ્વરના જીવંત સ્વરૂપે દેખાય છે. મૃત્યુ દલીલ કરે છે કે જડતત્ત્વ જ સાચું છે અને જીવનની બધી લીલા જડતત્ત્વની જ રમત છે, મૃત્યુ જ એ સઘળાનો અંત છે. ત્યારે સાવિત્રી જણાવે છે કે આનંદ એ જીવનનું જ નહિ પરંતુ જડતત્ત્વનું પણ સર્જક અને પોષક તત્ત્વ છે.

મૃત્યુ પોતાની દલીલ બદલાવીને માનવની બધી સિદ્ધિઓ નાશવંત છે, ક્ષણિક છે અને માનવના પ્રયત્નથી જીવનમાં કશો ફેર પડતો નથી, યુગયુગથી જગત એવું ને એવું જ રહેલું છે એટલે જગતનો ત્યાગ કરીને આત્મામાં લય પામવો એના સિવાય બીજી પૂર્ણતા નથી એમ જણાવે છે. ઉત્તરમાં સાવિત્રી વ્યક્તિ તરીકે પોતાની અંગત મુક્તિ પ્રાપ્ત કરવાનો ઇન્કાર કરે છે અને સમગ્ર માનવજાતિના પાર્થિવ જીવનની પૂર્ણતા સિદ્ધ થવી જોઈએ એવું વિધાન કરતાં કહે છે કે માનવજીવન અને જગત પ્રભુથી વિખૂટા નથી અને પ્રભુ અનંત પ્રેમ સ્વરૂપ હોવાથી એ કાર્ય શક્ય થવું જોઈએ.

માનવના અંતરમાં બુદ્ધિથી પર જ્ઞાનની અને કર્મની શક્તિઓ જાગ્રત થઈ શકે છે અને સક્રિય બની શકે છે એમ પણ સાવિત્રી જણાવે છે. સહજ જ્ઞાન, પ્રેરણા, અધિમનસ, દિવ્ય દ્રષ્ટિ વગેરે શક્તિઓ માણસ સજાગ પ્રયત્ન કરીને પ્રાપ્ત કરી શકે છે. મૃત્યુ પર વિજય મેળવ્યા પછી ચાર વખત જગતનું અજ્ઞાન અને દુઃખ દૂર કરવાનો પ્રયત્ન મૂકી દઈને વ્યક્તિ તરીકે પરાત્પરમાં લય પામી જવાનું સૂચન

કોઈ દિવ્ય વાણી તરફથી સાવિત્રીને કરવામાં આવે છે. શા માટે અનંત શાશ્વતીમાં લય પામી ન જવું ? એ સૂચનનો પણ સાવિત્રી દ્રઢતાપૂર્વક ઇન્કાર કરે છે અને પોતે અને સત્યવાને સમગ્ર પૃથ્વીને પ્રભુ પ્રત્યે આરોહણ કરાવવાનો સંકલ્પ કર્યો છે એમ જાહેર કરે છે. શાશ્વતી, નીરવતા, એકાંત, લય, જગતમાંથી છૂટકારો, જીવનમાંથી મુક્તિ, એકલ આનંદની પ્રાપ્તિ ઈત્યાદિ બધી જ વાતોનો ઇન્કાર કરીને સાવિત્રી પાર્થિવ જીવનમાં શાંતિ, અનેક હ્રદયોની એકતા, સમગ્ર માનવજાતિને માતાના વાત્સલ્યપૂર્વક એક રાખી શકે એવી શક્તિ અને એકલ આનંદને બદલે પાર્થિવ જીવનમાં સૌને માટે દિવ્ય મધુરતાની માગણી કરે છે. એક રીતે જોતાં સાવિત્રીનો યોગ અશ્વપતિ યોગસાધનાની ચરમ સિદ્ધિ રૂપ બને છે.

અશ્વપતિના યોગનો આરંભ શરીર, પ્રાણ અને મનના પ્રાકૃતિક કરણોમાંથી આત્માને મુક્ત કરીને થાય છે. પોતાનામાં કોઈ દિવ્ય સત્વ, દિવ્ય અંશ રહેલો છે તથા માનવના મન, પ્રાણ અને શરીરથી સ્વતંત્રપણે કાર્ય કરી શકે એવી શક્તિઓનો વિકાસ કરવો શક્ય છે એમ અશ્વપતિ અનુભવે છે. પ્રકૃતિની મર્યાદા વટાવીને અશ્વપતિ પોતાની અંદર નવી શક્તિઓ જાગ્રત કરે છે અને એ આત્મવિસ્તાર કરતાં સામાન્ય અહંકારમાંથી તે આત્મામાં પ્રવેશ કરે છે; એટલું જ નહિ પરંતુ સમગ્ર વિશ્વના જુદા જુદા લોકોમાં – નીચેના તેમજ ઉપરના – એની ચેતના વિસ્તાર પામીને એકતા અનુભવે છે. સમગ્ર યોગસાધના દરમિયાન અશ્વપતિ સાક્ષી તરીકે સતત પોતાની તટસ્થતા જાળવીને માનવનું અને સમસ્ત વિશ્વનું બંધારણ જુએ છે અને “જીવન એ એક દિવ્ય પ્રયોગ છે” અને “વિશ્વ સમસ્ત આત્માને મળેલી એક તક છે” એમ અનુભવે છે. પ્રગટ વિશ્વથી પેલે પાર આવેલું અત્યાર સુધી અવ્યક્ત વિશ્વ તે જુએ છે. અને એ દિવ્ય લોકની શક્તિનું અવતરણ કરાવવામાં આવે તો જ માનવનું દિવ્ય ભાવિ સિદ્ધ થઈ શકે એમ તે જુએ છે. એ અનુભવે છે કે પરમ સત્ય “નિરપેક્ષ, પૂર્ણ અને એકમેવ છે” અને એણે જ આ વિશ્વની અપૂર્ણતાનો અંચળો ધારણ કર્યો છે. જેમ પ્રભુએ માનવ પ્રકૃતિ ધારણ કરી છે તેમ સામી બાજુથી માનવે ઈશ્વરની દિવ્ય પ્રકૃતિ પ્રાપ્ત કરવાની છે. આ વિશ્વનો ઉદ્દેશ્ય અને માનવે કરવાનું કાર્ય દિવ્યતા પ્રત્યે આરોહણ કરવામાં સમાયેલું છે.

આ કાર્ય માનવ એકલાથી થઈ શકે એવું નથી. દિવ્ય શક્તિનું અવતરણ એને માટે આવશ્યક છે. એ શક્તિએ અચેતન જડતત્તવનો, પ્રાણના અજ્ઞાની આવેગોનો, કામનાનો, અહંકારનો, મનની માન્યતાઓનો એમ અનેક પ્રકારના વિરોધોનો સામનો કરવાનો હોય છે કારણ કે વિશ્વપ્રકૃતિ એવા આમૂલ રૂપાંતર માટે તૈયાર નથી.

અશ્વપતિ પરાત્પર પુરુષ સાથે અદ્વૈત અનુભવે છે અને એક ઉર્ધ્વ ચેતનામાંથી નીચે દ્રષ્ટિ કરે છે ત્યારે પૃથ્વી ઉપર એક નવું સર્જન કરવાની આવશ્યકતા તેને જણાય છે. એ નવસર્જનમાં “પ્રત્યેક વ્યક્તિ પોતાની અંદર રહેલા પ્રભુ માટે અને સર્વમાં વ્યાપક રહેલા પ્રભુ માટે” જીવન ગાળશે એમ જુએ છે. પરાત્પર પ્રભુ વિશ્વથી અતડો કે અલગ નથી, પરંતુ એની શાશ્વતી, એની શક્તિ અને એનો પ્રેમ એક માતાના હ્રદય પેઠે સમગ્ર વિશ્વને પોતાના તરફ આકર્ષે છે અને તેને ટકાવી રાખે છે. જ્યારે વિશ્વની જુદી જુદી ભૂમિકાઓ વટાવીને એ આદ્યશક્તિના લોકમાં પ્રવેશે છે ત્યારે મહાશક્તિનું દર્શન કરતી વખતે એ સમગ્ર માનવજાતિ માટે જગદંબાના અવતરણનું વરદાન માંગે છે અને મહાશક્તિ તે આપે છે.

અશ્વપતિની સાધના ક્રમે ક્રમે ચેતનાના આરોહણની અને દિવ્યતાને પહોંચવાની સાધના છે, જ્યારે સાવિત્રીના યોગમાં વિશ્વપ્રકૃતિના રૂપાંતર ઉપર વધારે ભાર મૂકવામાં આવેલ છે. આરોહણની

સાધના કરતા દિવ્યતાનું દર્શન, વ્યક્તિમાં, વિરાટમાં અને પરાત્પરમાં એક જ વાસ્તવિકતાનો અનુભવ એ અશ્વપતિના યોગનું આગળ પડતું લક્ષણ છે. સાવિત્રી પોતાના અંતરાત્માને જાગ્રત કરીને પરાત્પરની શક્તિ પોતાનામાં લઈ આવે છે અને પોતાની પ્રકૃતિનું રૂપાંતર સાધીને અજ્ઞાન અને મૃત્યુ ઉપર વિજય મેળવવાની તૈયારી કરે છે. અશ્વપતિ પરમ સત્યનું દર્શન કરે છે તો સાવિત્રી એના દિવ્ય અગ્નિને પૃથ્વી પર લઈ આવે છે. બંને જણા વિશ્વના બંધારણમાં અને તેના કહેવાતા સ્થાપિત થયેલા નિયમોમાં એક દિવ્ય શક્તિની મદદ વડે ચેતનાનું અને પ્રકૃતિનું રૂપાંતર સાધે છે.

અચિત-માંથી પરાચિત પ્રત્યે જે આરોહણ થાય છે તેમાં માનવ જીવનના બધા કોયડાઓનો સમાવેશ થાય છે. અચિતનો અંધ ગુરુત્વાકર્ષણ જેવો, નિમ્ન પ્રકૃતિ પ્રત્યે ખેંચતો જડતા રૂપી વિરોધ, પ્રાણની નિમ્ન ભૂમિકાઓના નરકો, પ્રભુ વિરોધી સત્વોના લોકો, માનવ પ્રકૃતિ પરના એમના આઘાત-પ્રત્યાઘાતો, પ્રાણની ભૂમિકાની અધમતાઓ અને ઊર્ધ્વમાં રહેલી મહાન શક્યતાઓ આપણે જોઈ શકીએ છીએ. એ જ રીતે માનસિક ચેતનાનો આવિર્ભાવ, મન અને પ્રાણનો પરસ્પર સંબંધ, તેમના અરસપરસ કાર્ય-પ્રતિકાર્ય, મન અને જડતત્ત્વની પરસ્પર આપ લે, માનસિક આદર્શોનું નંદનવન અને માનવ આત્માની તેમાં ગતિ વગેરેમાં આપણે મન, પ્રાણ અને જડતત્ત્વના જગતોમાં કવિની ક્રાંતદ્રષ્ટિની મદદથી ફરી વળીએ છીએ.

જીવનમાં સર્વવ્યાપી જેવો દુઃખનો કોયડો અને સર્વ શક્તિમાન, સર્વજ્ઞ, સર્વ મંગલમય ઈશ્વર સાથે એનો મેળ કેવી રીતે બેસી શકે તેમ છે તે 'સાવિત્રી'માં જોવા મળે છે. જીવનની ક્ષણિકતા, નાશવંતતા, મર્ત્યતા વગેરે માનવમાં રહેલ અમર આત્મા જોડે કેવી રીતે બંધ બેસતા થાય છે એ તથા મૃત્યુ પર વિજય મેળવવા માટે અજ્ઞાનને દૂર કરવાની તથા માનવ આત્માએ પોતાની જાતને દેહ, પ્રાણ તથા મન એ કરણોથી સ્વતંત્ર આત્મા તરીકે, વિશ્વાત્મા તરીકે અને પરાત્પર સાથે તાદાત્મ્ય સાધીને શાશ્વતીમાં સનાતન સચ્ચિદાનંદ રૂપે પોતે જ આ વિશ્વમાં કાર્ય કરી રહેલ વાસ્તવિકતાઓનો અંશ છે એ સત્ય 'સાવિત્રી' મહાકાવ્યમાં આપણે અશ્વપતિના, સત્યવાનના અને સાવિત્રીના વિકાસમાં જોઈ શકીએ છીએ. ઉપરોક્ત ત્રણેય નામો – અશ્વપતિ, સત્યવાન અને સાવિત્રી – ના તથા દ્યુમત્સેનના નામ પાછળના આધ્યાત્મિક અર્થ પણ ધ્યાનમાં લેવા જેવા છે. માનવજીવનનું પરમ સત્ય દિવ્ય અદ્વૈત હોવાથી જીવનમાં સૌથી વધારે સમર્થ અને સફળ નિયમ, દિવ્ય પ્રેમનો સક્રિય અનુભવ છે એ સત્ય પણ એમાંથી ફલિત થાય છે.

**<u>સંદર્ભ</u>** :

(૧) 'સાવિત્રી ગુંજન' – શ્રી અંબાલાલ પુરાણી

(૨) 'સાવિત્રી સારસંહિતા' – શ્રી પૂજાલાલ

ડૉ. દીપક પંડ્યા, ૧૦૦૦/૧, સેક્ટર ૨/ડી, ગાંધીનગર -૩૮૨૦૦૭

મો: ૯૪૨૭૦ ૨૬૯૭૯

# ગીતાની દ્રષ્ટિએ વસુધૈવ કુંટુંબકમ્ એક અધ્યયન

પ્રજાપતિ ધીરેન બી.
ભાષાસાહિત્ય ભવન, અમદાવાદ,
મો. 9824714600

## પ્રાસ્તાવિક

કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ના મુખમાંથી નિતરેલું વાઙ્મય એટલે ગીતા. ભગવાન યોગેશ્વરે સ્વયં કહ્યું છે કે

ऋषिभिर्बहुधा गीतं छन्दोबभिर्विविधै पृथक।
ब्रमसूत्रप्देचैव हेतुमद्भिर्विनिश्चतैः।। (१३/४)

એટલે કે ગીતામાં વેદોનું જ્ઞાન છે. આજે આખું વિશ્વ ત્રીજા વિશ્વયુદ્ધના આરે ઊભું છે. આખા જગત માં આજે અવિશ્વાસ, ભષ્ટાચાર, અનૈતિકતા અને ભયનું સામ્રાજ્ય વ્યાપેલું દેખાય છે. આવા સમયે વિશ્વને એકસૂત્રથી બાંધી શકે એવો વિચાર ભારત સિવાય વિશ્વની બીજી કોઈ સંસ્કૃતિ પાસે નથી એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નહીં થાય.

સમગ્ર વિશ્વ એક કુટુંબ બનીને રહે , પરસ્પર નફરતને બદલે સ્નેહ, હરીફાઈને બદલે હૂંફ અને ભયને બદલે વિશ્વાસ સ્થપાય એ ચિત્રની કલ્પના કરવી પણ આજે એ મુશ્કેલ છે પણ આજે સગા ભાઈઓ એકબીજાથી દૂર જતા દેખાય છે. ટેકનોલોજીના જોરે ભલે દુનિયા મુઠ્ઠીમાં આવી ગઈ હોય પણ માનવ ને માનવ સાથે જોડવાનું કાર્ય અપૂર્ણ દેખાય છે.

## માનવ વિશ્વનું નાનું પણ મહત્તવનું એકમ

માનવ માત્ર એ વિશ્વનું સૌથી નાનું એકમ છે. માનવ પોતાના વિકાસ માટે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે બીજા જીવને મારવા - તેનો અંત કરવા તૈયાર થઈ જાય છે. આનો અર્થ પણ આપણે એજ સંદર્ભમાં લઈએ છીએ પણ ક્યારેક એ વિશે હકારાત્મક વિચાર કર્યો કે એક જીવ એ બીજા જીવને જીવન આપે છે. પ્રેમ આપીને, હૂંફ આપીને એટલે કે બીજા જીવનાં અંત કરવાથી નહીં પણ બીજા જીવની હૂંફથી પ્રેમથી માણસ માત્ર જીવે છે.

આપણાં વૈદીકોનો દ્રષ્ટિકોણ કેટલો સકારાત્મક અને વિકાસાત્મક છે. આખી વસુધા એટલે કે પૃથ્વી એક પરિવારની જેમ રહેવામાં જ માનવ માત્રનું કલ્યાણ છે. બીજા દેશો કે સંસ્કૃતિ પોતાના ધર્મના વિસ્તાર માટે પોતાના રાજ્યની સીમા વિસ્તાર માટે પ્રયત્નશીલ દેખાશે. પોતાના દેશના નાગરિકોની ભૌતિક સુખ સુવિધા માટે આયોજન પૂર્વક આગળ વધતો દેખાશે પછી તેના આધ્યાત્મિક કે આત્મિક વિકાસ માટે કોઈ જ વિચાર કે આયોજન કે પ્રયત્નો થતા નથી. પછી વૈદિકોએ શાસ્ત્રીય સિદ્ધાંતો છે કે જેમાં માનવનો માત્ર ભૌતિક જ નહીં પણ આધ્યાત્મિક વિકાસ પછી થાય એજ શાસ્ત્રીય વાતો ગીતામાં યોગેશ્વરે ગાઈ છે.

આજે સનાતન ધર્મ સિવાય તમામ ધર્મનો પ્રસાર કરવો પડે છે અને એ માટે જે તે ધર્મ પ્રસારકો કોઈપણ રસ્તાઓ આપનાવતા જોવા મળે છે. યેનકેન પ્રકારેણ સાથેના વ્યક્તિએ ધર્મનો અંગીકાર કરવો જ પડે એવા પ્રયત્નો થતા જોવા મળે છે. ત્યારે ગીતામાં કરેલા વિચારો આવી વિષમ પરિસ્થિતિમાં કઈ રીતે સહાયક માર્ગદર્શક નીવડી શકે ?

## ગીતા અને વસુધૈવ કુટુંબકમ્

વિશ્વ આખામાં વિવિધ ધર્મની પ્રજા, વિવિધ ભાષા,પ્રજા - સંસ્કૃતિઓનું પણ વૈવિધ્ય આટલી વિવિધતામાં સમગ્ર વિશ્વ એક પરિવાર કઈ રીતે બની શકે? પરિવારમાં સબંધ હોય, પરસ્પર પ્રેમ હોય, હૂંફ હોય, એકબીજા ની કદર હોય પણ મૂળ પ્રશ્ન એ ઊભો થાય છે કે સમગ્ર વિશ્વમાં એક સબંધ કઈ રીતે ઊભો કરી શકાય? સબંધ ઉભો કર્યા પછી પણ એકબીજા પ્રત્યે સ્નેહ કેવા વિચારથી નિર્માણ કરી શકાય?
અહીં એક વાત સ્પષ્ટ કરવી પડે કે ગીતાએ કોઈ એક ધર્મ કે સંપ્રદાયનું પુસ્તક નથી. પણ માનવ માત્રનો ગ્રંથ છે. ગીતાકારે કોઈ પણ પ્રકારના દેશ કાળ કે ધર્મ સંપ્રદાયની વાતમાં બંધાયા વગર ગીતા ગાઈ છે. સંપૂર્ણ ગીતામાં 18 અધ્યાયના 700 શ્લોકમાં ક્યાંયપણ એવો ઉલ્લેખ નથી કે ગીતા એ ફક્ત ને ફક્ત હિંદુઓ માટે જ છે કે ભારત દેશ માટે છે કે પછી સમાજના કોઈ નિશ્ચિત વર્ગ માટે છે. ખરેખર તો ધર્મની સાચી પરિભાષા પણ ગીતા જ શીખવે છે. આપણે હિન્દુ, મુસલમાન, શીખ, ઈસાઈ, જૈન વગેરે ધર્મ માનીએ છીએ. પરંતુ એ ધર્મ નહીં પણ ભગવાનને પૂજવાની પદ્ધતિઓ છે. ઇશશક્તિની આરાધનાની અલગ અલગ રીતો છે. તો ધર્મ એટલે શું ? વેદ ઉપનિષદ કે ગીતામાં ધર્મનો અર્થ કે ધર્મની પરિભાષા તપાસીશું તો જણાશે કે ધર્મ એટલે ફરજ! ગમેતે પરિસ્થિતિમાં મારે નિભાવવાની ફરજ એટલે ધર્મ.

नियतं करु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मण: । (३/८)
क्षेयान्स्वधर्मो विगुणः परधर्मास्वनुष्टितात्।
स्वधर्मे निधनं क्षेत्रः परधर्मो भयावछः।। (३/३५)

પોતાની ફરજના ભાગ રૂપે કરવા પડતા કર્મ ને જ ગીતા સ્વધર્મ ગણાવે છે. આમ ગીતા એ શાસ્ત્ર છેકે જીવન જીવવાની સાચી પદ્ધતિ શીખવાડે છે.

**માનવ માનવ સાથેનો ગીતાની દ્રષ્ટિએ સંબંધ :**

આજે કોઈપણ વ્યક્તિ સ્વ કેન્દ્રિત થઈ ગયેલો જોવા મળે છે. ફક્ત પોતાનો જ વિચાર બીજાનો વિચાર જ નહીં. એક જ પરિવારના સભ્યોને આજે સાથે બેસવાનો પણ સમય નથી. ડિજિટલ દુનિયામાં દૂર દેશોમાં વસતા સ્નેહીજનોની સાથે સંપર્ક સાહેલાઈથી સાધી શકે છે. બે ભાઈઓને એક બીજા સાથે મળીને ફરવાનો સમય નથી. અથવાતો લોહીના સંબંધો આજે કચાશ આવેલી જોવા મળે છે. લોહીના સંબંધો આજે તૂટતા જોવા મળે છે. સંબંધો સાથેનો વિશ્વાસ અદ્રશ્ય થઈ ગયેલો જોવા મળે છે. ત્યારે ગીતાકાર
पितहमस्य जगतो माता धाता पितामह: (९/१७)ની ગર્જના કરતો જોવા મળે છે.
मयाध्यक्षेण प्रकृतिः (९-१०) કહીને પોતાને આ વિશ્વનો અધિષ્ટતા સિદ્ધ કરે છે. ममैवांशो जीवलोके (१५/७) દ્વારા સમસ્ત જગતના જીવ માત્ર સાથે પોતાના સંબંધ સાબિત કરે છે. તો सर्वस्य मये हृदि सन्निविष्ट (१५/१५) ના સર્ટિફિકેટ દ્વારા પોતાના કરી જ જીવમાત્રના અસ્તિત્વની ધારણાને સત્યતા કહે છે.

ગીતાકારે ગીતામાં સમજાવેલા જીવ અને જગતની સાથેનો પોતાનો સંબંધ જે રીતે સમજાવ્યો છે. એ સમગ્ર માનવજાત જીવમાત્રનો પિતા એક માત્ર ઈશ્વર થયો અને આ સંબંધ જ માનવ ને માનવ સાથે જોડવા પર્યાપ્ત છે. ઇશતત્તવ અન્ય માનવ જીવમાત્રમાં છે આ સમજણ જ્યારે માનવ માત્રમાં સ્થિર થશે ત્યારે જ તેનો જીવન તરફ જોવાનો, અન્ય માનવ જીવ તરફ જોવાનો અને સંપૂર્ણ સૃષ્ટિ તરફ જોવાનો દ્રષ્ટિકોણ બદલશે અને ત્યારે જ વૈદિકોની વિશ્વ બીદુત્વની ભાવના વિકાસ પામેલી જોવાં મળે છે.
सं गच्छध्यं सं वदघ्यं.... અને वसुधैव कुटुम्बकम् જેવા વેદોના સપના સાકાર થઈ શકશે.

સ્વાર્થી માનસિકતા બદલી શકશે. માણસ અન્ય માટે વિચારતો થશે.

વિશ્વબંધુત્વ વૈશ્વિક મૈત્રી કે વિશ્વશાંતિ એ આપણા વૈદિકોનો વિચાર છે, માગણી છે.

આમ વૈદિકો એ પણ ઈશ્વરને જગતના જીવ માત્રના સમગ્ર સૃષ્ટિ એકમાત્ર ચાલકબળ તરીકે આલેખ્યો છે. એટલું જ નહીં તેનો સમગ્ર સૃષ્ટિ અને દરેક જીવ સાથેનો સંબંધ પણ સ્પષ્ટ સમજાવ્યો છે. આટલી સ્પષ્ટ સમજણ પછી વિશ્વબંધુત્વ કે વસુધૈવ કુંટુંબકમ્ માટે કોઈ શંકા ને સ્થાન નથી.

**સમાપન / ઉપસંહાર :-**

વિશ્વનો એક માત્ર વૈશ્વિક ગ્રંથ - ગીતા કે જેની જયંતિ માગશર સુદ એકાદશીનાં દિવસે આખા વિશ્વમાં મનાવાય છે. અન્ય ધર્મ ગ્રંથો જેવા કે બાઇબલ, કુરાન, વગેરેનાં ભાષાંતર તેનાં પ્રચાર પ્રસાર માટે થયા છે.પણ ગીતાનાં અન્ય ભાષામાં અનુવાદ તેના પ્રસાર કે પ્રચાર માટે નહિં પણ તેનાં જીવનગુણને વધારે સારી રીતે સમજવા તેના પરના પ્રેમના લીધે થયા છે. ઇમર્સન, થોમસ કાર્બાઇલ જેવા તત્ત્વચિંતક ગીતાને માથા પર મૂકીને નાચ્યા છે. એટલું જ નહીં આપણાં દેશનાં પ્રથમ જનરલ વોરન હેસ્ટિઝે જ્યારે ગીતામાં રહેલાં સનાતન મૂલ્યો વિશે જાણ્યું ત્યારે તેણે પોતાના હેલ્પર ચાર્લ્સ વિલ્કિન્સને પાંચ વર્ષ માટે સંસ્કૃત ભણવા કાશીમાં મોકલ્યો અને ગીતાનું અંગ્રેજીમાં અનુવાદ કરાવ્યું.

ઇમર્સન ઉપર ગીતાનો પ્રભાવ બહુ અસરકારક રીતે પડ્યો અને ઇમર્સનનો પ્રભાવ, તેના વિચારોની અસર આખા અમેરિકા ઉપર પડેલી જોવા મળે છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે અમેરિકાએ ગીતાનાં સિદ્ધાંતો, વિચારોને અપનાવેલા છે.

ખરેખર વસુધૈવ કુટુંબકમ એટલે વિશ્વ એક પરિવાર. પછી એ અર્થ ફક્ત માનવ જાત પૂરતો મર્યાદિત ન રહેતાં સૃષ્ટિના સમગ્ર તત્તવને આવરી લે છે. વનસ્પતિ, ચરાચર જીવસૃષ્ટિનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે. भूतानामस्पि चेतना (१०/२२) કહી ગીતાકાર પોતાની વ્યાપકતાનું જ્ઞાન આપે છે.

આમ , વિશ્વને એક સૂત્રથી એક સંબંધથી બાંધનારો વિચાર ફક્ત ગીતા જ લાવી શકે कृष्णं वंदे जगद्गुरुम् નો ઉદ્ગોષ જમાવી શકે અને ગીતાએ આપેલાં વિચારો થકી, માર્ગદર્શન થકી જ વિશ્વશાંતિ, વિશ્વબંધુત્ત્વ અને અંતે वसुधैव कुटुंबकम् ની ભાવના અસ્તિત્વમાં લાવી શકાશે.

 ISBN : 978-81-938282-0-5

## "સામાજીકરણની ભાષા, લિંગ અને શક્તિ ઉપર અસર"

**વ્યાસ રાધિકા મહેશચંદ્ર**

**M.A.: GOLD MEDALIS[2017]**

**B.ED , GSET QUALIFIED [2016]**

**mo. 7048170731**

*** <u>પ્રસ્તાવના</u>**

ભારત અને વિશ્વનાં લગભગ તમામ દેશોમાં જેન્ડર શબ્દો પ્રચલિત છે. 1940 માં સાયમન બુવોર એ કહ્યું કે " કોઈ સ્ત્રી તરીકે જન્મતું નથી, પરંતુ તેને સ્ત્રી બનાવવામાં આવે છે." પુરુષત્વ અને સ્ત્રીત્વ એ પુરૂષ અને સ્ત્રીની જેન્ડરનાં સામાજિક અર્થઘટન પર મૂકે છે. સેક્સ જૈવિક રીતે નક્કી થતી ઘટના છે. જેન્ડર સામાજિક રીતે ઘડતર પામતી ઘટના છે. જેન્ડર એ છોકરા અને છોકરીઓનાં અલગ સામાજિકરણ કે જે સમાજ અને અલગ સાંસ્કૃતિક વાતાવરણથી નક્કી થાય છે. શીખવાની પ્રક્રિયા સાથે સુસંગત છે.

સામાજિકરણ સતત ચાલતી પ્રકિયા છે. જન્મથી વૃદ્ધાવસ્થા સુધી એ સતત ચાલુ રહે છે. જીવનનાં દરેક તબક્કામાં એ આકાર લઈ શકે છે. સામાજિકકરણની પ્રક્રિયામાં ભાષા અને બોલી હોય છે. ભાષા જે - તે સમાજની સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે. જાતિગત શકિતની ભૂમિકા સમજવામાં ભાષા મુખ્ય બાબત છે. જેમાં સર્વપ્રથમ એ પોતાની માતૃભાષા શીખે છે. શરૂઆતમાં એને સ્ત્રીલિંગ, પુરૂષલિંગ નાન્યતર જાતિ એવું નથી સમજાતું બાળકને આ બધું સમજતા થોડી વાર લાગે છે. સંબંધોની , સગાઇ સંબંધો વગેરેમાં ભાષાની ભૂમિકા મહત્વની છે. લગ્ન પછી સ્ત્રી માટે અંખડસૌભાગ્યવતી શબ્દ વપરાય છે. પુરૂષ માટે આવો શબ્દ નથી. લગ્ન પછી સ્ત્રી પોતાનું મૂળ નામ બદલી નાખે છે અથવા એને બદલવું પડે છે. પરિણીત અને અપરિણીત માટે જુદાં - જુદાં સંબોધનો થાય છે. ભાષાકીય સંદિગ્તા હોય છે. વ્યક્તિ એનું આંતરિકરણ કરે છે. સ્ત્રી અને પુરૂષ બંને પોતાની ભાષાની રજૂઆત જુદી રીતે કરે છે. સ્ત્રી અને પુરૂષનાં સામાજીકરણ મુજબ ભાષાનાં શબ્દોનો પ્રયોગ થાય છે. ડહાપણ ભરી સૌજન્યવાળી ભાષા સામે ગંદી અને હલકી ભાષા અનુકરણ અને ભાષા નિરીક્ષણ બાળકો નાનપણથી કરે છે. સમાજની સંસ્કૃતિ મુજબ વાતવાતમાં એ શબ્દો બાળક બોલે છે. આ શાબ્દિક આંતરક્રિયા પણ રૂઢ ખ્યાલો હોય છે. સ્ત્રી - પુરૂષને બોલતો અટકાવે છે. એનાં કરતાં પુરૂષ સ્ત્રીને બોલતી વધુ અટકાવે છે. સામાન્ય રીતે સ્ત્રીઓ પુરૂષ કરતાં વાચાળ અને બોલકણી તથા અભિવ્યકિત કરનારી હોય છે. વિશાળ વિનિમય માટે શાબ્દિક ભાષા ઉપરાંત સંદેશાવ્યવહારનાં સાધનો પણ શક્તિશાળી છે, લાગણીની અભિવ્યક્તિ સ્ત્રી જલ્દીથી કરી શકે છે. પરંતુ પુરૂષ એ જલ્દીથી વ્યકત કરી શકતા નથી .

આમ સ્ત્રીત્વ અને પુરૂષત્વ સ્ત્રી - પુરૂષની અલગ ભૂમિકાઓ, શક્તિ, અપેક્ષાઓ, વર્તન, ભાષા, અભિવ્યક્તિ સંદેશાઓ આ બધા માટે કોઈ એક જ એજન્સી નથી ,પરંતુ એક કરતાં વધુ માધ્યમો એક સાથે કામ કરે છે અને એ દ્વારા જાતિગત ભૂમિકા નક્કી થાય છે. સામાજીકરણની આ પ્રક્રિયા જીવનભર ચાલે છે. એમાં બદલાવ જરૂર આવ્યો છે. પંરતુ ભિન્ન્તા દૂર થઈ નથી.

**<u>* વ્યાખ્યા</u>**

[1] ભાષા : સામૂહિક સંજ્ઞા માનવીય સંચારની પદ્ધતિ ક્યાં તો બોલાયેલી અથવા લેખિત માળખાગત અને પંરપરાગત રીતે શબ્દોનો ઉપયોગ સમાવેશ થાય છે.

 ISBN : 978-81-938282-0-5

[2] સામાજિકરણ : વ્યક્તિ દ્વારા સામાજિક મૂલ્ય શીખવા અને આંતરિકૃત કરવાની પ્રક્રિયા : ટાલકોટ પારસન્સ

[3] જેન્ડર : જેન્ડર સાંસ્કૃતિક ખ્યાલ છે, જે પુરૂષો અને મહિલાઓનાં સામાજીક વર્ગીકરણ પુરૂષત્વ - સ્ત્રીત્વનાં સંદર્ભમાં કરે છે. : એન . ઓકલે

[4] શક્તિ : બીજાની ક્રિયાઓને નિયંત્રિત કરવાની સત્તા એટલે શક્તિ : હોર્ટ્ન અને હંટ

<u>* અભ્યાસનાં હેતુ</u>

1} સામાજિકરણની પ્રક્રિયામાં મહત્તવપુર્ણ ભૂમિકા ભાષા એક માધ્યમ તરીકે છે, તેની સમજ મેળવવી

2} સ્ત્રી - પુરુષનાં દરજ્જા, શક્તિ અને પ્રભુત્વમાં ભાષાનો ફાળો

3} ભાષામાં આવતા પરિવર્તનો દ્વારા સમાજની દિશાની સમજ મેળવવી

4} સામાજિકકરણ ની એજન્સીમાં ભાષા પ્રયોગ દ્વારા પરિવર્તનની સમજ મેળવવી..

<u>સંશોધનની પદ્ધતિ</u>

[1] અવલોકન

[2] અનુભવનાત્મક

[3] વર્ણનાત્મક

[4] ગુણાત્મક

<u>અભ્યાસનાં મુદ્દા</u>

[1] પરિવાર

[2] મિત્ર જૂથ

[3] પાડોશ

[4] નાતેદારી સમૂહ

[5] વિવાહ

[6] શિક્ષણ સંસ્થા

[7] રાજનીતિ સંસ્થા

[8] ધર્મ સંસ્થા

[9]સંચાર માધ્યમો

<u>* અભ્યાસનાં મુદ્દા વિસ્તારથી</u>

<u>[1] પરિવાર સામાજિકરણ કરવાવાળી એક સંસ્થાનાં રૂપમાં</u>

કુટુંબ એ બાળકની પ્રથમ પાઠશાળા છે. કુટુંબ સૌથી મહત્તવપૂર્ણ છે , બાળક કુટુંબમાં જન્મ લે છે, બાળક બોલતા શીખે છે, બાળક માતા - પિતા તથા કુટુંબનાં સભ્યો દ્વારા બોલાતી ભાષાનું અનુકરણ કરે છે.

પરિવારમાંથી ભાઈ - બહેન, દાદા – દાદી જેવા શબ્દો શીખે છે, જેમાં પુરૂષનું પ્રથમ ઉચ્ચારણ કરે છે, જે પુરૂષ પ્રધાનતા જોવા મળે છે.

લગ્ન સંબંધી દરજ્જામાં સ્ત્રીઓ માટે આવશ્યક જ નહિ પણ અનિવાર્ય જોવા મળે છે. શ્રીમાન શબ્દ માત્ર પુરૂષ માટે જ છે, જેમાં પરિણીત કે અપરિણીતનો ખ્યાલ નથી જ્યારે સ્ત્રીઓ માટે શ્રીમતી, કુમારી, ગંગાસતી, જે પરિણીત કે અપરિણીત દરજ્જા સાથે જોડાયેલ છે,

ગુજરાતી ભાષામાં કેટલાક એવા શબ્દો છે જે સ્ત્રીઓને દરજ્જામાં ઉંચા આંકવા માટે મદદરૂપ છે. જેમ કે એ પુત્રવધૂ, સ્ત્રીધન, ગૃહ લક્ષ્મી જોવા મળે છે. આધુનિકરણની યાત્રા હાઉસવાઇફથી હોમ મેકર અને આજે હોમ મેનેજર શબ્દો પ્રચલિત થયા છે. પરંતુ હોમ શબ્દ સ્ત્રીના શ્રમવિભાજન સાથે આજે પણ જોડાયેલ છે, જે સ્ત્રીનાં શ્રમવિભાજન ઘરકામ, બાળઉછેર સાથે જોડાયેલ છે.

**[2] મિત્ર જૂથ**

મિત્રનાં સંપર્કમાં આવે છે, સરખી ઉંમરનાં હોય છે, રમત-ગમત નિયમો, શિસ્ત , સહયોગ, સ્પર્ધા ભાવના શીખે છે. જેમાં છોકરઓ રમત -ગમતમાં " તું તો છોકરી છે, તને રમતા ના આવડે" જે જેન્ડર અસમાનતા સર્જે છે.

મોટાભાગનાં અપશબ્દો મિત્ર જૂથ પાસેથી શિખે છે. જેમાં સ્ત્રીનાં શારિરીક અવયવો , સગપણ સંબંધોમાં સ્ત્રી પાત્રોને ઉદ્દભવાતા અપશબ્દો બોલાય છે. પુરૂષ સંબંધિત અપશબ્દો વધુ પ્રચલિત નથી જે સ્ત્રીનાં લિંગસંબંધિ તફાવત તથા દરજ્જાનું સ્તરીકરણ જોવા મળે છે.

**[3] પડોસ**

પાડોશમાં બાળકનાં સામાજિકરણમાં મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે, પ્રંસશા અને નિંદા દ્વારા સમાજ વ્યવહાર પ્રેરિત કરે છે. જેમ કે કોઇ યુવક માટે : એણે લગ્ન નથી કર્યા . યુવતી માટે : એના લગ્ન નથી થયા. જે ભાષા દ્વારા અસમાનતા વ્યક્ત થાય છે.

**[4] નાતેદારી સમુહ**

નાતેદારીમાં રક્તસમૂહ અને વિવાહિત સમૂહનો સમાવેશ થાય છે. જેમાં પતિને મોટાભાગે "તમે" અને પત્નીને "તું" કહીને બોલાવાય છે. પ્રાચીન સમયમાં " મનુંની માં" બાળક વચ્ચે નામ રાખી બોલાવતા હતા. કેટલાક જ્ઞાતિમાં બા - બાપુના સંબોધન જોવા મળે છે. સસરા અને સાસું માટે મમ્મીજી , પપ્પાજી કહી વર્તમાનમાં જોવા મળે છે. વળી વિદેશમાં કાકા, મામા, માસા માટે અંકલ અને કાકી માસી માટે આન્ટી શબ્દ વપરાય છે." મા એ મા બીજા બધા વગડા નાં વા " જેવી કહેવતમાંનું સ્થાન અપ્રતિમ આપ્યું છે.

**[5] વિવાહ**

વિવાહ વ્યક્તિ માટે મહત્તવપૂર્ણ પ્રભાવ જોવા મળે છે. સ્ત્રી માટે "અખંડ સૌભાગ્યવતી" નાં આશીર્વાદ આપે છે, જ્યારે પુરૂષ માટે આવા શબ્દો નથી સપ્તપદીનાં ફેરામાં "પતિનાં પગલે ચાલવા" ની સલાહ માત્ર સ્ત્રી માટે જ બની છે. "કન્યા પધરાઓ સાવધન "ઉચ્ચાર કન્યા કોઇ વસ્તુ નથી કે પધરાવી દઈએ. પતિ પરમેશ્વર , દીકરીને ગાય દોરે ત્યાં જાય, પુત્રના લક્ષણ પારણે ને વહુના લક્ષણ બારણે જેવી કહેવતો સ્ત્રીનાં શક્તિ તથા દરજ્જા સાથે વણાયેલી છે.

કાર્યમાં મંત્રી, ગૃહકાર્યમાં દાસી, ભોજન સમયે માતા, રતિ પ્રંસગે રંભા જેવા છ ગુણ સ્ત્રી માટે જ જોવા મળે છે, પુરૂષ માટે જોવા મળતા નથી. સુપરવુમનનાં બીજ પ્રાચીન સાહિત્યમાં જોવા મળે છે. જે ભાષાનાં માધ્યમ દ્વારા વ્યક્ત થાય છે.

**[6] શિક્ષણ સંસ્થા**

શિક્ષણ દ્વારા બાળક મહત્તમ શીખે છે, જેમાં શાળા, પુસ્તકો અને સાહિત્યનો સમાવેશ થાય છે. સાહિત્ય વિદ્યાર્થીનાં જીવનમાં પ્રભાવી ભૂમિકા ભજવે છે. સાહિત્યની દિશા જાણવી અગત્યની રહે છે. ગુજરાત

ગાંધીનગર બોર્ડની ધોરણ 5 થી 12 માં ગુજરાતી વિષયમાં કુલ 130 કાવ્યો છે. જેમાંથી 120 કાવ્ય પુરૂષ કવિ સમાવેશ થયો છે. માત્ર 4 જ મહિલા સર્જક જોવા મળે છે . જેમાં કુલ 3 ભજનો મીરાંબાઈ રચિત છે. જે વાસ્તવમાં આપણા ગુજરાતમાં જેન્ડરનાં સંદર્ભે અનેક મર્યાદા છે, પરિણામે સ્ત્રી સર્જકોને હાંસિયામાં મૂકે છે.

"બેટી બચાવો, બેટી વધાવો " આંદોલનને સફળ કરવું હોય તો વધુ ને વધુ સ્ત્રી કેંદ્રિ અને સ્ત્રીએ સર્જેલી રચનાનો સમાવેશ કરવો રહ્યો. ગુજરાતમાં પ્રત્યેક 100 પુરૂષે એ સ્ત્રી સર્જક મહિલાની અછત ખરેખર છે કે નથી તે પુસ્તકોની સમીક્ષા પરથી જેન્ડર સાથે જોડાયેલા છે.

**[7] રાજનિક સંસ્થા**

ભારત દેશ લોકશાહી છે.પરંતુ રાજકારણમાં રાષ્ટ્રપિતા, રાષ્ટ્રપતિનાં સ્થાને "રાષ્ટ્ર પ્રમુખ" શબ્દ બોલાય છે, ચેરમેનનાં બદલે ચેરપર્સન શબ્દોનો ઉપયોગ થયો છે. જે ભાષા પ્રયોગ પુરૂષ પ્રધાનતા મહત્તમ જોવા મળે છે.

**[8] ધર્મ સંસ્થા**

વ્યક્તિનાં જીવન પર ધર્મનો ઉંડો પ્રભાવ જોવા મળે છે. મોટા ભાગનાં ધર્મો પણ પુરૂષ સંબંધી ખ્યાલ વધુ છે. દેવ – દેવી શબ્દો છે. સુંદરકાંડમાં સ્ત્રીને તાડન એટલે શારીરિક હિંસા દર્શાવી છે. જે દેવી પૂજા અને ઘરેલુ હિંસાના મુદ્દામાં વિરોધાભાસ ઉત્પન્ન થાય છે. ધાર્મિક કથાઓમાં યુદ્ધનું કારણ તરીકે સ્ત્રીને પામવાની હોડ અભિવ્યક્તિ કરી છે. પ્રાચીન ગ્રંથમાં રાધેય પુત્ર, કુંતિ પુત્ર ,અંજની પુત્ર માતા પરથી બાળકનું નામ દર્શાવે છે.

ગાર્ગી, આપાલા જેવા વિદુષી પણ સાહિત્યમાં સ્ત્રીઓનાં દરજ્જા સાથે છે, જ્યારે આજે સરકારે માતાનું નામ જોડવા માટે ઝુંબેશ ઉપાડી છે. નર- નારેશ્વર ખ્યાલો સમાનતા તરફ અંગુલિ દર્શન કર્યા છે.

**[9] સંચાર માધ્યમો**

સંચાર માધ્યમોનાં બે પ્રકાર છે. 1] મુદ્રિત 2] વિજાણુ

ભારતમાં આજે પણ 26.6% નિરિક્ષર જનસંખ્યા છે. ભારત દુનિયાનો સૌથી મોટો લોકતંત્ર ધરાવતો દેશ છે. ડૉ. બાબા સાહેબ આંબેડકર પ્રેસ અને મીડિયાને લોકતંત્રનો ચોથો આધાર કહ્યો છે.

<u>વર્તમાનપત્રો</u> :

75% વસ્તી સાક્ષર છે, છાપાની ભાષાનો પ્રભાવ સમાજ પર રહે છે. જેમાં સ્ત્રી ગુના સંબંધી દુર્ઘટનાને ઉત્તેજક ભાષામાં મહત્તમ દર્શાવે છે, જે ગુનામાં તારણરૂપ સ્ત્રીની ભૂમિકા રહી તેમ અંગુલિ નિર્દેશ કહે છે.

<u>ટેલિવિઝન</u> :

ટેલિવિઝનનો સૌથી મહત્તવનો પ્રભાવ સમાજ પર પડે છે, આજે પણ સ્ત્રી સંબંધિત જોક્સ પત્ની સાથે રમૂજવૃત્તિ, હાસ્ય, સિરિયલમાં ડોબી, બોડમ, જેવા શબ્દનો ઉપયોગ માનસપટ પર સમાજને સંદેશો પસાર કરે છે. સ્ત્રીઓના દરજ્જા પ્રત્યે લેબલિંગ સિદ્ધાંત જેવું કાર્ય કરે છે.

<u>ફિલ્મ જગત</u>

સ્ત્રીઓને 95% ફિલ્મોમાં સૌંદય તથા શોભા વધારે તેવા પાત્રો, સંભાષણ જોવા મળે છે. ભારતીય સમાજ થોડા વર્ષોથી સ્ત્રી સશક્તિકરણ પાત્રો દ્વારા ઉજાગર કરવાનાં પ્રયત્નો કર્યા છે. પરંતુ વર્તમાન સમયમાં પણ સ્ત્રી સંબંધી ગીતો આઈટમ સોંગમાં નિમ્ન સ્થાન પીરસ્યું છે. તું ચીજ બડી હૈ મસ્ત .. શિલા કી

જવાની .. લૈલા તુજે લૂટ લેગી.. સમાજમાં જેન્ડર અસમાનતા તેમનાં પ્રત્યે દ્રષ્ટિકોણ ઊપભોગ માત્ર બને તેવો સંદેશો મેળવે છે. ધાકડ હૈ જેવા ગીતો ગણ્યાં ગાંઠ્યા જોવા મળે છે.

સ્ત્રીઓને સુંદરતા સાથે જોડવામાં આવે છે, જ્યારે પુરૂષ અર્જિત દરજ્જા સાથે મહત્તમ દર્શાવે છે.

*અભ્યાસ નાં તારણો

1} ભાષા એ સામાજિકરણ પ્રક્રિયામાં મહત્તવનું માધ્યમ છે.

2} ભાષાનો પ્રભાવ સમાજમાં નકારાત્મક હકારાત્મક સર્જન કરવા સક્ષમ છે.

3} ભાષાનો પ્રયોગ શક્તિ પ્રદર્શિત કરે છે.

4} ભાષા , શબ્દપ્રયોગ સાહિત્ય સ્ત્રી દરજ્જા પર અસરરૂપ છે.

5} જેન્ડર અસમાનતામાં વિભિન્ન પરિબળો ઉપરાંત ભાષા પણ એક પરિબળ તરીકે જોઈ શકાય છે.

6} ભાષા અભિવ્યક્તિ સમાજનાં ભાવિ માટે પણ અગત્યનું રહેશે.

* સુચનો

1} ભાષાનું રોજબરોજ વ્યવસ્થિત પ્રયોજન જરૂરી છે. જેથી સામાજીકરણ હકારાત્મક રીતે થઈ શકે .

2} ભાષામાં સ્ત્રી સશક્તિકરણ પર રચિત શબ્દોનાં ઉપયોગ દ્વારા સમાજમાં પ્રવાહ વહેતો થાય છે.

3} નવા શબ્દોને શબ્દકોષમાં ઉમેરાય

4} સ્ત્રીપ્રાધાન્યતા વાળી ભાષા, સાહિત્ય, તથા વાતાવરણ માટે પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ .

* સમાપન

આમ , ભાષા એ લિંગ તથા શક્તિમાં સામાજિકરણ ની પ્રક્રિયામાં પાયાનું છે. સ્ત્રી પોતે વાચાળ છે , આ તથ્ય ધ્યાનમાં રાખીએ તો સ્ત્રી એ જ "સ્ત્રીતાર્થ " કરી પોતાની ભાષા , સંભાષણમાં જેન્ડર સમાનતા માટે ચરિતાર્થ કરી શકે તેમ છે. સામાજિકરણ પ્રક્રિયામાં જેન્ડર સમાનતા રૂપી ભાષા પ્રયોગ એક હકારાત્મક પરિવર્તન લાવી શકે તેમ છે.

**સંદર્ભ**

**1 શૈલી રસ્કોપ : langauage gender and power**

**2 શાહિદ સીદકી : language gender and power : the politics of represention and hegemany in south asia .**

**3 જેન્ડર અને સમાજ : ડૉ.ચંદ્રિકા રાવલ**

**4 વિદ્યા વધે તેવી આશે : ગૌરંગ જાની**

**5 સમાજશાસ્ત્ર : પ્રો . એમ. એલ . ગુપ્તા**

**ડૉ. ડી. ડી. શર્મા**

## "પરબ" ગુજરાતી સાહિત્યિક સામયિકનો વાઙ્મયમીતિક અભ્યાસ : વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬

**વલ્લરી એચ. હાથી**
**પી.એચ.ડી.સંશોધક,બાઆઓયુ,**
**અમદાવાદ.**
**ગ્રંથપાલ,**
**શ્રી અને શ્રીમતિ પી.કે.કોટાવાલા આર્ટ્સ કૉલેજ,**
**પાટણ.**
**Email: vallarih@gmail.com**

**ડૉ. કિરીટ એચ. શુક્લ**
**ગ્રંથપાલ અને ગાઈડ**
**ગુજરાતી સાહિત્ય અકાદમી,**
**ગાંધીનગર.**

**સારાંશ:**

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય ધ્યેય ગુજરાતી ભાષા અને સાહિત્યને સતત જીવંત રાખતા સામયિક 'પરબ'માં પ્રકાશિત થતા સાહિત્યનો પદ્ધતિસર વાઙ્મયમીતિક અભ્યાસ કરવાનો છે. અહીં રજૂ થયેલ સંશોધન લેખમાં ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત પરબ સામયિકના વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬ દરમિયાન ૩૬ અંકોમાં રજૂ થયેલા ગુજરાતી સાહિત્ય તથા લેખોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેનું વર્ષ મુજબ વિવરણ, સાહિત્યની વર્ગીકૃત વિષય મુજબ વહેંચણી, લેખકો સંબંધિત નોંધ, પરબનું આવરણચિત્ર, પ્રકાશિત વિશેષાંક વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને વાઙ્મયમીતિક અભ્યાસ કરેલ છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા 'પરબ'માં પ્રકાશિત સાહિત્યના વિવિધ પાસાઓનો આંકડાકીય આધાર, વિશ્લેષણ અને અર્થઘટન પ્રાપ્ત થશે.

- **પ્રસ્તાવના** :

વાઙ્મયમીતિક (Bibliometrics) વિશ્લેષણ જે આધુનિક સંશોધન ક્ષેત્રે પ્રકાશિત માહિતીનું આંકડાકીય તથા માત્રાત્મક અભિગમ ધરાવતો નવિનતમ સાંપ્રત પ્રવાહ છે. Bibliometrics અને Scientometrics એટલે કે વૈજ્ઞાનિક ધોરણો અનુસાર સાહિત્યની ગુણવત્તા અને જત્થાનું મૂલ્યાંકન કરવું. વાઙ્મયસૂચી (Bibliography) અને વાઙ્મયમીતિક (Bibliometrics) એ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનની એક શાખા છે. વધતી જતી માહિતી અને પ્રલેખોના નિયંત્રણ માટે આ પ્રકારના ગાણિતિક આંકડાકીય સંશોધનો ઉત્પાદિત માહિતી અને તેનું બજાર અથવા તો પ્રકાશિત સાહિત્ય અને તેના વાચકો વચ્ચેના સંબંધોનું ચિત્ર આધુનિક સમયમાં સતત બદલાતા પ્રવાહોને અનુલક્ષીને રજૂ કરે છે. સામાન્યતઃ અત્યાનુધિક સાહિત્ય તેમજ સાહિત્યિક સંશોધનોનું એટલે કે તાત્કાલીન પ્રકાશન જર્નલ્સ સાહિત્યિક સામયિકોમાં થતું હોય છે. અગાઉ જણાવ્યા અનુસાર સાહિત્યિક સામાયિકની ઉપયોગિતા, તેમાં પ્રકાશિત સાહિત્યનું ગાણિતિક તથા આંકડાકીય પૃથ્થકરણ દ્વારા તેની વૈજ્ઞાનિક ઢબે ગુણવત્તા ચકાસવાનો પ્રયાસ આ પ્રકારના અભ્યાસો દ્વારા કરવામાં આવતો હોય છે.

ગુજરાતી ભાષા અને સાહિત્ય ક્ષેત્રે વાઙ્મયસૂચિનું પ્રકાશન સમયાન્તરે જરૂર અનુસાર નોંધપાત્ર ગણી શકાય તેમ થતું રહ્યું છે, પરંતુ આ પ્રકારનો ગાણિતિક અભ્યાસ થયો હોય એવું જણાતું નથી. આથી ગુજરાતી સાહિત્ય ઉપરાંત અન્ય સાહિત્ય જગતમાં પ્રકાશિત સાહિત્યિક સામયિકોમાં આ પ્રકારના અભ્યાસને વેગ મળે તે દૃષ્ટિને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતી ભાષા /સાહિત્યના વિકાસની સેવામાં સતત પ્રવૃત્ત ઉપરાંત તેનો પ્રસાર/પ્રચાર કરતા એવા ગુજરાતી સાહિત્ય

પરિષદ,અમદાવાદ દ્વારા ૧૯૬૦ થી પ્રકાશિત મુખપત્ર "પરબ" માં વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬ દરમિયાન પ્રકાશિત સાહિત્યનું પૃથ્થકરણ અને વિશ્લેષણ રજૂ કરેલ છે.

- **સંશોધનનો હેતુ:**

  પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે દર્શાવ્યા મુજબ છે.

  1. વર્ષ દરમિયાન "પરબ" દ્વારા કેટલું સાહિત્ય પ્રકાશિત થયું, તે જાણવું.
  2. પ્રકાશિત સાહિત્યના વર્ગીકરણ દ્વારા કયા સાહિત્યસ્વરૂપનું પ્રકાશન વધુ થયું છે, તે જાણવું.
  3. કેટલાં સાહિત્યકારોનું પ્રદાન છે તે જાણવું.
  4. લેખકો તથા લેખિકાઓનું પ્રમાણ જાણવું.
  5. પરબના આવરણપૃષ્ઠનો અભ્યાસ કરવો.

- વાઙ્મયમીતિક અર્થ અને વ્યાખ્યા:

વાઙ્મયમીતિકનો શબ્દકોશીય અર્થ એટલે, 'પુસ્તકો, લેખો તેમજ અન્ય પ્રકાશનોનું આંકડાકીય વિશ્લેષણ.' તેવો થાય છે. કેટલાક વિદ્વાનોના મતે વાંઙ્મયમીતિકની વ્યાખ્યા આ પ્રમાણે છે,

"The use of statistical methods in the analysis of a body of literature to reveal the historical development of subject fields and patterns of authorship, publication, and use. Formerly called statistical bibliography". (from The ALA Glossary of Library and Information Science, 1983).

"Bibliometrics is the statistical analysis of bibliographic data, commonly focusing on citation analysis of research outputs and publications, i.e. How many times research outputs and publications are being cited. Bibliometric analysis is becoming an increasingly important way to measure and assess research impact of individuals, groups of individuals or institutions."

(from https://library.leeds.ac.uk/downloads/file/265/bibliometrics_an_overview ).

બિબ્લિયોમેટ્રિક્સ શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ ઈ.૧૯૬૯માં પ્રિચર્ડ દ્વારા કરવામાં આવ્યો. બિબ્લિયોમેટ્રિક્સ પદ્ધતિઓના ઉપયોગથી, સંશોધનોના આંકડાકીય વિષ્લેષણથી વિવિધ સંશોધનોની ઉપાદેયતા નક્કી કરી શકાય છે. વૈશ્વિક કેટલીક યુનિવર્સિટીમાં શૈક્ષણિક સંશોધનની ગુણવત્તા તેમજ આઉટપુટને જાણવા માટે આ પ્રકારના પરિમાણાત્મક સંશોધન મૂલ્યાંકનનો ઉપયોગ કરીને શૈક્ષણિક સંશોધન ભંડોળની ફાળવણી કરવામાં આવે છે. ઈ.સ.૧૯૨૩માં હુલ્મ દ્વારા "સ્ટેટિસ્ટિકલ બિબ્લિઓગ્રાફી" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો. જે અનુસાર આંકડાકીય ગ્રંથસૂચિ અને વિશ્લેષણ દ્વારા લેખિત, પ્રકાશિત સાહિત્યના પ્રચાર અને પ્રસાર પ્રક્રિયા પર પ્રકાશ ફેકવાનું છે.

- **સંશોધન પદ્ધતિ:**

પ્રસ્તુત અભ્યાસમાં પરબ સાહિત્યિક સામયિકના વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬ દરમ્યાન પ્રકાશિત થયેલા ૩૬ અંકોમાં પ્રસ્તુત થયેલા સાહિત્ય અને લેખોનું પૃથ્થકરણ અને વિશ્લેષણ કરવામાં આવેલ છે. 'પરબ' દર મહિને પ્રકાશિત થાય છે, જેનું પ્રકાશન વર્ષનો ગ્રંથ જુલાઈ થી જૂન દરમિયાન હોય છે. એટલે કે તેના નવા ગ્રંથનો પ્રથમ અંક જુલાઈમાં આવે છે. પરંતુ અહીં માત્ર જાન્યુઆરી થી ડિસેમ્બર એટલે કે જાન્યુઆરી ૨૦૧૪ થી ડિસેમ્બર ૨૦૧૬ દરમિયાન પ્રકાશિત અંકોનો સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ તે અનુસાર માહિતીનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. આ તમામ અંકોનું વર્ષ મુજબ, સાહિત્યની વર્ગીકૃત વહેંચણી, લેખકો સંબંધિત નોંધ, પરબના આવરણપૃષ્ઠ, પ્રકાશિત વિશેષાંક વગેરે

બાબતોને ધ્યાનમાં રાખીને વાઙ્મયમીતિક અભ્યાસ કરવામાં આવ્યો છે. જરૂર મુજબ કોઠા અને ચાર્ટ દ્વારા માહિતીને આલેખવાનો પ્રયાસ કરેલ છે.

માહિતી મેળવવા માટે ગ્રંથાલયમાં સંગ્રહિત પરબના ગ્રંથો ઉપરાંત ઓનલાઈન પરબના અંકોનો ઉપયોગ કરેલો છે.

- **સાહિત્યિક સામયિક "પરબ"** :

ગુજરાતની સાહિત્યિક પ્રવૃત્તિના જ્વલંત ઈતિહાસને જાળવવા, ગુજરાતની પ્રજામાં સાહિત્ય સર્જનની જ્યોતને સતત પ્રજ્વલિત રાખી શકાય, તેમજ તેને અનુરૂપ સાહિત્યિક વાતાવરણ લોકોને મળી રહે તેવા ઉત્તમ હેતુ સહ ઈ.૧૯૦૫માં શ્રી રણજિતરામ વાવાભાઈ મહેતાના પ્રયાસથી "ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના અમદાવાદમાં કરવામાં આવી. પરિષદનું પ્રથમ અધિવેશન શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીના અધ્યક્ષપદે અમદાવાદમાં આયોજિત થયેલું. ત્યારબાદ પરિષદ દ્વારા ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે સાહિત્યસર્જન ને વેગ મળે તે ધ્યેય સાથે સતત વિવિધલક્ષી પ્રવૃત્તિઓ આજ પર્યંત આયોજિત કરવામાં આવે છે. જેમાં સૌથી મહત્તવની પ્રવૃત્તિ એટલે પરિષદના મુખપત્ર 'પરબ'નું પ્રકાશન. ૧૯૬૦ થી ૧૯૭૬ સુધી તેનું પ્રકાશન અનિયમિત રહેતું હતું, શરૂઆતમાં ત્રૈમાસિક તરીકે પરંતુ ત્યારબાદ આજ પર્યંત દર મહિનાની ૧૦મી તારીખે તેનું નિયમિત પ્રકાશન થાય છે. ગુજરાતીના મૂર્ધન્ય , ઉત્તમ સારસ્વતો દ્વારા પરબનું સિંચન થયું છે. શરૂઆતના પરબમાં ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત જ્ઞાનસત્રના વિસ્તૃત અહેવાલ, નિબંધો, સાહિત્યિક ચર્ચાઓ, સાહિત્યકારોના પરિચય તેમજ ભારતીય અને વૈશ્વિક સાહિત્યના અનુવાદોનું પ્રકાશન થતું. ઈ.૧૯૮૦થી તેમાં કવિતા, ટૂંકી વાર્તા, લલિત નિબંધ, એકાંકી નાટક, અભ્યાસ લેખ, પુસ્તક સમીક્ષા વગેરે સર્જકોની સર્જનાત્મક કૃતિઓના પ્રકાશનનો સમાવેશ કરવામાં આવે છે. આજના ઊભરતા યુવા સાહીત્યકારોની મૌલિક કૃતિઓને તેની પરામર્શ સમિતિ દ્વારા ઉત્તમ મૂલ્યાંકન કરી પરબમાં સ્થાન આપવામાં આવે છે. ગુજરાતી સાહિત્યના મહત્તમ સ્વરૂપોમાં મૌલિક સાહિત્યિક રચનાઓ પરબ દ્વારા પ્રકાશિત કરીને લોકો સુધી પહોચાડવામાં આવે છે. જેથી સાંપ્રત ગુજરાતી સાહિત્યિક પ્રવૃત્તિઓ ઉપરાંત આ ક્ષેત્રે ઊભરતા કર્તાઓને લેખન પ્રવૃત્તિમાં જીવંત રાખી શકાય. ગુજરાતી સાહિત્યિક પ્રવૃત્તિ તેમજ સમગ્ર સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર વિષયોના આલેખન સાથે પરબ ચોક્કસ વિષયોને દર્શાવતા વિશેષાંકનું પણ પ્રકાશન કરે છે જે તેનું નોંધપાત્ર પ્રદાન ગણી શકાય. આમ, તત્કાલીન ગુજરાતી સાહિત્યના પ્રવાહને રજૂ કરતુ, જીજ્ઞાસુઓ માટે પ્રસ્તુત સામયિક "પરબ" અગ્રહરોળનું મૂલ્યવાન સાહિત્યિક સામાયિક છે.

આધુનિક ટેકનોલોજી સાથે કદમ મિલાવતા " પરબ " વેબ ઉપર પણ ઉપલબ્ધ છે. 'gujaratisahityaparishad.com' ઉપર ઓનલાઈન પરબ આર્કાઇવ્ઝમાં ૨૦૦૭ થી શરૂ કરીને આજ પર્યંત પરબ PDF FILE સ્વરૂપે મૂકવામાં આવેલ છે, જેને ડાઉનલોડ કરી શકાય છે. આ ઉપરાંત તેની પ્રકાશિત વાર્ષિક સૂચિઓ પણ અલગથી મૂકવામાં આવેલ છે. હાલમાં પરબના તંત્રી તરીકે શ્રી યોગેશભાઈ જોશી , પરામર્શ સમિતિના પ્રમુખ તરીકે ચંદ્રકાંત ટોપીવાળા તેમજ પ્રકાશન મંત્રી તરીકે શ્રીમતી ઉષાબેન ઉપાધ્યાય તેઓની ઉત્તમ સેવા આપી રહ્યા છે.


- **માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન** :

પ્રસ્તુત સંશોધન દરમ્યાન પાપ્ત થયેલ માહિતીના અભ્યાસને આધારે અહીં માહિતીનું અર્થઘટન અને વિશ્લેષણ રજૂ કરેલ છે.

- **વર્ષ મુજબ માહિતી પૃથ્થકરણ :**

| વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ | કુલ પ્રકાશિત સાહિત્ય |
|---|---|---|---|
| ૨૮૩ | ૩૨૪ | ૨૬૫ | ૮૭૨ |

કોઠો ૧ ‘પરબ’માં પ્રકાશિત સાહિત્યનું વર્ષ મુજબ વર્ગીકરણ





‘પરબ’ સાહિત્યિક સામયિકમાં જાન્યુઆરી ૨૦૧૪ થી ડિસેમ્બર ૨૦૧૬ દરમિયાન પ્રકાશિત સાહિત્યની સંખ્યા ૮૭૨ રહી, જે ઉપરોક્ત કોઠા ઉપરથી જાણી શકાય છે. કુલ ત્રણ વર્ષના આંકડા જોતા વર્ષ ૨૦૧૫માં સૌથી વધુ પ્રમાણમાં સાહિત્યનું પ્રકાશન થયું.

- **માહિતીનું વર્ગીકૃત પૃથ્થકરણ :**

| સાહિત્યસ્વરૂપ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ | કુલ |
|---|---|---|---|---|
| કવિતા | ૮૫ | ૯૨ | ૬૨ | ૨૩૯ |
| હાઇકુ | ૯ | ૩ | ૩ | ૧૫ |
| ગઝલ | ૧૩ | ૪૧ | ૧૬ | ૭૦ |
| નાટક | ૦ | ૦ | ૧ | ૧ |
| વાર્તા | ૧૩ | ૨૦ | ૧૩ | ૪૬ |
| નિબંધ | ૪ | ૯ | ૫ | ૧૮ |
| વ્યંગ્ય | ૩ | ૦ | ૦ | ૩ |
| વિવેચન અભ્યાસ/લેખ | ૨૮ | ૪૦ | ૪૫ | ૧૧૩ |
| સમીક્ષા | ૨૧ | ૪૪ | ૧૦ | ૭૫ |

 ISBN : 978-81-938282-0-5

કોઠો ૨ ‘પરબ’માં પ્રકાશિત સાહિત્યસ્વરૂપનું વર્ગીકરણ





‘પરબ’નો અભ્યાસ કરતા જણાયું છે કે અહીં પ્રકાશિત હિત્યિક કૃતિઓ મૌલિક હોવા ઉપરાંત મોટેભાગે પ્રથમ વખત પ્રકાશિત હોય છે. પરામર્શ સમિતિ દ્વારા ચકાસણી થયા બાદ તેનો સમાવેશ કરવામાં આવે છે, જે તેની સાહિત્યિક ગુણવત્તાનું માપદંડ છે. ઉપરોક્ત કોઠા મુજબ સમગ્રતયા પ્રકાશિત સાહિત્યસ્વરૂપોમાં મહત્તમ કાવ્યો છે. આ સાહિત્યસ્વરૂપમાં હાઇકુ તથા ગઝલ સ્વરૂપે પ્રકાશિત કવિતાઓ પણ સમાવિષ્ટ છે. ત્યારબાદ વિવેચનાત્મક અભ્યાસ લેખો, પુસ્તક સમીક્ષા, વાર્તા એમ ક્રમશઃ આવે છે. નાટક તેમજ વ્યંગ્ય સાહિત્ય પ્રકાશનનું પ્રમાણ નહિવત છે.

- **અન્ય સાહિત્યિક પ્રકારો:**

| સાહિત્યસ્વરૂપ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ | કુલ |
|---|---|---|---|---|
| આસ્વાદ | ૮ | ૬ | ૫૪ | ૬૮ |
| સર્જક વિશેષ | ૩ | ૫ | ૮ | ૧૬ |
| અનુવાદ | ૩ | ૯ | ૭ | ૧૯ |
| અહેવાલ | ૩ | ૨ | ૨ | ૭ |
| શ્રદ્ધાંજલિ | ૩ | ૧ | ૧ | ૭ |
| વ્યાખ્યાન | ૨ | ૦ | ૧ | ૩ |
| સમાચાર | ૮૫ | ૫૨ | ૩૫ | ૧૭૨ |

કોઠો ૩ ‘પરબ’માં પ્રકાશિત સાહિત્યસ્વરૂપનું વર્ગીકરણ




ઉપરોક્ત માહિતી ઉપરથી નોંધી શકાય કે ગુજરાતી સાહિત્યિક કૃતિનો આસ્વાદ નોંધપાત્ર સંખ્યામાં પ્રકાશિત થયો છે. સર્જક વિશેષમાં ચોક્કસ સર્જકનો અભ્યાસ રજૂ થયેલ છે. ભારતીય તેમજ પાશ્ચાત્ય કેટલીક કૃતિઓના અનુવાદોનો, પરિષદમાં અપાયેલા કેટલાક મૂલ્યવાન વ્યાખ્યાનોનો સમાવેશ અહીં થયેલો છે. આ પ્રકારના સાહિત્યસ્વરુપોના સમાવેશથી સંશોધન કરતા વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો માટે પરબના ઉપયોગનું મહત્તવ સહજ વધી જાય છે. આ ઉપરાંત પરબની માતૃસંસ્થા ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે આયોજિત વિશેષ કાર્યક્રમોના અહેવાલ તેમજ "સાહિત્યવૃત્ત" શીર્ષક હેઠળ ગુજરાતના સાહિત્યજગત સંબંધિત મહત્વના સમાચારોને પણ પ્રકાશિત કરવામાં આવે છે. ગુજરાતી સાહિત્ય સાથે સંકળાયેલા દિવંગત થયેલા સાહિત્યકારોને શ્રદ્ધાંજલિ આપીને સર્જકને આદર આપવામાં આવે છે. જે પ્રસ્તુત સાહિત્યિક સામાયિકની ગરિમા દર્શાવે છે.

- **સાહિત્યિક કર્તા** :

| કર્તા | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ | કુલ |
|---|---|---|---|---|
| લેખક | ૧૨૮ | ૧૬૫ | ૧૬૨ | ૪૫૫ |
| લેખિકા | ૨૩ | ૩૮ | ૨૯ | ૯૦ |

કોઠો ૩ 'પરબ'માં પ્રકાશિત સાહિત્યના કર્તા




'પરબ'માં પ્રકાશિત સાહિત્યના કર્તા સબંધિત માહિતી ઉપરોક્ત કોઠામાં રજૂ થયેલ છે. ત્રણ વર્ષ દરમિયાન ૩૬ અંકોમાં રજૂ થયેલી સમગ્ર સાહિત્યિક કૃતિઓના કુલ ૫૪૫ કર્તા નોંધાયા છે. જેમાં લેખકોના પ્રમાણમાં લેખિકાઓની સંખ્યા ઘણી ઓછી છે. સ્ત્રી કેળવણીનું પ્રમાણ વધ્યું હોવા છતાં લેખન કાર્યમાં સ્ત્રી લેખિકાઓનું પ્રદાન ઘણું ઓછું વર્તાયું છે.

માહિતીનું વિશ્લેષણ કરતાં જણાયું છે કે ત્રણ વર્ષ દરમિયાન વર્ષ ૧૯૫૦ પહેલા અને વર્ષ ૧૯૫૦ પછી જન્મેલા કર્તાઓની સંખ્યા લગભગ સરખી છે. તમામ કર્તાઓની જન્મસાલ ઈ. ૧૯૨૭ થી ઈ.૧૯૮૩ ની વચ્ચે નોંધાયેલ છે. જેથી એવું તારવી શકાય કે ૪૦ વર્ષથી વધુ અને ૩૫ વર્ષથી નાની વય ધરાવતા કર્તાઓના સર્જનને પણ અહીં પ્રકાશિત કરવામાં આવે છે.

- **અન્ય તારણો**:
  - પ્રમુખ તેમજ તંત્રી દ્વારા ઉત્તમ વિવેચન લેખો પ્રકાશિત છે.
  - વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૧૫ દરમિયાન ગુજરાતી પરિષદ દ્વારા સાહિત્યકારોને એનાયત થતા પારિતોષિકોની યાદી સ્વરૂપે માહિતી આપવામાં આવેલ છે.

- આ ત્રણ વર્ષ દરમિયાન “લાભશંકર ઠાકર કાવ્યઆસ્વાદ ” (જૂન ૨૦૧૬) અને “કરુણપ્રશસ્તિ વિશેષાંક”(નવેમ્બર ૨૦૧૬) બે વિશેષાંક પ્રકાશિત થયા.
- ‘પરબ’ ના દરેક અંકમાં “આ અંકના લેખકો” શીર્ષક હેઠળ કર્તાઓના નામ સાથે તેમનું સરનામું દર્શાવેલ છે.
- ‘પત્રસેતુ’ અંતર્ગત પ્રમુખને લખેલાં કેટલાક મહત્તવના પત્રોનો સમાવેશ જરૂર મુજબ કરવામાં આવેલ છે.
- ‘પરબ’નું આવરણ પૃષ્ઠ તરીકે સાદા ચિત્ર ઉપરાંત એકેલીક ચિત્ર (૪), કોલાજ, તૈલચિત્ર(૨), શિલ્પ(૩), સ્ટોનવેર(૨), ધાતુ ઉપર કોરેલી છાપ, રંગીન શણ, કાષ્ઠ, વગેરેનો સમાવેશ કરેલો છે.
- આ ઉપરાંત ઘાયલ, મધુસૂદન ઢાંકી, રઘુવીર ચૌધરી, લાભશંકર ઠાકરના ચિત્રો પણ આવરણ પૃષ્ઠ તરીકે લીધેલા છે.
- “આવરણ ચિત્ર: સંદર્ભનોંધ” શીર્ષક હેઠળ જે તે કલાકૃતિનું શીર્ષક, કલાકાર, તેનું માધ્યમ, માપ તેમજ કૃતિનું વિવરણ આપવામાં આવેલું છે.

▪ **સમાપન** :

“પરબ” ગુજરાતી સાહિત્યિક સામયિકના ત્રણ વર્ષના પ્રકાશનનું અવલોકન, પૃથ્થકરણ અને માહિતીનું વિશ્લેષણ કરી પ્રસ્તુત સામાયિકની આંકડાકીય માહિતીને આધારે કહી શકાય કે છેલ્લા પાંચ દાયકાથી તેમજ જેનો છઠ્ઠો દાયકો થોડા વર્ષ બાદ પૂરો થશે એવા આ સાહિત્યિક સામયિકનું અવિરત પ્રકાશન આજ સુધી ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના મુખપત્ર તરીકે થઈ રહ્યું છે જે ગુજરાતના લોકોની, તેના સર્જકોની માતૃભાષા પ્રત્યેની લાગણીને પ્રસ્તુત કરે છે. “પરબ” ગુજરાતી ભાષા થકી તેના સાહિત્યને લોકો સુધી પહોંચાડે છે તેમજ તેના વર્તમાન પ્રકાશનથી ભવિષ્ય માટે સાહિત્યના ઇતિહાસનો સંચય કરે છે. વયોવૃદ્ધ અનુભવી સર્જકોના સર્જન સાથે યુવા સર્જકોના સર્જનના સમાવેશથી નવા સર્જકોનો ગુજરાતી સાહિત્યના લેખન પ્રત્યેનો અભિગમ વિકસિત થઇ રહ્યો છે. હાઇકુ, નાટ્યલેખન તેમજ હાસ્ય/વ્યંગ સાહિત્ય લેખનમાં નીરસતા જણાય છે, જેના કારણોનું સંશોધન કરવું રહ્યું. પુરુષ કરતા સ્ત્રી લેખિકાઓના સાહિત્ય સર્જનનો તફાવત નોંધનીય છે. લેખિકાઓના લેખન સર્જનમાં વધારો થાય તેવા પ્રયાસ થવા જોઈએ.

આધુનિક અંગ્રેજી શિક્ષણના વાતવરણમાં, આજના વિદ્યાર્થીઓમાં ગુજરાતીભાષાનો શબ્દ ભંડોળ ઘટતો રહે છે ત્યારે પ્રસ્તુત સાહિત્યિક સામાયિક કે જે આધુનિક ટેકનોલોજી સાથે તાલ મિલાવીને વેબ ઉપર પણ ઉપલબ્ધ છે, જેના દ્વારા અવિરત નવીન ગુજરાતી સાહિત્યનું પ્રકાશન થઈ રહ્યું છે જે આજની યુવા પેઢીના વિદ્યાર્થીઓ તેમજ સંશોધકોને ચોક્કસ પ્રોત્સાહિત કરશે. આવી પ્રવૃત્તિઓને કારણે ગુજરાતી ભાષા અને તેનું સાહિત્ય સતત જીવંત રહેશે.

**સંદર્ભસૂચિ:**


library.leeds.ac.uk/downloads/file/265/bibliometrics_an_overview).http માંથી મેળવેલ મેળવેલ

2. www.xmri.com/resource-center/dictionary. https માંથી મેળવેલ
3. પ્રસાદ બ્રહ્મભટ્ટ. (૨૦૧૦). અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ: આધુનિક અને અનુઆધુનિક યુગ. અમદાવાદ: પાર્શ્વ પ્રકાશન.
4. રમેશ ત્રિવેદી. (૨૦૧૩). અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ. અમદાવાદ: આદર્શ પ્રકાશન.
5. પરબ : વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬. અમદાવાદ:ગુજરાતી સાહિત્ય અકાદમી.

BAOU
Education
for All

ISBN 978-81-938282-0-5

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
'Jyotirmay' Parisar, Dr. Babasaheb Ambedkar Open University Marg,
S. G. Highway, Chharodi, Ahmedabad - 382 481.
Email : info@baou.edu.in | Web : www.baou.edu.in
Phone : (079) 29796223,24,25 (02717) 297170 | Toll Free : 1800 233 1020

BAOU
Education for All

ISBN 978-81-938282-0-5
9 788193 828205

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
'Jyotirmay' Parisar, Dr. Babasaheb Ambedkar Open University Marg,
S. G. Highway, Chharodi, Ahmedabad - 382 481.
Email : info@baou.edu.in | Web : www.baou.edu.in
Phone : (079) 29796223,24,25 (02717) 297170 | Toll Free : 1800 233 1020